સ્વ૦ આચાર્ય શ્રીમદ્ વિજયકેસરસૂરીશ્વરજી સ્મારક ગ્રન્થમાળા પુ૦ ૧

# સમ્યગ્દર્શન

લેખક:

સ્વ૦ આચાર્ય શ્રીમદ્ વિજયકેસરસૂરીશ્વરજી.

આચાર્ય શ્રીમદ્ વિજયકેસર સૂરીશ્વરજી સ્મારક ગ્રંથમાળા-૧

॥ ॐ अर्हम्ः ॥

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ आचार्य श्रीमद् विजयकमलसूरीश्वरेभ्यो नमः ॥

# સમ્યગ્ દર્શન

: લેખક :

સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજયકેસરસૂરીશ્વરજી


આવૃત્તિ ૩ જી ∴ પ્રત ૨૦૦૦

સંવત ૨૦૨૩ .. સને ૧૯૬૭

: મૂલ્ય :

ચિંતન, મનન, નિદિધ્યાસન.

બાલ બ્રહ્મચારી આચાર્ય શ્રીમદ્વિજય કમલસૂરિના
અદ્વિતીય પટ્ટધર શિષ્ય



યોગનિષ્ઠ બાલ બ્રહ્મચારી અનેક ગ્રંથોના પ્રણેતા

**આચાર્ય શ્રીમદ્ વિજય કેશરસૂરિશ્વરજી મહારાજ**

| | | | |
|---|---|---|---|
| **જન્મ :** | સં. ૧૯૩૩, પાલીતાણા | **પંન્યાસપદ :** | સં. ૧૯૬૪, મુંબઈ |
| **દીક્ષા :** | સં. ૧૯૫૦, વડોદરા | **સૂરિપદ :** | સં. ૧૯૮૩, ભાવનગર |
| **ગણીપદ ;** | સં. ૧૯૬૩, સુરત | **સ્વર્ગગમન:** | સં. ૧૯૮૭, શ્રાવણ વદ ૫, અમદાવાદ. |

ॐ अर्हं नमः

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના.

—— * ——

જ્યાં સુધી અશુદ્ધિ—મલિનતા—મનમાં વધારે હોય છે ત્યાં સુધી વસ્તુ તત્ત્વનું ખરૂં સ્વરૂપ બરોબર સમજવામાં આવતું નથી. બાળકનું મન જેમ જેમ વિકાશ કે વૃદ્ધિ પામતું જાય છે તેમ તેમ આ દુનિયાના પદાર્થોનું જ્ઞાન તેને વધારે પ્રમાણમાં થતું જાય છે. આજ દૃષ્ટાંતે જેમ જેમ મનની મલીનતા ઓછી થતી જાય છે તેમ તેમ વસ્તુ તત્ત્વનું—આત્મ ધર્મનું જ્ઞાન આ જીવને વધારે પ્રમાણમાં પ્રગટ થતું રહે છે.

શરૂઆતમાં નીતિમય જીવન ગુજારવાથી મનની વિશુદ્ધિ થતી જાય છે. આ વિશુદ્ધિથી સત્ય શું છે? સત્ય શું હોઈ શકે? કર્ત્તવ્ય શું છે? પ્રાપ્તવ્ય શું હોઈ શકે? ઈત્યાદિ વિચારો સ્ફુરે છે. આ વિચારો પછી સત્ય શોધવા પ્રયત્ન કરાય છે. સત્ય સમજાયા પછી કર્ત્તવ્ય તરફ પ્રવૃત્તિ થાય છે. આ ગ્રંથ સત્યને સમજાવનાર છે. કર્ત્તવ્યને ઓળખાવનાર છે. પ્રાપ્તવ્યને બતાવનાર છે. આ વાત વધારે વિશુદ્ધિ મેળવેલા માટેની છે. તેવી વિશુદ્ધિ નહિ ધરાવતા છતાં પણ તે પહેલાં કર્તવ્યના કાર્યમાં જોડાયેલા જીવોએ ગૃહસ્થ ધર્મને લાયકનાં શુભ કાર્યમાં પ્રવૃત્તિ કરવી. ઉદારતાનાં અને પરોપકારનાં કાર્યો કરતાં કરતાં તેમનામાં વિશુદ્ધિ વધતી જશે, તેમ તેમ તેઓ પણ સત્ય સ્વરૂપની પ્રાપ્તિને માટે લાયક થશે. દેવ, ગુરૂની ભક્તિ, ગુણાનુરાગ, દ્રવ્યનો સન્માર્ગે વ્યય, અને વિવિધ પ્રકારનાં તપ, જપ, નિયમ, વ્રતાદિ નિષ્કામ બુદ્ધિથી કરવાં. આ સર્વે મનના ઉત્તમ પ્રકારના વિકાશમાં ઉપયોગી સાધનો છે, આ સ્થિતિ પ્રાપ્ત થયા પછી આ ગ્રંથ તેમને વિશેષ ઉપયોગી થઈ પડશે.

આ કહેવાનું રહસ્ય એ છે કે વિશુદ્ધ મનવાળાએ પ્રથમથીજ સત્ય આત્મસ્વરૂપને સમજવું અને તેના તરફ નિશાન રાખીને પછી ક્રિયાકાંડની પ્રવૃત્તિ કરવી. તપ, જપ, વ્રતાદિનો આરંભ પછીથીજ કરવો કેમકે મનની નિર્મળતા અને દુનિયાના વિષયોની અસારતા સમજાયા વિના ફરી બંધન ભૂત ન થાય તેવી નિષ્કામ ભાવથી ક્રિયા કરાતી નથી.

અથવા આવી મનની નિર્મળતા જેની ન થઈ હોય તેમણે નીતિમય જીવન ગુજારવા સાથે ગૃહસ્થ ધર્મને લાયક વ્રત, તપ, જપ, નિયમાદિ ધર્મકાંડ કરવાની શરૂઆત પૂર્ણ લાગણીથી કરવી. અને તેમ કરતાં કરતાં મનને નિર્મળ વિચારશકિતને લાયક બનાવવું, ત્યાર પછીથી આત્માને ઓળખવા પ્રયન કરવો. અને તે પ્રયત્ન ઘણી થોડી મહેનતથીજ પાર પડશે કારણકે તેનું મન તે વસ્તુ તત્ત્વને સમજવા અને ગ્રહણ કરવાને લાયક થઈ ચુકયું છે. એટલે આ ગૃહસ્થ ધર્મ પછી આ સમ્યગ્દર્શન ગ્રંથ તેવા અધિકારીને ઉપયોગી છે. અથવા નીતિમય જીવન ગુજારનાર પવિત્ર વિચારવાળાને ગૃહસ્થ ધર્મનો આદર કર્યા પહેલાં આ ગ્રંથ ઉપયોગી છે.

આ ગ્રંથનું નામ સમ્યગ્દર્શન છે. અર્થાત્ વસ્તુને તેના મૂળ સ્વરૂપે, સત્ય સ્વરૂપે જાણવી દેખવી તે છે. તે વસ્તુ તે આત્મ સ્વરૂપ છે. આ વસ્તુ-તત્ત્વનો બોધ સર્વ કોઈને એક સરખો નહિં થાય કારણ કે જીવોના કર્મોનો ક્ષયોપશમ વિચિત્ર પ્રકારનો છે. એકની એકજ વસ્તુ ટુંકી અને લાંબી દૃષ્ટિવાળાને એક સરખી જણાતી નથી. નિર્મળ નેત્રવાળા, પડળવાળા, કમળાવાળા, રતાંધળા, ફુલાવાળા વિગેરે મનુષ્યોને તે તે વસ્તુનું એક રૂપે એક સરખું ભાન નહિંજ થાય. હાથી ઘણું મોટું પ્રાણિ છે તથાપિ તેની આંખો એવી છે કે તેને સન્મુખ આવતી નાની વસ્તુ પણ ઘણા મોટા પ્રમાણવાળી દેખાય છે, આ સર્વ કર્મની અવિશુદ્ધિ અને વિશુદ્ધિનાજ ભેદો છે. સૂર્ય કે ચંદ્રનો ઉદય થયો હોય અથવા સન્મુખ વસ્તુ પડી હોય છતાં વર્ષાઋતુનો વખત, અંધારી રાત્રી, વાદળની ઘનઘોળ ઘટા, વૃદ્ધ માણસ, આંખે થોડું જોનાર ઈત્યાદિ વિરૂદ્ધ કારણોને લઈ વસ્તુનું યથા સ્થિત સ્વરૂપ તે મનુષ્ય નહિં જોઈ શકે, આથી વિપરીત રીતે ઉનાળાનો કે શરદ ઋતુનો વખત, અજવાળો પક્ષ કે દિવસનો વખત, નિર્મળ આકાશ, યુવાન મનુષ્ય, નિર્મળ નેત્રો ઈત્યાદિ અનુકુળ સંયોગોને લઈ તે મનુષ્ય ઘણી સહેલાઈથી તે વસ્તુનું જ્ઞાન કરી શકશે.

આજ દૃષ્ટાંતે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ, દૂરભવી અને નિકટ ભવી, ક્ષયોપશમ દર્શનવાળો અને ક્ષાયક દર્શનવાળો, ચરમ શરીરી અને અચરમ શરીરી ઈત્યાદિ અધિકારવાળા જીવોમાં વિવિધ પ્રકારની તારતમ્યતા દેખાય છે. આ પ્રમાણે પ્રાપ્ત કરવા યોગ્ય આત્મતત્ત્વ છે. તેને સમ-જવામાં જે મનુષ્યનું જેટલું હૃદય પવિત્ર થયું હશે, જેટલો કર્મનો ક્ષય, કે ઉપશમ થયો હશે, જેટલી આત્મદૃષ્ટિ વિકાસ પામી હશે તેટલા પ્રમાણમાં સત્ય તત્ત્વનો ખરો બોધ તેને પરિણમશે. ઉપર જણાવેલ હેતુઓ બરોબર

સમજવાથી આત્મબોધમાં પણ અધિકારી ભેદે જે જે તારતમ્યતા રહેલી છે તે સહેલાઇથી સમજાશે.

વ્યવહારમાં પણ આજ અનુભવ થાય છે કે તળાવનું પાણી એકનું એકજ હોય છે છતાં પાત્ર ભેદે તે પાણીની અસર અને ફળ ઘણાંજ જુદા જુદા રૂપે પ્રગટ થાય છે. જેમકે તે પાણી ગાયના પેટમાં જવાથી દુધ થશે, સર્પના પેટમાં જવાથી ઝેરને પોષણ આપશે, આંબાને પાવાથી મીઠાં ફળો આવશે, લીમડાને પાવાથી કડવાં ફળ વિગેરે પ્રાપ્ત થશે. બાવળને પાવાથી કાંટા આવશે. ગુલાબ, મોગરો, માલતી આદિને પાવાથી સુગંધીવાળાં સુંદર પુષ્પો આવશે.

આત્મમાર્ગમાં પણ એકજ વસ્તુને પોતાની નિર્મળતા–પવિત્રતાના પ્રમાણમાં જુદા જુદા જીવો જુદા જુદા રૂપે અનુભવશે.

એક ગાયને દેખીને મહાત્માની દૃષ્ટિ તેની પવિત્રતા ઉપર જશે. ભરવાડની દૃષ્ટિ દુધ ઉપર જશે. કસાઈની દૃષ્ટિ માંસ ઉપર જશે ત્યારે ચમાર ઢેડની–દૃષ્ટિ તેના ચામડા ઉપર જશે. આવીજ રીતે પવિત્ર હૃદય અને અપવિત્ર હૃદયવાળા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિવાળા જીવો આ દુનિયાની કોઈ પણ વસ્તુને કે કોઈ પણ ક્રિયા કે સાધનને જુદા જુદા રૂપે જોશે–અનુભવશે. એક જ્યારે તે સાધનનો ઉપયોગ વિષય ઉપભોગ માટે કરશે ત્યારે બીજો કર્મથી મુક્ત થવા અર્થાત આત્માને ઉજ્વળ કરવામાં વાપરશે અને અધ્યવસાયના પ્રમાણમાં ફળ તેવાજ અનુભવશે.

આ સમ્યગ્દર્શન ગ્રંથમાં આત્મા સન્મુખ દૃષ્ટિ રાખીનેજ સર્વ સાધનોની વ્યાખ્યા કરવામાં આવી છે. આત્મા નેજ નિશાન રાખી સર્વ સાધનોનો ઉપયોગ તેની પ્રાપ્તિ માટેજ કરવાનું સૂચવવામાં આવ્યું છે અને તેને લઈનેજ તેનું નામ સમ્યગ્દર્શન તે યથાર્થ ગુણનિષ્પન્ન છે.

આ ગ્રંથ આત્મદૃષ્ટિથી લખવામાં આવેલ છે તેથી આવી દૃષ્ટિવાળા જીવોનેજ તે ઉપયોગી છે. તેઓજ આ ગ્રંથનો આશય સમજી શકશે. જેઓ શુકલપક્ષી, અલ્પસંસારી, નીકટભવી, પવિત્ર હૃદયવાળા, આત્મ દૃષ્ટિવાળા યોગ્ય અધિકારી હશે. અર્થાત ધર્મપ્રાપ્તિની ભર યુવાન અવસ્થા જે સમ્યગ્દૃષ્ટિ છે તે સાથે વિવાહિત થવાને લાયક હશે અને તેમ કરીને જેઓ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિરૂપ ફળને ઇચ્છતા હશે તેજ આ ગ્રંથના અધિકારી છે, તેનેજ આ ગ્રંથ અમૂલ્ય ફાયદોકર્તા થશે. તે સિવાયના જે દુનિયાના પૈદ્ગલિક સુખના અભિલાષી હોઈ હજી ધર્મપ્રાપ્તિ માટે

બાળક અવસ્થા અનુભવે છે તેને માટે આ ગ્રંથ નથી. તેઓ આ ગ્રંથના અધિકારી નથી એટલે તેવી કોટીના પુદ્ગલાનંદી જીવોએ આ ગ્રંથ વાંચવા માટે જરાપણ તસ્દી લેવી નહિ. કેમકે તેઓ અધિકારી ન હોવાથી આ શાસ્ત્ર રસાયણરૂપ છતાં, તેમના પેટમાં વિષયોની વાસના રૂપ મળ ભરેલો હોવાથી તે જ્યાં સુધી જુલાબ લઇ કાઢી નાખવામાં નહિ આવે તે પહેલાં આ રસાયણ તેમને ફુટી નીકળવાનીજ. મતલબ કે રસાયણ પુષ્ટિકર્તા છે પણ અધિકારી માણસનેજ. તે સિવાયના બીનઅધિકારીઓને તેમની અપવિત્રતાને અંગે તે દુ:ખરૂપજ થવાની, તેઓ આ ગ્રંથમાંથી ગુણ લેવાને બદલે ઉલટા દોષો શોધશે.

આવા બીન અધિકારી જીવોએ તો નિતીમય જીવન અને ગૃહસ્થ ધર્મ જે આ ગ્રંથ પહેલાં તેવા અધિકારીઓ માટે લખાયેલા છે તે પ્રમાણે વર્તન કરવા રૂપ ક્રિયા માર્ગનો જુલાબ લઈ મલીન વાસના રૂપ કર્મ મળને બહાર કાઢી નાખવા પ્રયત્ન કરવો અને ત્યાર પછી આગળ આત્મધર્મમાં પ્રવેશ કરવા માટે આ ગ્રંથ વાંચવો ભણવો અને તે પ્રમાણે વર્તન કરવું.

આ ગ્રંથ ઉત્તમ અધિકારી માટે છે છતાં તેની અંદર પણ ત્યાગ કરવા યોગ્ય, જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય માર્ગજ બતાવેલો છે. અશુદ્ધ વ્યવહારના માર્ગ કરતા આ શુદ્ધ વ્યવહારનો માર્ગ છે. અને તેને લઈને તે ઉત્તમ છે.

જે વિવિધ પ્રકારના જન્મ મરણથી, સંયોગ વિયોગથી, આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિરકત થયેલ છે, જેને સત્યની જરૂર છે અને તે સત્ય પોતાનો આત્માજ છે તે મેળવવા માટે સર્વ પ્રકારની આશા કે ઇચ્છાઓને જેણે તિલાંજલી આપી છે, તે મેળવવા માટે સર્વ પ્રકારના સુખ, વૈભવ, જાન, માલ, કીર્ત્તિ, માન આદિથી હાથ ધોઈ નાખ્યા છે. અર્થાત્ તેની જેને પરવા નથી, અંતરના ઉંડા હૃદયથી તે આશાઓનો જેણે ત્યાગ કરેલ છે તે ગમે તો ગૃહસ્થ હો કે ત્યાગી હો તે ઉત્તમ અધિકારી છે. આ ગ્રંથનો અધિકારી પણ તેજ છે.

જૈન, શ્રાવક ઈત્યાદિ અધિકાર છે. તે અધિકાર કોઈ નાત, જાત, કે કુળની અપેક્ષા રાખતો નથી. પૌદ્ગલિક વિષયોમાંથી આસકિત ઉડાવીને આત્માના સન્મુખ થવું તેનીજ તે અપેક્ષા રાખે છે.

જેની વિશાળદૃષ્ટિ જેટલી વિકાશ પામી હશે તેના પ્રમાણમાં આ

અધિકારો તેનેજ પ્રાપ્ત થશે. ખરી રીતે કહીએ તો જડ ચૈતન્યને ભિન્ન સમજીને આત્માના સન્મુખ વલણુ થાય ત્યારેજ આ જૈન માર્ગમાં પ્રવેશ કરી શકાય છે અને તેમાં આગળ વધ્યા પછીથીજ શ્રાવક અને શ્રમણુ આદિની ભૂમિકાઓ—અધિકારો—શરૂ થાય છે. આ શ્રાવકઆદિની ભૂમિકામાં પ્રવેશ કર્યા પહેલાંજ આ ગ્રંથનો અધિકારી તે થઈ ચૂકે છે. આ ખરેખરા અધિકારનીજ વાત છે. બાકી ઉમેદવાર તરિકે પહેલાં તે ભૂમિકાને લાયક સદ્ગુણો મેળવવા કે ક્રિયા કરવા કોઈ પ્રયત્ન કરે તો કરી શકાય છે કેમકે તેવી લાયકાત આ ક્રિયા કે સદ્ગુણો દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. પણ મુખ્ય રાજમાર્ગ તો આજ છે કે, પૌદ્ગલિક સુખ ઉપરની આસક્તિને દૂર કરી આત્માના સન્મુખ થઈને પછીજ આ માર્ગના ક્રિયાકાંડમાં પ્રવેશ કરવો.

આવો અધિકાર મનુષ્યો પ્રાપ્ત કરી શકે તે માટે પ્રથમના પ્રવેશ દ્વાર જેઓ આ ગ્રંથ છે. તેમા જડ—ચૈતન્યની ભિન્નતા પ્રથમ બતાવી છે. સાચો હું કોણ છું? તે સમજાવ્યો છે. કિલ્લાના અને જયોતિના દૃષ્ટાંતથી, જડ દેહથી ચૈતન્ય આત્માને જુદો હૃદયથી અનુભવવા પ્રયત્ન કરાયો છે, અને ત્યાર પછી સમ્યગ્દર્શનના સડસઠ ભેદો બતાવ્યા છે. આ ભેદોમાંથી સમ્યગ્દૃષ્ટિ જીવોએ શું શું સમજવાનું છે? શું શું ત્યાગ કરવા યોગ્ય છે? અને કેવી કેવી રીતે કેવા કેવા પ્રસંગોમાં વર્તન કરવાનું છે? તે તે બાબતો પ્રસંગોપાત દૃષ્ટાંતો સાથે બતાવવામાં આવી છે. ટુંકામાં હેય, જ્ઞેય, અને ઉપાદેય બાબતો સમજાવી છે આ ગ્રંથનો ઘણા લાંબા વખત સુધી પરિચય કરી, તેમાં કહેલ તત્વોને બરોબર સમજી, ખરેખર જેને સમ્યગ્દર્શન કહીએ છીએ તેવું દર્શન પ્રાપ્ત કર્યા પછી, આગળની ભૂમિકા તરીકે આ પછીનો ગ્રંથ ' ધ્યાનદીપિકા ' નામનો જે ચારીત્ર ગ્રંથ છે, તે વાંચી ભણી સમજીને પોતાનું જીવન તે માર્ગે પ્રવાહીત કરવું. આગળ વધવા માટે શુ શું કરવું જોઈએ તે તે બાબતોને બતાવનારો તે ગ્રથ છે તેનો અભ્યાસ કરી તે પ્રમાણે વર્તન કરવું. તેથી ' સમ્યગ્દર્શન, જ્ઞાન ચારીત્ર મોક્ષનો માર્ગ છે ' એમ જે જૈન સિધ્ધાંતનું રહસ્ય છે તે પ્રાપ્ત થશે.

આ ઉપરથી એમ જણાવવામાં આવ્યું છે કે શરૂઆતના ગ્રંથ તરીકે નીતિમય જીવન, અને ગૃહસ્થ ધર્મ છે. તેથી મલીનતા દુર થઇ, અશુભમળ ઓછા થશે. એટલે મલીન વાસનાને દુર કરવા માટે જુલાબની ગરજ સારશે. ત્યાર પછી સમ્યગ્ જ્ઞાનમાર્ગને બતાવનારો આ સમ્યગ્દર્શન ગ્રંથ છે. તેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવા સાથેજ સમ્યગ્દર્શન પ્રાપ્ત થશે, અને ત્યાર પછી

સમ્યક્ચારિત્રની જરૂરીઆત છે તે પ્રાપ્ત કરવા માટે ધ્યાનદીપિકા ગ્રંથ છે. આમ એકબીજાઓને સંબંધ હોવાથી આ ચારે ગ્રંથો લાંબા વખતના પરિશ્રમે એકી સાથે તૈયાર કરી બહાર મૂકવામાં આવેલ છે. આ સાથે નીતિવિચાર રત્નમાલા નામનો ગ્રંથ પણ બહાર મૂકવામાં આવેલ છે. તે ગ્રંથમાં પોતાના કર્ત્તવ્યને સમજાવે તેવા જુદા જુદા એક હજાર ઉપરાંત વાકયોનો સંગ્રહ કરેલ છે અને તે વાકયોમાંથી પોતાને પોતાની ભૂમિકાને લાયક જે જે વાકયો જણાય તે તે વાકયો ગ્રહણ કરી તેના ઉપર લાંબા વખત સુધી મનન કરવામાં આવશે, ઉંડા વિચારો કરવામાં આવશે તો જરૂર તેની વિચારદૃષ્ટિ વિકાસ પામવા સાથે પોતાના ચાલુ માર્ગમાં તે વચનામૃતો અપૂર્વ મદદગાર સદ્ગુરૂની પણ ગરજ સારશે.

નિરંતર શુધ્ધ આત્મા સન્મુખ થયેલ સદ્ગુરૂના સમાગમમાં આવતા રહેવું, તેઓના અભાવના પ્રસંગમાં આ વાકયો વાંચી, મનન કરી તે પ્રમાણે વર્તન કરવું તેપણ ફાયદાજનક છે. આવાં વાકયો પોતાના કર્તવ્યને યાદ આપે છે. લક્ષને જાગૃત રખાવે છે અને વિક્ષેપવાળા પ્રસંગે વિક્ષેપને દુર કરી પરમ શાંતિ આપે છે.


આ ગ્રંથ વિક્રમ સંવત ૧૯૭૧ ઓગણીસો એકોતેરનું ચોમાસું જ્યારે હું વાંકાનેરમાં હતો ત્યારે લખવામાં આવ્યો છે. આ ગ્રંથ કાંઈ ખાસ ગ્રંથ તરિકે લખ્યો ન હતો પણ ત્યાં ઉત્તમ વિચારવાળા શ્રોતા સન્મુખ જે કાંઈ વંચાતું હતું તેનો સાર વાંચ્યા બાદ લખી લેવામાં આવતો હતો અને તેનો સંગ્રહ તે આ સમ્યગ્દર્શન તરિકે પ્રગટ કરવામાં આવેલ છે. તેમાંથી જે કાંઈ ભાગ અધુરો હતો તે આ ૧૯૭૨ ના ગોધાવીના ચોમાસામાં પૂર્ણ કરવામાં આવેલ છે.

વાંચનારને સત્ય સમજાય અને તે સત્ય સમજીને તે પ્રમાણે વર્તન કરી તેમનો આત્મા શાંતિ પામે એજ આ ગ્રંથ લખવાનો ઉદેશ છે. લેખક અને વાચકના આત્માને પરમ શાંતિ મળો એજ હૃદયની પ્રબળ ઈચ્છા છે.

લી. પં. કેશરવિજયજી ગણિ.
૧૯૭૩, માગસર વદ ૭
અમદાવાદ.

યોગનિષ્ઠ પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી
વિજય કેશરસૂરિશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિ
દીર્ઘ ચારિત્રશાળી પ્રવર્તિની મહત્તરા

## પ. પૂ. સૌભાગ્યશ્રીજી મહારાજ સાહેબ



**જન્મ** : સંવત ૧૯૩૧, ગામ લુણી
**દીક્ષા** : સંવત ૧૯૬૦, ,, જામનગર

# પૂજય પ્રવર્તિની મહત્તરા શ્રી સૌભાગ્યશ્રીજી મહારાજની
# જીવન સૌરભ

---

સૃષ્ટિના સૌંદર્યને નિહાળવામાં દિગ્મૂઢ બનેલી માનવ પ્રજા એ સુંદરતાની ક્ષણભંગુરતાનો વિચાર લાવી શકિત નથી. નોર્વે, સ્વીડન કે અમેરિકાના કુદરતી સૌંદર્યને જોવામાં કદાચ પ્રત્યક્ષ રીતે ન પહોંચે તો પરોક્ષ રીતે, વ્યુમસ્ટરાદિ દ્વારા પણ જોઇને આનંદ માણી રહેલા માનવીઓ જાણી શકતાં નથી કે આ રળિયામણું રૂપ તરેહ તરેહના સ્વરૂપમાં પલટાઇ જઇ કયારે બીહામણું રુપ પકડશે. ?

પ્રકૃતિની એ શોભાને માનવીના મોભા સાથે સરખાવીએ તો લેશમાત્ર પણ તફાવત નહિં પડે. માનવી માને છે કે, વિશ્વના પ્રત્યેક પ્રાણીઓમાં સૌથી મોટો "હું" ! હા, હશે કદાચ, બુદ્ધિધનનું બૃહદ્ હથિયાર તેની પાસે છે; તેથી ધારે તો દુનિયાના સર્વ દેશોનો ઝપાટાબંધ સંહાર કરી નાંખે; પણ આ અભિમાન શા કારણે ?

મહાન જોમવાળા રાજા રાવણ કે રાણા પ્રતાપ જેવા કંઇક મહારથીઓ એ અભિમાનના પૂરમાં તણાઇ ગયાં ! દિલ્હીની સલ્તનતને ભોગવતા રાજા અકબર કે ઔરંગઝેબ જેવા કંઇક બાદશાહોની મહેલાતો ખખડધામ થઈ ગઇ ! આ બધામાં મૂળ કારણ કયું છુપાયેલું છે ?

ન ભૂલશો, કે હૈયામાં પરમાત્મા વિતરાગ ભગવંતનું શાસન વસ્યુ નથી. જે જીવોએ શાસનની વફાદારી સ્વીકારી છે, તે કયારેય પણ આ સંસારના જીવોના વિનાશથી પોતાના વિકાસને ઇચ્છે જ નહિ. બીજાના દુઃખથી પોતે સુખી થવાનો સંકલ્પ કરે જ નહિં. એની સાક્ષાત સાબીતીને માટે એક પવિત્ર મહાત્માના જીવનની રૂપરેખા અહીં રજૂ કરૂં છું.

ભારત વર્ષમાં વિસ્તારની દષ્ટિએ સૌથી નાનામાં નાનો ગણાતો કચ્છ દેશ છે. વિસ્તારમાં નાનો ભલે, પણ ભાવનામાં મોટો ઘણો. ઉત્તમ પુરૂષોનો જન્મદાતા, એ કચ્છ દેશ, દાનવીર જગડુશાહ અને અખંડ બ્રહ્મચારી એવા વિજય શેઠ તથા વિજયા શેઠાણી જેવા રત્નોને ધારણ કરતો, આર્યા-

વર્તના એક ખૂણામાં રહેલો મૂક ભાવે ગૌરવ અનુભવી રહ્યો છે.

એ જ પ્રાંતમાં લુણી નામનું નાનુ સરખુ ગામ છે. જ્યાં વીસા ઓસવાલ જ્ઞાતિના ધર્મપ્રેમી શેઠ વીરપાલભાઈ રહેતાં હતાં. એમના ધર્મપત્નીનું નામ પુરબાઈ હતું. ધંધાના કારણે મુંબઈવાસી બનેલા તેમને ત્યાં, ૧૯૬૧માં એક પુત્રીનો જન્મ થયો. જેમનું નામ સેજકુંવરબાઈ પાડયું. મા-બાપના મનોરથોને ઝીલવાનો સમય થતાં પહેલાં જ સાત વર્ષના શૈશવકાળમાં તેમના માતા-પિતાનો કાળે કોળીયો કરી લીધો. !

મુશીબતનો પડછાયો પણ ન પડે, તે માટે આ નાની બાલિકાને કાકા અને મામાએ સંભાળી લીધી. સ્થાનકવાસી સંપ્રદાયમાં કચ્છના છસરા ગામમાં તેમના લગ્ન કરવામાં આવ્યાં. આ સમયે તેમની અગિયાર વર્ષની કૂમળી વય હતી. એ બાલ્યવયમાં જૈન દર્શનનું જ્ઞાન તો કયાં તીવ્ર હતું ? પણ ભાવિમાં ઉજ્જવળ કારકીર્દિ કરનાર વ્યકિતને, કુદરત, એવા સંજોગોમાં લાવી મૂકે છે કે સગા-સંબંધિઓ અને મોહનીયના જોરે સંસારીક સુખોમાં દોરવણી આપે પણ કુદરત તે તરફથી પીછે હઠ કરાવે.

કર્મસત્તાના બળથી વૈધવ્ય દશા આવીને ઉભી રહી; કિંતુ ધર્મસત્તાના દળથી વૈરાગ્યનો વેગ પણ પૂરબહારમાં આવી ઉભો. જેથી જીંદગીના ચૌદમા વર્ષે જ તેમણે સ્થાનકવાસી સંપ્રદાયના વીરબાઈ સ્વામીજી પાસે સંયમનો સ્વીકાર કર્યો.

વિદ્યાના વિલાસી અને વિનયના અભ્યાસી આ સેજકુંવરબા સહુને પ્રિય થઈ પડયાં. નવ ગુરૂબહેનો હોવા છતાં પોતાના ગુરૂવર્યની અમીદૃષ્ટિને આકર્ષવાનો સેજકુંવરબાઈનો પુણ્યોદય સોળે કળાએ ખીલી ઊઠયો.

આગમના અધ્યયનમાં આગળ વધેલા સેજકુંવરબાઈને મૂર્તિપૂજાનું મહત્વ સમજાયું. પાર્શ્વનાથની પ્રતિમાથી પવિત્ર પ્રેરણા મળશે એમ નક્કી કર્યું. ગુરૂમહારાજની પરવાનગી પ્રાપ્ત કરીને સેજકુંવરબાઈ તપાગચ્છ સંઘના સુકાની થવા તત્પર બન્યાં.

ગચ્છાધિપતિ પૂ. મૂલચંદજી મહારાજ (મુકિતવિજયજી ગણીવર્ય)ના પ્રશિષ્ય આશૈશવ બ્રહ્મચારિ યોગનિષ્ઠ કલાચાર્ય પરમ પૂજ્ય વિજય

કેશરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તીની સાધ્વીજી મહારાજ શ્રી અશોકશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા તરીકે આ સેજકુંવરબાઇનું શુભ નામ સૌભાગ્યશ્રીજી રાખવામાં આવ્યું.

વિધવિધ શાસ્ત્રાભ્યાસ અને અનેકવિધ દેશોના લાંબા પ્રવાસને ખેડતા પૂ. સૌભાગ્યશ્રીજી મહારાજ પોતાના ગુરૂની નિશ્રામાં ઘણાં વિદુષી બન્યાં. પ્રવચન શૈલીની કુદરતી બક્ષીસને લીધે જોરદાર વ્યાખ્યાન આપી કંઈક શ્રોતાજનોને ડોલાવી નાંખતાં. કચ્છ, કાઠિયાવાડ અને મારવાડના યાત્રાપ્રવાસથી અનુભવ જ્ઞાનને સંપાદન કરતાં તેઓશ્રીની સરળ સ્વભાવી પ્રકૃતિ સૌને ચિત્તરંજન કરવામાં સહાયક બનતી.

પરમેષ્ટિની સંખ્યા પાંચ અને જ્ઞાનના પ્રકાર પણ પાંચ. તેમ અમારા આ પૂજય ગુરૂણીજી સૌભાગ્યશ્રીજી મહારાજની શિષ્યાઓ પણ પાંચ થઈ. જાણે પોતાને પંચાચારનું પાલન કરવાની પ્રેરણા વાળી સંખ્યા ન હોય !

ગંગા, યમુના અને શોણ નદીના ત્રિવેણી સંગમથી જેમ પ્રયાગ શોભે છે; તેમ પરોપકાર, પ્રેમ અને પરમાર્થથી તેમનું જીવન દીપી ઉઠયુ. સહન શિલતા, શાંતિ અને સમતાના સાગરમાં સ્નાન કરવાથી તેમનો અંતરઆત્મા ઘણો ઘણો પવિત્ર બન્યો. વિવેક, વિરાગ અને વાત્સલ્યનો વારિધિ તેમની રગેરગમાં ધોધમાર રીતે ઉછાળા મારતો. નાનકડું બાળક પણ તેમની પાસેથી ઉદાસીન મુખે પ્રતિનિવૃત્ત નહિં થાય. નીલ ગગનનું પંખી તેમની નજરે આવે તો તેઓશ્રીજી કરૂણાનો ભંડાર ખૂલ્લો મૂકશે. હંમેશા તેઓશ્રી દીનોને દિલાસો આપતાં, પણ દીનતાને દેશવટો દેવામાં કમીના ન રાખતાં.

સ્વરૂપની સંપત્તિના સંપાદન માટે સદા અંતર આત્માના અતલ ઊંડાણુથી અરિહંતના સ્મરણમાં એકાકાર બની જતાં અમારા એ પૂ. ગુરૂવર્યને પ્રાય: પંચાસી વર્ષની વય ઘણીખરી શાતા વેદનીયના સમાગમ વાળી હતી. પરંતુ એ ઉંમરની અનુપમ આરાધનાની કસોટી કરવા જ ન હોય જાણે ! તેમ ત્યારબાદ ધીરે ધીરે અશાતા વેદનીયનો ઉદય થયો. સહિષ્ણુતા ક્ષમા અને સમતાનું સોનું કસોટીના પાષાણે ચડયું. તેમણે વિચાર્યું કે,

" ધીંગ ધણી માથે કીયો,
કુણ ગંજે નર ખેટ. " ......વિમલજિત......

પૂજ્ય આનંદઘનજી મહારાજે જબ્બર ફરમાન આપ્યું છે; તો આવા સમયે ગાત્રો શિથિલ બનશે, આત્મા ક્યાં તેમાં ભળવાનો છે ? આત્મા અનંત શકિતનો ધણી છે. શરીરની સાવચેતીમાં સપડાઈ જઈશ, તો મુકિતના મિનારા પર ચડવું મુશ્કેલ પડશે.

તેઓશ્રી સ્પષ્ટ રીતે સમજતાં હતાં, કે જો આ સમયે સમતાના સોપાનથી ચુકી જઇશ તો મમતાના મહાસાગરમાં ડૂબી જઈશ. અરે ખંધક મુનિની ચામડી ઉતારી ગજસુકુમાળના મસ્તકે અંગારા મૂકાયાં, મેતારજ મુનિને વાધર બાંધવામાં આવ્યો. એથી પણ આગળ – મગધાધિપ શ્રેણીક મહારાજા જેલમાં જકડાયાં. આ બધા મહાપુરૂષોની તે તે સમયની સમતા કેવી હતી. ? અને એજ સાધનામાં રકત બનેલા મહાત્માઓ જળહળતી જ્યોત જલાવી ગયા. દિવ્ય તેજ ફેલાવી ગયા. પવિત્ર પ્રકાશ પ્રસરાવી ગયા. અને અનુપમ યાદી મૂકી ગયા.

આવા વિચાર વમળમાં ગૂંથાઇ રહેલા અમારા પૂજ્ય ૮૨ વર્ષના ગુરૂણીજી સૌભાગ્યશ્રીજી મહારાજ અશાતા વેદનીયના ઘેરાવામાં હોવા છતાં તેમની રમણુતા શાતાની સોબત શોધી રહી છે. આ તાદસ્ય ચિતારને જોતાં અને દૂર રહેલાઓ જ્યારે સાંભળતાં ત્યારે સહુ કોઈના મુખમાંથી સહેજે શબ્દો સરી પડતાં કે વાહ ! તેમની ધીરજને ધન્યવાદ !! પરમાત્માના શાસનને જે હૈયામાં વસાવેલ છે; તેનું આત્મબળ કેટલું અજોડ હોય છે, તે સચોટ રીતે સમજી શકાય છે.

ગુલાબ કે મોગરાની સુવાસ ઘણી મનમોહક હોય છે, છતાં એ પુષ્પોના પરિમલની ઈમારત ચણાતી નથી. સૃષ્ટિનું સૌદર્ય ઘણું આકર્ષક હોય છે, છતાં તેનું વહાણ કદી ભરાતું નથી. તેમ અમારા પૂજ્ય ગુરૂદેવ શ્રી સૌભાગ્યશ્રીજી મહારાજના જીવનમાં બીજા સેંકડો ગુણો છે; આટલા શબ્દોથી તેમનું ગુણકીર્તન કરી મન ભરાતું નથી. છતાં બાલબુદ્ધિથી જે કંઈ વર્ણન કરૂં છું તેનાથી હું મારી જાતને અહોભાગ્ય માનું છું.

આવા સંતો દીર્ઘાયુષી બનો એ જ અભ્યર્થના ! કે જેથી અમે તેમના જીવન દ્વારા નવી નવી પ્રેરણા પ્રાપ્ત કરી અધ્યાત્મના પંથે પ્રયાણ કરીયે.

વંદન હો એ વાત્સલ્યભાવી ગુરૂદેવને !

લી. પૂજ્ય ગુરૂવર્યની
ચરણોપાસિકા સા.
**નેમશ્રીજી**

ॐ अर्हं नमः

# અર્ઘ્ય

જેમની પવિત્ર છત્રછાયામાં ૩૮ વર્ષ સુધી સંયમયાત્રાનું સુખ પૂર્વક વહન કર્યું. અધ્યાત્મ યોગ, ભાવના યોગ અને ધ્યાનયોગની સાધનામાં જેમની અપૂર્વ સહાય મળી રહી છે. વળી શાન્તને સૌમ્ય સ્વભાવવાળા, અમી ઝરતી વાણીવાળા જેઓ જ્ઞાન દર્શન ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનામાં હંમેશા જાગ્રત છે દીર્ઘકાળ સંયમની આરાધના કરી અમાપ વાત્સલ્યના સરિતામાં સર્વ પરિવારને સ્નાન કરાવતા જેઓશ્રી દરેકને ત્યાગભાવથી રહેવા અને આત્મકલ્યાણ સાધવા સતત પ્રેરણા આપી રહ્યા છે. એવા પરમકૃપાળુ પ્રાતઃસ્મરણીય, પરમોપકારી, પ્રશાન્તમૂર્તિ સદ્‌ગુરૂણીજી પ્રવર્તિની સાધ્વીજી શ્રી. સૌભાગ્યશ્રીજી મહારાજ સાહેબના પુનિત કરકમલમાં આ સમ્યગ્‌દર્શનનું પુસ્તક રૂપી અર્ઘ્ય ભવ્યજીવોને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિમાં સહાયભૂત બને એ શુભેચ્છાપૂર્વક સમર્પી કૃતાર્થ થાઉં છું.

લિ. તેઓશ્રીની ચરણોપાસિકા,
સા. - જ્ઞાનશ્રીજી

મુદ્રક :
પોપટલાલ સોમચંદ શાહ
અનિલ આર્ટ પ્રિન્ટરી,
રીલીફરોડ, ઝકરીયા મસ્જીદ સામે,
અમદાવાદ-૧.

પ્રાપ્તિસ્થાન :
પારી ચંપકલાલ હીરાલાલ
ઠે. ૬૫, વાલકેશ્વર રોડ, સાગર મહાલ,
બ્લોકનં.-જી-૨. (ગ્રાઉન્ડ ફ્લોર)
મુંબઈ-૬.

પ્રકાશક :
કાંતીલાલ મણીલાલ ખડખડ
ઠે. ૨૮૯૩, રતનપોળ,
વાઘણપોળ
અમદાવાદ-૧.

# વિષયાનુક્રમ.


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| જડ ચૈતન્યની ભિન્નતા. | ૧ | નંદનમણિયાર. | ૧૦૦ |
| જડ ચૈતન્યનો વિવેક. | ૬ | શાશન પ્રભાવક. | ૧૧૪ |
| શુદ્ધ હું અને અશુદ્ધ હું. | ૧૫ | અર્હદ્ દર્શનમાં કુશલપણું. | ૧૨૦ |
| સમ્યગ્ દર્શન. | ૨૨ | તીર્થ સેવા. | ૧૨૫ |
| પરમાર્થ સંસ્તવ. | ૨૩ | સ્થિરતા. | ૧૩૨ |
| પરમાર્થ જાણનારનું સેવન. | ૨૬ | શાણી સુલસા | ૧૩૩ |
| વ્યાપન્ન દર્શન વર્જન | ૨૭ | ગુરૂદેવની ભક્તિ. | ૧૪૬ |
| કુદર્શન વર્જન. | ૨૯ | પ્રભાવના. | ૧૪૮ |
| ધર્મ સાંભળવાની જીજ્ઞાસા. | ૩૧ | સમ્યગ્દષ્ટિનાં ૫ લક્ષણો. | ૧૪૯ |
| ધર્મ કરવામાં પૂર્ણ પ્રીતિ. | ૩૩ | ઉપશમ. | ૧૫૦ |
| દેવ ગુરૂની વૈયા વચ્ચનો નિયમ. | ૩૯ | દમસાર મુનિ. | ૧૫૭ |
| દર્શન વિનય. | ૫૦ | સંવેગ. | ૧૬૭ |
| સાધુ વિનય. | ૫૮ | નિર્વેદ. | ૧૬૯ |
| ધર્મ વિનય. | ૬૦ | અનુકંપા. | ૧૭૦ |
| શ્રુત વિનય. | ૬૧ | આસ્તિકતા. | ૧૭૧ |
| ચૈત્ય વિનય. | ૬૭ | ૭ યતના. | ૧૭૩ |
| અરિહંતનો વિનય. | ૬૮ | ૭ અભિયોગ. | ૧૭૮ |
| સિદ્ધનો વિનય. | ૬૯ | ૭ ભાવના. | ૧૮૨ |
| ત્રણ શુદ્ધિ. | ૭૦ | ૭ સ્થાન આત્મા છે | ૧૮૫ |
| શંકા. | ૭૬ | નિત્ય છે. | ૧૮૬ |
| કાંક્ષા. | ૮૪ | કર્મનો કર્તા છે. | ૧૮૭ |
| વિચિકિત્સા | ૮૮ | કર્મનો ભોક્તા છે | ૧૮૮ |
| કુદષ્ટિની પ્રશંસા ન કરવી. | ૯૪ | મોક્ષ છે. | ૧૯૦ |
| કુદષ્ટિનો સંસર્ગ ન કરવો. | ૯૮ | મોક્ષનો ઉપાય છે. | ૧૯૧ |

# શુદ્ધિ પત્રક

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| | | **જીવન સૌરભ** | |
| ૯ | ૨૩ | એને | અને |
| ૧૦ | ૩ | શેઠ | શેઠશ્રી |
| ૧૧ | ૧૭ | પાસેથી | પાસે કયારેય વિષાદની લાગણી નહીં અનુભવે નિરાધાર માનવી તેમની પાસેથી |
| ૧૧ | ૨૮ | વિમલજિત | વિમલજિન |
| ૧૨ | ૧૮ | જે | જેણે |
| | | **સમ્યગ્ દર્શન** | |
| ૬ | ૬ | અંતરમુક્ષુ | અંતરચક્ષુ |
| ૬ | ૧૫ | કલ્પનાનોઓ | કલ્પનાઓ |
| ૧૭ | ૬ | નિલેષપણે | નિર્લેપપણે |
| ૧૭ | ૨૨ | સાટે | માટે |
| ૧૮ | ૧૮ | સ્થિતિ થઈ મુંઝવણ વાલી | મુંઝવણ વાલી સ્થિતિ થઇ |
| ૧૮ | ૨૫ | કોણ છે? | કોણ છે? આ સર્વ વિચારો છે. તે વિચારોને પણ જાણનાર કોણ છે? |
| ૨૯ | ૧૨ | તે સર્વ સમ્યગ્ દૃષ્ટિ છે | તે સર્વ સમ્યગ્ ક્રિયા છે તે સમ્યગ્ દૃષ્ટિ છે |
| ૩૦ | ૨૫ | ધ્વજાન દંડ | ધ્વજા દંડ |
| ૩૧ | ૨૬ | આત્સ્વરૂપ | આત્મ સ્વરૂપ |
| ૩૨ | ૨ | નિઠુરતા | નિષ્ઠુરતા |
| ૩૪ | ૨૧ | તેવો | જેવો |
| ૪૦ | ૬ | સ્વરૂમ | સ્વરૂપ |
| ૪૧ | ૧૧ | કરે છે | કરે છે, એટલે દેખાવમાં લાલ દેખાય છે. અને સ્વભાવમાં દાહકશકિત ધારણ કરે છે |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪૨ | ૧૭ | જેથી | જેવી |
| ૪૫ | ૨૪ | શરીરમાં | શરીરમાંથી |
| ૪૫ | ૨૫ | અરાધના | આરાધના |
| ૪૬ | ૧૦ | વાસનાઓ | વાસનાઓને |
| ૪૭ | ૧ | એમને | અમને |
| ૪૭ | ૮ | ચોટાયું | ચોટાડયું |
| ૪૭ | ૧૨ | કે ઉત્તમ | કે ઉત્તમ ધ્યેયાકારે પરિણમવાની |
| ૪૯ | ૧ | જાગૃવિ | જાગૃતિ |
| ૫૧ | ૨૦ | છીજે | છીએ |
| ૫૨ | ૧૫ | પહાપુરૂષો | મહાપુરૂષો |
| ૫૪ | ૧૫ | પ્રદાર્થ | પદાર્થ |
| ૫૫ | ૯ | નબળઓને | નબળાઓને |
| ૫૭ | ૭ | હૃદયમાં | હૃદમાં |
| ૫૮ | ૫ | દુઃખદુપ | દુઃખરૂપ |
| ૫૯ | ૨ | સ્ફાટિકથી | સ્ફાટિકની |
| ૫૯ | ૧૪ | કરૂણુનો | કરૂણાનો |
| ૬૦ | ૩ | પ્રારબ્ધયાગે | પ્રારબ્ધયોગે |
| ૬૧ | ૧૧ | સાતે | સામે |
| ૬૧ | ૧૩ | પ્રવિત્ર | પવિત્ર |
| ૬૩ | ૧૧ | માનીક | વૈમાનીક |
| ૬૮ | ૯ | સ્વરૂનુ | સ્વરૂપનુ |
| ૬૮ | ૧૨ | શુ | શુધ્ધ |
| ૭૧ | ૫ | અભિમાની | અભિમાન |
| ૭૪ | ૧૦ | હોત તો | હોત કે સુખો આવ્યા હોત તો |
| ૭૮ | ૮ | શુદ્ધ થયાના | શુધ્ધ થયાંના, તમારા મનની મલીનતા ઓછી થયાના |
| ૭૮ | ૧૫ | માર્ગસાં | માર્ગમાં |
| ૭૯ | ૧૦ | આગળ | આમ |
| ૭૯ | ૨૫ | વિનો | વિદ્વાનો |
| ૮૪ | ૮ | તરફ ચાલવાનો | તરફ આગળ ચાલવાનો |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૮૫ | ૧ | આવરણુતા | આવરણુના |
| ૮૬ | ૬ | ઠયાય છે | ઠગાય છે |
| ૮૭ | ૨૫ | તે કરતાં | તેના કરતાં |
| ૮૮ | ૧૨ | નિવેડે | નિવડે |
| ૯૦ | ૧૯ | તેવા | તેવા તેવા |
| ૯૦ | ૨૦ | કે મંદરસ તે ઉદય | કે મંદરસે તે કર્મ ઉદય |
| ૯૧ | ૭ | કરી | કદી |
| ૯૩ | ૪ | રૂપવાળા | સ્વરૂપવાળા |
| ૯૬ | ૬ | કે મનુષ્યો | કે જે મનુષ્યો |
| ૯૭ | ૨૫ | પ્રવૃત્તિષાળા | પ્રવૃત્તિવાળા |
| ૯૮ | ૪ | ધર્મ નિમિત્ત | ધર્મ નિમિત્તે |
| ૯૮ | ૧૪ | શીતળાની | શીતળતાની |
| ૯૮ | ૧૭ | વક્ષ | વૃક્ષ |
| ૯૮ | ૧૮ | ઉત્પન્ન ત્રિવિધ | ઉત્પન્ન થયેલા ત્રિવિધ |
| ૯૯ | ૨૮ | સમ્યગ્ દૃષ્ટિનો | સમ્યગ્ દૃષ્ટિ પણાનો |
| ૧૦૧ | ૧૮ | પૌષધનો | અને પૌષધનો |
| ૧૦૬ | ૨૦ | નંદમણિયારની | નંદનમણિયારની |
| ૧૦૮ | ૯ | નંદમણિયારે | નંદનમણિયારે |
| ૧૧૧ | ૫ | પુરૂષો પણ | પુરૂષો પાસે હોયતો કોઈ અલૌકિક જાગૃતિ રહ્યા કરે છે. આત્મજ્ઞાની પુરૂષો |
| ૧૧૧ | ૧૨ | અશક્તિવાળી | આશક્તિવાળી |
| ૧૨૫ | ૧૮ | બનાવનાર | બતાવનાર |
| ૧૨૯ | ૨૪ | ધમ ચર્ચામાં | ધર્મ ચર્ચામાં |
| ૧૩૨ | ૧૧ | શુત્ત | શુદ્ધ |
| ૧૩૬ | ૨ | દેખાય | દેખાય છે. |
| ૧૪૦ | ૬ | જાઇએ | જોઈએ |
| ૧૪૫ | ૧૬ | ધર્મ ચર્યા | ધર્મ ચર્ચા |
| ૧૫૦ | ૪ | મરળતા | સરળતા |
| ૧૫૮ | ૧૫ | વધારવા | વધવા |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૫૮ | ૨૧ | ચલાવવાવી | ચલાવવાની |
| ૧૫૯ | ૩ | ઉત્પત | ઉત્પન્ન |
| ૧૭૭ | ૧ | તપાસને | તાપસને |
| ૧૭૮ | ૧૭ | તપાસને | તાપસને |
| ૧૯૦ | ૭ | નિર્વામ | નિર્વાણ |
| ૧૯૩ | ૨૪ | વિરોધ | વિરોધી |
| ૧૯૫ | ૧૧ | विरक्तिः | विरचितः |

# સહાયકોની શુભ નામાવલી

| | | |
|---|---|---|
| રૂ. ૬૦૦) | પારી ચંપકલાલ હીરાલાલ | મુંબઈ |
| રૂ. ૫૦૦) | ડૉ. કે. એમ. ભણસાલી | મુંબઇ |
| રૂ. ૫૦૦) | પારી કીર્તિલાલ ડાહ્યાભાઈ | મુંબઇ |
| રૂ. ૪૦૦) | શ્રુતભક્તિ પરાયણ એક સદ્‌ગ્રહસ્થ | મુંબઈ |
| રૂ. ૨૫૧) | રસીકલાલ કેશવલાલ ભણસાલી | કલકત્તા |
| રૂ. ૨૫૧) | પોપટલાલ પાનાચંદ કોઠારી | મુંબઇ |
| રૂ. ૨૫૦) | વૈદરાજ ભોગીલાલ નગીનદાસ | ઉંઝા ફાર્મસી વાલા |
| રૂ. ૪૦૦) | સૌભાગ્યશ્રીજી મ. સા. ની પુણ્ય સ્મૃતિ નિમિતે જ્ઞાન. ખાતાના. | પાટણ |
| રૂ. ૧૦૧) | શા. ઉજમશી નાનચંદ | મુંબઈ |
| રૂ. ૧૦૧) | અમરચંદભાઈ | મુંબઇ |
| રૂ. ૧૦૦) | રતીલાલ વર્ધમાન | મુંબઈ |
| રૂ. ૧૦૦) | સુમતિચન્દ્ર રામલાલ એડવોકેટ | દહેગામ |
| રૂ. ૧૦૦) | પ્રેમચંદ ખેમચંદ | સુદામડા |
| રૂ. ૫૦) | ફતેચંદ પરસોતમ | મુંબઇ |
| રૂ. ૫૦૦) | સાધ્વીજીશ્રી નેમશ્રીજીના ઉપદેશથી | |
| રૂ. ૨૫૧) | રૂક્ષમણીબહેન લાલભાઇ બક્ષી | મુંબઈ |
| રૂ. ૧૦૧) | મોતીલાલ કસ્તુરચંદ | કલકત્તા |
| રૂ. ૧૦૧) | ચીમનલાલ લહેરચંદ | મુંબઈ |

॥ ॐ अर्हम् नमः ॥

# સમ્યગ્ દર્શન

## જડ–ચૈતન્યની ભિન્નતા.

**काष्टे यथाग्निर्धरणीतले कं सर्पिर्यथाऽदध्नि तिलेषु तैलं ।**
**आमोदबिन्दुकुसुमारकरेषु तथा यमात्मांगि शरीरदेशे ॥१॥**

લાકડામાં જેમ અગ્નિ રહેલો છે, જમીનમાં જેમ પાણી રહેલું છે, દહીંમાં જેમ ઘી રહેલું છે, તલમાં જેમ તેલ રહેલું છે, પુષ્પોના બગીચાઓમાં જેમ સુગંધનું બિન્દુ (ભાગ) રહેલું છે તેમ આ આત્મા પ્રાણિઓના શરીરોમાં રહેલો છે. ૧

આત્મા અને જીવ એ સંસારી જીવોના પર્યાયવાચક નામો છે. જીવ આદિ અને અંત વિનાનો છે. તેની ઉત્પત્તિ ક્યારે થઇ? તે કોઈપણ રીતે કહી શકાય તેમ નથી, એટલે અનાદિ છે. તેમ તેનો સર્વથા નાશ પણ થતો નથી એટલે અંત વિનાનો અર્થાત્ નાશ ન પામે તેવો છે. તેને અવિનાશી અક્ષય ધ્રુવ નિત્ય એવાં નામોથી પણ બોલાવાય છે.

આ જીવ મૂલ વસ્તુની અપેક્ષાએ એટલે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. જેમ સુવર્ણથી મુગટ, કુંડલ આદિ પર્યાયો ઉત્પન્ન થાય છે. આમાં મૂલ દ્રવ્ય સોનું છે. અને મુગટ, કુંડલ, વીંટી, કડું ઇત્યાદિ નામ માત્રથી

પર્યાયો જુદા છે. સોનું એ સામાન્ય છે. મુગટ, કુંડલાદિ પર્યાયો વિશેષ છે. આવી રીતે ચાર ગતિમાં પ્રવાસ કરતા જીવ રૂપ સોનાના, એકેંદ્રિય, બેઈંદ્રિય, ત્રણઈંદ્રિય, ચારઈંદ્રિય પશુ, મનુષ્ય, નારકી, દેવ ઇત્યાદિ અનેક નામોવાળા અનેક પ્રકારના પર્યાયો થાય છે. તથા આ સર્વમાં જીવ દ્રવ્ય તો તેનું તેજ કાયમ રહે છે. આ પર્યાયોની અપેક્ષાએ જીવ અનિત્ય કહેવાય છે. કારણકે તે રૂપાંતરો પામે છે. વિવિધ નામ રૂપે બદલાતો રહે છે. પણ મૂલ જીવદ્રવ્ય તે સર્વ પર્યાયોમાં કાયમ રહે છે તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ જીવ નિત્ય છે.

જેમ પાંજરાથી પાંજરામાં રહેનાર પક્ષી જુદું છે, ઝાડથી ઝાડ ઉપર રહેનાર પક્ષી જુંદું છે પહેરેલ અંગરખા કે કોટથી પહેરનાર પુરુષ જુદો છે, તેવીજ રીતે આ જીવ શરીરથી જુદો છે આ સ્થૂલ બુદ્ધિવાળા પણ સમજી શકે તેવાં દૃષ્ટાંતો છે. તેનાથી કાંઇક વધારે સુક્ષ્મ બુદ્ધિવાળાઓ માટે આ દૃષ્ટાંતો છે કે, દુધ અને પાણી, તલ અને તેલ, પુષ્પ અને સુગંધ એઓનો ભેદ દેખાતો નથી છતાં તેઓ જુદાં જુદાં છે. તેમ આ દેહથી જીવનો અત્યંત ભેદ આપણે પ્રત્યક્ષ જોઇ શકતા નથી તથાપિ તેઓ તેનાથી જુદાં છે.

જીવમાં એક સંકોચવિકાશ નામનો ગુણ રહેલો છે. તેને લઇને આ જીવ કેટલો મોટો છે? કે કેટલો નાનો છે એ કહી-શકાય તેમ નથી. એટલે તેને શરીર પ્રમાણ અસંખ્યાત્ પ્રદેશવાળો માનવામાં આવે છે. એક હાથીના શરીરમાં અને એક કુંથવા જેટલા નાના શરીરમાં પણ તે રહી શકે છે. તેવીજ રીતે આ માનવ દેહમાં તેમજ આ સંપૂર્ણ લોકમાં સંકોચ વિકાસના કારણથી તે સમાઇ શકે છે. તથાપિ સર્વ સ્થળે તેની પ્રદેશસંખ્યા સરખીજ હોય છે.

કાળ જેમ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં અનાદિ

અનંત છે તેમ જીવ પણ ત્રણે કાળમાં અનાદિ અનંત છે. આકાશ જેમ અરૂપિ છે, તથાપિ જડ, ચૈતન્યને અવકાશ (માર્ગ) આપવાના ગુણથી 'છે' તેમ જાણી શકાય છે. એવીજ રીતે જીવ અરૂપિ છે તથાપિ જ્ઞાન ગુણથી 'છે' એમ જાણી શકાય છે.

આ પૃથ્વી જેમ બીજા દ્રવ્યોના આધારભૂત છે તેમ જ્ઞાનાદિ ગુણોના આધારભૂત આ જીવ છે. આધાર વિના આધેય ટકી શકતું નથી તેમ જીવ વિના જ્ઞાનાદિ ગુણો ટકી શકતા નથી. અહીં આધાર બે પ્રકારના છે. એક સંયોગ રૂપ આધાર અને બીજો સમવાય સંબંધરૂપ (તદ્રુપ) આધાર છે. પૃથ્વી અને તેના ઉપર રહેલા પદાર્થો તેમનો સંયોગ સંબંધ રૂપ આધાર છે. પણ પૃથ્વી અને તેમાં રહેલા મીઠાશ, ખારાશ, ધોળાશ, રતાશ વિગેરે ગુણોનો સમવાય સંબંધ છે. તદ્રુપ સંબંધ છે. તેમ અહીં જીવ અને તેમાં રહેલા જ્ઞાનાદિ ગુણોનો સંયોગ સંબંધ નથી પણ સમવાય ( તદ્રુપ ) સંબંધ છે.

આત્મા દ્રવ્ય છે. દ્રવ્ય, ગુણપર્યાય સહિત હોય છે. નિત્ય સાથે રહે તે ગુણોનું લક્ષણ છે. તે દ્રવ્યમાં સદાકાળ વિદ્યમાન રહે છે. જ્ઞાન, દર્શનાદિ જીવના અસાધારણ ગુણ છે.

પર્યાયનું લક્ષણ ક્રમવર્તિ છે. એટલે તે દ્રવ્યમાં અનુક્રમે ઉત્પન્ન થાય છે. નર, નારકી આદિ આકૃતિ રૂપ પર્યાયો અથવા સિદ્ધાકૃતિરૂપ પર્યાયને વ્યંજન પર્યાય કહે છે. અને રાગદ્વેષાદિ રૂપે પરિણમન અથવા ષટગુણ હાનીવૃદ્ધિ થવાવાળા પર્યાયને અર્થપર્યાય કહે છે.

આ નવીન અર્થપર્યાય કે વ્યંજનપર્યાયને **ઉત્પાદ** કહે છે. પૂર્વ પર્યાયના નાશને **વ્યય** કહે છે. અને ગુણની અપેક્ષાએ અથવા પર્યાયની અપેક્ષાએ જે પીળાપણું કે સુવર્ણત્વને કાયમ બની રહેવાપણું છે તેને ધ્રુવ કહે છે. દરેક દ્રવ્યમાં ઉત્પત્તિ, વિનાશ,

અને ધ્રૌવ્ય, આ ત્રણેનું કાયમ રહેવાપણું છે. આત્મા આ ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય ત્રણ ગુણોસહિત છે.

આકાશ ત્રણે કાળમાં અક્ષય, અનંત અને અતુલ છે તેમ જીવ પણ ત્રણે કાળમાં અવિનાશી અને અવસ્થિત છે.

જેમ નોકર પોતાની નોકરી પુરતું કામ કરી, કામના પ્રમાણમાં, પગાર રૂપ ફળ મેળવે છે, ભોગવે છે, તેમ આ જીવ અનેક પ્રકારનાં કર્મ કરી તેનાં ફળો પણ અનેક રીતે પોતાની મહેનતના પ્રમાણમાં ભોગવે છે.

સૂર્ય જેમ દિવસે પ્રકાશ આપી પાછો અસ્ત થઈ જાય છે. અને અન્ય ક્ષેત્રોમાં પ્રકાશ આપતાં અમુક વખત સુધી આ સ્થળે પ્રકાશ કરતો દેખાતો નથી. સૂર્ય તેમ આ જીવ, આ દેહ રૂપ દિવસમાં પ્રકાશ આપી પાછો અન્યક્ષેત્રમાં-પ્રકાશ આપવા રૂપ ભવાંતરમાં-અન્ય દેહમાં જઈ પ્રકાશીત થાય છે. વળી આ સૂર્ય રૂપ જીવ અનેક દેહોમાં જઈને પ્રકાશીત થાય છે અને અસ્ત થાય છે. છતાં પણ સૂર્યનો જેમ અસ્ત થવાથી સર્વથા નાશ થતો નથી તેમ આ દેહનો ત્યાગ કરી અન્ય દેહને પ્રકાશીત કરનાર જીવનો પણ નાશ થતો નથી.

વિકાશીત પુષ્પ, કમલ, ચંદન, અગર, કસ્તુરી ઈત્યાદિનો સુરભી ગંધ ગુણ નાસીકાથી ગ્રહણ કરી શકાય છે. છતાં તે ગંધોનું રૂપ દૃષ્ટિથી દેખી શકાતું નથી. તેવીજ રીતે બુદ્ધિમાન્ જીવો જ્ઞાન ગુણથી જીવને જાણીશકે છે. ગંધ તેમ જીવ, **સુગંધ** પદાર્થોથી અને જીવ દેહથી પ્રગટ જુદા દેખાડી શકાતા નથી. છતાં બન્ને જુદા છે એમ અનુભવથી જાણી શકાય છે.

**ભંભા**, મૃદંગ, મર્દલ, પણવ, મકુંદ, શંખ ઈત્યાદિનો કેવળ શબ્દ આપણા કાનથી સાંભળી શકાય છે. છતાં તે શબ્દોનું રૂપ

આપણે જોઈ શકતા નથી. તેવીજ રીતે ગુણવડે જીવને જાણી શકાય છે પણ તેનું રૂપ પ્રત્યક્ષ દેખી શકાતું નથી.

ભૂત, પિશાચાદિથી ગ્રસાયેલો વળગાડવાળો મનુષ્ય પ્રત્યક્ષ દેખાય છે. પણ પિશાચાદિ દેખાતા નથી તેવીજ રીતે દેહમાં રહેલો જીવ હસે છે, રીસાય છે, નાચે છે. ગાય છે, આનંદ કરે છે, રૂવે છે ઈત્યાદિ સુખ દુઃખ ને આ દેહમાં રહ્યાં છતાં વિવિધ પ્રકારની ચેષ્ટા દ્વારા પ્રકાશીત કરે છે. પણ નેત્રદ્વારા પ્રગટ જોઈ શકાતો નથી.

જેમ ખાધેલો આહાર જીવને ચરબી,લોહી,માંસ,હાડકાં,મજ્જા, મેદ અને વીર્ય રૂપ સાત ધાતુ પણે પરિણમે છે. તેમ જીવે ગ્રહણ કરેલું કર્મ જુદાજુદા જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારે પરિણમે છે.

જેમ સોનાને અને પથ્થરને અનાદિકાળનો સંયોગ બનેલો છે પણ ખીણમાં સોનું અને પથ્થર કયારે સાથે જોડાયા તે કહી શકાતું નથી. મતલબ તેમનો સંયોગ આદિ વિનાનો છે તેમ જીવનો અને કર્મનો સંયોગ પણ અનાદિ છે. સોનાનો અને પથ્થરનો સંયોગ અનાદિ છતાં ઉપાય વડે બન્નેને જુદા પાડી શકાય છે, તેવીજ રીતે અનાદિ સંયોગવાળા કર્મ અને જીવને જ્ઞાન ધ્યાનાદિ ઉપાય દ્વારા જુદા કરી શકાય છે.

## પહેલું કર્મ કે પહેલો જીવ ?

“ પહેલું કર્મ કે પહેલો જીવ ? બે માંથી એક પહેલું હોવું જોઇએ. ” આમ પૂછનારાઓએ પ્રથમ આટલો ઉત્તર આપવો જોઈએ કે, પહેલી કુકડી કે પહેલું ઈંડું ? બોલો આનો શું ઉત્તર આપશો ?

જેમ ઇંડામાંથી કુકડી ઉત્પન થાય છે અને કુકડીમાંથી ઈંડું

પ્રગટ થાય છે પણ આ બન્નેમાં પહેલું આ કે પેલું તે એમ પૂર્વ-અપર ભાવ કહી શકાતો નથી તેમ કર્મ અને જીવના સંબંધમાં પણ પહેલું કર્મ કે પહેલો જીવ એમ કહી શકાતું નથી. બન્ને અનાદિ છે. છતાં સોના અને પથ્થરના ઉપર કહેલ દૃષ્ટાંતથી ઉપાય દ્વારા બન્ને જુદાં થઈ શકે છે.

જ્યાં સુધી આત્મનેત્રો (અંતર્ચક્ષુ) જ્ઞાન દ્વારા પ્રગટ થતાં નથી ત્યાં સુધી આ ચર્મચક્ષુવાળા જીવોએ આત્માને અનુમાન-કે હેતુદ્વારા પ્રતીત કરવો જોઈએ. વીતરાગ દેવો તે આત્માને પ્રત્યક્ષ જ્ઞાનદ્વારા જાણી અનુભવી શકે છે. હે, ગુણવાન જીવો! અનાદિ અક્ષય સ્વરૂપ આત્મતત્વનો તમે પુરુષાર્થ દ્વારા પ્રત્યક્ષ અનુભવ કરો.

——*——

# જડ ચૈતન્યનો વિવેક.

## દેહમાં આત્મા કેવી રીતે રહેલ છે?

જે વસ્તુ પ્રત્યક્ષ રીતે જુદી બતાવી શકાતી નથી તે વસ્તુ દૃષ્ટાંતની કલ્પનાવડે કેટલીકવાર સામાના હૃદયમાં ઘણી સારી રીતે ઠસાવી શકાય છે. અપ્રત્યક્ષ પણ અનુભવમાં આવતી વસ્તુ અન્યને સમજાવવા માટે ઘણીવાર શાસ્ત્રકારોએ તથા જ્ઞાનીઓએ વિવિધ પ્રકારનાં અનુમાનો, દૃષ્ટાંતો અને કલ્પનાનોઓ વડે બાળ જીવોને સમજાવી છે. તેમ આત્માને દેહથી પૃથક્ સમજાવવા ખાતર અહીં પણ એક કલ્પના કરવી પડે છે. તેને સમજવા ખાતર ઉપયોગ કરવાથી તે વસ્તુ સારી રીતે સમજાશે. કલ્પનાને સિદ્ધાંત તરીકે માનવાની ભૂલ ન થાય પણ કાર્યરૂપ વસ્તુનો બોધ થાય એ તરફ વાંચનારાઓને ખાસ લક્ષ આપવા વિનંતિ છે.

# કાચના કિલ્લાની કલ્પના.

એક જાડા, આંધળા કાચના કિલ્લાની કલ્પના કરો. તે ઉપરથી ઢંકાયેલો છે. શ્યામ, શ્વેત, લાલ, કે પીળાવર્ણનો તે છે. તેની અંદર એક બીજો બારિક પાતળો પણ લાલવર્ણવાળા સ્વચ્છ કાચનો કિલ્લો છે. તેની અંદર એક ત્રીજો સ્વચ્છ કાચનો કિલ્લો છે. આ કિલ્લો વિવિધ પ્રકારના પુદ્ગલોથી મલીન થયેલો છે. તેની અંદર એક સુંદર સ્વચ્છ જ્યોતિ પ્રકાશી રહેલી છે. આ જ્યોતિનો પ્રકાશ ત્રણે કિલ્લાઓને તે કિલ્લાની સ્વચ્છતા જાડાઇ અને વર્ણના પ્રમાણમાં ભેદીને બહાર આવે છે. તે જ્યોતિ પોતાના પ્રકાશવાળા કિરણો વડે પોતાનો પ્રકાશ તે કિલ્લાઓની બહાર કાઢવા, બહારનાં પદાર્થોને પ્રકાશીત કરવા, અથવા તેનું નિરક્ષણ કરવા માટે પ્રયત્ન કરે છે. તથાપિ તે કિલ્લાની મલીનતાના વ્યવધાનને લઇને કે તેની અપારદર્શકતાને લઈને તે પદાર્થો જોઇ શકતા નથી. પોતે બહાર આવી શકતી નથી, જોઇ શકતી નથી, છતાં તે કિલ્લામાં અમુક સ્થળે છિદ્રો પડેલા છે. આ છિદ્રો વસ્ત્રમાં રહેલાં સુક્ષ્મ છિદ્રોથી પણ વધારે બારિક છે કોઈ સ્થળે પારદર્શક કાચમાં રહેલાં છિદ્રો જેવાં છિદ્રો છે. કાચમાં છિદ્રો દેખાતાં નથી પણ પ્રકાશ તેને ભેદીને બહાર આવે છે એથી નિશ્ચય કરાય છે કે પ્રકાશ જઇ શકે તેવાં છિદ્રો કાચમાં રહેલાં છે. તે કિલ્લામાં કોઈ સ્થળે નાના ગોખલા જેવાં પણ પારદર્શક જાળીવાળાં છિદ્રો રહેલાં છે. તે દ્વારા જ્યોતિનો પ્રકાશ બહારના પદાર્થોને જોઇ શકે છે અને તેનો અનુભવ મેળવે છે.

આ જ્યોતિ તે આત્મા. પહેલો કિલ્લો તે આપણું આ ઔદારિક સ્થૂલ શરીર. બીજો કિલ્લો તે તૈજસ શરીર. ત્રીજો કિલ્લો તે કર્મના સંસ્કારવાળું કાર્મણ શરીર આ ત્રણ કિલ્લાની અંદર આત્મજ્યોતિ રહેલી છે. આ કિલ્લાઓ (શરીરો) ને ભેદીને આત્મજ્યોતિનો પ્રકાશ બહાર આવે છે. તેમાં પડેલા છિદ્રો તે કર્મના

ક્ષય કે ક્ષયોપશમની નિર્મળતા છે. આંખનાં છિદ્રો મોટા ગોખ જેવાં ગણાય છે. કારણ તે સ્થળે કર્મનો ક્ષયોપશમ વધારે હોવાથી વધારે પ્રકાશ શકિત બહાર આવે છે. કાન, નાક, જીહ્વા એ છિદ્રો તેનાથી નાનાં છે અને બાકીનાં બારિક છિદ્રો તે સ્પર્શન ઇંદ્રિય કે જે દ્વારા સ્પર્શ થતાં શરીરનાં બધા ભાગમાંથી બહારના હળવા, ભારે, શીત, ઉષ્ણુ આદિ પ્રદાર્થોનું જ્ઞાન થાય છે.

આ ત્રીજા કાર્મણુ શરીર નામના કિલ્લાને તદ્દન નિર્મળ અને પવિત્ર બનાવવો જોઈએ તેમાં રહેલાં મલીન સંસ્કારો, વિવિધ વાસનાઓ, જેમ જેમ ઓછી થાય તેમ તેમ તે નિર્મળ થાય છે. અને તેની નિર્મળતાથી આત્મજ્યોતિ વધારે પ્રમાણુમાં બહાર આવે છે. પ્રકાશે છે. અનુભવે છે.

આ આત્મજ્યોતિનો પ્રકાશ ત્રીજા ઔદારિક સ્થૂલ શરીર સુધીમાં પ્રકાશીત થાય છે. તે જાગ્રત દશા છે. તેમાં રહીને જીવ અનેક પ્રકારના વ્યવહારિ અનુભવો કરે છે. નવીન બંધનો પણ-જયોતિને આવરણુ રૂપ સંસ્કારો પણુ આ સ્થિતિમાં તે વધારે મેળવે છે. તેમ તેને અટકાવવાના વ્યવહારૂ ઉપાયો પણુ આ સ્થિતિમાં કરી શકાય છે.

આ શરીરમાં પ્રકાશ કરવાથી પાછો હઠીને તે જયોતિ તૈજસ શરીર સુધીજ પ્રકાશ આપે છે, ત્યારે મનને સ્વપ્ન દશા થાય છે. જેમાં માનસીક સંસ્કારો અનેક પ્રકારના નાના મોટા આકારમાં રૂપો ધારણુ કરી આત્માની સમક્ષ ખડા થાય છે, અને પ્રબળ વાસનાઓ કે જે સ્થૂળ શરીરમાં અનુભવ કરવાનું કેટલાંક કારણોથી અશક્ય જેવું થયું હોય છે; તેનો અનુભવ કરાવે છે.

આ શરીરમાંથી પણુ તે આત્મ જ્યોતિ ગાઢ આવરણુના કારણે ( દર્શના વરણીય કર્મના ઉદયથી ) પાછી હઠીને જયારે કેવળ કાર્મણુ શરીરમાં રહે છે, ત્યારે મનને પણુ ગાઢનિદ્રા આવે

છે. તે દશામાં મન પણ મૂર્છિત થયેલું હોવાથી કોઈ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ કરતું નથી. પણ કેવળ અજ્ઞાન દશાનો-આત્મા વિનાનો અંધકાર ફેલાઈ રહેલો હોય છે. તે દશામાં બહારના સઘળા વ્યાપારો કે આખું વિશ્વ તેને માટે તો હૈયાતિ વિનાનું હોય તેવું થઈ રહે છે. મતલબ કે આ વિશ્વનું કાંઈ પણ ભાન તે સ્થિતિમાં થતું નથી.

અથવા એક નળી તે જ્યોતિની સાથે જોડવામાં આવી છે. આ નળી કાર્મણ, તૈજસ કિલ્લાઓને ( શરીરોને ) ભેદીને ઔદારિક સ્થૂલ શરીરમાં આવે છે. તે નળી દ્વારા આત્મ જ્યોતિનો પ્રકાશ ત્રણે શરીરને પ્રકાશીત કરે છે. સ્થૂલ શરીરમાં પાંચે ઇંદ્રિયોની સાથે તે નળીનો જ્યારે સંબંધ થાય છે ત્યારેજ તે પ્રકાશીત હોય છે અર્થાત તે દ્વારા કરાતો વસ્તુનો જુદી જુદી રીતે બોધ યા નિર્ણય તે, નળીનો તે ઇંદ્રિયો સાથે સંબંધ થયો હોય તોજ થઈ શકે છે. જેમ પાણીનો નળ ખુલ્લો ન હોય તો પાણી બહાર આવતું નથી અથવા મૂળ પાણીના દ્વાર સાથે સંબંધિત ન હોય ત્યારે તેમાંથી પ્રકાશ બહાર આવતો નથી.

આ નળી તે મન છે. તે મન આત્મજ્યોતિ સાથે ઘણોજ નજીકનો સંબંધ ધરાવે છે. તે મન દ્વારાજ આત્મજ્યોતિનો પ્રકાશ આ શરીરોને પ્રબોધિત કરે છે,જાગ્રત રાખે છે. મન ઇંદ્રિયો સાથે જોડાયેલું નથી હોતું ત્યારે સાંભળવા, જોવા વિગેરે ઇંદ્રિયોનાં કાર્ય થતાં નથી,

આ મનનો ઇંદ્રિયો સાથેનો સંબંધ જ્યારે બંધ થાય છે ત્યારે નિદ્રા આવે છે, આ વખતે સ્થૂલ શરીર સાથેનો મનનો સંબંધ તુટે છે તેથી ઇંદ્રિયો સંબંધી કાંઈ બોધ તે વખતે થતો નથી, છતાં તેજસ્ શરીર સાથે હજી મનનો સંબંધ રહેલો છે

તેથી સ્વપ્નાઓ આવે છે. આ સંબંધ પણ તુટતાં તે મનનો કાર્મણુ શરીર સાથે સંબંધ રહે છે એટલે ગાઢ નિદ્રા આવે છે. આ કાર્મણુ શરીરમાં લીન થયેલું-અજ્ઞાનમાં લીન થયેલું મન હવે કાંઇ પણુસંકલ્પ-વિકલ્પની ચપળતા કરી શકતું નથી. આ પ્રસંગે મન આડો તો મહાન્ પડદો છે. કેવળ જ્યોતિ પ્રકાશી રહે છે. પણુ તે કાર્મણુના મલીન બંધનમાં ઝકડાયેલ હોવાથી હતી તેના કરતાં પણુ વળી વધારે અંધકાર અજ્ઞાનમાં રહેલી છે. આ વખતે બહારના સમાચાર લાવનાર મનને સંબંધ તુટી ગયો હોવાથી અથવા બંધ થયેલ હોવાથી મુંગી શાંતિજ હોય છે. પાછો તે મનનો જ્યોતિ સાથે સંબંધ જોડતાં જાગ્રત થયો એમ કહેવાય છે. સ્થૂલ શરીર સાથેનો સંબંધ જોડાઇ જતાં ઇંદ્રિયોમાં ચૈતન્ય આવે છે. અને મનનો તેઓ સાથે સંબંધ થતાં પોતાના વ્યાપારોમાં ઇંદ્રિયો લાગી જાય છે. ઉજડ કે શૂન્ય થયેલું આ દેહજગત્ પાછું સ્વસ્થ થઇ ચાલુ થઈ જાય છે.

આ દૃષ્ટાંતે વિચાર કરતાં દેહ ઇંદ્રિયો, મન એ સર્વનાં લક્ષણોથી આત્મજ્યોતિનું લક્ષણુ કોઇ વિલક્ષણુ યાને તદ્દન જુદું છે. અને તેઓ વચ્ચેનું આંતરૂ સહેલાઇથી સમજી શકાય છે. આવું ભેદ જ્ઞાન અને આત્મ જ્યોતિ તે હું એવું અભેદ જ્ઞાન જ્યારે થાય છે ત્યારે સમ્યગદર્શન થયું કહેવાય છે.

કાર્મણુ તથા તૈજસ શરીરને સાથે લઇને તે જ્યોતિ આ ઔદારિક શરીરનો ત્યાગ કરી અન્ય ઔદારિક શરીરમાં ચાલી જાય છે. તેને મનુષ્યો મરણુદશા કહે છે કાર્મણુ અને તૈજસ તથા ઔદારિક શરીરને આંહીજ પડતા રહેવા દઇને તે જ્યોતિ તેનાથી તદ્દન અલગ ખસી જાય છે તે નિર્વાણુ યા મોક્ષદશા છે.

પૂર્વે કહેલી વ્યવહારની જાગ્રત દશા તે આત્મભાન ભૂલાયેલી છે. આ સ્થળે આ ત્રણે શરીરમાં રહેલ જ્યોતિજ

પ્રકાશ કરે છે. આ તેનોજ પ્રકાશ અથવા બોધ-જ્ઞાન છે. ગમે તેવી સ્થિતિમાં પણ તે જ્યોતિજ દૃષ્ટા અને જ્ઞાતા છે. આ જ્યોતિની મદદ કે નિમિત્તથીજ શરીરાદિ દ્વારા કાર્ય કરાય છે.

જ્યોતિ પોતાના સ્વભાવમાં સ્વરૂપસ્થ રહે તેજ તેનો આનંદ અને તેજ તેનું કર્તા ભોક્તાપણું છે.

વ્યવહાર આ સ્થૂલ શરીરદ્વારા થાય છે આત્મ ભાન ભૂલાયેલ આ દેહનો અભિમાની આત્મા તે આ વ્યવહારનો કર્ત્તા અને ભોક્તા છે.

આ મૂળ જ્યોતિ તરફ લક્ષ ખેંચાય, જ્ઞાતા અને દૃષ્ટા આ જ્યોતિજ મનાય, અનુભવાય-સમજાય, ત્યારે તેને સમ્યગ્ જ્ઞાન તથા સમ્યગ્ દર્શન થયું કહેવાય. આ જ્ઞાતા, દૃષ્ટા તેજ છે. અન્યમાં તે સામર્થ્ય નથીજ આવો દૃઢ નિશ્ચય થાય તેજ સમ્યક્ શ્રદ્ધાન છે. તે નિશ્ચય કર્યા પછી તે જ્યોતિ તેજ હું છું. એમ વારંવાર અનુભવવું. તેમાં વ્યવહારના પ્રસંગે ભાન ભૂલાઈ જાય, પાછી જાગ્રતિ આવે એમ વારંવાર મંદ મંદ જાગ્રતિ રહે તે ક્ષયોપશમિક સમ્યક્ત્વ છે. અંતર મુહૂર્ત્ત ( બેઘડી લગભગ ) દેહાભિમાન છુટી જઇ તે જ્યોતિમાં મન લીન થાય, આત્માકારે મન પરિણમી રહે તે ઉપશમ સમ્યકત્વ છે. તે આત્મ જ્યોતિનો બોધ કાયમ બન્યો રહે કે ગમે તેવા વ્યવહારપ્રપંચની જાળમાં કે વિષમ પ્રસંગોમાં પણ હું તે શુદ્ધ આત્મજ્યોતિજ છું, અને આત્મ દેહભાવ-દેહાધ્યાસા દેહમાં આત્મભાન ભૂલી આત્મામાંજ અખંડ આત્મભાન રહે તો તે ક્ષાયિક સમ્યકત્વ છે

જેમ જાણ્યું છે. તેમ વર્તન થાય તે ચારિત્ર છે. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જાણ્યા પછી ચારિત્રમાં આવતાં વખત લાગે છે. જાણવું સત્ય સમજવું તે દર્શન મોહનીયના ઉપશમ,

ક્ષયોપશમ, કે ક્ષય ઉપર આધાર રાખે છે અને અનુભવવું વર્તનમાં લાવવું તેનો ચારિત્ર મોહનીયના ક્ષય ઉપર આધાર છે.

આ આત્મ જ્યોતિને ભૂલી જઇ, જે દેહોવાળા કિલ્લાઓ, જેમાં આત્મજ્યોતિ પ્રકાશી રહી છે તે દેહાદિની જ્યોતિરૂપ માની તેમાં અશકત થવું તે મિથ્યાત્વ છે, આ ભૂલ આત્મ ભ્રાંતિ અનેક ભૂલો ઉત્પન્ન કરાવે છે.

દેહનું ભાન ભૂલી જઇ, આત્મઉપયોગે નિરંતર ઉપયુકત રહેતાં આ દેહમાં રહેવા છતાં તે જ્યોતિની પૂર્ણ સત્તા શકિત ખીલી નીકળે, તેના ઉપરના કાર્મણ શરીરવાળા જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય (શકિત) ને રોકવાવાળા પડદાઓ પીગળી જઈ વિખરાઇ જાય તે કેવળજ્ઞાન છે.

તે અખંડ જ્યોતિસ્વરૂપ પરમાત્મા શુદ્ધઆત્મા આ દેહ નિવાસને મૂકીદઇ, બાકી રહેલ ચાર કર્મના બારિક પડદાઓને બાળીનાખી, આ દેહથી તદ્દન અલગ થઇ રહે, પ્રકાશ સ્વરૂપ બની રહે તે મોક્ષ છે.

આ જ્યોતિનો પ્રકાશ જ્યારે આત્મભાન ભૂલાયેલું હોય ત્યારે પણ પોતે તો જે સ્વરૂપે છે તેજ સ્વરૂપે પ્રકાશી રહેલ છે. તે હું છું. એવું જીવને ભાન ન પણ હોય ત્યારે પણ તે દેહદેવળની અંદર પ્રકાશીતજ છે. તે જ્યોતિ કોઇપણ વખત બુઝાતીજ નથી. છતાં માલીકને પોતાના ઘરમાં રહેલા ખજાનાનું ભાન ન હોય ત્યારે પૈસા ઘરમાં હોવા છતાં પૈસાથી મળતા ઉપભોગના સાધનોના અભાવે આનંદ મળી શકતો નથી તેમ સત્તામાં જ્યોતિ પ્રકાશીત હોવા છતાં અજ્ઞાનતાને લીધે તેના આનંદનો અનુભવ મળતો નથી આ અજ્ઞાનદશા કહેવાય છે. અને તેનું જ્ઞાન-જાણપણું થવું તેજ જ્ઞાન દશા છે. અજ્ઞાન દશાથી જ્ઞાન દશામાં આવતાં આટલો વખત લાગે છે, પણ આ જ્ઞાન-

સ્પર્શજ્ઞાન અંતરને ભેદીને થવું જોઇએ. મતલબ કે મનને તેની ચોકસ ખાત્રી થવી જોઇએ પછી તે જ્ઞાનમાંથી પડવાનો કે આવેલ જ્ઞાન જવાનો પ્રસંગ કદાચ ભાગ્યેજ બનવા પામે છે.

તે જ્યોતિ જ્યારે ઘણાજ ગાઢ આવરણવાળા સ્થળમાં અજ્ઞાનતાથી પુરાય છે ત્યારે તેને એક ઇંદ્રિય કહે છે. કારણ કે તે કિલ્લા રૂપ શરીર ઘણુંજ ગાઢ, મલીન, ઘટ્ટ છિદ્રોવાળું અને કર્મના ક્ષયોપશમ રૂપ ઉજવળતા વિનાનું હોય છે તેથી તે જ્યોતિનો પ્રકાશ સારી રીતે બહાર પ્રકાશીત થઇ શકતો નથી.

તેથી સહેજ ઓછા ગાઢ આવરણવાળા તથા એક વધારે છિદ્રવાળા શરીર રૂપ કિલ્લામાં જીવ આવે છે ત્યારે તેને બે ઇંદ્રિય કહે છે. આમ કર્મના ક્ષયોપશમના પ્રમાણમાં વિશુદ્ધતા વધતા એક એક ઇંદ્રિય, એક એક છિદ્રદ્વારા વધતા પ્રકાશવાળા શરીરમાં આ જ્યોતિ આવતાં તેને ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય, અને પાંચ ઇંદ્રિયવાળા જીવો કહેવામાં આવે છે. મતલબ કે બહારના જ્ઞાનમાં વધારો કરનાર ઇંદ્રિયોની પ્રાપ્તિથી તે તે ઇંદ્રિયોની જાતિથી તે ઓળખાય છે.

આત્મા પ્રકાશ સ્વરૂપ છે એમ જાણવા છતાં તેનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી તેનું કારણ એ છે કે આ જાણવા રૂપ જ્ઞાન તે પરોક્ષ જ્ઞાન છે. સ્ફટિક લાલપુષ્પાદિની ઉપાધિથી લાલ દેખાય છે. ખરી રીતે તે લાલ નથી, એ જ્ઞાન જેમ મનુષ્યને શરૂઆતમાં થાય છે તેમ અત્યારે આત્મજ્ઞાન પ્રથમ શરૂઆતમાં તેવુંજ થાય છે પણ જેમ સ્ફાટિક પાસેથી પુષ્પાદિ લાલ ઉપાધિ લઇ લેતાં અથવા દૂર થતાં તે સ્ફાટિકનું ખરૂં નિર્મળ સ્વરૂપ પ્રગટ થાય છે તેમ આ કર્મની ઉપાધિ જવા પછીથીજ સર્વથા જ્યોતિ સ્વરૂપ આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. તે સિવાય આત્મા શુદ્ધ છે એવું પરોક્ષ જ્ઞાનજ થાય છે.

જેવી રીતે આ પોતાના દેહમાં આત્મજ્યોતિ રહેલી છે તેવીજ રીતે આ પ્રત્યક્ષ જણાતાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વિકલેંદ્રિય અને પાંચ ઇંદ્રિયવાળા સર્વ દેહોની અંદર પણ તેવીજ જ્યોતિ પ્રકાશી રહેલી છે તે જ્ઞાન પણ પોતાના દેહની જ્યોતિનું જ્ઞાન કરવાની સાથે કરવાનું છે. અને તે સર્વમાં તે જ્ઞાન થવાથીજ ખરૂં સમ્યગ્જ્ઞાન-દર્શન થાય છે. જો બીજા સર્વમાં તે જ્ઞાનનો નિશ્ચય કરવામાં નથી આવતો-અથવા તે સર્વમાં આત્મજ્યોતિ છે એવી લાગણી જાગૃત રાખવામાં નથી આવતી તો તેઓ તરફ આત્મભાવવાળું વર્તન રાખી શકાતું નથી તેમ તે પોતાના એક દેશ-એક ભાગનું જ્ઞાન થવાથી જગત્‌ના સર્વ જીવોનું જ્ઞાન થતું નથી. તેમ દરેક પ્રસંગે તેમના સહવાસમાં કે સ્મરણ પથમાં આવતાં તેમાં જો આત્મ જ્યોતિની ભાવના કરવામાં નથી આવતી તો રાગદ્વેષની પરિણતિ મંદ પડતી નથી. કેમકે આત્મજ્યોતિની લાગણી કે જાગૃતિ વિના આપણે સામાને દેહ ભાવેજ જોવાના. અને જેમ જેમ દેહભાવના ઉપયોગમાં વધારે રહેવામાં આવે છે તેમ તેમ દેહાધ્યાસ દઢ થાય છે. વળી એમ પણ બનવા યોગ્ય છે કે જેમ બીજાનું મુખ ઘણીવાર જોવામાં આવે છે અને પોતાનું મુખ તો કોઈકવાર જોવામાં આવે છે તેમ જેઓ બહારના દેહોમાં રહેલ આત્માને જોઈ શકતો નથી તે પોતાના આત્માને કેવી રીતે જાણી શકશે ? અર્થાત સામો આરિસો છતાં જે તેમાં પોતાનું મુખ જોઇ શકતો નથી તે અંતરના આરિસામાં જોઈ નહિં શકે. કહેવાનો મતલબ એ છે કે જ્યાં બાહ્ય કોઈ પણ દેહ ઉપર દૃષ્ટિ પડી કે તે ઉપર દૃષ્ઠિ ન ચોટાડતાં કે તે સંબંધી વિચાર ન કરતાં તે શરીરને ભેદીને તેની અંદર રહેલ જ્યોતિ ઉપર દૃષ્ઠિ આપવી કે આ દેહ નથી પણ જ્યોતિ રૂપે છે અને તેમાં જેટલું રટણ દઢ થશે તેટલુંજ પોતાના આત્માનું રટણ દઢ થશે. કારણ કે જેટલો

વખત તે અન્ય શરીરોમાં આત્મદર્શન કરે છે તેટલો વખત તે આત્મઉપયોગે રહેલ છે. તેનું મન આત્માકારે પરિણમેલ છે એટલે તે તેવે પ્રસંગે પણ આત્મભાન ભૂલેલ નથી. ત્યાર પછી તેને ફક્ત એટલુંજ કરવાનું બાકી રહે છે કે તે ઉપયોગને તે જ્યોતિ પરથી ખસેડી પોતાની જ્યોતિપર સ્થિર કરવાનો છે. આ પ્રમાણે સર્વમાં અને પોતામાં આત્મદૃષ્ટિનો અભ્યાસ કરતાં આત્મસ્વરૂપ થઇ રહેવાશે.

આ કાર્મણશરીરની મલીનતા હઠાવવા નિમિત્તે શરૂઆતમાં વિવિધ પ્રકારનાં શુભ કર્મો કરવાની જરૂર છે, પણ ઉદ્દેશ સર્વ કર્માવરણોનો નાશ કરવા સિવાય બીજો કોઇ હોવો જોઇએ નહિ. જેઓ દુનિયામાં સુખની ઇચ્છાથી શુભ કર્મો કરે છે તેને પુણ્યબંધ તો થાય છે. પણ તેનાથી આછો ધોળો પડદો મૂલ જ્યોતિની આડો મજબુત થાય છે. મતલબ કે તેનાથી જ્યોતિ દબાય છે પણ ખુલ્લી થતી નથી. જેમ પાપનો પડદો કાળો છે, તેમ પુન્યનો પડદો ધોળો છે. બન્ને આવરણ કરનાર છે. વળી પુણ્યથી મળતા સંસારના સુખમાં દુઃખનાં બીજો રહેલાં છે. અને સુખ પાછળ દુઃખ, દુઃખ પાછળ સુખ આવી ઘટમાળા ચાલ્યાજ કરે છે. માટે પોતાનો ઉદ્દેશ કર્મક્ષય કરવાનો રાખી તે નિમિત્તે શરૂઆતમાં શુભ કર્મો કરવાં, તેથી કર્મની મલીનતા ઓછી થશે. ત્યાર પછી શુદ્ધ ઉપયોગ રૂપ આત્મ દૃષ્ટિથી સર્વ કર્મમળનો નાશ થતા શુદ્ધ, પવિત્ર, નિર્મળ, અખંડ જ્યોતિ સદાને માટે ખુલ્લી થશે.

---

## શુદ્ધ હું અને અશુદ્ધ હું.

નિરંજન, નિરાકાર, નિર્વિકાર, નિર્વિકલ્પ, નિર્ભય, સત્, ચિદ્, આનંદ એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે.

પોતાનું ભાન ભુલીને પોતેજ વિસ્તારેલી પોતાની મનોમય જાળમાં આ જીવ ફસાય છે. પોતાનું ભાન પોતાને હોય તો તેવી જાળમાં થોડો વખત રમણુ કરી પાછો પોતાના સ્વરૂપની વિશ્રાંતિ લઈ શકે છે. ભાન ભુલી કર્તા, ભોકતા થવા જતાં પોતાનાજ વિચારોની કે પોતેજ ઉભી કરેલી ત્રિપુટીની જાળમાં સપડાઈને અસહ્ય શારીરિક કે માનસીક દુઃખ અનુભવે છે.

જગત એટલે રચના. જગત્ બે પ્રકારનાં છે. આ દૃશ્ય થતું સ્થૂલ, બાહ્ય જગત્ અને બીજું માનસીક કલ્પનાઓથી ઉત્પન્ન થયેલું, સૂક્ષ્મ, આકારવાળું મનોમય જગત્.

આ બાહ્ય દેખાતા જગત્ના જેવુંજ દરેક જીવ પોતાના મનોવિકાશ અને વિસ્તાર પામેલી ભાવનાના પ્રમાણુમાં થોડે કે ઘણે અંશે અથવા પૂર્ણપણે મનોમય જગત્ બનાવી શકે છે. આ મનોમય જગત્ની ઉત્પત્તિ, અને તેમાં ઉત્પન્ન થયેલા જીવો, અને વિવિધ આકૃતિવાળાં પુદ્ગલો તેની ઉત્પત્તિનું સ્થાન આ આત્મા સિવાય બીજું કોઈ કલ્પી શકાતું નથી. આત્મપ્રકાશથી મનદ્વારા આ સર્વ મનોમય કાલ્પનીક જગત્ ઉત્પન્ન થાય છે અને પાછું તેમાંજ વિલય પામે છે.

જાગૃતિવિનાનો અજ્ઞાની મનોમય જગત્નો કર્તા અભિમાની બની આ મનોમય જગત્ના વિવિધ વિકારોને જોઈ ઈષ્ટાનિષ્ટમાં રાગદ્વેષ કે હર્ષ શોક કરી, મારૂં તારૂં માની, પોતાનીજ બનાવટને હિત-અહિત, શત્રુ, મિત્ર સમજી પોતાનીજ બાજીમાં રાગદ્વેષ અભિમાન કરી નવીન અજ્ઞાનતાને વધારનાર કર્મ બંધ પામે છે. જેમ આ મનોમય જગત છે તેમ બંધ પણુ મનોમય છે. જો પોતાનું ખરૂં ભાન પોતાને થાય તો આ મનોમય જગત અને તેમાં કરાયેલા રાગદ્વેષથી ઉત્પન્ન થયેલો કર્મબંધ નાશ પામે. તે બંધનમાંથી મુક્ત થાય-મુક્તિ પામે.

જો પોતાને પોતાની જાગૃતિ હોય તો આ બાહ્ય જગત જે આ નેત્રોદ્વારા જોઈ શકાય છે. તે જરાપણ દુઃખરૂપ કે કર્મબંધનના કારણભૂત થઈ શકતું નથી. જો આ જગત્ કર્મબંધનું કારણ હોય તો જ્ઞાની પુરૂષોને પણ તેમ થવું જોઇએ. અને શાસ્ત્રોદ્વારા આપણને સમજાય છે કે તેઓ હજારો વર્ષ પર્યંત નિર્લેપપણે આ જગત્‌માં વિચરતા હતા. આ ઉપરથી નિશ્ચય થાય છે કે, પોતાનું ભાન ભૂલીને આ મન દ્વારા પ્રવૃત્તિ કરનાર પોતાની અજ્ઞાનતાને લઇનેજ પોતાની મનોકલ્પનાથી રાગદ્વેષ કરી મનોમય જગત્ ઉત્પન્ન કરી (અનેક વિચારોની આકૃતિઓ ઉભી કરી) તેમાંથી કર્મબંધ ઉત્પન્ન કરે છે.

ખરો જ્ઞાતા તો સત્ય આત્માજ છે, અને વ્યવહારિક જ્ઞાતા, કર્તા, ભોક્તા તે અંતઃકરણમાં પ્રકાશતો--બુદ્ધિરૂપ આત્મા છે. આ આત્માની પરાધીન સ્થિતિ છે એટલીજ અશુદ્ધતા છે. આંહી પર ઉપર આધાર છે. બુદ્ધિ તથા મનના ચસ્માદ્વારા તે પ્રકાશીત થાય છે. તેજ આડો મળ છે. બુદ્ધિ–મન જેટલાં મલીન અશુદ્ધ, વિપરીત–તેટલુંજ તેમાંથી પ્રસાર થતું જ્ઞાન મલીન, અશુદ્ધ અને વિપરીત હોય છે.

બાહ્ય અનેક કર્ત્તા, ભોક્તાઓ છે. અનેક દૃશ્ય વસ્તુઓ છે. છતાં આ મન તેમાં પરિણામ ન પામે તો તે સર્વ વસ્તુઓ કાંઇ પણ સુખ દુઃખ દેવાને સમર્થ નથી. જ્યારે આપણે ગાઢ નિદ્રામાં પડયા હોઇએ છીએ તે વખતે આ દુનિયામાં અનંત વસ્તુઓ રહેલી છે છતાં આપણું મન તેમાં તેટલા વખતને સાટે પરિણામ પામતું નથી તો તે વખતે આ જગત્‌ની વિદ્યમાનતાની આપણા મન ઉપર જરા પણ અસર થતી નથી. વિશેષ એટલો છે કે આ નિદ્રાની સ્થીતિમાં આપણું મન અજ્ઞાનમાં લય પામ્યું છે. તેજ મન જો જાગૃત દશામાં આત્મજ્ઞાનમાં લય પામે તો આ દુનિયાની કોઇ પણ વસ્તુની વિવિધતાની અસર (રાગદ્વેષ રૂપ પરિણુતિ અને તેથી ઉત્પન્ન થતો હર્ષ, શોક વિગેરે) આપણા ઉપર થશેજ નહિ.

આ ઉપરથી નિશ્ચય થાય છે કે દુનિયાની સર્વ વસ્તુની ભલે કાયમ હયાતિ હો, પણ જો આ મન તેમાં પરિણામે છે (ખરી રીતે તે વસ્તુઓ તો જ્યાં જેવા રૂપ છે ત્યાં તેવાજ રૂપે રહે છે. પણ મન તેના આકારો પોતામાં ઉત્પન્ન કરે છે. તેના જેવા આકારો ઉત્પન્ન કરે છે. અને મન પોતે તેવા આકારે પરિણમી તેવી આકૃતિઓ મનમાં ઉત્પન્ન કરે છે અને આત્મા આકૃતિઓમાં ભાન ભૂલી પરિણામે છે. આ આકૃતિઓ પોતાથીજ ઉત્પન્ન થયેલી છે પોતે તે રૂપે છે, છતાં તે ભાન તેને ન હોવાથી તેમાં રાગદ્વેષ ઉત્પન્ન કરે છે. કર્તા, કર્મ, ક્રિયારૂપ થાય છે. ભોક્તા, ભોગ્ય અને ભોગના વ્યાપારરૂપ થાય છે. દ્રષ્ટા દ્રશ્ય અને દ્રશ્યના વેપારરૂપ થાય છે. ધ્યાતા,ધ્યાન અને ધ્યેય રૂપ થાય છે)તોજ રાગ, દ્વેષ અભિમાન, ઈચ્છા, આશા, હર્ષ ખેદ શોક વિગેરે ઉત્પન્ન થાય છે. જો આ મન તેમાં-અગર તે રૂપ-પરિણામ ન પામે તો, અને આત્મા પોતાના નિરાકાર સ્વરૂપમાં જાગૃત હોય તો ગમે તેવી મોહક કે વિવાદ ઉત્પન્ન કરનાર વસ્તુ હોય તેની જરાપણ અસર મન ઉપર થશે નહિ. મતલબ કે **દુનિયા દુઃખ રૂપ નથી પણ ભુલાયેલું ભાન દુઃખરૂપ છે.**

આવી મનની પ્રબળ ઘુંચવાડાવાળી, સ્થિતિ થઈ મુંઝવણવાળી હોય, અનેક તર્કવિતર્કો કરી મન થાકી ગયું હોય, પોતાના વિચારોએજ પોતાને નાસીપાસ કરી મહા ભયમાં લાવી મૂકયો હોય, એ વખતે જરાક ઉંચી દૃષ્ટિ કરી ખરા સત્યના સ્વરૂપ આત્મા સામી નજર કરો. કેમકે હું કોણ? આ સર્વ દૃષ્ટા દૃશ્ય, ભોક્તા ભોગ્ય, કર્ત્તા, કર્મ ધ્યાતા ધ્યેય ઇત્યાદિને જાણનાર કોણ? આ સર્વ કોનાવડે પ્રકાશિત થાય છે? આ સર્વ દશ્ય છે. મનનો વિષય છે, તો તે મનને જાણનાર કોણ છે? આ સર્વને હું જાણી શકું છું. જે પદાર્થો છે, જે મન છે, જે વિચારો છે તે બધાનું ભાન મને થાય છે તો આ સર્વ મારા દ્રષ્ટાથી દશ્ય છે. મારા જ્ઞાતાથી જ્ઞાત છે. જાણી શકાય છે માટે આ સર્વને જાણનાર હું છું.

આ સ્થળે જે આત્મા મનમાં કે બુદ્ધિમાં આવીને પ્રકાશ કરતો હતો

તે તેટલી પરતંત્રતા મૂકીને થોડે ઉંચે આવે છે. મન અને બુદ્ધિને પણ જાણનારો થાય છે. છતાં આ પણ એક ઉંચી પણ મનોવૃત્તિ છે, તથાપિ જાગૃતિવાળી મનોવૃત્તિ હોવાથી નીચલી ભાન ભુલાયેલી મનોવૃત્તિને તે હઠાવી દેશે. આ સર્વનો હું દૃષ્ટા છું. આ સર્વ વિચારોને હું જાણનાર છું. આ સર્વ પર છે તેને પ્રકાશીત કરનાર–પ્રકાશ આપનાર હું છું. આટલી જાગૃતિ થતાં આ માનસીક વિચારો તથા માનસીક વિચારોથી મનમાં રચાયેલું વિવિધ આકૃતિવાળું જગત્, તત્કાળ વિલય થઈ જાય છે, નાશ પામે છે, તેના જાગૃત દૃષ્ટામાં સમાવેશ પામી જાય છે. કેમકે તે પણ એક આધારને આધારે પ્રકાશીત થતું હતું. આધારનુંજ પરિણમન હતું. તે પાછું જેમ અનેક અલંકારો સુવર્ણમાં સમાવેશ પામી જાય છે તેમ સમાઈ જાય છે. અને દ્રષ્ટા તેનાથી જુદો પડી જાય છે. આ વેળાએ જે માનસીક વિકારોથી અસહ્ય વેદના થતી હતી, મુંઝવણ થતી હતી તે શાંત થઈ જાય છે.

આ સ્થળે કર્ત્તા મનમાં પરિણામ પામી ભાન ભુલ્યો હતો. અને આ કર્ત્તાના પ્રકાશથી પ્રકાશીત થઇ મન વિવિધ આકારે પરિણામ પામતું હતું તે સ્વપ્ના પદાર્થની માફક જાગૃત થતાં બધું વિખેરાઈ જાય છે.

સ્વપ્નમાં–જેમ મન વિવિધ પ્રકારની વાસના–ઇચ્છાઓને લઇને વિવિધ આકારો ધારણ કરે છે પણ જાગૃત થતાં તે સર્વ લય પામી જાય છે તેમ આ વ્યવહાર જાગૃતમાં મન વિવિધ આકૃતિઓ ધારણ કરી હર્ષ શોકમાં લીન થયું હતું તે આત્મા પોતે પોતામાં જાગૃત થતાં મનની બધી કલ્પનાઓ જાણે બીલકુલ હતીજ નહિ પાયા વગરની હતી તેવી રીતે વિલય થઈ જાય છે.

આ વિવિધ આકૃતિઓમાં ગોઠવાયેલા માનસીક ઉપયોગ વખતે આત્માનું શુદ્ધ નિરંજન સ્વરૂપ તે અંજનવાળું લેપા-

ચેલું હતું. સુખ દુઃખના ભાનવાળું હતું. નિરાકાર સ્વરૂપ વિવિધ પ્રકારના આકારને ધારણ કરેલું પોતાને માનતું હતું. નિર્વિકાર સ્વરૂપ વિવિધ વિકારોને આધિન હતું. નિર્વિકલ્પ સ્વરૂપ અનેક વિકલ્પો કર્યા કરતું હતું. નિર્ભય સ્વરૂપ અનેક ભયો ધારણ કરી વિહ્વળ થયા કરતું હતું–સત્ સ્વરૂપ છતાં અત્યારે અસત્ જેવું બન્યું હતું. જ્ઞાન સ્વરૂપ હોવા છતાં અજ્ઞાન કોટીનો આશ્રય લીધો હતો. અને આનંદ સ્વરૂપ છતાં દુઃખમાં ડુબેલું સ્વરૂપ અનુભવતું. આ સર્વ સ્થળે ' હું ' હતો. પણ તે અશુદ્ધ હું હતો.–મન–શરીર આદિને હુંપણે માનતો. અથવા તે હું–મન તથા શરીરમાં ભાન ભૂલીને પરિણમેલો હતો.

જ્યારે આ સર્વનો દ્રષ્ટા–પ્રકાશક હું છું. તે સર્વ મારાથી દૃશ્ય તથા પ્રકાશક પામનારાં છે. આવા સાચા હુંની–વિશુધ્ધ હુંની જાગૃતિ થતાં આ સર્વ માનસીક–મનોમય પ્રપંચ વિલય પામે છે. સર્વ શાંત થઇ જાય છે. વિવિધ ઉપાધિઓ વિશ્રાંતિ લે છે.

છતાં હું જ્ઞાતા, સર્વનો દ્રષ્ટા છું. આ પણ એક ઉંચી વૃત્તિ છે તેટલો પણ વિકલ્પ છે. તે પણ શાંત કરી દઈ, તેટલું પણ મનદ્વારા કરાતું અભિમાન–યા પરતંત્રપણું વચનદ્વારા બોલાતું હુંરૂપ વચન, તેટલી પણ પરાધિનતા છે–તેટલી પણ મલીનતા છે તે પણ વ્યવહાર શાંત કરી–સ્વરૂપમાં વિશ્રાંતિ પમાય એટલે **નિરંજન નિરાકાર, નિર્વિકાર, નિર્વિકલ્પ, નિર્ભય સત્–ચિદ્–આનંદ** સ્વરૂપ થઇ રહેવાય તેજ પૂર્ણતા છે. જ્યાં--મન વાણીના વિષયથી પાર જવાય--તેજ શુદ્ધ સ્વરૂપ છે. તેજ સ્વભાવ રમણતા છે. તેજ અભેદ સ્વરૂપ છે.

॥ ॐ अर्हम् नमः ॥

# સમ્યગ્ દર્શન

**जोवादिश्रद्धधनं सम्यक्त्वं जिनवरैः निदिष्टम् ।**
**व्यवहाराद् निश्चियतः आत्मा भवति सम्यक्त्वम् ॥१॥**
**सूत्रार्थं जिनभणितं जीवाजीवादि बहुविधमर्थम् ।**
**हेयाहेयं च तथा योजनाति सस्फुटं सदृष्टिः ॥२॥**

મનરૂપિ ભૂમિ ખેડીને સાફ રાખવી. જેમ ખેડુતો અનાજ વાવવા પહેલાં જમીનને ખેડીને સાફ કરે છે. તેમાંથી કાંટા, કાંકરા, જાળાં, ઝાંખરાં કાઢી નાખી તૈયાર કરે છે. હળદ્વારા જમીનમાં ઉંડી રાંપ (કોશ જેવું હથીયાર વિશેષ) નાખી જમીનને પોચી કરે છે અને તેમાં રહેલાં નિરૂપયોગી મૂળીયાં કે બીજોને બહાર કાઢી નાંખે છે. જમીન પોચી કરવાથી તેમાં વરસાદનું પાણી ઉંડું ઉતરીને ભરાઈ રહે છે, જે વાવેલાં બીજોના પોષણને માટે ઉપયોગી થાય છે. બીજાં મૂળીયાં કે બીજો ઉખેડી નાખવામાં આવે છે તેનું કારણ એ છે કે જે પોષણ તે પાણીદ્વારા, વાવેલા મૂળ બીજોને મળવું જોઇએ, તે આ નિરૂપયોગી મૂળીયાં કે બીજો લઈ લે છે, તેથી આ મૂળ બીજો વૃદ્ધિ પામતાં અટકી જાય છે અને આ ફાલતુ બીજો પોષાઇને વૃદ્ધિ પામે છે.

આવી જ રીતે ધર્મરૂપ બીજ વાવવા માટે આ મનભૂમિ ઘણી સાફ કરવી જોઇએ. તેમાં વિચારરૂપી હળની ઉંડી રાંપ નાખીને અંદર રહેલાં કામ, ક્રોધ, ભય, ઈર્ષા, ઈચ્છા, અભિમાન આદિ નિરૂપયોગી સંસાર પ્રવાહને આડે માર્ગે દોરનારાં બીજો છે તે કાઢી નાખવાં જોઇએ, અને તે મનોભૂમિને કાંઈક પોચી બનાવવી જોઇએ. આ જમીન નમ્રતા, અને સરલતા દ્વારા જ પોચી પડી શકે છે. જેમ જેમ નમ્રતા, અભિમાનનો અભાવ–હું કાંઈ જાણુતો નથી તેવી ગુરૂ આચળ નમ્ર સ્થિતિ થાય છે, તેમ

તેમ આ પોચી–નમ્ર સરલ થયેલી હૃદયજમીનમાં ગુરૂના ઉપદેશરૂપ પાણીનો પ્રવાહ ઉંડો ઉતરે છે અને વ્રત, નિયમાદિ કે સત્ય સ્વરૂપના બોધરૂપિ બીજો તેમાં વવાય છે. તે આ ઉપદેશના પાણીદ્વારા પોષણ પામે છે. અને કાળાંતરે એક મહાન્ વૃક્ષતુલ્ય–મજબુત આત્મસ્વરૂપમાં સ્થીરતા થવારૂપ–વૃક્ષ બની આવે છે. જેનાં મીઠાં ફળો સ્વ–પરને ઉપકારી થઈ અનેક જીવોના ઉપભોગમાં આવે છે.

ચોમાસામાં કટાઈ ગયેલા તાંબાના વાસણને સાફ કરવા માટે ખાર, ખટાશ, કે મુંઝની કે નાળીયેરની દોરડીદ્વારા ઘસી ઘસીને સાફ કરવામાં આવે છે તો તેથી ઉપરનો મેલ–કાટ, ઉતરી જઇને તે વાસણ શુદ્ધ થાય છે એટલે વાસણને શુદ્ધ કરવા આવા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. એવીજ રીતે આ કામ, ક્રોધ, રાગ, દ્વેષ આદિ વિભાવ ઉપાધીથી મલીન અંતઃકરણને શુદ્ધ કરવાની જરૂર છે અને તે શુદ્ધિ–આત્મદષ્ટિરૂપ ખટાશ, કે ખારવાળા, અગર ઘર્ષણ આપે તેવા પદાર્થદ્વારાજ થઈ શકે છે. આત્મદષ્ટિ થવી–આત્મ તરફ લક્ષ આપવું, દરેક પ્રસંગે આત્મ ઉપયોગની જાગૃતિપૂર્વક વર્ત્તન કરવું, તેનું નામ સમ્યગ્દર્શન છે. તે દ્વારા કર્મમળ દૂર કરી શકાય છે.

સુંદર ચિત્રો કાઢવા માટે–ઓળખવા માટે પ્રથમ જમીનને શુધ્ધ કરવાની જરૂર છે. તે સિવાય કાઢેલાં ચિત્રો ઘણાં લાંબા વખત સુધી પહોંચી (ટકી) શકતાં નથી તેમ વિશેષ શોભા આપવાવાળાં થતાં નથી. માટે ચિતારો પ્રથમ રાજા પ્રમુખની આજ્ઞાથી ચિત્રશાળામાં ચિત્રશાળાની જમીન સાફ કરે છે અને પછી તે જમીન કે ભીંત ઉપર ચિત્ર કાઢે છે.

આવીજ રીતે આ સંસારમાં ચિતારા સમાન યોગ્ય જીવ, ગુરૂના ઉપદેશદ્વારા મનોભૂમિરૂપ ચિત્રશાળામાં ભૂમિનાં સંસ્કારરૂપ પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે એટલે પોતાની સમ્યક્દષ્ટિ બનાવે છે, દષ્ટિને શુધ્ધ કરે છે. રાગ, દ્વેષરૂપ ખાડા, ટેકરાઓને ઘસી ઘસીને સાફ કરે છે. **રાગ દ્વેષની**

**મંદતા-અતિશય મંદતા, તેજ સમ્યક્ત્વ છે. તે દ્વારાજ** સમ્યગ્દર્શન થાય છે. રાગદ્વેષની ઓછાશ થવાથીજ સમ્યગ્દષ્ટિ પ્રગટ થાય છે. આત્મા અમુક દરજ્જે શુદ્ધ થાય છે તેનેજ સમ્યગ્દષ્ટિ કહે છે. આ દષ્ટિ થયા પછી જ તેના ઉપર વિવિધ પ્રકારના ધર્મ-રૂપ ચિત્રો આળેખાય છે અને પછીજ તે ધર્મો શોભા આપે છે. **આ સમ્યગ્ દષ્ટિની શુદ્ધિ માટે શ્રદ્ધાનાદિની જરૂર છે.**

પરમાર્થ સંસ્તવ--૧ પરમાર્થ જ્ઞાતૃનું સેવન--૨ વ્યાપન્ન દર્શન વર્જન—૩ અને કુદર્શન વર્જન—૪ એમ ચાર પ્રકારે શ્રદ્ધાન છે.

## પરમાર્થ સંસ્તવ.

તાત્વિક જીવાજીવાદિ પદાર્થો તેમનો પરિચય કરવો. પરિચય એટલે તાત્પર્યપૂર્વક જીવાદિ પદાર્થોને જાણવાનો અભ્યાસ કરવો.

પોતે આત્મસ્વરૂપ છે, પણ તે આત્મસ્વરૂપનું પ્રત્યક્ષ ભાન થાય ત્યારેજ તે તરફ લક્ષ રાખીને આપણી પ્રવૃત્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આપણી સર્વ વિપરીત પ્રવૃત્તિ લક્ષ વિનાના ફેંકેલા બાણુની માફક નિરર્થક છે. પ્રથમ આત્માનું જ્ઞાન કર્યા પછીજ તે બંધાયેલો છે અને તેને છોડાવવાનો પ્રયત્ન કરી શકાય છે.

આ જીવ અરૂપિ હોવાથી આ નેત્રાદિ દષ્ટિદ્વારા તેને જોઇ કે જાણી શકવો અશકય છે, એટલે તેને જાણુવા માટે-અજીવ જે જીવનો પ્રતિપક્ષી છે તેને જાણવાથી, તેનો એટલે જીવનો બોધ સહેલાઇથી થઇ શકે છે. જે પદાર્થમાં કોઇપણ જાતનું કાળું, ધોળું, રાતું, પીળું, કે લીલું રૂપ હોય છે. તે જડ પદાર્થ છે. જેમાં કોઇ જાતનો ખાટો, ખારો, તીખો, કડવો, કસાયેલો, મીઠો વગેરે રસ હોય છે તે અજીવ પદાર્થ છે. જેમાં કોઈ જાતનો સુગંધી કે દુર્ગંધી રસ હોય છે તે જડ પ્રદાર્થ છે જેમાં કોઈ જાતનો હલકો, ભારે. સુંવાળો, બરસટ, ટાઢો, ઉનો,

વિગેરે સ્પર્શ હોય છે તે જડ પદાર્થ છે, અને જે શબ્દ થાય છે તે શબ્દ જડ પદાર્થ છે. આ કહેવાથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ જે જે દેખાય-અનુભવાય તે તે અજીવજડ પદાર્થ છે. આનાથી વિપરીત જે બાકી રહે છે, જેમાં જ્ઞાનશક્તિ છે, જેમાં જાણવાની શક્તિ છે, આ સર્વ જડ પદાર્થને જાણવાનું બળ જે ધરાવે છે, આ સર્વ જડ પદાર્થોની સત્તાનો નિર્ણય જેનાથી થઇ શકે છે તે આ સર્વ પદાર્થોને જાણનાર આત્મા છે.

આ દેહાધિષ્ટિત આત્મા મનની વૃત્તિઓ દ્વારા જ્યારે અભિમાનપૂર્વક, શુભ પ્રવૃત્તિઓ, તન, મન, ધનદ્વારા કરે છે ત્યારે તે જે કર્મ દલીયાંને એકઠાં કરે છે તેને પુન્ય કહે છે.

જ્યારે મનની વૃત્તિઓ દ્વારા અશુભ કાર્યમાં શરીરાદિની પ્રવૃત્તિ થાય છે, તેમાં રહેલી રાગદ્વેષાદિની મલીનતાના પ્રમાણમાં, અભિમાન આદિની આસક્તિ દ્વારા પ્રવૃત્તિ થાય છે ત્યારે ગ્રહણ કરેલ કર્મઅણુઓને પાપ કહે છે.

રાગાદિ પરિણામથી મન, વચન, શરીરના યોગદ્વારા પુદ્ગલ પરમાણુનું આવવું થાય છે તેને સામાન્ય રીતે આશ્રવ કહે છે. આ આશ્રવ શુભાશુભદ્વારા જુદાં જુદાં ફળ આપે છે ત્યારે તેને પુન્ય, પાપ કહે છે. જે સુખ દુઃખના ફળોરૂપે અનુભવાય છે.

રાગ દ્વેષાદિ અશુદ્ધતાના નિમિત્તથી આવેલ આશ્રવરૂપ કર્મઅણુઓનું આત્મપ્રદેશ સાથે સંબંધીત થવું તેને બંધ કહે છે. આ સત્તામાં બંધિત થયેલાં કર્મઅણુઓ ઉદય આવી જીવોને વિવિધ પ્રકારના અનુભવો કરાવે છે. સુખ, દુઃખ, હર્ષ, શોક, જ્ઞાન, અજ્ઞાન, યશ, અપયશ, ઉંચ, નીચ, ધનાઢય, ગરીબ, દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી–ઇત્યાદિ અનુભવો કરાવતાં, આત્મભાન ભૂલાવી, હર્ષ, શોક કરાવી, અભિમાન દ્વારા નવીન બંધ કરાવે છે. આત્મસ્વરૂપના અજ્ઞાનને લઈને અજાગૃત દશાની પ્રવૃત્તિ બંધરૂપ થાય છે. જાગૃતિ દશાની પ્રવૃત્તિ બંધનમુક્ત કરાવે છે.

આત્મ ઉપયોગની જાગૃતિ જ્યારે ખરોબર હોય છે ત્યારે આવતાં નવીન કર્મ અટકી જાય છે. વિભાવ પરિણમનના અભાવે એટલે રાગદ્વેષાદિપણે પરિણમવાના અભાવવાળી જે આત્મ-સ્થીતિ હોય છે તેને સ્વરૂપ સ્થીતિ કહે છે. તેમાં કર્મ આગ-મન થતું નથી તેથી તેને સંવર કહે છે.

આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે વિશ્રાંતિ પામે ત્યારે આત્મ-બળ એટલે શુદ્ધ આત્મ ઉપયોગની તીવ્ર વિશુદ્ધિ પ્રગટ થાય છે તે દ્વારા પૂર્વ સંચિત કર્મના અમુક ભાગો ખરી પડે છે તેને નિર્જરા કહે છે. અને સર્વથા તે કર્મઅણુઓનો આત્મપ્રદેશથી વિયોગ થવો, તેને મોક્ષ કહે છે.

જેમ સ્ફાટિકરત્નની પાછળ લાલ, લીલો, કે પીળો કોઇ કાગળ કે પદાર્થ ઉપાધી રૂપ રાખવાથી તે સ્ફાટિક રત્ન લાલ કે પીળા, યા લીલા રૂપે દેખાવ આપે છે. આ ઉપાધિ છે, એમ જો કોઇ તેના જાણભેદુ આગળથી જાણ્યું હોય તો તે સ્ફાટિક અત્યારે લાલ કે પીળા આદિ રંગરૂપે દેખાય છે, છતાં તે તેવા રૂપે તાત્વિક રીતે નથી પણ શ્વેતરૂપે છે એમ જાણવારૂપે નિર્ણય થાય છે. છતાં તેના શ્વેતપણાનો ખરો બોધ તો જ્યારે તે ઉપાધિ દુર થાય ત્યારેજ અનુભવાય છે. તેમ આ જીવ જે સ્વાભાવિક સ્ફાટિકની માફક શુદ્ધ નિર્મલ છે છતાં કર્મઉપાધિથી સ્ફાટિકની માફક વિવિધ પ્રકારની લાલ આદિ ઉપાધિવાળો દેખાય છે, તેના શુદ્ધ સ્વરૂપનો બોધ તેવા કોઈ જાણભેદુ જ્ઞાની ગુરૂદ્વારા આપણને થાય છે ત્યારે આપણે આત્માને શુધ્ધ સ્વરૂપે સ્ફાટિકની માફક માનીએ છીએ તથાપિ તેના ખરા શુદ્ધપણાનો અનુભવ તો તે કર્મ ઉપાધી જવા પછીજ થાય છે, આ કર્મ-ઉપાધિ હોવા છતાં સ્ફાટિકની માફક આત્માને ગુરૂના બોધદ્વારા આપણે શુધ્ધ માનીએ તે સમ્યગ્દૃષ્ટિ થવા જેવું છે. અર્થાત્ તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને તે કર્મઉપાધિને દુર કરી આત્માના શુધ્ધ સ્વરૂપનો અનુભવ કરવો તે કેવલજ્ઞાન કે મોક્ષને સ્થાને છે.

આત્માઅને પુદ્ગલો આ બન્નેનુંઅન્યોઅન્ય પરિણમવાપણું-એટલે આત્મભાન ભૂલાઈને જે પ્રવૃત્તિ કરવામાં આવે છે તેને લઈને–આ ચૈતન્ય અને જડ એ બે પદાર્થો હોવા છતાં તે મિશ્રણથી પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, અને બંધ આવાં જુદાં જુદાં રૂપો ખડાં થાય છે. આત્મા આત્મભાવે પરિણમે અને પુદ્ગલ પુદ્ગલ સ્વરૂપે રહે એટલે પોતાને માટે નિર્વાણ થઈ ચુકયું સમજવું. આત્મા જો આત્મભાવે પરિણમે તો પુદ્ગલમાં એવું કોઈ બળ નથી કે પરાણે આત્માને વળગીને આ ઉપાધિઓ વિભાવ દશાઓ પ્રગટ કરી શકે.

આત્માનેજ વસ્તુગતે જાણવાની જરૂર છે. તેને જાણ્યો એટલે બીજું બધું જણાઈ જાય છે. આ માટેજ પહેલી શ્રદ્ધામાં જણાવ્યું છે કે "જીવાદિ પદાર્થોને જાણવાનો અભ્યાસ કરવો."–તે દ્વારા લક્ષ જાણવાથી પોતાના કર્ત્તવ્યની દિશા સમજાઈ શકાય છે. આંહી જે આત્મા કે જીવાદિ પદાર્થની, જે સહેજ રૂપ રેખા દોરવામાં આવી છે તેનો સદ્ગુરૂદ્વારા વિશેષ પ્રકારે અભ્યાસ કરવો. હવે બીજી શુદ્ધિ કહેવામાં આવે છે.

## પરમાર્થને જાણવાવાળાનું સેવન કરવું.

પરમાર્થભુત જે જીવાજીવાદિ પદાર્થો, તેમનો આત્માની સાથે કેવા પ્રકારે સંબંધ થાય છે, અને તેનો વિયોગ એટલે છુટકારો કેમ થાય? આ વાતને જાણવાવાળા આચાર્ય–સદ્ગુરૂ તેમની સેવા કરવી. આ સેવાનું ફળ વસ્તુતત્વનું યથાર્થ જ્ઞાન કરવું તે છે.

આ આચાર્ય કે ગુરૂ તે તત્વજ્ઞાનને જાણનારા–અનુભવનારા હોવા જોઈએ. અનુભવ વિના એકલા શાસ્ત્રપાઠી–ગુરૂઓ તે તત્વોનાં ખરાં રહસ્યોને જાણી શકતા નથી. તેમ એકલા ક્રિયાકાંડમાંજ મગ્ન થયેલા ગુરૂઓ પણ તત્વના ખરા રહસ્યને જાણી શકતા નથી. શાસ્ત્રજ્ઞાન અને ક્રિયામાર્ગમાં પ્રવૃત્તિ. આ બન્ને દ્વારા જેમણે સ્વાનુભવવાળો બોધ મેળવેલો હોય છે તેવા ગુરૂઓજ મનુષ્યોને યોગ્ય રસ્તે આગળ દોરવી શકે છે.

આવા ગુરૂઓ આપણને એટલે તેમની નિશ્રાએ ગયેલા શિષ્યોને શું બોધ આપે છે તે તેનો અનુભવ લેનારનેજ ખબર પડે છે. પથ્થર જેવા હૃદયવાળાને પણ નવપલ્લવીત કરી આપે છે. મતલબ કે આત્મસ્વરૂપ ઓળખાવી, કર્મબંધન થવાની અને નિર્લેપ રહેવાની કુંચીઓ તેઓ બતાવે છે. ખરા માર્ગના રહસ્યોને તેઓ બતાવીને આગળ માર્ગ તરફ તેઓ ખેંચે છે, માટે તેવા ગુરૂઓની સેવા કરવી. આંહી સેવાનો ખરો અર્થ તેમના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધાન રાખવું અને તેમની આજ્ઞાનુસાર વર્તન કરવું. ટુંકામાં કહીએ તો તન, મન તેમને અર્પણ કરી દેવું. જ્યાં સુધી પૂર્ણ આધિનતા નથી આવતી ત્યાં સુધી નિર્મળતા નથી થતી, અને નિર્મળતાના અભાવે તેમના વચન પ્રમાણે વર્ત્તન કરવાની ઇચ્છા થતી નથી. માટેજ કહ્યું છે કે પરમાર્થના જાણ આચાર્યાદિ સદ્ગુરૂનું સેવન કરવું.

## વ્યાપન્ન દર્શન વર્જન.

ત્રીજું શ્રદ્ધાન વ્યાપન્ન દર્શન વર્જન, એટલે સમ્યક્દષ્ટિ અમુક દરજ્જે થયા પછી પ્રબળ મોહના ઉદયને લઈ તે જેણે વમી દીધી છે, એટલે સમ્યગ્દૃષ્ટિપણાના ગુણનો જેણે ત્યાગ કર્યો છે અને સંસારની મોહજાળમાં જે ફસાયેલ છે તે. તેની સોબત ન કરવી.

કેટલાએક જીવો એવા હોય છે કે મોહના ઉદયને લઈ પોતે ઉત્તમ કોટીમાંથી ભ્રષ્ટ, કે પતિત થયા હોય છતાં અંતરમાં તેમને પશ્ચાતાપ હોય છે. પોતે પોતાની ભૂલ કબુલ કરે છે. પોતાની નબળાઈ પોતે સમજે છે, તેવાઓને માટે તો આગળ વધવાનો રસ્તો ઉઘાડો છે. તત્ત્વ ઉપર શ્રદ્ધાન નથી બેસતું, તથાપિ તેવાઓ મધ્યસ્થભાવે રહીને સત્યને સમજવાની ઈચ્છા રાખે છે, તેઓ તો તે સ્થિતિમાંથી આગળ પાછા વધી શકે છે. પણ જેઓનાં હૃદયમાં તીવ્ર કષાયનો ઉદય થયેલો હોય છે તેઓ તો પોતે પતિત થયા હોય છે છતાં, પોતાના સહવાસમાં આવનારને, થોડી ઘણી શ્રદ્ધાવાળાને પણ અનેક પ્રકારની કુ–યુક્તિઓથી પતિત કરી નાખે છે. માટેજ આંહી કહેવામાં

આવ્યું છે કે જેઓએ સમ્યગ્‌દૃષ્ટિ એટલે આત્મશ્રદ્ધાન-આત્મપ્રેમનો ત્યાગ કર્યો છે અને તેને લઇનેજ જેને આ દુનિયાના પદાર્થોમાં સુખ ભાસ્યું છે–સત્ય જણાયું છે તેવા વિપરિત દૃષ્ટિવાળા મનુષ્યોની સોબત ન કરવી.

મોહનીય કર્મની પ્રબળતા થયા સિવાય સત્ય માર્ગથી–સમ્યગ્‌દૃષ્ટિની સ્થિતિમાંથી પતિત થવાતું નથી. આ સમ્યગ્‌દૃષ્ટિથી પતિત થયેલ મનુષ્ય, મોહના જોરને લઇ, પોતાના દોષો છુપાવવા નિમિત્તે, નિર્દોષને પણ સદોષ રૂપે વર્ણવે છે. સુખકારી ધર્મ, ગુર્વાદિકને પણ દુઃખરૂપે કથન કરે છે, પોતે તો પતિત થયેલ છે પણ બીજાને પણ સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. માટે તેવાઓની સોબત ન કરવી. સોબત તેવી અસર થયા સિવાય રહેતી નથી. એટલે તેવાઓની સોબતથી દૂર રહેવું તે શરૂઆતના આત્મધર્મના અભ્યાસીઓને માટે યોગ્ય છે.

## કુદર્શનવર્જન

મિથ્યાત્વીઓની સોબત ન કરવી. જેને સમ્યક્‌દૃષ્ટિ પ્રાપ્ત નથી થઇ તે મિથ્યાત્વી કહેવાય છે. પહેલામાં અને આમાં એટલો તફાવત છે કે પહેલાએ સમ્યગ્‌દૃષ્ટિ પ્રાપ્ત કરીને તેનો ત્યાગ કર્યો છે. તેનાથી પતિત થયેલ છે. અને આ મિથ્યાત્વીએ તો હજી સુધી તે સમ્યગ્‌દૃષ્ટિ મેળવી પણ નથી. ધર્મ એ શું વસ્તુ છે? તેની જરૂરિયાત શા માટે છે? તે સિવાય આપણને શું નુકશાન થાય છે? વિગેરે સંબંધી તેને કાંઈ વિચારોજ આવતા નથી. કદાચ ઓઘ સંજ્ઞાએ ધર્મ તરફ દોરવાય છે તો અસત્યમાં સત્યનો આગ્રહ કરી બેસે છે. આત્મદૃષ્ટિ ખીલવ્યા સિવાય કેવળ ક્રિયાકાંડમાં મચી રહી શુભ આશ્રવનો વધારો કરતો રહે છે. જેનાથી સંસારની વૃદ્ધિ થાય છે તે ન સમજતાં ઉલટું ધાર્મિકપણાનું અભિમાન રાખે જાય છે. ક્રિયાના અભિમાનને લઈ જ્ઞાની પુરુષોની નિંદા પણ કરે છે. તેને પોતાને હજી સત્યનો માર્ગ હાથ આવ્યો નથી છતાં પોતે બીજાને

આગળ વધારવા પ્રયત્ન કરી પોતે ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે. જયાં સુધી આત્માને ઓળખી, આત્મામાં લક્ષ રાખી, વિશુદ્ધ થવાને ક્રિયા કરાતી નથી ત્યાં સુધી તે મિથ્યાત્વી ગણાય છે. સંસારના–પાંચ ઇંદ્રિયોના સુખમાં જેમને સત્ય સુખપણાની ભ્રાંતિ છે, અને તેને લઈ રાગ, દ્વેષ કે અભિમાનપૂર્વક તેને માટે પ્રયત્ન કરી રહ્યો છે ત્યાં સુધી તે સત્ય માર્ગથી વેગળોજ રહે છે. અને મિથ્યાત્વ કે જે આત્મભાવથી વિપરીત છે તેને પોષણ આપતોજ રહે છે, અમુક મત, પંથના આગ્રહો છે તે પણ મિથ્યાત્વજ છે. એક સત્ય સ્વરૂપ આત્મા તેને વિશુદ્ધ કરવા, તેને સમજવા, જેટલા જેટલા પ્રયત્નો કરાય છે, જે જે ક્રિયાઓ કરાય છે, જે જે સદ્ગુણોનું સેવન કરવામાં આવે છે, તે સર્વ સમ્યગ્દૃષ્ટિ છે. અને આત્મા સિવાય, આત્માની વિશુદ્ધિ કરવા સિવાય, વિષયોના પોષણને માટે માન પાનની તૃપ્તિ માટે, મત કદાગ્રહો વધારવા નિમિતે, મનાવા પૂજાવાની ઇચ્છાને લીધે રાગદ્વેષ કે અભિમાનપૂર્વક આત્મલક્ષ ભૂલાઇને જે જે કર્મો કરવામાં આવે છે તે સર્વે મિથ્યાત્વની ક્રિયા છે અને બંધનને માટે થાય છે.

આવા મિથ્યાત્વીઓની સોબત કરવી નહિ. તેમની સોબત કરતાં જે કોઈ અંશે આપણામાં સમ્યગ્દૃષ્ટિ પ્રગટ થઈ હોય છે, અથવા તે પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રગટ થઇ હોય છે તે સર્વ નાશ પામે છે. કારણ કે મનુષ્યને ચડવાનાં નિમિત્તો કરતાં પડવાનાં નિમિત્તો વિશેષ ભૂલાવો ખવરાવનારાં થાય છે. ચડવાનાં નિમિત્તો તો કોઇ વખત અસર કરે છે પણ પડવાનાં નિમિત્તો તો જલદી અસર કરી દે છે. અનાદિ કાળથી વિષયવાસના તરફ જીવોની પ્રવૃત્તિ થયેલી હોય છે તેને લઈ અનુકુળ ઉપદેશ–કે અનુકુળ વર્ત્તનનું અનુકરણ કરવાનું સહેલાઈથી બની શકે છે. ગંગા નદીનું પવિત્ર અને મીઠું પાણી પણ સમુદ્રના ખારા પાણીની સોબતથી ખારૂં થઈ જાય છે. તેવી રીતે આવા મિથ્યાત્વીઓની સોબતથી મનુષ્યો પોતાનો પવિત્ર ગુણ ખોઈ બેસે છે અને ઉલટા પોતામાં દુર્ગુણોના સંચય કરી લે છે.

આ વાડ છે. નાનાં કુમળાં ઝાડને-છોડવાને વાડની જરૂરીયાત છે. જેઓ મોટી સ્થીતિને મજબુત અવસ્થાને પ્રાપ્ત થયેલાં છે

તેવાં મોટાં ઝાડોને વાડની કાંઇ પણ જરૂરીયાત હોતી નથી. તેમ હજી જેઓ આત્મજાગૃતિમાંથી મજબુત સ્થિર થયા નથી, તેવાઓને માટે તો આ પ્રતિબંધની વાડની જરૂરીયાત છે. કારણ કે યુક્તિ કરતાં કુયુક્તિઓ કેટલીક વખત બળવાન હોઇ સામા મનુષ્ય ઉપર અસર કરી નાખે છે, અને તેનું કારણ એ છે કે સામો મનુષ્ય હજી તેવો બુધ્ધિમાન, વિલક્ષણ કે આત્મમાર્ગમાં મજબુતાઇવાળી શક્તિ ધરાવતો હોતો નથી, એટલે અનાદિ અભ્યાસવાળા આ વિષય વિકારના વિચારો કે ઉન્માર્ગના વિચારો તેને પોતાના કર્ત્તવ્યમાંથી બીજી બાજુ તરફ ઘસડી જાય છે. જે મનુષ્યો આત્મનિશ્ચયમાં મજબુત થયેલ છે તેવાઓને માટે તો આ મિથ્યાત્વીઓની સોબત ત્યાગ કરવાનું કહેવાની કાંઈ જરૂર નથી. તે તો પોતાના સત્યની પ્રબળતાને લઈ સામાનું મિથ્યાત્વ પણ દુર કરી ઉલટો તેને સન્માર્ગ તરફ ખેંચી લાવશે. એટલે તેના ઉપર આ આજ્ઞાની જરૂર નથી.

આ ચાર શ્રદ્ધાનમાં પહેલાં બે શ્રધ્ધાન, તત્ત્વનું જ્ઞાન કરવાનો અભ્યાસ કરવો અને તત્ત્વના જાણનાર ગુરૂની સેવા કરવી તે પોતાને સમ્યગૂદષ્ટિ ન થઈ હોય તો થવાનાં નિમિત્તો છે. જો સમ્યગૂદૃષ્ટિ થયેલી હોય તો તેને પોષણ આપનાર ઉત્તમ મદદગાર સહાયકો છે. પાછળનાં બે નિમિત્તો સમ્યક્દષ્ટિથી પતિત થયેલની સોબત ન કરવી, અને મિથ્યાત્વીની સોબત ન કરવી તે. પોતાના સમ્યક્દષ્ટિ ગુણનો બચાવ કરનાર છે તથા ઉત્પન્ન થયેલ થોડા પણ ગુણનું રક્ષણ કરાવનાર છે. માટે આ ચારે શ્રધ્ધાનો વિશેષ ઉપયોગી હોઇ તે પ્રમાણે વર્તન કરવાની ખાસ જરૂર છે.

## ત્રણ લિંગ

લિંગ એટલે ચિન્હ–નિશાની. જેમ ધુંવાડા ઉપરથી અગ્નિનો નિર્ણય કરાય છે, ધ્વજાનદંડ ઉપરથી મંદિરનો નિશ્ચય કરાય છે, તેમ આ ત્રણ જાતના ચિન્હ ઉપરથી સમ્યક્ત્વનો–સમ્યક્દષ્ટિ થઇ છે કે નહિ તેનો નિર્ણય કરી શકાય છે.

## ધર્મ સાંભળવાની જીજ્ઞાસા

પહેલું ચિન્હ ધર્મ સાંભળવાની પૂર્ણ જીજ્ઞાસા હોવી તે છે. આ જીજ્ઞાસા ઘણીજ તીવ્ર લાગણીવાળી હોવી જોઇએ. **આત્માનો શુદ્ધ સ્વભાવ તેજ ધર્મ છે.** જેમાં પ્રબળ ક્રોધ, માન, માયા, લોભનો અભાવ છે તેજ સત્ય ધર્મ છે, આત્માની નિર્મળતા સિવાય આત્માનો બીજો ધર્મ શું હોઇ શકે? જેમાં પોતાનું કલ્યાણ રહેલું છે, જેમાં પોતાનો સ્વાર્થ રહેલો છે, અને જે પોતેજ પોતા સ્વરૂપે છે, તે પોતાનું સ્વરૂપ જાણવામાં મનુષ્યોને કેટલી બધી લાગણી હોવી જોઈએ? અનાદિ કાળથી પોતાનું સ્વરૂપ ભૂલાયેલું છે, જેના અભાવે અનંતકાળથી વિવિધ પ્રકારનાં સુખ દુઃખનો અનુભવ કરતાં અનેક ભવો ધારણ કરવા પડયા છે તે પોતાના સત્ય સ્વરૂપરૂપ રૂપ ધર્મને જાણવાને ઓછી જીજ્ઞાસા શા માટે હોઇ શકે?

વ્યવહાર ધર્મ--કે જે આત્મ ધર્મપ્રાપ્તિના કેટલેક અંશે કારણભૂત છે, તે સાંભળવાના પ્રસંગો તો કેટલીકવાર આ જીવને મળી આવે છે અને તેનાથી વ્યવહાર માર્ગમાં સુખી થવારૂપ પુન્યબંધ થઇ શકે છે. પણ ખરેખર કર્મ નિર્જરાના કારણભૂત આત્મ ધર્મ છે તેની પ્રાપ્તિ થવી, કે તેને સંભળાવનાર આત્માનુભવી--આત્મજ્ઞાની ગુરૂઓ મળવા ઘણાજ મુશ્કેલ છે. તેનો સમાગમ પામીને આત્મ ધર્મ સાંભળવામાં જે પ્રમાદ કરે છે તેના જેવો નિર્ભાગી મનુષ્ય બીજો કોણ હોઈ શકે?

લોકલાજને લીધે, પોતાની મોટાઇ કહેવરાવવાના લીધે, હું પણ કાંઇક જાણું છું આવી માન્યતાને લીધે, પ્રસંગે વાદવિવાદ કરવાને યુક્તિઓ કામ લાગે તેને લીધે, મનુષ્યો અનેકવાર ધર્મ સાંભળે છે. પણ તેમાં અભિમાનનો આડો બંધ હોવાથી તે ઉપદેશની અસર આ મલીન હૃદયમાં કાંઈ પણ થઈ શકતી નથી. ધર્મ આત્મસ્વરૂપ પ્રગટ કરવા કે આત્સ્વરૂપ જાણવા માટે, અજ્ઞાન હઠાવવા માટે અથવા આત્મ શાંતિ અનુ-ભવવા માટે જાણવાની કે સાંભળવાની જરૂરીયાત છે.

ધર્મ શ્રવણ કરવા પહેલાં હૃદયને બહુજ કોમળ બનાવવું જોઇએ. અભિમાન કે નિઠુરતા અથવા નિર્દયતાથી કઠોર રાખવું ન જોઇએ. નહિતર તેવા નિર્દય પથ્થર જેવા હૃદયોમાં ઉપદેશની અસર ટકતી નથી, હૃદય ખાંડ જેવું કે કાળી માટી જેવું બનાવવું જોઈએ કે જેમાં ઉપદેશનું પાણી પડતાં–ઉપદેશાકારે–પાણી આકારે એક રસ થઈ જવું જોઇએ. તેવા હૃદયમાં જ ઉપદેશની અસર થઈ શકે છે. બાકી મગશેલીયા પથ્થર ઉપર હજારો વર્ષ સુધી વરસાદ વરસ્યા કરે તો પણ પાણી સુકાતાં કોરો ને કોરો રહે છે, અંદર જરાપણ ભેદાતો નથી.

ધર્મ સાંભળતા હોઇએ ત્યારે આંખો ચારે બાજુ ભમતી હોય, મન ઘરવ્યવહારના કામકાજમાં ફરતું હોય, સહેજ સંચાર થયો કે કોઈ આવ્યું હોય તો તરતજ કાન–કે દૃષ્ટિ તે તરફ દોરવાઈ જતી હોય, ઘરનું કાંઈ કામકાજ આવ્યું કે કોઇએ સામાન્ય પ્રસંગે બોલાવ્યો એટલે તરતજ ધર્મ કથા પડતી મૂકી ધર્મ શ્રવણથી તે કામને અધિક માની તે તરફ પ્રયાણ થતું હોય ધર્મ સાંભળવા ઘરથી નીકળ્યો કે રસ્તામાં કાંઈ સહજસાજના પ્રસંગે રોકાઈ જવાતું હોય, પૂર્વાપર સંબંધ તૂટી જાય તેની પણ પરવા ન રાખતાં ધર્મકથા ચાલુ થઇ ગયા પછી અવાતું હોય, અધીં ધર્મકથા સાંભળી ન સાંભળી તેટલામાં ઘરનું કાંઈ કામકાજ સાંભરી આવવાથી ચાલુ સમજવાની બાબતોને પડતી મૂકી ઘર તરફ ચાલ્યું જવાતું હોય, આ સર્વ કાંઈ ધર્મ સાંભળવાની જીજ્ઞાસા કે ઉત્કટ ઇચ્છા કહેવાય નહિ અને તેથી તે ઉપદેશ પરિણમે પણ નહિ. ધર્મ શ્રવણ કરવો તે કાંઈ વ્યવહારની લેવડદેવડ જેવું કામ નથી કે તેમાં ગમે તેમ ચલાવી શકાય. આ તો પોતાનું ભલું કરવા માટેનું કામ છે, તે તો લાગણીપૂર્વક થવું જોઈએ.

ધર્મ સાંભળવામાં એટલી પ્રબળ ઇચ્છા જોઇએ કે, જેમ

કોઈ એક યુવાન પુરૂષ હોય, ધનાદિથી સુખી હોય, પૂર્ણ વિદ્વાન હોય, રાગ રાગણીના તાલ સુરમાં પ્રવીણ હોય, શરીર નિરોગી હોય, યુવાન સ્ત્રીના પરિવારથી પરિવરેલ હોય, અને ત્યાં દિવ્ય ગાયન સાથે નૃત્ય થતું હોય તે સાંભળવામાં તે યુવાન પુરુષની જેટલી જીજ્ઞાસા હોય–જેટલી પ્રબળ ઇચ્છા હોય તેના કરતાં પણ હજારગણી અધિક ઈચ્છા આત્મધર્મ સાંભળવાની હોય ત્યારે તે ધર્મશ્રવણની લાગણી કહેવાય છે. આવી લાગણી-વાળાને ધર્મ જે પ્રકારે પરિણમે છે, તેનો જે પ્રકારે તેને લાભ થાય છે, તે લાભની તેવી લાગણી વગરનાને શું ખબર પડે? કાલે ધર્મના વ્યાખ્યાનમાં શું વાત આવી હતી? તેટલી વાત પણ જેને યાદ રહેતી નથી, તે યાદ રાખવા માટે જેઓ પ્રયત્ન કરતા નથી, ધર્મકથા સાંભળ્યા પછી તે વાતને જેઓ યાદ કરી શકતા નથી, તેઓ તે પ્રમાણે વર્તન કરશે એવી આશા તેના તરફથી રાખી શકાયજ નહિં એટલે આવી લાગણી વિના ઉપર ઉપરનું, લોક-લાજથી કે કોઈ તેવાજ કારણથી ધર્મકથાનું સાંભળવું થાય છે તે સાંભળનારને વિશેષ ફાયદાકારક થતું નથી. માટે ધર્મ સાંભળ-વામાં પૂર્ણ જીજ્ઞાસા રાખવી.

## બીજું ચિન્હ.

### ધર્મ કરવામાં પૂર્ણ પ્રીતિ.

આત્મધર્મ સાંભળ્યા પછીજ તે પ્રમાણે કરવાનું થાય છે. લક્ષ વિનાનું બાણ ફેંકવું તે જેમ નકામું છે તેમ આત્મ નિર્ણય કર્યા વિના તેને બંધનમુક્ત કરવા ક્રિયા કરવી તે પણ નિરૂપયોગી છે. ત્યારે ધર્મ શ્રવણ કરવાથી નિશ્ચય થયો કે આત્મા શુધ્ધ, નિર્મલ, સુખરૂપ છે. પણ તેટલું જાણવાથી કાંઈ તેનો અનુભવ થવાનો નથી સત્તાગતે આત્મા તેવોજ શુધ્ધ સ્વરૂપે છે. પણ અત્યારે અનુભવ

રૂપે તો વિવધ પ્રકારની ઉપધીગ્રસ્ત જણાય છે, અનુભવાય છે. આ ઉપાધી જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તે આત્મ-સુખનો અનુભવ આપણને મળે નહિં. માટે કર્મ ઉપાધી દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

ગુરૂશ્રી પાસેથી આપણે આપણા આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજ્યા એટલે સત્તાનો બોધ થયો. સ્ફાટિકરત્ન સ્વભાવથી શુધ્ધ છે, છતાં તેની પાછળ લાલ, કાળી, કે લીલી જેવી કાગળ કે કાચ પ્રમુખની ઉપાધી મૂકી હોય તેવો તે દેખાય છે. એક અજાણ્યા મનુષ્યને કોઈએ સમજાવ્યું કે હું આ સ્ફાટિક ખરી રીતે આવો લાલ કે લીલો નથી પણ તેની પાછળ આ અમુક ઉપાધી મૂકી છે–રહેલી છે, તેથી તે તેમ દેખાય છે. આ ઉપરથી તે મનુષ્યને સ્ફાટિકના સ્વભાવની ખબર પડે છે પણ અત્યારે તેની દષ્ટિમાં તો તે ઉપાધી દેખાવાનીજ. તથાપિ તેના મનમાં નિશ્ચય થયો છે કે સ્ફાટિક ઉપાધી વિનાનો શુદ્ધજ છે. આવીજ રીતે સદ્‌ગુરૂદ્વારા આપણે જાણ્યું કે આત્મા શુદ્ધ ચૈતન્ય, જ્ઞાન, આનંદસ્વરૂપ છે, પણ અત્યારે તો કામી, ક્રોધી, રાગી, દ્વેષી, અભિમાની, પ્રવૃત્તિ કરનાર વિગેરે અનેકરૂપે ભાસવાનોજ. છતાં તે બોધથી એટલો મનમાં નિશ્ચય તો થયોજ કે આ સર્વ ઉપાધીને લઈનેજ વિવિધ પ્રકારના આભાસો આપણને દેખાય છે. જો આ ઉપાધી દૂર થાય તો આત્મા સ્ફાટિકની માફક શુદ્ધ સ્વરૂપ જેવો જાણવામાં આવ્યો છે તેવો અનુભવમાં આવી શકે.

આત્માને જેવા રૂપે જાણ્યો છે તેવા રૂપે અનુભવવા માટે આ મલીન કર્મમળની ઉપાધી દૂર કરવી જોઈએ. આ કર્મમળ ઉપાધિ દૂર કરવા પ્રથમ સારાં શુભ કાર્યો કરવાની શરૂઆત કરવી. મેલથી મેલ કપાય છે. આ ન્યાયે અશુભ કર્મ હઠાવવા માટે હાલ શુભ કર્મ કરવાની પ્રવૃત્તિ

કરવી તે વધારે યોગ્ય છે. આ વાત ખરી છે કે શુભ કર્મ એ પણ એક જાતનો મેલ છે, એક બશેર બોજા જેટલું સોનું ગળામાં પહેરો અને તેટલાજ પ્રમાણનો પથ્થર–કે લોઢાનું ઘરેણું ગળા ઉપર બાંધો તો બોજો તો પથ્થરનો કે સોનાનો સરખોજ છે છતાં સોનું પહેરતાં આનંદ થશે, અને લોઢું કે પથ્થર ગળામાં બાંધતાં ખરાબ લાગશે, કંટાળો આવશે. એટલે બંધન કે બોજામાં બન્ને સરખાં છે, છતાં સોનું વધારે સારૂં છે. તેમ પુન્ય તથા પાપ બંધન તરિકે કે ભોગવવા તરિકે બન્ને સરખાં છે, છતાં પુન્યથી સુખ થાય છે. પાપથી દુઃખ થાય છે. સુખ ગમે છે–પાપ ગમતું નથી. એટલે આ દુનિયામાં રહી દુઃખી થવું તેના કરતાં સુખી થવું તે હજાર દરજ્જે શ્રેષ્ઠ છે.

બીજું કારણ એ છે કે, પાપને કાઢી નાખવું તે કામ મુશ્કેલ છે. છતાં પુન્યને કાઢી નાખવાનું કામ એક અપેક્ષાએ સહેલું છે. એક માણસ આગળ લાખો રૂપિયાની મીલકત હોય તેને કોઈ ધર્માદા ખાતામાં કે, ગરીબોને અથવા સગાંવહાલાંને આપી દેવામાં વાર લાગતી નથી, પણ એક સામાન્ય મનુષ્યને પાંચસો રૂપિયા પેટપોષણ માટે કમાતાં ઘણી મુશ્કેલી પડે છે. તેમજ કોઈ બળવાન રોગાદિને કાઢી નાખવો તે મુશ્કેલી ભરેલું લાગે છે ત્યારે ચક્રવર્તિ જેટલું છ ખંડનું રાજ્ય હોય તેનો ત્યાગ કરવો તે સહેલું કામ છે, મતલબ કે પૂન્ય વધારે હશે, તો તેને કાઢી નાંખવાનું કામ સહેલું છે ત્યારે પાપને કાઢી નાખવાનું કામ મુશ્કેલ છે. આ કહેવાનો આશય એ છે કે મનુષ્યો આત્મધર્મ સંબંધી કાંઈ પણ ન જાણતાં હોય તથાપિ પાપનાં કાર્યો કરી તેમણે દુઃખી થવું તેના કરતાં સારાં પુન્યનાં કાર્યો કરી સુખી થવું તે વધારે ઉત્તમ છે.

આત્મજ્ઞાનના માર્ગમાં ચાલનાર મનુષ્યે પ્રથમ અશુભ કર્મને હઠાવવા શુભ કર્મમાં ઘણોજ વધારો કરવો. આ શુભ કર્મનો

કાંઈ દુનિયા સંબંધી પાંચ ઇંદ્રિયોને પોષણ આપનારા સુખ ભોગવવા નિમિત્તે કરવાનો નથી. કેમકે તેની કોઇ પણ જાતની ઈચ્છા કે આશાથી તે કર્મ કરાતાં હોય તો તે પણ એક જાતના બંધન તરીકે પોતાનું ફળ આપ્યા વિના રહેશે નહિં. એટલે તે ભોગવ્યાથીજ છુટકો થશે—જો એમ કરવામાં આવશે તો તે શુભ કર્મો આવરણમાં વધારો કરનારા થવા સાથે આત્મભાન ભૂલાવનારાં થશે. વળી તે કર્મોથી અશુભના જેટલી કે, પ્રસંગે તેનાથી પણ વધારે મુશ્કેલીમાં આપણને ઉતરવું પડશે. કારણ કે મનુષ્યોને દુઃખના પ્રસંગે તો કોઈ પણ વખત પરમાત્માનું સ્મરણ થઈ આવે છે. દુઃખમાંથી આત્મજ્ઞાનનો માર્ગ પ્રાપ્ત કરવાનાં ઘણા નિમિત્તો મળી આવે છે પણ સુખમાંથી તેવો માર્ગ ઘણા થોડાનેજ હાથ લાગે છે. દુઃખી મનુષ્યોજ ઘણા સારા શોધકો નિવડયા છે. પરમાર્થમાં પણ તેઓ આગળ વધેલા છે. દુઃખના પ્રસંગોથી આત્મબળ ઘણી સહેલાઇથી બહાર આવી શકે છે. અનેક વિપત્તિઓ આવી પડવાથી વિચારવાને તે મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાના માર્ગો જડી આવે છે. આવા પ્રસંગે કોઈ પણ મદદગાર ન હોવાથી તે પોતાની ભુજા ઉપર ઝુઝે છે, તે મદદના અભાવે પોતાના પગ ઉપર ઉભો રહેતાં શીખે છે. બધી બાજુનાં બંધનો દુઃખ વખતે છુટી જતાં હોવાથી તેનું હૃદય બાહ્ય વિષયોથી વિરક્ત બને છે અને તેને લઇને સુખી થવા માટે તે આત્મજ્ઞાનના માર્ગમાં ઘણી સહેલાઈથી પણ પુરજોસથી પ્રવેશ કરે છે. અને એક દૃષ્ટિથી પોતાનો માર્ગ ખુલ્લો કરે છે. આ માટે દુઃખ તો ઉપયોગી છે.

છતાં આંહી શુભમાં જે વધારો કરવાનું કહેવામાં આવે છે, તે એટલા માટે છે કે, તેના ફળની આશા કે ઇચ્છા રાખ્યા વિના અભિમાન કે રાગદ્વેષની પરિણતિ કર્યા વિના, આત્મ ઉપયોગની જાગૃતિ સાથે જો સારા કાર્યોમાં પ્રવૃત્તિ

કરવામાં આવે છે તો તેથી નવીન બંધ થતો નથી અને પૂર્વના અશુભ કર્મને ધક્કો લાગે છે. અશુભ કર્મ આ શુભ કર્મના ધક્કાથી ખસી જાય છે. અથવા શુભકર્મરૂપે બદલાઈ જાય છે. તે માટે આ શુભ કર્મમાં પ્રવૃત્તિ કરવાની છે.

જેમ એક નદીના ધરા (ખાડા)માં પાણી ભરાઈ રહેલું હોય છે તેમાં આવક ન હોવાથી તથા કચરો એકઠો થવાથી તે પાણી ગંધાઈ જાય છે. લીલ ફુલ વિગેરે કારણોથી તે પાણી બગડી જાય છે, તેજ ખાડામાં ચોમાસામાં ચાલુ પ્રવાહથી પાણીનો એકદમ તેમાં વધારો થાય છે ત્યારે પૂર્વનું પાણી આ નવા પાણીના ધક્કાથી બાહાર નીકળી જાય છે અને તે મેલા પાણીની જગ્યા આ નવું શુદ્ધ–ચોકખું પાણી લે છે. આવીજ રીતે શુભ કર્મની અધિકતાથી જુના ગંધાયેલા પાણી તરિકે સત્તામાં રહેલું પુર્વનું પાપ ચાલ્યું જાય છે અને તેની જગ્યા પુન્ય–શુભ પ્રવૃત્તિ લે છે. આ શુભ પ્રવૃત્તિ કાંઈ પણ આશા કે ઈચ્છા વિના, અશુદ્ધ અભિમાન રહિત કરાતી હોવાથી તેમજ આત્મ જાગૃતિપુર્વક કરાતી હોવાથી દુઃખદાઈ બંધન-રૂપ થતી નથી.

અનેક પ્રકારની મલીન ઈચ્છાઓ મનમાં રહેલી હોય ત્યાં સુધી શરૂઆતમાં શુભ કર્મ કરવાની મનુષ્યોને ઘણી જરૂરી-આત છે. આ અશુભ પ્રકૃતિ વધારે હોય ત્યાં સુધી આત્મજ્ઞા-નની અસર કાંઈપણ થતી નથી, માટે અનેક પ્રકારનાં વ્રત, તપ, જપ, નિયમો ગ્રહણ કરવાં, દાન દેવું અને વિવિધ પ્રકારના પરોપકારો કરવા એ આગળ વધવાનો ઘણો સારો માર્ગ છે.

આ પરોપકારનાં કાર્યો પોતાની શક્તિ અનુસારે તનથી, મનથી, વચનથી, ધનથી અનેક પ્રકારે કરી શકાય છે. તમારી પાસે દાનશાળા બંધાવવાની શક્તિ ન હોય તો પણ તમે ઘેર માંગવા આવેલા ગરિબ મનુષ્યોને રોટલાનો

ફડકો તો આપી શકો તેમ છો. તમે તળાવો ન બંધાવી શકો પણ તૃષાતુર માણસને પાણીનો કળશો તો પાઇ શકો તેમ છો. તમે દવાખાનાં બંધાવી ન શકો તોપણ ગરીબ પાડોશીને-કે નિરાધાર મનુષ્યને મરી, સુંઠ, કે હીંગાષ્ટકની ફાકી તો આપી શકો તેમ છો. તમે નવા રસ્તાઓ ન બંધાવી શકો તેમ હો તથાપિ કોઇને રસ્તો તો બતાવી શકો તેમ છો. તમે નવી પાઠશાળાઓ સ્થાપન ન કરી શકો તેમ હો તથાપિ કોઈને સારી સલાહ તો આપી શકો તેમ છો. તમે નવી લાયબ્રેરીઓ સ્થાપી ન શકો તથાપિ તમારી પાસેનું વધારાનું પુસ્તક તો કોઇને વાંચવા આપી શકો તેમ છો. તમે નવી ધર્મશાળા બંધાવી ન શકો તો પણ કોઈ દુઃખી વટેમાર્ગુને તમારા ઘરના બાહારનો ઓટલો તો બેસવા આપી શકો તેમ છો. મતલબ કે, તમે જાતે કરો. બીજા આગળ પરોપકાર કરાવો. તમારા સહવાસમા આવનાર ધનાઢ્ય વર્ગને તેનો ઉપદેશ-કે સારી સલાહ આપો. એમ ગમે તે પ્રકારે શરીરથી, વચનથી, ધનથી-અને છેવટે કાંઇ ન બની શકે તો મનથી પણ સર્વ કોઇનું સારૂં ઈચ્છો. પણ તમારા પોતાના ભલા માટે, તમારા પોતાને આગળ વધવા માટે તમે સારાં કામ કરો. આપો તો મળશે. તમને આગળ વધવા માટે બીજાની મદદની જરૂર છે તો તમે તમારી શક્તિ અનુસાર બીજાને મદદ આપો. આપો તેવું લ્યો-વાવો તેવું લણો.

આ વ્રત, તપ, જપ, નિયમ, પરોપકાર આદિ કાર્યમાં પુરતી લાગણી હોવી જોઈએ. જેટલા જોરથી અને જેટલી લાગણીથી તમારો ધર્મકાર્યમાં પ્રયત્ન ચાલુ હશે તેટલા પ્રમાણમાં તમને વહેલો આત્મલાભ મળશે. કર્મ મળ ધોવાઈ જશે. જેમ કોઈ બ્રાહ્મણ હોય, અટવી ઉતરીને આવ્યો હોય, દરીદ્ર હોય, ઘણા દિવસનો ભુખ્યો હોય, શરીર દુર્બળ થયું હોય, તેને કોઇએ ઘેબરનું કે લાડુનું ભોજન ખાવા આપ્યું હોય તો આ બ્રાહ્મણ ખાવામાં કાંઈ કચાશ રાખે ખરો કે? એક જાતનો બ્રાહ્મણ એટલે લાડુ તરફ

સ્વાભાવિકજ પ્રીતિવાળો હોય, તેમાં પાછો ગરીબ હોય, વળી ભુખ્યો હોય, અટવી ઓલંઘીને આવેલો હોય. એક એકથી ચડીઆતાં નિમિત્તો તેને ભોજન કરવામાં મદદગાર છે. હવે તે 'બ્રાહ્મણ જો આ વખતે ખાવામાં કચાશ રાખે તો તેના જેવો બીજો કોઇ નિર્ભાગી ન ગણાય. તેવીજ રીતે અનાદિકાળથી દુનિયારૂપ અટવીમાં આથડતો આ જીવ, કોઈ વખત ધર્મ પ્રાપ્ત નહિ થયેલો એટલે ધર્મ વિનાનો ભુખ્યો થયેલ, વળી ધર્મરૂપ ધન વિનાનો એટલે નિર્ધન, તથા પોતે શુદ્ધ આત્મસ્વરૂપ છે. બ્રાહ્મણની જેમ લાડુ તરફ પ્રીતિ, તેમ આત્મધર્મ તરફ સ્વભાવિક પૂર્ણ પ્રીતિવાળો અને આંહી સદ્ગુરૂ ધર્મ ઉપેદષ્ટાનો સમાગમ થવા સાથે, આર્ય દેશ, ઉત્તમ કુળ, મનુષ્ય જન્મ, પાંચ ઇંદ્રિયપૂરી, નિરોગી શરીર, લાંબુ આયુષ્ય અને ધર્મ કરવાના નિમિત્તો આ સર્વ સામગ્રી મળ્યા છતાં જો આ જીવરૂપ બ્રાહ્મણ હવે લાડુ ખાવારૂપ ધર્મકાર્ય કરવામાં પાછળ રહે તો તેના જેવો બીજો નિર્ભાગી કોણ ગણાય ? મતલબ કે આ લાડુ કે ઘેવર જમવામાં બ્રાહ્મણની જે પ્રીતિ છે તેના કરતાં આ જીવને ધર્મકાર્ય કરવામાં હજારો ગણી વિશેષ પ્રીતિ આ સમ્યગ્દૃષ્ટિ થયા પછી થાય છે. આવી લાગણી કે ધર્મ કરવા તરફ પ્રીતિ હોય તો સમજવું કે સમ્યગ્દૃષ્ટિ ખરેખર થઇ છે. આંહી વિશેષ એટલો છે કે કોઇ પૂર્વકર્મના પ્રબળ ઉદયને લઇ આટલે દરજ્જે ધર્મકાર્ય ન કરી શકતો હોય તોપણ તેના મનથી ધર્મ કરવા તરફ પુર્ણ અભિલાષા તો હોય છેજ. અને આવી તીવ્ર ધર્મકાર્ય કરવાની ઇચ્છાથી તે થોડા વખતમાં પોતાનો માર્ગ ચાલુ કરી શકે છે. આ સમ્યગ્દૃષ્ટિનું બીજું ચિન્હ છે.

## ચિન્હ ત્રીજું.

### દેવ ગુરૂની વૈયાવચ્ચનો નિયમ કરવો

દેવ, આરાધન કરવા યોગ્ય વીતરાગ–તીર્થંકર દેવ, ગુરૂ-આચાર્ય

ધર્મોપદેશક આત્મસ્વરૂપમાં જાગૃત થયેલ–તેમની પૂજા તથા વિશ્રામણા. (ભક્તિ) કરવાનો નિરંતરને માટે નિશ્ચય કરવો.

દેવની પૂજા શા માટે કરવી? અને ગુરૂની વિશ્રામણા–સેવા ભકિત શા માટે કરવી?

દેવ થવા માટે દેવની પૂજા કરવી. અરે ગુરૂસ્વરૂપ થવા માટે ગુરૂની ભકિત કરવી. દેવ શુદ્ધ સ્વરૂમ આત્મા છે. અને ગુરૂ શુધ્ધ સ્વરૂપના ઉપાસક આત્મા છે પહેલા પૂર્ણ છે. બીજા પૂર્ણતાના અભ્યાસી છે. પહેલા પ્રત્યક્ષ જ્ઞાનવાળા છે બીજા પરોક્ષ જ્ઞાનધારક છે.

આપણા માટે આપણી દૃષ્ટિથી દેવ અગોચર છે. તેનું સ્વરૂપ અત્યારે આપણને પ્રત્યક્ષ નથી. કેમકે તેઓ દેહરહિત એટલે વિદેહ સ્થીતિ પામેલા છે. સર્વ કર્મથી મુકત–દેહાતિત થયેલ છે.

ગુરૂ–શુદ્ધ આત્મસ્વરૂપના ઉપાસક અત્યારે પ્રત્યક્ષ છે. એટલે તેની ઉપાસના આપણાથી અત્યારે થઈ શકે તેમ છે. જેની દૃષ્ટિ મનની પાર રહેલ પરમાત્માને જાણવા, સમજવા, અનુભવવાને સમર્થ છે તે તેની આત્મ પૂજા કરે. અને જેની દૃષ્ટિ તે પરમાત્માના અગમ સ્વરૂપને પહોંચવાને સમર્થ નથી તેમણે પોતાથી અધિક જાગૃત દષ્ટિવાળા ગુરૂની વિશ્રામણા–ભકિત કરવી.

શ્રેણિક રાજાએ ભગવાન મહાવીર દેવની બાહ્ય તથા અંતર્પૂજા કરવાનો નિયમ લીધો હતો. તેમ સમ્યગ્દૃષ્ટિવાળા જીવોએ તેવો અભિગ્રહ લેવાની જરૂર છે. કહે છે કે, ભગવાન મહાવીર દેવ જે દિશા તરફ વિચરતા હતા, તે તરફની શ્રેણિક રાજા પોતાના મનુષ્યોદ્વારા ખબર નિત્ય મેળવતો હતો, અને પ્રાતઃકાળમાં તે દિશા તરફ દૃષ્ટિ આપી એકસો આઠ સોનાના જવનો સાથીઓ કરી તેમની સ્તુતિ કરતો હતો. વ્યવહારિક પ્રસંગમાં પણ પરમાત્માનું વિસ્મરણ ન થઈ જાય તે માટે

પાસેના મનુષ્યોને કાર્ય પ્રસંગે વીરના નામથી બોલાવતો હતો, અને તે દ્વારા પણ પરમાત્મા મહાવીરનું સ્મરણ કાયમ માટે હૃદયથી કે વચનથી મુકતો ન હતો. જ્યારે જ્યારે વ્યવહારિક પ્રસંગથી તે ફારગત થતો હતો. ત્યારે ત્યારે તે વીર પ્રભુના સ્વરૂપમાં પોતાનું મન મેળવી દઇ તદાકાર રહેતો હતો. જેટલો વખત તે રાજા મહાવીર પ્રભુના સ્વરૂપમાં લીન થઇ પોતાનું ભાન ભૂલી જતો હતો તેટલો વખત તે મહાવીરપ્રભુના સ્વરૂપે થઈ રહેતો હતો–મહાવીરના સ્વરૂપનોજ અનુભવ કરતો હતો. ખરી વાત છે, લોઢું જ્યારે અગ્નિની સોબતમાં આવી તદાકાર થઇ જાય છે ત્યારે પોતાનો લોઢાનો સ્વભાવ ભૂલી જઇ, અગ્નિ દેખાવ અને સ્વભાવ ધારણ કરે છે; એ અવસરે તે લોઢાની પાસે જે વસ્તુ મુકવામાં આવે છે તેને અગ્નિના સ્વભાવ પ્રમાણેનોજ ઈન્સાફ તે આપે છે. મતલબ કે તે તેને બાળી નાખે છે. આવીજ રીતે જ્યારે આ **મન**, આત્માના શુદ્ધ સ્વરૂપમાં તદાકારે પરિણમે છે--લીન થઈ જાય છે ત્યારે તેનામાં આત્માના શુદ્ધ સ્વરૂપની શક્તિ આવે છે.

મહારાજા શ્રેણિકનું આંતરૂજીવન--કે આંતરૂપરમાત્મપુજન આવી જાતનું હતું, તે પોતાના મનને ભગવાન મહાવીરના સ્વરૂપમાં ગાળી નાખતો હતો. દેહ સુદ્ધાંનું પણ ભાન ભૂલી તે પ્રભુના શુધ્ધ સ્વરૂપમાં તદાકાર થઈ રહેતો હતો. આ કારણને લઇ તેણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું

જે મનુષ્ય જેની ઉપાસના કરે છે તે તેવા સ્વરૂપે પરિણમે છે--તેવા સ્વરૂપનો અનુભવ કરે છે. કામી મનુષ્ય પોતાનું મન કામવૃત્તિના આકારે પરિણામે છે તેથી તેના મનમાં અને

શરીરમાં કામની ઉત્પત્તિ થાય છે કોઈ મનુષ્ય ક્રોધની ઉપાસના કરે છે એટલે અમુક નિમિત્ત પામી પોતાના મનને ક્રોધને આકારે પરિણમાવે છે તેથી તેના આખા શરીરમાં ક્રોધ થઈ આવે છે. મહારાજા શ્રેણિકે ભગવાન મહાવીરના તીર્થંકર સ્વરૂપની ઉપાસના કરી હતી. અહોનિશ પોતાને મળતા વખતમાં તેવે આકારે મનને પરિણમાવ્યું હતું. તેનાજ વિચારો કર્યા હતા, તેનીજ ભાવના કરી હતી. તેનાજ દૃઢ સંસ્કારો હૃદયપર પડયા હતા. તેથી તે સ્થીતિને લાયક કારણો મેળવ્યાં હતાં અને આ કારણોના પરિણામરૂપ કાર્ય તે આગામી ચોવીશીમાં તીર્થંકરપણે ઉત્પન્ન થશે, અને ભગવાન મહાવીર દેવની માફક શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરી સ્વરૂપ નિયત થશે.

આ ઉપરથી આપણે પોતાને એ સમજવું છે કે, આપણને જે સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય અને અત્યારે આપણામાં જે સ્થિતિ પ્રાપ્ત કરવાની અનુકુળતાવાળી યોગ્યતા હોય તેનું તે પ્રમાણે આરાધન–પૂજન કરવું. મનને જે જાતનું શિક્ષણ મળે છે–જે જાતનું પોષણ મળે છે–જેવા સ્વરૂપે પરિણામાવવામાં આવે છે, જેથી વાત મનાવવામાં આવે છે, તે તે જાતનું અભિમાન લઇ મન, 'તે તે હું' છું, એમ માને છે. એક વ્યવહારિક દૃષ્ટાંત લ્યો. એક માણસ મજુરીનો ધંધો કરતો હતો. પોતે હુંશીયાર અને ચાલાક હતો. તેને પોલીસની જગ્યાએ નોકરી મળી. તે નોકરી મળી કે તરત જ પોતાને તે પોલીસ માનવા લાગ્યો અને બોલવું, ચાલવું દરેષ વિગેરે સર્વ પોલીસ પ્રમાણેજ રાખવા લાગ્યો. ગુન્હેગારોને અટકાવવા, શહેર વિગેરેની દેખરેખ રાખવી, કોઇના ઉપર જરૂરીયાત જેટલો હુકમ કરવો, આ સર્વ તે કરવા લાગ્યો. તેનું મન અત્યારે પોલીસપણાનું અભિમાની થઈ રહ્યું હતું. પોતે પણ પોતાને પોલીસ માનતો હતો. લોકો પણ પોલીસ કહેતાં હતા, અને કામ પણ

પોલીસપણાનું કરતો હતો. તેનાં તેજ માણસને કેટલાક વખત પછી સારી નોકરી કરવાના બદલા તરીકે જમાદાર બનાવવામાં આવ્યો, ત્યારપછી તેને ફોજદાર બનાવવામાં આવ્યો, એટલે તેનું મન હવે ફોજદારપણાનું અભિમાની થયું, ગુન્હેગારોને મારપીટ કરી ગુન્હા મનાવવા. ઘોડેસ્વાર થઈ અનેક સ્થળે ગુન્હાઓ શોધવા માટે ફરવું, જુદા જુદા વેષો પલટીને ફરવું, ઈત્યાદિ કાર્ય કરવા લાગ્યો. આ માણસ તો તેનો તેજ છે, શરીર પણ હજી તેનું તેજ છે, મન પણ તેજ છે, પણ અત્યારની તેની ક્રિયા બદલાઇ છે, તેને લઇને લોકો તેને ફોજદાર કહે છે. તે કામ પણ તેવાં કરે છે. તેનું અભિમાની મન પણ પોતાને ફોજદાર માને છે. આવીજ રીતે ઉંચા ઉંચા હોદ્દા મળતા ગયા, અને એક વખત બધા સૈન્યનો ઉપરી સેનાધિપતિ થયો. આ સર્વ સ્થળે શરીર, મન અને જીવ તેજ છે. છતાં અમુક અમુક જાતની શક્તિઓ તેનામાં જેમ જેમ ખીલતી ગઈ તેમ તેમ અભિમાની મન તે તે હું છું એમ માનતું ગયું.

આવીજ રીતે પરમાર્થમાર્ગ તરફ નજર કરીએ તો ત્યાં પણ આજ ક્રમ જણાય છે. જીવ આનો આ છે. શરીર આનો આ છે. મન તેનું તેજ છે. છતાં જેમ જેમ પોતાની શક્તિઓ કેળવાતી જાય છે–વિકાશ પામતી રહે છે, તેમ તેમ તે જુદી જાતની પ્રવૃત્તિ કરે છે, અને તે પ્રવૃત્તિના પ્રમાણમાં લોકો તેને જુદાં જુદાં નામ આપે છે, અને અભિમાની મન તે તે હું છું એમ માનતું ચાલે છે. આ સર્વ નામ અને ક્રિયાઓમા ફેરફાર થાય છે, માટે તે અનિત્ય છે. પણ જે ભીંતના ઉપર આ ચિત્રામણો કઢાય છે. એટલે જે આત્મારૂપ આધાર ઉપર આ સર્વ નામ અને ક્રિયાઓ રૂપી ફેરફારો થયા કરે છે તે આત્મા તો તેનો તેજ છે. જેમ જેમ ક્રિયાઓ અને નામ બદલાતાં જાય છે. તેમ તેમ મન પોતાને ઉત્તમ–અધમ વિગેરે માને છે. છતાં

આત્મા તો તેનો તેજ છે.

આ સર્વ વિકાસ એ એક જાતનો અભ્યાસ છે. જેવું જેવું આલંબન લઈ તે અભ્યાસ આગળ વધારવામાં આવે છે. તેવી તેવી સ્થિતિનો અનુભવ મેળવાતો જાય છે. જ્યારે આ મન એક ગૃહસ્થધર્મને લાયક સદ્‌ગુણો મેળવીને તે પ્રમાણે જ્ઞાન-ક્રિયામાં વધારો કરે છે ત્યારે તે શ્રાવક કહેવાય છે. તેજ મન જ્યારે સાધુપણાના ગુણો ધારણ કરે છે ત્યારે પોતાને સાધુ માને છે, ક્રિયા પણ તેવી જ કરે છે. લોકો પણ તેને સાધુ કહે છે. આ વખતે શરીર, મન, જીવ અને લોકો તે તો પૂર્વે હતાં તેનાં તેજ છે, પણ ક્રિયા–ગુણો બદલાતાં લોકો અને પોતે પોતાને તે તે રૂપે માને છે. ત્યાંથી આગળ ઉપાધ્યાયજીનું આલંબન સન્મુખ રાખી, મનને તેવા તેના સદ્‌ગુણોરૂપે પરિણમાવે છે. આખા શરીરની ક્રિયા તેવા રૂપે થાય છે ત્યારે તે ઉપાધ્યાયજી કહેવાય છે. ત્યાર પછી આચાર્યશ્રીજીના સદ્‌ગુણનો અરિસો સન્મુખ રાખી મનને તેવા તેવા સદ્‌ગુણોરૂપે પરિણમાવે છે, શરીરથી તેવી પ્રવૃત્તિ કરે છે અને તે સદ્‌ગુણોરૂપે સર્વથા એકરસ થઈ રહે છે ત્યારે લોકો તેને આચાર્ય કહે છે. પોતાનું અભિમાની મન પોતાને આચાર્ય માને છે. પ્રવૃત્તિ પણ સૂત્ર અર્થની વાચના આપવી, છત્રીશ ગુણ ધારણ કરવા. અને સમુદાયને સન્માર્ગે દોરવવો વિગેરે તે તે પ્રમાણેજ થાય છે.

આજ આચાર્ય શ્રી જ્યારે તીર્થંકરદેવનું આલંબન સન્મુખ રાખી તેના જેવો થવા પ્રવૃત્તિ કરે છે. મનને તેવા તેવા આત્મભાવે પરિણમાવે છે. કામ, ક્રોધ, માયા, લોભ રાગ દ્વેષાદિને સર્વથા કાઢી નાખે છે. પોતાને શુદ્ધ જ્ઞાન આનંદ સ્વરૂપ માને છે તે પ્રમાણે અનુભવ કરે છે. આ અનુભવ થોડા વખત માટે નહિ પણ સદાને માટે આ સ્થીતિ બની રહે છે ત્યારે તે કેવલજ્ઞાની કહેવાય છે અને દેહથી સર્વ કર્મો સાથે મુક્ત થતાં,

સિદ્ધદશા પામ્યા–સિદ્ધસ્વરૂપ થયા. બ્રહ્મસ્વરૂપ થઈ રહ્યા–એમ કહેવાય છે.

આ સર્વ કહેવાનો મતલબ એવો છે કે આત્મા તો તેનો તેજ છે. પણ ઉત્તમ નિમિત્તોને પામી, ઉત્તમ આલંબન લઈ તે તે પ્રમાણે અનુક્રમે ચડતો જાય છે. દરેક ભૂમિકાનો અનુભવ કરતો ચાલે છે. મનને તે તે પ્રમાણે પરિણમાવતો જાય છે. ત્યારે આ આત્માજ–શ્રાવક, સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરહિંત, અને સિદ્ધ થઇ શકે છે. સત્તાગતે આત્મા સિદ્ધસ્વરૂપે છે તેજ આંહી પ્રગટ અનુભવરૂપે સિદ્ધસ્વરૂપ થઇ રહે છે.

દેવ અને ગુરૂની પૂજા કરવી, વિશ્રામણુ કરવી. તેનો નિશ્ચય–કે નિયમ ગ્રહણુ કરવો તેનું અંતિમ (છેવટનું) પરિણામ આજ છે કે, તે તે રૂપે થવા માટે તે તે સ્થીતિમાં રહેલા મહાન્ પુરૂષોનું આલંબન લેવું. પૂજા કરવી–ભક્તિ કરવી અને જેવી પોતાની લાગણી, મહાન્ પ્રયત્ન, તથા ઉત્તમ આલંબન, તેના પ્રમાણુમાં તે તે કાર્ય સિદ્ધ થાય છે. માટે ઉત્રમ આલંબન લઇ, તે પ્રમાણે, તદાકારરૂપે મનને પરિણમાવવાનો પ્રયત્ન અવશ્ય ચાલુ રાખવો જેના પરિણામે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થઇ રહે છે.

એમ સાંભળવામાં આવ્યું છે કે, મગધદેશના મહારાજા શ્રીમાન શ્રેણિક રાજાએ પોતાના મનને ભગવાન મહાવીરદેવના સ્વરૂપમાં લીન કરી દીધું હતું. તેના નામનું સ્મરણ અને તેના શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરવામાં પોતાની સાતે ધાતુને ભેદી નાખી હતી. આખું શરીર મહાવીરના નામને સ્મરણ કરતું હતું. જ્યારે તે મહારાજાના શબને (મૃતક દેહને) અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યારે ચિતામાં બળતા તેના શરીરમાં વીર ! વીર !! વીર !!! આવા શબ્દો નીકળતા હતા. આજ અરાધના ! આજ સેવન ! આજ વિશ્રામણા ! આજ ભક્તિ ! આવી રીતનુંજ પરિણમન ! અને

તીર્થંકર નામકર્મ આવી તદાકાર ભક્તિથીજ બાંધી શકાય! ધન્ય છે! ધન્ય છે!! ધન્ય છે!!! તે મહાત્માને ધન્ય છે. જેનાં શરીર, વાણી અને મન એકાકાર-એકરસ થઈ રહ્યાં છે.

આંહી કોઇ શંકા કરે છે કે. મનને જ્યારે કોઈ ઉત્તમ ધ્યેયમાં જોડીએ છીએ, અથવા કોઇ ઉત્તમ ધ્યેયાકારે પરિણમાવીએ છીએ, ત્યારે બીજા વિચારાંતરો આવીને તે ચાલુ પ્રવાહોને તોડી નાખી, મનનું બીજા વિચારાંતરોમાં ઘસડાઈ જવું થાય છે, આનું કારણ શું હશે?

આનો ઉત્તર એ કે, તમે પોતે જે જે ભાવનાઓ કરી છે, જે જે વાસનાઓ પોષણ આપ્યું છે, જે જે ઇચ્છાઓને નિમંત્રણ આપ્યું છે, તે તે ભાવનાઓ-વાસનાઓ કે ઈચ્છાઓ વખત આંચે તમારી આગળ હાજર થાય છે.

તમે કદાચ એમ કહેશો કે તેઓ સર્વે બીજા કોઇ વખતે ન આવતાં કાંઈક પરમાત્મસ્મરણ, ધ્યાન, પૂજન, કે ઉત્તમ ક્રિયાઓમાં એકાગ્ર થતા હોઇએ ત્યારેજ શા માટે આવે છે અને બીજા વખતે કેમ નથી આવતી?

આનો ઉત્તર એ છે કે, આ વિચારો તો નિમંત્રણો કરી જમવા બોલાવેલા તમારા માનવંતા પરોણા છે. તે તમારા વ્યવહારના પ્રપંચ વખતે તમે કોઈ કામમાં રોકાયેલા હોય ત્યારે શેના આવે? સારી સારી તૈયારી કરી તમે કાંઈ નવીન અનુભવ લેવાની-રસોઈરૂપ તૈયારી કરી હોય ત્યારેજ વચમાં જમવા માટે આવી, તમારા અંતઃકરણની નિમંત્રણાની ઇચ્છાઓ-વાસનાઓને તમારી આગળ રજુ કરતા હોય તેમ તમારી આગળ ખડા થાય છે. તે કહે કે તમે અમને ઘણીવાર યાદ કરતા હતા. વાર-

વાર એમને બોલાવતા હતા માટે આ વખતે અમે આવ્યા છીએ, મતલબ કહેવાની એ છે કે મલીન વાસનાઓરૂપ મફતનો માલ, શુભકાર્ય કર્યા વિના એકલા વિચારોથી ફળ મેળવી લેવાની ઈચ્છાઓ તે આપણા ભલા કામમાં કેવળ વિઘ્નરૂપ થાય છે.

તમે તમારા વિચારોનું પૃથક્કરણ કરશો તો તમને સમજાશે કે જે વિચારોને તમે વધારે વખત પોષણ આપ્યું છે. જેની તમે પ્રબળ ઈચ્છા કરી છે. વારંવાર જેનું સ્મરણ કર્યું છે, જેમાં વધારે વખત દીલ ચોટાયું છે, તેજ જાતના વિચારો તમને આવા ધર્મક્રિયાના વખતમાં હેરાન કરવા આવતા માલુમ પડશે.

✓ ધાર્મિક ક્રિયાના ચાલુ વખતમાં વિચારો આવવાનું બીજું કારણ એ સમજાય છે કે, તમે અત્યારે ઉત્તમ વિચારોમાં, દેવપુજનમાં, ઈષ્ટદેવના સ્મરણમાં, મનની એકાગ્રતામાં કે ઉત્તમ ધાર્મિક ક્રિયાઓ કરી રહ્યા છો. આ ક્રિયામાં એક જાતનું પ્રબળ જોર છે. તેને લઈને તમારા તરફ શુભ પુન્યનાં પુદ્ગલો ખેંચાઇ આવે છે. તથા જાગૃતિપૂર્વક અભિમાન રહિત કરાતી ક્રિયામાં એક જાતની અગ્નિ રહેલી છે—ગરમી રહેલી છે તે ગરમીને લઈને પૂર્વના મલીન સંસ્કારવાળા અશુભ પુદ્ગલો પીગળવા માંડે છે. આત્મપ્રદેશથી ખસવા માંડે છે. તેનાથી સત્ય સ્વરૂપની ગરમી સહન થતી ન હોવાથી હવે તમારી પાસેથી ભાગવા માંડે છે. એ નાસતાં નાસતાં પોતાનું સ્વરૂપ તમને દેખાડતા જાય છે. તમને કહેતા જાય છે કે હવે અમે જઈએ છીએ. અમારી મુદત પુરી ગઈ છે. આ સ્થાન હવે અમારે રહેવા લાયક રહ્યું નથી એટલે હવે અમે જઈએ છીએ. તમારી ઈચ્છા હોય તો ફરી આમંત્રણ આપજો એટલે પાછા અમે આવીશું.

આત્મ ઉપયોગની જાગૃતિથી કર્મો નિર્જરી જાય છે. એ વાત અનુભવ તથા શાસ્ત્રસિદ્ધ છે અને તેવા હલકા વિચારો ચાલ્યા જાય છે તે આ આંખથી જોઇ શકાય તેવા નથી, છતાં પવિત્ર મનવાળાને, વિશુદ્ધ અધ્યવસાયવાળાને તે આંતરદષ્ટિથી દેખાય છે—અનુભવાય છે. જાગૃતિ વિનાના અને મલીન મનવાળાને તે વિચારો આવે છે કે જાય છે તેવું ભાન હોતું નથી.

જાગૃતિપૂર્વક અભિમાનરહિત કરાતી ક્રિયામાં રહેલી ગરમી સંબંધી આ વાત થઈ, હવે ઓછી જાગૃતિવાળી પણ શુભ ક્રિયામાં--જાપમાં--કે તેવીજ માનસીક ક્રિયામાં પણ બીજી જાતનું જોર હોય છે તેને લઇને શુભપુન્યનાં પુદ્ગલો પોતા તરફ આકર્ષાય છે. તેને રહેવાને માટે સ્થાન તો જોઇએજ. આ શુભ ક્રિયાના જોરથી આવેલા પુન્ય પુદ્ગલોના ધક્કાથી, જુના મલીન વાસનાવાળાં પુદ્ગલો,--અશુભ પાપનાં પુદ્ગલો ઠેલાય છે, બહાર નીકળે છે, દેખાવ આપી વિસર્જન થાય છે. તેને લઈને પણ ઉત્તમ ક્રિયા કરતા હોઈએ તે વખતે આપણને હલકા વિચારો આવે છે, પણ આવા ચાલુ ક્રિયા સિવાયના નિરૂપયોગી વિચારો આવે તો પણ તમારે ગભરાવું કે અકળાવું નહિ--હિમ્મત હારી નાસીપાસ ન થવું. પણ તે વખતે ચાલુ વિચાર, જાપ, ધ્યાન કે કોઈ તેવી જ જે ક્રિયા કરતા હો તે ક્રિયા બંધ કરીને તરતજ તે આવેલા વિચારને પકડીને વિવેકજ્ઞાનથી તેને છિન્નભિન્ન કરી નાખી તેનું નિરૂપયોગીપણું તેનાથી થતા નુકશાન વિગેરેની મનને ખાત્રી કરી આપવી. જો આવી ખાત્રી મનને કરાવી આપ્યા સિવાય તે વિચારને એમને એમ ચાલ્યા જવા દેશો તો હમણાં જાગૃતિ અને ચાલુ ક્રિયાના બળને લઇ તમને હેરાન નહિ કરે પણ તેણે ઘર દીઠેલું હોવાથી સહજ નિમંત્રણ કરતાં, એટલે તેવું કોઈ નિમિત્ત મળતાં તમે તેને યાદ કરતાં તે ટેવાઇ ગયેલા હોવાથી તરત આવીને હાજર થશે અને તે વખતે વિચારાદિનું બળ

તમારૂં મંદ હશે, તમારી આત્મજાગૃવિ ઓછી હશે, તો પાછા તે તમને વિશેષ પ્રકારે હેરાન કરશે. અને હલકી વાસના ઉત્પન્ન કરાવી તેમાં તે પ્રવૃત્તિ કરાવશે. આ માટે તે વિચારને તમારે આખા ને આખા જવા ન દેવા પણ પ્રતિપક્ષી વિચારોથી તેનો કચડઘાણ કાઢી, ખોખરા કરી કાઢી મૂકવા જે ફરીને તમારી પાસે આવતાં વિચાર કરે.

આ ઠેકાણે તમારે ગફલતમાં ન રહેવું કે, આ વાત ઉપર જ ચોક્કસ લક્ષ બાંધી ન બેસવું કે આપણા શુભ કર્મના જોરથી નબળા વિચારો બહાર નીકળે છે તેજ આ હલકા વિચારો ધ્યાન વખતે આવે છે. તમારી કસોટી કરવા માટે પણ વિચારાંતરો આવે છે. તમે કેટલાં આગળ વધ્યા છો ? તમારામાં વિચારાંતરોને કાઢી શકવાનું કેટલું બળ આવ્યું છે ? તેની કસોટી માટે પણ વિચારાંતરો આવે છે. જુઓ કે આવા વિચારો પણ સત્તામાં મલીન વાસના હોય તો જ આવે છે સત્તામાંથી મલીનતા સર્વથા નીકળી ગઇ હોય તો વિચારાંતરોને તમારી મરજી સિવાય તમારી પાસે આવવાનો જરાપણ હક્ક નથી. આવી શકે જ નહિં. એટલે જે આવે છે તે તમારી પાસેના જ વિચારો આવે છે.

ગમે તે કારણથી વિચારાંતરો આવતાં હોય તથાપી તેને કાઢવાને માટે આ ઉપરથી કહી આવ્યા તેજ રસ્તો છે. શુભ કે શુદ્ધ લાગણીઓ વધારો, વિચારજાગૃતિ રાખો, આત્મબળ વધારો, ઉત્તમ લાગણીઓને પોષણ આપો અને વિચારથી વિચારોને–હલકી વાસનાઓને–ઇચ્છાઓને તોડી નાખો.

આ પ્રમાણે વર્તન થવાથી તમારા આત્મ સંબંધી વિચારોમાં, કે ઉત્તમ ધ્યેયરૂપે પરિણમવવામાં કે માનસીક જાપ આદિ

કોઈ પણ કાર્યમાં વિચારાંતરો આવીને પછી હરકત કરતા નહિં થાય અને તમારો ચાલુ અખંડ પ્રવાહ ઇચ્છાનુસાર વહન થયા જ કરશે.

## દર્શનવિનય.

અરિહંત, સિદ્ધ, ચૈત્ય, શ્રુતજ્ઞાન, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સંઘ, સમ્યક્દૃષ્ટિ.—આ દશનો વિનય કરવો તેને દર્શનવિનય કહે છે.

અરિહંત એટલે તીર્થંકર. ૧. સિધ્ધ એટલે આઠ કર્મ રહિત શુધ્ધ આત્મા. ૨. ચૈત્ય એટલે જીનેશ્વર ભગવાનની મૂર્તિ ૩. શ્રુતજ્ઞાન એટલે આગમ–સિધ્ધાંત. આત્માદિના સિદ્ધાંતને કહેનારાં શાસ્ત્રો, ૪. ધર્મ–ક્ષમાદિ દસ પ્રકારનો ધર્મ. ૫. આચાર્ય ગચ્છનાં નાયક. ૬. ઉપાધ્યાય–સૂત્રના ભણાવનાર. ૭. સાધુ—આત્મસાધન કરનાર, ત્યાગીનો વર્ગ. ૮. પ્રવચન એટલે સંઘ સમુદાય. ૯. સમ્યગ્દૃષ્ટિ એટલે સમ્યગ્દર્શન ધારણ કરનાર સામાન્ય વર્ગ. ૧૦. આ દસનો વિનય કરવો.

વિનય એટલે ભક્તિ કરવી. સન્મુખ જવું, આસન આપવું, આવે ત્યારે ઉભા થવું, જાય ત્યારે થોડી ભૂમિ સુધી પાછળ જવું, અન્નાદિ યોગ્ય વસ્તુથી નિમંત્રણા કરવી વિગેરે. આ બાહ્ય ભક્તિ છે. તેનું બહુમાન કરવું, મનમાં તેના ઉપર અત્યંત પ્રીતિ રાખવી, તેમના અતિશયવાળા ગુણોનું વર્ણન કરવું, તેમની આગળ સ્તુતિ કરવી, તેમની પાછળ તેમના ગુણ બોલવા, તેમના કોઇપણ જાતના અવર્ણવાદ ન બોલવા, મન, વચન, શરીરદ્વારા કોઇપણ જાતની આશાતના ન કરવી, તેઓ પ્રત્યે પ્રતિકુળ પ્રવૃત્તિ ન કરવી, આ સર્વનું નામ દર્શનવિનય છે.

સમ્યગ્દર્શન જેનામાં પ્રગટ થયું છે તેનામાં આ વિનય હોય છે. આ અત્યંત માનસિક લાગણીવાળો બાહ્ય અને આંતર-વિનય તેવી સમ્યગ્દષ્ટિને પ્રાપ્ત થએલા મનુષ્યોમાં હોય છે, માટે તેનું નામ દર્શનવિનય રાખવામાં આવેલ છે.

વિનય શા માટે કરવો? ઉત્તર એ છે કે વિનય એ, જેના તરફ કરવામાં આવે છે તેના ગુણ તરફ કે ગુણોમાં આપણી પૂર્ણ પ્રીતિ છે તેને સૂચવનારી એક પ્રકારની લાગણી છે. તે ગુણો યોગ્ય છે, હિતકારી છે, આપણું કલ્યાણ કરનાર છે, આપણને રૂચે છે, તે ગુણો અમારામાં આવે તો ઠીક. આ હેતુથી તે ગુણોને ધરાવનારા મહાન્ પુરૂષોની આગળ આપણે તન, મન, અને ધનને નિર્માલ્ય ગણી, તેના કરતાં પણ આ મહાન્ પુરૂષોને અધિક ગણી, તેના તરફ પૂજ્યબુદ્ધિ ધારણ કરી, આ તન, મન, ધન તેમના ઉપયોગમાં આવે તો પોતાને કૃતાર્થ માની, ગમે તે ઉત્તમ પ્રકારે આપણી લાગણીઓ દર્શાવી તેમનો પ્રેમ આપણા તરફ ખેંચવો, તેમની સેવામાં હાજર થવું, અને તેમનામાં પ્રગટ થયેલા સદ્ગુણો તેમની કૃપા અને આપણા પ્રયત્નદ્વારા આપણામાં પ્રગટ કરવા આ વિનય કરવાનો હેતુ છે.

ખરી રીતે તપાસીએ તો આપણે જે સ્થિતિમાં હોઇએ, તે સ્થિતિની લાયકાતના પ્રમાણમાં જ આપણે મહાન્ પુરૂષોની ઓળખાણ કરી શકીએ છીએ, ઉપરથી ભલે આપણે તીર્થંકર સુધીની ઉંચી કોટીવાળા આત્માઓ ઉપર પ્રેમ રાખતા હોઇએ, અને તેને ઓળખવાનો દાવો કરતા હોઇએ તથાપિ ખરી રીતે આપણે તેને ઓળખી શકતા નથી. જેટલા પ્રમાણનું પાત્ર હોય તેટલા પ્રમાણમાં જ તેમાં પ્રકાશ પડે છે. તેટલા પ્રમાણમાં જ વસ્તુની ઓળખાણ થાય છે. ઓઘથી ઝવેરાતને ઓળખનાર તો ઘણા હોય છે, પણ તેની કિંમત તો ખરો ઝવેરી જ કરી શકશે.

તે સિવાયના વેપારીઓ સામાન્ય રીતે ભલે ઝવેરાતને જાણુવાનો દાવો કરે પણુ તેની કીંમત તો રાત દિવસ તેના સંસ્કારોથી, પરીચયથી તેનો અનુભવ મેળવનાર ઝવેરી જ કરી શકશે; તેવી રીતે અહોનિશ આત્મ વિચાર કરનાર, સત્સંગ કરનાર, હૃદયને પવિત્ર કરનાર, તેનું અનુકરણુ કરનાર, તેવા મહાન પુરૂષોના સંગમાં આવનાર મનુષ્ય જ ઉંચી કોટીના મનુષ્યોને ઓળખી શકે છે તેથી જ હૃદયના બહુમાનપૂર્વક તેઓનો વિનય કરી શકે છે.

અધિકાર સિવાય જ્ઞાનીને ઓળખી નજ શકાય. આંહી કોઇને શંકા થશે કે અમે આગળ હજારો વર્ષ ઉપર થઈ ગયેલ મહાત્માઓને ઓળખીએ છીએ, નહિતર તેઓનું સ્મરણુ, પૂજન, નમન, વંદન કેમ કરીએ ? આ કહેનારે યાદ રાખવું જોઇએ કે તમે તેને ઓળખી શકયાં જ નથી લોકોના કહેવાથી કે કુળ ધર્મના આગ્રહથી, કે પુસ્તકો દ્વારા તમે તેને ઓળખી શકયા છો પણુ કદાચ અત્યારે તે મહાપુરૂષો સાક્ષાત્ વિચારતા હોય તો તેને ઓળખનાર તેવી સ્થિતિ વિનાના, કે કાંઈ હૃદયની નિર્મળતાથી અધિકાર પામેલાઓ સિવાયના મનુષ્યો તેને નહિંજ ઓળખી શકે. અરે! એટલું જ નહિ પણુ તેની નિંદા કરવામાં, તેના અવર્ણુવાદ બોલવામાં, અને તેને હેરાન કરવામાં ઉલટા તમે સામેલ થશો. અત્યારના દાખલા ઉપરથી જ તપાસો. એક સાપ નીકળ્યો હશે તો તેને પકડવા દોડશો, તેથી પણુ આગળ વધીને લોકો તેને મારી પણુ નાંખે છે અને નાગચોથને દિવસે માટીના નાગો કરી તે લોકો નાગને પૂજે છે. કેટલાએક ઠેકાણે ચરમાળી યાને પથ્થર કે માટીની મૂર્તિઓ કરી પૂજે છે. જ્યારે જીવતા નાગના તો બેહાલ કરે છે અને તેના તે નાગને બાહાને તેનાં પુતળાં કરી પૂજે છે. જ્ઞાનીઓના સંબંધમાં પણુ

આમજ છે. જ્ઞાનીઓ જીવતા નાગના જેવા છે. લોકોને તે ડસે છે, એટલે વચનદ્વારા તેમની અજ્ઞાનતા ભરેલી માન્યતાને તોડી પાડે છે. લોકોને તે ઝેર ભરેલા સાપ જેવા જ્ઞાનીઓ લાગે છે, તેમના ચાલુ વ્યવહારીક પ્રપંચમય જીવનથી તેઓ વિરૂદ્ધ એટલે જુદીજ જાતનું વર્ત્તન કરે છે, અને લોકોને તે ગમતું નથી. પરિણામે તેમની નિંદા કરે છે. કેટલાક તો આગળ વધીને તેને મારી નાખવા સુધીના પ્રપંચો કરે છે. પણ તે દેહ છોડી ગયા પછી તેના વચનો સાંભરે છે. તેની સત્યતાની કોઈ અધિકારી પાસે કસોટી થાય છે, અને તેના કહેવાથી લોકો તેને યોગ્ય જ્ઞાની માનતા થાય છે, પછી તેની છબીઓ બનાવીને પૂજે છે. જયંતિઓ ઉજવે છે: પણ જીવતા મહાત્મા મળ્યા છતાં જેના કલ્યાણ ન થયાં તે પછી તેમની છબીને પૂજે કે જયંતીઓ ઉજવે શું કલ્યાણ થાય? કારણ તેના ઉપર જે શ્રદ્ધા છે તે તાત્ત્વિક નથી. પોતે વિચારપૂર્વક નિર્ણય કરીને કરી નથી પણ આગળથી ચાલી આવે છે તેમ માની અથવા કોઈના કહેવા કે કરવા પ્રમાણે દેખાદેખીથી તે કરાય છે.

શ્રીમાન્ ભગવાન મહાવીરદેવના સંબંધમાં પણ આમ કહેવાય છે કે તેમના વ્યાખ્યાનમાં સંખ્યાબંધ મનુષ્યો આવતા હતા તેમાં કોઇને શ્રદ્ધા બેસતી અને કોઈ ઇંદ્રજાલીક, માયિક, પાખંડી વિગેરે પણ કહેતા હતા, બહાર જઈ નિંદા પણ કરતા હતા. આવા જ્ઞાની પુરૂષોને ઓળખનાર કોઈ નિર્મળ હૃદયનો અધિકારીજ હોય છે. આ ઉપરથી કહેવાનો આશય એ છે કે, જેમ જેમ પોતામાં ગુણો વધતા જાય છે, તેમ તેમ ઉંચી ઉંચી સ્થિતિના મહાત્માઓના આત્મિક ગુણો તેને સમજાતા જાય છે. તે સિવાય ઉંચી સ્થિતિના મહાત્મા કે તેના સદ્ગુણો સમજી પણ નથી શકાતા, તો તેઓનો યોગ્ય વિનય પછી ક્યાંથી બની શકે. આ કારણથી પ્રથમ આંહી ઉલટા ક્રમે વિનય સંબંધી વિચાર કરવામાં આવે છે.

પ્રથમ સમ્યગ્દૃષ્ટિ જેની થઇ છે તેવા આત્મશ્રદ્ધાળુ મનુષ્યોની ભક્તિ કરવી, વિનય કરવો, વસ્તુને વસ્તુસ્વરૂપે–આત્માને આત્મારૂપે જાણ્યા સિવાય આત્મમાર્ગમાં પ્રવૃત્તિ થતી નથી, એટલે જેને સમ્યગ્દૃષ્ટિ થઈ છે તેવાઓનો વિનય કરવાની જરૂર છે.

સ્ફટિકરત્ન ઉપાધીના કારણથી વિવિધ રંગવાળુ દેખાય છે છતાં ખરા સ્વરૂપે તો તે શુદ્ધ નિર્મળજ છે. તેવી રીતે વિવિધ પ્રકારની ઉપાધીથી વિવિધ પ્રકારનાં દેહને ધારણ કરનાર અને દેહ ધારણ કર્યા પછી પણ વિવિધ પ્રકારની વૃત્તિઓ દ્વારા હર્ષ, ખેદ, રાગ, દ્વેષ કરનાર છતાં આ સર્વ જેના પ્રકાશથી થાય છે, જેના પ્રકાશથી સમજાય છે–જણાય છે, તે જ્ઞાનસ્વરૂપ આત્મા આ ઉપાધીઓથી ભિન્ન શુદ્ધ નિર્મળ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આ જડ પદાર્થોથી ભિન્ન સ્વરૂપે આત્માને જાણનારા સમ્યગ્દર્શનવાન્ છે. આ સમ્યગ્દૃષ્ટિની પહેલી ભૂમિકા છે. આત્મા તરફ વલણ થવાની, પ્રીતિ કરવાની, જડ પ્રદાર્થ તરફ ઉપેક્ષા કરવાની, સત્યને સત્યરૂપે સમજવાની આંહીથી શરૂઆત થાય છે. આ સમ્યગ્દર્શનને ધારણ કરનાર જીવોની ભક્તિ કરવી –બહુ માન કરવું આંતરની પ્રીતિ રાખવી, ગુણની સ્તુતિ કરવી, આશાતના ન કરવી; ઈત્યાદિ બાહ્ય અને આંતર વિનય કરવો.

આંહી કોઈને શંકા થશે કે બીજા દેહધારી જીવોમાં આત્મા તો રહેલો છે તથાપિ તેમની ભક્તિ વિનય શા માટે ન કરવો ?

ઉત્તર આ પ્રમાણે છે કે, ખરી વાત છે, સર્વ દેહધારીઓમાં આત્મા રહેલો છે, પણ હજી તેમને તે બાબતનું અજ્ઞાન છે. પોતે પોતાને તે ઓળખતા નથી, ઓળખવા પ્રયત્ન પણ કરતા

નથી, ઓળખે છે તો દેહને આત્મારૂપે માને છે, ઇંદ્રિઓને આત્મારૂપે માને છે, કોઇ મનને આત્મારૂપે માને છે, કોઈ પ્રાણુને–શ્વાસોશ્વાસને આત્મરૂપ માને છે, કોઈ આત્માને દેહથી ઉત્પન્ન થયેલા વિકારરૂપ માને છે અને દેહના વિયોગ થવા પછી તે પણુ મરણુજ પામે છે એમ માને છે. આ તેમનું અજ્ઞાન છે. આ અજ્ઞાનને લઈ તેઓ દુનિયામાં ઈચ્છાનુસાર અયોગ્ય વર્તન ચલાવે છે. ઇંદ્રિયના સુખોમાં આશક્ત બને છે, કે કર્ત્તવ્યના બદલાની દરકાર રાખ્યા સિવાય નિર્દયતાભરેલું વર્ત્તન ચલાવે છે. નબળઓને મારીને પોતે માલીક થઈ બેસે છે. અભિમાનપૂર્વક અજ્ઞાનતાવાળું વર્તન ચલાવી અનેક જન્મ મરણુને તે પામે છે. ટુંકામાં કહીએ તો તેને હજી પોતાના સ્વરૂપનું ભાન થયેલું ન હોવાથી, તેનો વિનય કરવાથી, તેની સ્તુતિ–બહુ માન કરવાથી તેનામાં મીથ્યા અભિમાનની વૃદ્ધિ થાય છે. તેની ભક્તિ કરવાથી અજ્ઞાનને પોષણુ આપવા જેવું થાય છે. સત્ય અસત્યનો–સારા નઠારાનો ભેદ તોડી નાખી એક રસ એક સરખું કરવા જેવું થાય છે. જે આ પ્રવૃત્તિ શરૂઆતના જીવોને લાભ કરવા કરતાં નુકશાનકર્તા વધારે થાય છે. સત્યનો માર્ગ બંધ કરવા જેવી આ પ્રવૃત્તિ છે. અસત્ પ્રવૃત્તિવાળાને સત્યમાં આગળ વધતો અટકાવવા જેવી આ પ્રવૃત્તિ છે. સારાસારનો વિચાર કરતાં અટકાવવા જેવી આ પ્રવૃત્તિ છે. જો તે મનુષ્ય આ સમ્યગ્દૃષ્ટિવાળા મનુષ્યોનો વિનય, બહુમાન, ગુણુસ્તુતિ વિગેરે કરતાં સાંભળશે તો તેના મનમાં વિચાર કોઈપણુ વખત થશે કે આનું કારણુ શું? આનામાં કઈ જાતનો ગુણુ છે કે લોકો તેના તરફ ઘણુંજ મમતાવાળું વર્ત્તન ધરાવે છે? ઇત્યાદિ વિચારદ્વારા તેને કોઈપણુ વખત આગળ વધવાનો માર્ગ મળી આવશે.

એટલી વાત આ સ્થળે ધ્યાન રાખવાની છે કે, જેમ

મિથ્યાદૃષ્ટિવાળાની પ્રશંસા કરવાની નથી, તેમ તેના અવગુણો બોલવા કે, નિંદા પણ કરવાની નથી, તેની નિંદા કરવાથી આપણને કે તેને કશો પણ ફાયદો થવાનો નથી, ઉલટો તમારા તરફ સહજસાજ લાગણી ધરાવતો હશે તેટલાથી પણ તે વિશેષ વિરૂદ્ધ જશે, દૂર રહેશે, દ્વેષ ધારણ કરશે. જ્ઞાની પુરૂષો ઉપર દ્વેષ કરવો એજ મિથ્યાત્વ છે. અનંતાનુબંધ કષાય તેનું જ નામ છે. **જ્ઞાની પુરૂષોથી વિમુખ થવું એજ સંસાર વૃદ્ધિનું કારણ છે.** તે મિથ્વાત્વીની નિંદા કરવી તે તો ઉલટો પડેલા ઉપર પાટુ મારવા જેવું થાય છે. તેને આગળ વધારવાની વાત તો દૂર રહી પણ ઉલટો વિશેષ પાછળ હઠાવ્યો છે. સમ્યગ્દૃષ્ટિવાળા જીવો આવી પ્રવૃત્તિ કદી પણ કરતા નથી. તેમનાં હૃદયો ઘણાંજ દયાળુ અને કોમળ હોય છે. તેઓ તો તેને ગમે તે પ્રકારે યોગ્ય રસ્તા ઉપર લાવવા પ્રયત્ન કરે છે. **અને ખરી દયા પણ તેજ છે કે. સત્યના માર્ગમાં જીવોને આગળ વધારવા,** નિંદાઓ કરી તેમને સત્માર્ગથી વિમુખ કરવા તે જ્ઞાનીઓનો રસ્તોજ નથી. કાંતો તેવા બીન અધિકારીઓની ઉપેક્ષા કરવી, અથવા તેને રસ્તા પર લાવવા પ્રયત્ન કરવો. આ સિવાય તેમની નિંદા કરવી, કે સંઘ બાહ્યાદિના શાસ્ત્રો ફેંકવાં તે જ્ઞાનીઓના માર્ગથી વિરૂદ્ધ રસ્તો છે.

આ કારણથી મિથ્યાદૃષ્ટિની પ્રશંસા ન કરવી, અને સમ્યગ્દૃષ્ટિનું બહુમાન કરવું વિગેરે કહેવામાં આવ્યું છે.

બીજી ભક્તિ કે વિનય પ્રવચનનો કરવાનો છે. પ્રવચનનો અર્થ આંહી શ્રી સંઘ કરવામાં આવેલ છે, સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચારનો સમાવેશ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ થયા પછી શ્રાવકની સ્થિતિમાં અવાય છે એટલે શ્રાવકની સ્થિતિ પ્રાપ્ત કરવા શ્રાવક, શ્રાવિકાનો વિનય

કરવો. સાધુઓનો વિનય આગળ ઉપર જુદો બતાવવામાં આવ્યો છે, તે સાથે સાધ્વીજીના વિનયનો સમાવેશ થાય છે એટલે આંહી સંઘ શબ્દથી શ્રાવક, શ્રાવિકા બેનો વિનય ગ્રહણ કરવાનો છે.

પૂર્વે કહી આવ્યા છીએ તેમ સ્ફટિક અને તેની ઉપાધિ જુદી જાણવારૂપ દેહ અને આત્માને જુદા જાણવારૂપ સમ્યગ્દૃષ્ટિ થયા પછી તે કર્મઉપાધીને દૂર કરવાનો પ્રયત્ન અમુક હૃદયમાં કરનાર પુરુષને શ્રાવક તથા સ્ત્રી જાતિને શ્રાવિકા કહે છે. શ્રાવક એ કોઇ જાતિ કે કોમ નથી, અમુક કુળમાં જન્મ્યો તેને શ્રાવક કહેવામાં આવતો નથી. શ્રાવક એ એક પદવી છે—અધિકાર છે. સમ્યગ્દૃષ્ટિ કરતાં થોડી ભૂમિકા આગળ વધેલાને ઓળખવાનો ઇલકાબ છે. સમ્યગ્દૃષ્ટિવાળાને શ્રાવક કહેવામાં આવે છે, પણ આને તો દેશવિરતિ શ્રાવક કહેવામા આવે છે. ગમે તે નાત, જાત, કોમમાં રહેનારની આવી દૃષ્ટિ કે પ્રવૃત્તિ થતી હોય તેને સમ્યગ્દૃષ્ટિ અને દેશ વિરતિ કહેવામાં આવે છે, આ આ ઇલકાબો કાંઈ વારસામાં ઉતરતા નથી, પણ સદ્ગુણો ઉપર આધાર રાખે છે. લાયકાત પ્રમાણેનો અધિકાર મળે છે. સરકાર પણ અમુક લાયકાતવાળાને—જે. પી. રાવબહાદુર—સર—નાઇટ—આદિ ઈલકાબ આપે છે પણ તેના પછી તેના દીકરાને તે ઈલકાબ લાયકાત વિના અપાતો નથી.

આ શ્રાવક કે શ્રાવિકાનું નામ કે પદવી ધારણ કરનારે આ ઉપરથી વિચારવું જોઇએ કે સમ્યગ્દૃષ્ટિ આપણને થઈ છે કે નહિં ? અને ત્યાર પછીની ભૂમિકા તરિકે દેશવિરતિ ગુણ અમારામાં પ્રગટ થયો છે કે ફોગટ શ્રાવકનું નામ ધારણ કર્યું છે ?

શ્રદ્ધા, વિવેક અને ક્રિયા. આ ત્રણ અક્ષરો ઉપરથી શ્રાવક નામ પડે છે તે આત્મ શ્રદ્ધા પોતાને છે ? હું પોતેજ આત્મા

છું એ નિર્ણય તમને થાય છે? પછી તમારામાં સત્ય અસત્યને સમજવાનો વિવેક આવેલો છે? સાર અસારનો–નિત્ય અનિત્યનો દુઃખરૂપ કે સુખરૂપનો ભેદ સમજવાના–કે પારખવા સુધીના તમે વિચારો કરી શકો છો? ત્યાર પછી સત્ય માર્ગમાં પ્રવૃત્તિ કરવારૂપ અને અસત્ય દુઃખદુપ માર્ગમાંથી નિવૃત્તિ (પાછા હઠવા રૂપ) કરવાની ક્રિયા તમે કરી શકો છો? જો આ તમારાથી બની શકતું હોય તો ખરેખર તમે આ માર્ગના પથિક થવાને લાયક બન્યા છો. તમારૂં શ્રાવક કે શ્રાવિકા રૂપ પદ-કે અધિકાર-યા બિરૂદ તમને મળ્યું છે તે યોગ્ય જ મળ્યું છે. જો આ માંહીલું તમારાથી ન બની શકતું હોય તો અત્યારથી તે સફલ કરવા પ્રયત્ન કરો.

આ પ્રમાણે સમ્યગ્દષ્ટિથી એક ભૂમિકા આગળ વધેલા–એટલે અમુક મર્યાદામાં, ઈચ્છાનુસાર પણ ઇચ્છાઓ ઉપર કાબુ મેળવનાર. વિષય કષાયોને અમુક હદમાં નિયમિત કરનાર–અટકાવનાર–પોતાને આધિન કરનાર, તથા પોતાની ભૂમિકા અનુસાર, વ્રત, તપ, જપ, નિયમમાં વર્ત્તન કરનાર, શકત્યાનુસાર, પરોપકાર કરનાર, આત્મ સમાન સર્વ જીવોને જોનાર, શ્રાવક શ્રાવિકાનો વિનય કરવો, તેમનું બહુમાન કરવું, હૃદયથી તેમના ઉપર પવિત્ર પ્રેમ રાખવો, ગુણની સ્તુતિ કરવી, આશાતના ન કરવી, ઈત્યાદિ વિવિધ પ્રકારે તેમની ભૂમિકાનુસાર વિનય કરવો.

## સાધુ વિનય.

શ્રાવકની ભૂમિકા, સિદ્ધ થયા પછી સાધુની ભૂમિકામાં પ્રવેશ કરાય છે એટલે સાધુનો વિનય કરવાની જરૂર છે.

શ્રાવકો કરતાં પણ એક ભૂમિકામાં આગળ વધેલા

સાધુઓ છે. આત્માનું સાધન કરે તે સાધુ કહેવાય. ઉપાધીવાળા સ્ફાટિકવી માફક આત્મા ઉપર લાગેલી કર્મઉપાધીઓ તેને વિશેષ પ્રકારે દૂર કરવાનો પ્રયત્ન કરનારા સાધુઓ કહેવાય છે. સાધુના ગ્રહણથી સાધ્વીઓનું પણ ગ્રહણ આ ભૂમિકામાં થઈ જાય છે.

આત્માને વિશુદ્ધ કરવો એજ જેનું પરમ લક્ષ છે, દરેક ક્રિયા તેને ઉદ્દેશીનેજ કરાય છે, મલીન વાસના કાઢવા માટે આત્મ લક્ષ સર્વત્ર જાગૃત હોય છે. નવીન મલીન પાપ મળનો પ્રવેશ ન થાય તે માટે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એ મહાવ્રતોનું બરોબર પાલન કરાય છે. જગતના સર્વ જીવોને મિત્ર સમાન આ ભૂમિકામાં માનવામાં આવે છે. કોઈ સાથે વેર વિરોધ રહેતો નથી. સર્વ જગતના જીવોનું એટલે કોઈ પણ જીવોને બાદ કર્યા સિવાય હિત ચિંતવવામાં આવે છે. દયા અને કરૂણનો અખંડ ઝરો વહેવરાવવામાં આવે છે, તેમાં કોઇ જીવને બાતલ કરાતો નથી. નાત, જાત કે ધર્મના કોઈ પણ જાતના તફાવત રાખ્યા સિવાય સર્વ જીવોપર અખંડ પ્રેમ રાખવામાં આવે છે કારણ કે આખું જગત્ તે અમારૂં અને અમે આખા જગતના છીએ એવી જેની વિશાળ અને પવિત્ર માન્યતા છે. પોતાનું કે પારકું હવે તેમને કાંઈ રહેલું નથી. આમ થવામાં કારણ એ છે કે, તેમનું લક્ષ બિન્દુ આત્મા છે અને અનાત્મા જડની અદ્વેષભાવે ઉપેક્ષા કરવાની છે. તેમાંથી મોહ, મમત્વ ખેંચી લેવાનો છે અને ત્યાગ પણ તે મમત્વનોજ કરવાનો છે, આત્માનો તો ત્યાગ કરવાનો નથીજ. તેમના ઉપર તો પૂર્ણ પવિત્ર પ્રેમ હોય છે. તેમનું જેમ ભલું થાય તેમ તેમ તે સત્યનો માર્ગ બતાવવાનો હોય છે. વળી જે પોતાની વસ્તુ હોય તેનોજ ત્યાગ બની શકે છે, પારકી વસ્તુનો ત્યાગ શાનો ? વગર ત્યાગે તે તો ત્યાગજ હોય છે.

**દેહથી લઈ અન્ય જડ સર્વ વસ્તુ તેમાંથી એક મમત્વને ખેંચી લેવો તેજ ખરો ત્યાગ છે.** તે ત્યાગ એજ તેનું ખરૂં જીવન છે. અભિમાન રહિત તેમની પ્રવૃત્તિ હોય છે. પ્રારબ્ધયોગે સુખ દુઃખ આવી મળે તેમાં હર્ષ, શોક–કે રાગ દ્વેષ વિના અનુભવ કરી લેવાનો હોય છે. પોતે આત્મજાગૃતિમાં જાગૃત થવું, અને બીજાઓને જાગૃત કરવા એ જેમનો અહોનિશનો વ્યાપાર હોય છે. પ્રારબ્ધ પ્રમાણે દેહની પ્રવૃતિ હોય છે તે પણ આત્મજાગૃતિ પૂર્વક અને અભિમાન રહિત હોય છે.

આ મહાન્ ગુરૂઓનો–સાધુઓનો વિનય કરવો. હૃદયથી પુર્ણ પ્રેમ રાખવો, તેમનું બહુમાન કરવું, ગુણની સ્તુતિ કરવી, સર્વ પ્રકારે આશાતનાનો ત્યાગ કરવો, સાધુઓની ભૂમિકા અનુ-સાર આંહી વિનય કરવો. સાધુઓના સરખી ભૂમિકાવાળા પણ વિશુધ્ધિ , જાગૃતિ અને જ્ઞાન-દશામાં તેનાથી વિશેષ આગળ વધેલા ઉપાધ્યાયજી તથા આચાર્યશ્રીજી તેમનો વિનય કરવો.

ઉપાધ્યાયજી શિષ્યોને સત્યના મૂળ મુદ્દાઓ સમજાવે છે, ત્યારે આચાર્યશ્રી તે સત્ય માર્ગનો રહસ્યો સાથે સ્પષ્ટ અર્થ સમજાવે છે. પોતાની અપ્રતિમ બુધ્ધિપ્રભાથી અને યોગ્ય જીવોને આત્માનો વિશુધ્ધ માર્ગ બતાવી પોતે નિર્મળ થાય છે, અને બીજાઓને પણ નિર્મળ થવામાં નિમિત્તભૂત થાય છે.

## ધર્મવિનય.

ધર્મ દશ પ્રકારે છે–ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ છે.

આત્માનો વિશુધ્ધ સ્વભાવ તે આત્મધર્મ છે. તેમાં પ્રવેશ

કરવામાં અટકાયત કરનાર જે મલીન પ્રવૃત્તિઓ છે, તે વૃત્તિઓને અટકાવવામાં, આ દશ પ્રકારનો ધર્મ વિશેષ મદદગાર થાય છે. ખરી રીતે કહો તો આ દશ પ્રકારનો ધર્મ તે પાપની મલીન વૃત્તિઓની સામે યુદ્ધ કરવાને અને તેને તોડવા માટે ઉભી કરવામાં આવતી શુભ સાત્વિક મનોવૃત્તિઓ છે. જેમકે ક્રોધ, તેને બદલે ક્ષમા. ૧. અભિમાન તેને બદલે નમ્રતા, ૨. માયાકપટ તેના સામી સરલતા. ૩. લોભ તેના સામો સંતોષ. ૪. મનની વિવિધ પ્રવૃત્તિવાળી ઈચ્છાઓ તેના સામે ઈચ્છાઓનો નિરોધ કરવારૂપ તપ ૫. મમત્વવાળી ઈન્દ્રિયોની પ્રવૃત્તિ તેના સામે રાગ દ્વેષ સિવાયની મર્યાદિત પ્રવૃત્તિવાળો સંયમ. ૬. અસત્યના સાતે સત્ય. ૭. અપવિત્રતા (મન, વચન, શરીરની અપવિત્રતાવાળી પ્રવૃત્તિ ) તેમની સામે મન, વચન, સરીરની પ્રવિત્ર પ્રવૃતિવાળી શૌચતા. ૮. વિવિધ પ્રકારની ઉપાધિમાં વધારો કરનાર ધનાદિકનો સંચય, તેના સામે આશક્તિના અભાવવાળી ત્યાગદશા. ૯. અબ્રહ્મચર્ય તેના સામે બ્રહ્મચર્ય. ૧૦.

આ દશ પ્રકારનો ધર્મ છે, તે ધર્મ ધર્મિ સિવાય–આધાર સિવાય રહી શક્તો નથી. એટલે આ ધર્મ પ્રમાણે વર્ત્તન કરનારનો વિનય, બહુમાન, હૃદયપ્રેમ, ગુણ સ્તુતિ અને આશાતનાનો ત્યાગ કરવારૂપ વિનય કરવો અથવા આ દશ પ્રકારના ધર્મ ઉપર પ્રીતિ રાખી, હૃદયના પ્રેમથી, બહુમાનપૂર્વક તેને ગ્રહણ કરવો–તેપ્રમાણે પ્રવૃત્તિ કરવી, તે ધર્મવિનય છે.

## શ્રુતવિનય.

ઉપર જણાવેલ ધર્મ, જ્ઞાન વિના હોઇ શકે નહિ, એટલે જ્ઞાનનો વિનય કરવો. મહાન્ પુરૂષોએ તત્ત્વનો નિશ્ચય કરેલો હોય છે તે સ્વાનુભવપૂર્વક વસ્તુના કરેલા નિશ્ચયને શ્રુતિ–સિદ્ધાંત

કે આગમ કહેવામાં આવે છે. સર્વ મહાન્ જ્ઞાની પુરૂષોનો એકજ સિદ્ધાંત હોય છે. અને તે એ છે કે, આ જડ, ચૈતન્ય-મય જગત્ છે. તેમાં ચૈતન્યરૂપ આત્મા એજ જ્ઞાતવ્ય એટલે જાણવાયોગ્ય છે અને પ્રાપ્તવ્ય-પ્રાપ્ત કરવા યોગ્ય પણ તેજ છે. જડ ત્યાગ કરવા યોગ્ય છે, તેમાં કરાયેલી આશક્તિ તજવા યોગ્ય છે.

વસ્તુનું સ્વરૂપ સામાન્ય અને વિશેષ બે પ્રકારે સમજી શકાય છે. વસ્તુના અસ્તિત્વરૂપે એકજ વસ્તુ છે જેને મહાસત્તા સામાન્ય કહેવામાં આવે છે. આ સ્થળે કાંઇપણ કોઈને બોલવા જેવું રહેતું નથી. વાદવિવાદના સર્વ ઝઘડાઓનો આ મહાસત્તાસામાન્યમાં અંત આવે છે. બધા વિશેષોનો સામાન્યમાં અંતરૂભાવ કરી દેવામાં આવે છે ત્યારે “ अस्ति છે. ” એ સિવાય બીજો ઉચ્ચાર પણ કરવાનો રહેતો નથી. ઉચ્ચાર, ઉચ્ચાર કરનાર અને ઉચ્ચાર કરવા લાયક વસ્તુ તે ત્રિપુટીનો પણ આ મહાસત્તાસામાન્યમાં અંતરૂ-ભાવ થઈ જાય છે.

જ્યારે આ મહાસત્તાસામાન્યમાંથી વિશેષ ઉપર આવીએ છીએ ત્યારે વિકલ્પ ઉઠે છે કે “છે” “ अस्ति. ” એ વાત ખરી. પણ શું છે ? શેની હયાતિછે? આ વિકલ્પવાળો પ્રશ્ન તે મહાસત્તાસા-માન્યના બે કકડા કરી નાખે છે કે, જે છે તે એક ચૈતન્ય છે અને બીજુ ચૈતન્યથી ઈતર જડ-માયા છે. આ વિશેષરૂપ અવાંતરસામાન્ય-માંથી પાછો વિકલ્પ ઉત્પન્ન થાય છે કે, આ ચૈતન્ય એકજ સ્વરૂપે છે કે વિવિધ ભેદોવાળું છે ? ત્યારે વળી તેના અવાંતર-સામાન્ય તરફ નીચે ઉતરીને બોલાય છે કે, ચૈતન્ય બે પ્રકારનાં છે શુદ્ધ અને અશુદ્ધ. શુદ્ધ, સિદ્ધદશાવાળા આત્મસ્વરૂપો અને અશુદ્ધ કર્મમળની ઉપાધીવાળા અથવા અજ્ઞાન દશાવાળા જીવો. તેમાંથી પાછા પ્રશ્નો ઉત્પન્ન થતાં તેનાં અવાંતરસામાન્યો, પાછા

તેનાં અવાંતરસામાન્યો, એમ કરતાં કરતાં છેવટે દરેક જીવો જુદા જુદા છે. અનંત જીવો છે તેવા તદ્દન વિશેષ ઉપર અવાય છે. તેનો ક્રમ આ પ્રમાણે છે.

શુદ્ધ જીવોમાં ભેદ નથી. અશુદ્ધ જીવોમાં દેહધારી જીવો ગણાય છે, તેના ઇંદ્રિયોની અપેક્ષાએ જુદા જુદા પેટા સામાન્ય ભેદો થાય છે. જેમકે પાંચ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળા, અને એક ઇંદ્રિયવાળા જીવો.

આ પાંચ ઇંદ્રિય આદિવાળા પેટાસામાન્યમાંથી પાછા જુદા જુદા ભેદો થાય છે. જેમકે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. આ દેવ વિભાગના સામાન્યમાંથી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ, માનીક આવા પેટાસામાન્ય વિશેષ ભેદો થાય છે. આ પેટા-સામાન્ય વિશેષમાંથી પાછા જુદી જુદી જાતિની અપેક્ષાએ ભેદો પડતાં, વિશેષ વિશેષ ભેદો કરતાં છેવટે દરેક દેવ જુદો જુદો ગણીએ ત્યારે દેવનું છેવટનું વિશેષ આવે છે.

આવીજ રીતે મનુષ્યજાતિ તેની પેટા જાતિ, તેની પેટા જાતિ એમ વિશેષ કરતાં છેવટના વ્યક્તિગત વિશેષ ઉપર આવવું થાય છે.

આવાજ રીતે તિર્યંચ અને નારકીના ભેદો થાય છે. છેવટે દરેક વ્યક્તિગત વિશેષ સુધી પહોંચાય છે.

આજ પ્રમાણે ચાર ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળાના ભેદો સમજવા. એક ઇંદ્રિયવાળા જીવોના પૃથ્વી-સંબંધી, પાણી સંબંધી, અગ્નિસંબંધી, વાયુસંબંધી અને વન-સ્પતિ સંબંધિ જાતિઓ, પેટા જાતિઓ, અને સામાન્યનું વિશેષ કરતાં કરતાં છેવટે એક એક વ્યક્તિ ઉપર અવાય છે.

જેમ ચૈતન્ય સંબંધી તેમ જડ સંબંધી સામાન્યનું વિશેષ કરીએ ત્યારે છેવટે દરેક અણુ-પરમાણુ અને-અરૂપિ અજીવના છેવટના પ્રદેશ સુધી પહોંચાય છે

આ સર્વ વિશેષ થયા. આ વિશેષોની અંદર વિવિધ પ્રકાર (ભેદ) હોવાથી તેમાં જુદી જુદી માન્યતાને લઈ જુદી જુદી અપેક્ષાઓને ન સમજવાથી મત, મતાંતરો, ધર્મના ભેદો અને ઝગડાઓ ઉત્પન્ન થાય છે. કામ, ક્રોધ, રાગ, દ્વેષાદિની પરિણતાઓ પણ આ વિશેષમાંજ ઉત્પન્ન થાય છે.

હવે આ વિશેષોને તે તે જાતીઓમાં સમાવેશ કરતા વિશેષનું સામાન્ય કરતાં કરતાં આગળ ચાલો. જે ક્રમે મહાસત્તા-સામાન્યમાંથી નીચા ઉતર્યા હતા તેજ ઉત્ક્રમે (અવળી રીતે) હવે આગળ પાછા વધો. વિશેષોને પેટાસામાન્યમા સમાવો. અને પેટાસામાન્યનો તેના ઉપરના સામાન્યમાં સમાવેશ કરો. એમ કરતાં કરતાં જડ અને ચૈતન્ય બે જાતિ રહેવા દ્યો અને તેને પણ એક મહાસત્તામાં સમાવી દ્યો. હવે પછી તપાસ કરો, તમે ક્યાં છો ? એક 'અસ્તિ' છે. તેનીજ હયાતિ જણાશે અને તે 'છે'ની હયાતિને જાણનારા તમેજ રહેશો, આ ઠેકાણે જે 'છે' તે તમેજ છો. કારણ કે હવે **'અસ્તિ'** 'છે' તે સિવાય એક પણ વિકલ્પ રહેતો નથી. આમાં વિકલ્પ ઉઠે તો વિશેષજ થઈ જવાનો. વિકલ્પો સમાવવા માટે તો આ મહાસત્તાસામાન્યમાં આવ્યા છીએ એટલે પોતાને માટે અત્યારે પોતા સિવાય બીજું કાંઇ રહેતું નથી. આ સ્થિતિમાં જેમ વિશેષ વખત સ્થિરતા થાય તેમ કરવા પ્રયત્ન રાખવો. આ સ્થિતિ તે સ્વરૂપ સ્થિતિ છે. 'છે' તે વિકલ્પનું પણ અભિમાન ભૂલાઈ જવાય ત્યારે સ્વરૂપ સ્થિતિજ થઈ રહે છે. એમ મહાત્મા પુરૂષોનો અનુભવ અને સિદ્ધાંત છે. આ ધ્રુવ સત્તામાં સ્થિરતા છે.

દરેક પદાર્થો ઉત્પત્તિ, વિનાશ, અને ધ્રુવ આ ત્રણ સ્થિતિરૂપે છે, તે ત્રણમાંથી આ મહા સત્તા સામાન્યમાં ઉત્પત્તિ, વિનાશના પર્યાયને ગૌણ કરી ધ્રુવ સત્તા સામાન્યમાં સ્થિરતા કરવામાં આવી છે. ધ્રુવ સત્તા એ મૂળ દ્રવ્ય છે. ઉત્પત્તિ અને વિનાશ એ પર્યાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ આપતાં વિકલ્પો ઉઠે છે. મૂળ સ્વરૂપમા વિકલ્પો નથી. સોનું એ મૂળ દ્રવ્ય છે, અલંકારો એ વિશેષ છે. વિશેષમાં વિવિધતાને લઇ સારૂ, નઠારૂ, હલકુ, ભારે, લાંબુ, ટુંકુ, વગેરે વિકલ્પો દેખાય છે તથાપિ તેનું મૂળ દ્રવ્ય જે ધ્રુવ સત્તારૂપ છે તેના સામું લક્ષ આપશો એટલે તે સંબંધી વિકલ્પને અવકાશ મળશે જ નહિ, કારણ સર્વ અલંકારોમાં સોનું જ છે તે સિવાય અન્ય જણાશે જ નહિ. આ રીતે ધ્રુવ સત્તામાં લક્ષ આપવાથી વિકલ્પો શાંત થઈ સ્વરૂપ સ્થિરતા થશે.

આમ કરવાથી દુનિયાના ધર્મો, મત મતાંતરોનો લય તો થઈ જશે એટલું જ નહિ પણ તમારા મનના સંકલ્પવિકલ્પોનો પણ લય થઇ જશે, આ સ્થિતિમાં–આ મહાસત્તાના ધ્યાનમાં સંકલ્પવિકલ્પ વિનાની સ્થિતિનો અનુભવ થાય છે. એક સ્થળે ચિદાનંદજી મહારાજ કહે છે કે,

**“ધન્ય જીનોને ઉલટ ઉદધીકું એક બિંદુમેં ડાર્યા.”**

આ વિશેષરૂપ સમુદ્રને ઉલટાવીને સત્તા સામાન્યરૂપ એક બિન્દુમાં જેઓ નાખી પરમ શાંતિ અનુભવે છે તેઓને ધન્ય છે,

જ્ઞાની પુરૂષોનો સિદ્ધાંત–વસ્તુ તત્વોનો નિર્ણય આ છે. આમાં વાદવિવાદ જેવું કયાં રહે છે? સ્વધર્મ પરધર્મ કે વિધર્મ જેવું કયાં રહે છે? ટંટા–ઝઘડાને અવકાશ જ કયાં છે? સ્વદર્શન

પરદર્શન જેવું ક્યાં છે ? છે–હા. આ સર્વ છે, પણ તે વિશેષનાં છે. સામાન્ય મહાસત્તાને નહિ જાણનાર, કેવળ પર્યાયનો આશ્રય કરનાર–કેવળ વ્યવહારને માનનાર, નિશ્ચયમાં ભૂલી જનારમાં આ સર્વ છે. જેની દૃષ્ટિ મહાસત્તાસામાન્ય સુધી લંબાયેલી છે, તે જ્ઞાની પુરૂષોને સ્વ–પર જેવું કાંઇ લાગતું નથી. તેમનો સિધ્ધાંત, સ્વરૂપસ્થિત થાવું તેજ છે. ગમે તે રસ્તે પણ મૂળને પહોંચવું તે છે. જ્યારે જ્યારે આ દુનિયાની ઉપાધીઓ વિષમ સ્વરૂપ પકડે છે, આત્મભાન ભૂલાવી હર્ષ, શોક કરાવે છે, ત્યારે ત્યારે મહાત્માઓ આ મહાસામાન્યસત્તામાં તે સર્વને ગાળી નાખી પોતાને પણ તે મહાસત્તામાં લીન કરી દે છે. એટલે તેને આ ઉપાધીઓ નડતી નથી અને પરમ શાંતિ અનુભવાય છે.

આત્મધ્યાનનો ક્રમ પણ કાંઇક આવોજ છે. આ મહાસત્તા સામાન્યમાં સર્વ જગત્‌ને ગાળી નાખવાની જેને ટેવ પડી ગઈ હોય છે, તેનો જેને અનુભવ થઇ રહેલો હોય છે, તે પરમ સુખી છે. રાગ દ્વેષો તેને હેરાન કરી શકતા નથી. તે મહાન્ પરમાનંદને ભોગવે છે, આ સર્વ શ્રુતજ્ઞાન છે, તે મહાત્માઓના સિધ્ધાંત છે. તેનો વિનય કરવો. **જ્ઞાન જ્ઞાની વિના રહેતું નથી.** આધાર વિના આધેય હોય નહિ. ઉપચારથી પુસ્તકોમાં લખાયેલ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે અથવા તેને સ્થાપના જ્ઞાન કહે છે.

આ જ્ઞાનને સાચવવું, આશાતના ન કરવી, બીજાને સમજાવવું, વાંચવા આપવું, તેનું બહુમાન કરવું. તે સર્વ કરવા યોગ્ય છે, છતાં તેનાથી વિશેષ લાભ મેળવવા માટે આના કરતાં જેનામાં તે જ્ઞાન છે તેવા જ્ઞાની પુરૂષોનો વિનય કરવો, બહુ માન કરવું, આશાતના ન કરવી, ગુણોની સ્તુતિ કરવી, હૃદયથી પ્રેમ રાખવો તે વધારે શ્રેષ્ટ છે. કારણ આ પુસ્તકમાં લખેલ જ્ઞાન તે જ્ઞાનની

સ્થાપના છે. ત્યારે આ જ્ઞાન ધારણ કરનાર પુરૂષો તો સાક્ષાત છે, જ્ઞાની છે. તેના વિનયથી તત્કાળ અપૂર્વ, અનુભવગમ્ય બોધ મળે છે. **લખેલ પુસ્તકો કરતાં જ્ઞાની પુરૂષ–અનુભવી પુરૂષ વિશેષ ઉપકારક છે.** તેમના ઉપદેશથી તત્કાળ અજ્ઞાન દુર થાય છે. કેમકેતે સર્વ રસ્તાઓ તેના અનુભવવાળા છે. માટે સહેલાઇથી તે આપણને આગળ વધારી શકે છે.

## ચૈત્ય વિનય.

ચૈત્ય શબ્દે આંહી અરિહંત તીર્થંકરની પ્રતિમા સમજવી. સાક્ષાત્ તીર્થંકરના અભાવવાળા વખતમાં તે અરિહંતના સ્વરૂપને સૂચવી આપે છે. અરિહંત એ શુધ્ધ આત્મા છે. તેની સ્થિતિ કેવી હોય તે આ પ્રતિમાની શાંતિવાળી આકૃતિ જોયાથી નિર્ણય થઈ શકે છે. કોઈ પણ જાતના પક્ષપાત વિના શુધ્ધ આત્માનું ધ્યાન જેને કરવું હોય તેને આ અરિહંતની મૂર્તિ આલંબન માટે ઘણી ઉપયોગી થાય તેમ છે.

તે મૂર્તિ પદ્માસને બેઠેલી હોય છે. તેની દૃષ્ટિ શાંતરસમાં મગ્ન થયેલી નાશીકાના અગ્રભાગ ઉપર હોય છે. બહાર અરધાં ખુલ્લાં નેત્રો દેખાય છે અને તેની અંતરદૃષ્ટિ હૃદયમાં કે બ્રહ્મરંગમાં હોય તેવો ભાસ થાય છે. તેનું મુખ સમરસ ભાવમાં ઝીલતું હોય તેવું દેખાય છે. તેનો ચહેરો વીતરાગભાવને સૂચવતો હોય તેમ જણાય છે. આજુબાજુ વિકારી વૃત્તિને સૂચવનારા સ્ત્રી, શસ્ત્રાદિ સાધનો બીલકુલ જણાતાં નથી પણ કેવળ ત્યાગ–પરમ ત્યાગને સૂચવનાર ઉપાધી રહિત શરીર ઉપરનો ભાગ જણાય છે. તે એમ સૂચવે છે કે બધી બાજુએથી તમારી વૃત્તિઓને ખેંચી લઈ એક **શુદ્ધ આત્મા હું છું** તે ઉપર લક્ષ બાંધો. તે શુદ્ધ સ્થિતિ મેળવવા માટે આ વિવિધ પ્રકારની

ઉપાધીઓનો ત્યાગ કરો. રાગના ચિન્હો ધન, સ્ત્રી આદિનો ત્યાગ કરો. દ્વેષનાં ચિન્હ શસ્ત્ર તથા ક્રોધ, અભિમાન આદિ વિકારી ભાવનાઓને કાઢી નાખો. અજ્ઞાન અથવા મોહનાં ચિન્હ તરીકે ' કાંઈ પણ કરવું છે ' એવી ભાવનાને કાઢી નાખો. નિરાલંબન શુદ્ધ આત્મ સ્વરૂપ તે તમે જ છો, એમ માની તે સ્વરૂપમાં જ સ્થિર થઈ જાઓ.

ઈત્યાદિ વિવિધ પ્રકારના ભાવોને પ્રગટ કરનાર આ શાંત સ્વરૂપ મૂર્તિને નિહાળવાથી તે શુદ્ધ આત્મા-તીર્થંકર દેવના ખરા સ્વરૂનું ભાન કરાવે છે. આ પ્રતિમા દ્વારા તે શુદ્ધાત્માનું ધ્યાન સ્મરણ, નમન, પૂજન કરવું તે શરૂઆતમાં આગળ વધવામાં ઉપયોગી આલંબન થઈ પડે છે, અને આ સાકાર પ્રતિમા દ્વારા જ્યારે નિરાકાર-શુ -જ્ઞાનાનંદમય આત્માનું આલંબન લેવાનું બળ આવે છે ત્યારે આ આલંબન મુકી દઇ નિરાલંબન સ્વરૂપમાં લીન થવું.

આ શુદ્ધાત્મા તીર્થંકર દેવની મૂર્તિને આલંબનભૂત ગણી તે દ્વારા તીર્થંકર દેવને નમન, વંદન, પૂજન, ગુણકીર્તન, આશાતના ત્યાગ વિગેરે વિનય કરવો.

## અરિહંતનો વિનય.

રાગ દ્વેષરૂપ અરિ-શત્રુઓ-વિભાવ પરિણતિમાં પરિણમવારૂપ મનના ધર્મો, તથા અજ્ઞાનજન્ય મોહાદિ તેનો જેમણે સર્વથા નાશ કર્યો છે અને પોતાનું શુધ્ધ સ્વરૂપ જેમણે પ્રગટ કર્યું છે તે અરિહંત, અનેક અતિશયોને ધારણ કરનારા, અરિહંત દેવ-દેવાધિ દેવ કહેવાય છે. તેમને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન હોય છે. જ્ઞાનબળથી હસ્તામલકવત્ ભૂત, ભવિષ્ય, વર્તમાનને તેઓ

જાણે છે. જેઓ સાક્ષાત્ આ પૃથ્વીતળ ઉપર વિચરતા હોય છે. આ દુનિયાના સર્વ જીવોને પરમ શાંતિના માર્ગમાં પથિક બનાવું એવી પ્રબળ ભાવના અને કર્ત્તવ્ય બળથી જેમણે તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું છે તેવા પરમ કૃપાળુ, સર્વ જગત્ જીવોનું હિત ઈચ્છનાર, ઉપદેશ દ્વારા અનેક ભવ્ય જીવોને પરમ શાંતિનો માર્ગ દેખાડનાર, નિર્યામક, સાર્થવાહ આદિ અનેક યોગ્ય બિરૂદ ધારણ કરનાર તે અરિહંત દેવનો વિનય કરવો, ભક્તિ કરવી, બહુ માન કરવું, હૃદયથી પ્રીતિ રાખવી, ગુણોનું સ્તવન કરવું. આશાતનાનો ત્યાગ કરવો, ઈત્યાદિ વિવિધ પ્રકારે અરિહંતનો વિનય કરવો.

## સિદ્ધનો વિનય કરવો.

આજ અરિહંત દેવ સર્વ કર્મ ખપાવીને સિદ્ધ થાય છે. આ દેહે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત સ્વરૂપ થઈ પૃથ્વીતળ પર વિચરી અનેક જીવોનો ઉદ્ધાર કરે છે, ત્યાં સુધી તે અરિહંત કહેવાય છે. દેહાતિત થવાથી તેઓ સિદ્ધ કહેવાય છે. આઠે કર્મનો નાશ કરીને સ્વરૂપસ્થ થઇ રહેલા, અનંતજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, સુખમાં મગ્ન થયેલા, રૂપાતિત, નિરંજન, નિર્વિકાર, નિરાકાર, નિર્ભય, અવ્યય, નિર્વિકલ્પ, ઈત્યાદિ અનેક ગુણો દ્વારા ઓળખી શકાતા શુદ્ધ આત્મસ્વરૂપ સિદ્ધ પરમાત્માનો વિનય કરવો, તેઓના ગુણ ઉપર પ્રીતિ કરવી, બહુમાન રાખવું, તેમના છતાં ગુણોની સ્તુતિ કરવી, ઈત્યાદિ યથાયોગ્ય વિનય કરવો તે સિધ્ધનો વિનય કહેવાય છે.

આ દશ પ્રકારના વિનયમાં મુખ્યપણે આત્મ માર્ગના રસ્તા પર ચાલનારા અને તેમાં મદદ કરનાર સાધનો, તથા શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા એવા સર્વ મહાન્ પુરૂષોનો સમાવેશ થઈ શકે છે.

જુદા જુદા અધિકારીઓ, તથા સંપ્રદાયવાળાઓ તેમને જુદાં જુદાં નામથી ઓળખાવે છે તથાપિ આત્મમાર્ગમાં ચાલનારા અને શુદ્ધ સ્વરૂપમાં પહોંચેલા મહાન્ પુરૂષો તેઓ સર્વનું સ્થાન એક જ છે. પ્રાપ્તવ્ય એક જ છે. રસ્તાઓ જુદા જુદા દેખાય છે અને અધિકારી પરત્વે સાધનો, રસ્તાઓ તો જુદા જુદા રહેવાના જ. તથાપિ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું. પરમ શાંતિ પ્રાપ્ત કરવી, જન્મ મરણ રહિત સ્થિતિ મેળવવી, આ કર્તવ્ય પ્રાપ્તવ્ય તો સર્વનું એક જ છે. નિશાન એક છે, રસ્તાઓ જુદા જુદા છે. સર્વ જીવો સુખના અભિલાષી છે. આત્મા નિશાન રાખી તે તરફ ધીમે ધીમે કે ઉતાવળથી પ્રયાણ કરનાર અવશ્ય તે સ્થાનને વહેલા કે મોડા પણ પ્રાપ્ત કરી શકે છે. આ વાતમાં તાણખેંચ કે મતમતાંતર રાખવાની જરા પણ જરૂર નથી. ઝઘડા કરનારાઓ પાછળ રહી ગયા છે અને હજી વધારે પાછળ રહેશે. પ્રયાણ કરનાર પહોંચી ગયા છે, અને પહોંચી જશે. માટે મારૂં તારૂં નહિ કરતાં, ગમે ત્યાંથી પણ સત્ય સમજી સત્યને જ લક્ષમાં રાખી તે દિશા તરફ ચાલવાનો પ્રયત્ન ચાલુ રાખો.

## ત્રણ શુદ્ધિ

પરમ શાંતિના માર્ગમાં ચાલવામાં મદદગાર ત્રણ જાતની શુધ્ધિ છે. મનની શુદ્ધિ, વચનની શુધ્ધિ, શરીરની શુધ્ધિ, વસ્ત્ર મેલું હોય તો પાણી, સાબુ; ખાર વિગેરે વસ્તુની મદદથી તે શુધ્ધ થાય છે. વાસણ ઉપર મેલ–કાટ, ચડેલો હોય તો, ખટાશ, ખાર અને કાથી વિગેરેની દોરી કે નાળીયેરની છાલ વિગેરેની મદદ સાથે પાણીથી તે શુધ્ધ થાય છે. ઘર, ચુનો ખડી વિગેરેથી શુધ્ધ થાય છે. ઓશરી આદી ઘરનાં નીચલા વિભાગો સાવરણી આદીથી ધુળ કે કચરા વિગેરેને દૂર કરવાથી શુધ્ધ થાય છે, અને આ દુનીયા ઉપર જે મલીન

દુર્ગંધતા આદિ મળ એકઠો થયેલો હોય તે સૂર્યના તાપથી શુધ્ધ થાય છે, તેવી જ રીતે આપણા મન, વચન શરીરના આંતર્મળો વિચાર દ્વારા શુધ્ધ થાય છે.

કામ, ક્રોધ, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈચ્છા, ઈર્ષા, અભિમાનિ, હર્ષ, શોક, મોહ, અજ્ઞાન ઈત્યાદિ મનની અશુધ્ધિ છે, મનના દોષો છે.

અપ્રિય, કઠોર, નિંદાયુક્ત, કલેશવાળું, અસત્ય ભાષણ, પાપનો ઉપદેશ કરવો-વિપરીત માર્ગનો બોધ આપવો-ઇત્યાદિ વચનનાં દોષો છે.

અન્યને દુઃખ દેવું, માર મારવો, પીડા કરવી, જીવની હિંસા કરવી, ચોરી કરવી, જારી કરવી, જુગાર રમવો, માંસ મદિરાનું ભક્ષણ કરવું, વેશ્યાગમન કરવું, નિર્દોષ જીવોનો શિકાર કરવો ઇત્યાદિ શરીરની અશુધ્ધિ છે, શરીરના દોષો છે.

વિચાર અને વર્તન દ્વારા આ અશુધ્ધિનો નાશ થઈ શકે છે. જેને સમ્યગ્દ્રષ્ટિ થઇ છે તેવા જીવો આ શુધ્ધિ ઘણી સહેલાઈથી મેળવી શકે છે. તેઓ વિચાર કરે છે કે આ દુનિયામાં સારભૂત શું છે? તેઓ પોતાની દ્રષ્ટિ આ દુનિયાના સર્વ પદાર્થો તરફ દોડાવે છે અને તેમાં સાર શું છે તેની તપાસ કરે છે. તપાસ કરતાં આ દુનિયાના સર્વ પદાર્થો ક્ષણિક, અનિત્ય, વિયોગશીળ, સંયોગ વિયોગ ધર્મવાળા, અને પુન્ય, પાપને આધિન રહેલા તેમને જણાય છે. તેમાં આશક્તિ કરવાથી જન્મ મરણ આપનારા અનેક દુઃખો ઉત્પન્ન થાય છે. પરાળ કે ફોતરાંને કુટવાથી કોઈ વખત તેમાંથી સારભૂત ચોખા આદિ પદાર્થ નીકળે જ નહિ, તેમ સંયોગ વિયોગ ધર્મવાળા, જડ પદાર્થમાંથી સારભૂત ચૈતન્ય-જ્ઞાન-આનંદ વગેરે મળી શકે જ

નહિ. વિચારોદ્વારા છેવટ તેમને શુધ્ધ આત્મા એજ સારભૂત લાગે છે. શુધ્ધ આત્માનો સ્વાનુભવ સિધ્ધ ઉપદેશ આપનાર વિતરાગ—દેવાધિદેવ, સારભૂત લાગે છે, તેમનું કહેલું બંધનથી મુક્ત કરનાર તત્વજ્ઞાન સારભૂત લાગે છે, અને તે માર્ગમાં પ્રયાણ કરનાર પથિકો—મહાત્મા પુરૂષો તેને સારભૂત લાગે છે. એટલે, વિતરાગ દેવાધિદેવ શુધ્ધ આત્મા, તેનાં નિરૂપણ કરેલ તત્વો, શુધ્ધ સ્વરૂપ પ્રાપ્તિનાં સાધનો, અને તે માર્ગમાં પ્રવૃત્તિ કરનાર મહાત્મા પુરૂષો આ ત્રણ સિવાય બીજી કોઈ પણ વસ્તુ સારભુત લાગતી નથી. તે સિવાય બધું ભવ પરિભ્રમણનું કારણ લાગે છે. આત્મભાન ભુલાવનાર કારણો લાગે છે. તે સિવાયના સર્વ પદાર્થોમાંથી મિથ્યા મોહમમત્વ ખેંચી લેવો તે તેમને યોગ્ય લાગે છે. આત્મા સિવાય અન્ય સર્વમાંથી આશક્તિ કાઢી નાખવી તે તેને વધારે સારૂ લાગે છે. તે પોતાની પ્રવૃત્તિનો માર્ગ બદલે છે, સર્વ જીવો તરફ પ્રીતિ રાખે છે, પોતાના સમાન તેમને ગણે છે. પોતાના આત્મબંધુઓને આગળ વધવાનો માર્ગ બતાવે છે, તેમને નડતી મુશ્કેલીઓ પોતાની શક્તિ અનુસાર દૂર કરે છે. દરેક પ્રકારની યથાયોગ્ય મદદ તેમને આપે છે. પોતે જાતે મદદ આપે છે. ઉપદેશદ્વારા બીજા આગળથી મદદ અપાવે છે. મદદ આપનારાઓને ઉત્સાહી બનાવે છે. પોતાને આગળ વધવા માટે મહાન્ પુરૂષોની મદદની જરૂર છે એટલે પોતાની પાછળ રહી ગયેલાને તેટલા આગળ વધારવાની તેની પોતાની ફરજ છે આપ્યાથીજ મળે છે. લેવાની આશા છે તો આપવુંજ જોઇએ. પોતાથી પાછળ રહેલાને મદદ આપવાથી પોતામાં આગળ વધવાની યોગ્યતા વધે છે. દુનિયામાં જેને સારામાં સારાં કામો કહે છે તે આજ છે કે સર્વ જીવોને શાંતિ મળે, યોગ્ય માર્ગે આગળ વધે. આધિ, વ્યાધિ, ઉપાધીથી મુક્ત થાય. પોતે પોતાને ઓળખે. અજ્ઞાનથી છુટે, અને આનં-

દથી પરમ-શાંતિમય જીવન ગુજારે. આ કામોમાં પોતાથી બનતી મદદ, પોતાના આત્મબંધુઓ સમાન સર્વ જીવો જે પાછળ પડી ગયા છે, પોતાનું ભાન ભૂલી ગયા છે. અજ્ઞાનમાં સડયા કરે છે. મોહમાં રીબાયા કરે છે તેમને આગળ વધારવામાં આવે છે. તન, મન, અને ધન તેમના ભલા પાછળ હોમે છે ત્યારે તે પોતાની ફરજ બજાવી સમજે છે, અને તેટલા પ્રમાણમાં તેના મન, વચન અને શરીરની શુધ્ધિ થાય છે, તેટલો જ તે આગળ વધે છે.

આ સમ્યક્દષ્ટિવાળો જીવ પોતાની શુધ્ધિ કરવા માટે એમ માને છે અને બોલે છે કે, જીવો પોતેજ પોતાની આગળ-પાછળ ફુલનાં ઝાડો-કે કાંટાના ઝાડો વાવે છે અને તેમાંથી સુગંધ લે છે અથવા કાંટાનાં ઝાડોમાંથી કાંટાના દુઃખો અનુભવે છે. **શુદ્ધ આત્માના આરાધનથીજ નિર્દોષ સુખ મળે છે,** તે સિવાય પુદ્ગલ-જડવસ્તુના આરાધનમાંથી, તેની સેવા કરવાથી, ઈચ્છા કરવાથી, તે માટે પ્રયત્ન કરવાથી તેણે કદી સુખની-પરમ-શાંતિની આશા રાખવીજ નહિ. જે વસ્તુમાં જે ગુણ હોય-જે સ્વભાવ હોય તેજ તેમાંથી પ્રગટ થાય છે. હજારો મણ વેળુને પીલો, પણ તેમાંથી તેલનો એક છાંટો પણ નીકળવાનો નહિ. ઝેરમાંથી કદાપિ અમૃત નિકળશેજ નહિ. તેમ **જડ-માયામાં આસકિત રાખવાથી જરાપણ આત્મસુખની આશા નજ રાખવી.**

આ સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વકર્મના ઉદયને લઈ પોતા માથે અનેક પ્રકારની આપત્તિ, સંકટ કે દુઃખ આવી પડે છે, તથાપિ તે તેનાથી ડરવાનો નહિ. તે તો સદા નિર્ભયજ રહેવાનો. તે કર્મના ઉદયને લઇ છેદાશે, ભેદાશે, પીડાશે, દહન થશે, તથાપિ આત્મભાવમાં અડગજ રહેવાનો. તેમજ તેનો દોષ કોઈને માથે આપવાનોજ નહિ. તે તો એમજ સમજે છે કે કર્યાં

સિવાય કાંઈ થતું નથી. કોઈ મને સુખ કે દુઃખ આપી શકે જ નહિ. મેં પહેલાં કોઈને દુઃખ કે સુખ આપ્યાં છે તેનો બદલો અત્યારે મને આ મનુષ્યોદ્વારા મળે છે. આ મનુષ્યો ખરી રીતે મને સુખ દુઃખ આપતાંજ નથી. તે તો બિચારા એક નિમિત્ત માત્ર છે. ખરી રીતે તે તો જાણતાં કે અજાણતાં, આ જન્મમાં કે અન્ય-જન્મમાં કરેલા મારા કર્મનો બદલો છે, અને તે તો ગમે ત્યારે અને ગમે તે દ્વારા મારે ભોગવવાનો છે, તે કર્મનો ઉદય અત્યારે મારી અનુકુળ જાગૃતદશામાં આવી ગયો છે તે ખાતર મારે પરમાત્માનો ઉપકાર માનવાનો છે. કારણ અજાગૃત અવસ્થામાં તે દુઃખો જો આવ્યાં હોત તો તેનો અનુભવ કરતાં અજ્ઞાનદશામાં અભિમાને કરી રાગદ્વેષ કરવાવડે અનેક નવીન કર્મ હું ઉપાર્જન કરત માટે જે થાય તે યોગ્ય થાય છે, આગળ વધવા માટે થાય છે.

વળી તે આ દુઃખ આપનાર ઉપર જરા પણ ખેદ કે ક્રોધ કરવાનોજ નહિ. તેમનો બદલો લેવાનો કે વાળવાનોજ નહિ. તે સમ્યગ્દૃષ્ટિ હોવાથી એમ વિચાર કરી શકે છે કે, મને દુઃખ આપનાર મારાં કર્મોજ છે, મારી સત્તામાં આ કર્મો નજ હોત તો મને દુઃખ કોણ આપી શકે તેમ છે? અને જો તેવાં કર્મ કર્યા સિવાય પણ દુઃખ સુખ ભોગવતાં હોય તો, આ દુનિયાની વ્યવસ્થા જ અવ્યવસ્થિત થઇ પડે. કોઈ કર્મ કરે અને બીજો કર્મ ભોગવે, એમ થાય તો કોઇ સુખી કે કર્મમુક્ત થઈ શકેજ નહિ. તેમ થતું નથી, માટે **જે કર્મ કરે તેજ ભોગવે** આ નિયમ બરાબર રીતે સર્વને લાગુ પડે છે. ખરો ગુનેગાર હુંજ છું. જે અજ્ઞાન દશામાં મોહભાવે, અભિમાનવડે, મેં કર્મ બાંધ્યા છે તે મારેજ ભોગવવાં જોઇએ. જો મારા કરેલા શુભ-કર્મને ભોગવવાનો મારો અધિકાર છે તો પછી દુઃખને ભોગ-વવામાં બીજાનો અધિકાર શા માટે હોઈ શકે? જો સુખ મારાં

કહેલ શુભકર્મથી મળે છે તો દુઃખ બીજો આપે છે એમ માનવાનો મને શું અધિકાર છે? તેમ માનવામાં મજબુતીવાળાં કયા કારણો છે? કોઈજ નહિ.

તે સમ્યગ્દૃષ્ટિ અધિકારી આ પ્રમાણે માને છે કે, મને દુઃખ આપવામાં નિમિત્તકારણ મનુષ્ય મારો પરમ ઉપકારી છે. ખરેખર તે એક ન્યાયધિશ જેવો છે. જેમ કોઈ મનુષ્યે ગુનો કર્યો હોય અને ન્યાયની કોર્ટમાં તેની તપાસ ચાલતાં ન્યાયધિશ તેને ગુનેગાર ઠરાવી અમુક શિક્ષા કરે તેમાં ન્યાયધિશનો શો દોષ છે? તેના ઉપર કોપ શા માટે કરવો જોઈએ? ભૂલ માત્ર મારી પોતાની છે કે આત્મભાન ભૂલી, મોહ કે અજ્ઞાનને લઈ મેં પ્રવૃત્તિ કરી જે ઈચ્છા કે આશાને લઇ પ્રવૃત્તિ કરી હતી તે ન્યાયપૂર્વક નહોતી. જો ન્યાયપૂર્વક હોત તો મને શિક્ષા મળતજ નહિં. આ શિક્ષા કરનાર—અથવા શિક્ષા ભોગવવામાં નિમિત્ત કારણ થનાર મનુષ્યે મારા તરફ ન્યાયાધિશના જેવું વર્તન કર્યું છે. કેમકે ગુનાનો બદલો તો ગમે તે વખતે ભોગવવોજ પડવાનો હતો. હું હાથે કરીને તો મને પોતાને શિક્ષા કરત નહિ. ગુન્હાની શિક્ષા ભોગવવાનું મને પોતાને, પોતાને હાથે તો સારૂં લાગતજ નહિ, ત્યારે આ ન્યાયાધિશ સમાન નિમિત્તકારણ થયેલા મનુષ્યે આ શિક્ષા ભોગવવાની અનુકુળતા કરી આપી, મારા ગુનાને શોધી કાઢી શિક્ષા આપનાર તે થયો. મારી ભૂલ શોધી આપી મારા ગુનાનો બદલો આપી મને તેણે શુદ્ધ કર્યો, નિર્દોષ કર્યો, તેટલાં મારા અશુભ કર્મ ઓછાં કરાવ્યાં હવે કહો તમે, મારે આને મારો ઉપકારી મિત્ર માનવો કે શત્રુ માનવો? ઉપકારી મિત્રજ માનવો.

આમ વિચારદ્વારા શુભપ્રવૃત્તિદ્વારા પોતાની ફરજ બજાવવા દ્વારા અને પરોપકાર કરવા દ્વારા મન, વચન અને શરીરની શુધ્ધિ કરીને તે સમ્યગ્દૃષ્ટિ સાધક આગળને આગળ વધતો જાય છે.

## સમ્યગ્ દૃષ્ટિમાં લાગતાં દૂષણ.

### પ્રથમ દૂષણ શંકા.

જીવાદિ સર્વ પદાર્થો અનેક સ્વભાવવાળા છે. એ વાત શંકારહિત ચોક્કસ છે. જીનેશ્વરો વીતરાગ હોવાથી તેઓ અસત્ય બોલતા નથી. આ વાત તેમણે પોતાના અનુભવપૂર્વક જણાવેલી છે.

રાગદ્વેષ વિનાના યથાર્થ ઉપદેષ્ટા સર્વજ્ઞના વચનોમાં શંકા કરવી–સંશય રાખવો તે સમ્યગ્દષ્ટિને દૂષિત કરનાર છે. સર્વજ્ઞ જેવા જ્ઞાનધારક ઉપદેષ્ટાનો તો અત્યારે અભાવ છે. જ્યારે તેમની હૈયાતી હતી ત્યારે પણ તેમને ઓળખનારા ઓછાજ હતા આવા પુરૂષોના અભાવે સર્વ પ્રકારની શંકાઓનું સમાધાન ન થાય, તેમનાં કહેલાં તત્વોનાં ખરાં રહસ્યો જાણવામાં ન આવે તે બનવાયોગ્ય છે. આનો અર્થ એવો નથી થતો કે અત્યારે તેવા પુરૂષોનો અભાવ છે, માટે જે પુસ્તક પાનામાં લખ્યું હોય તે માની લેવું, તેમાં જરા પણ તર્કવિતર્ક ન કરવા, કે શંકાનું સમાધાન ન માગવું. ભલે તમે તેમ ન માનો, તર્કવિતર્કો કરો અને શંકાનું સમાધાન માગો. પણ આમ શંકા, તર્કો અને વાદવિવાદ તમે કર્યાજ કરો તેના કરતાં કોઈ પણ ઠીક લાગે તેવા, તમારી બુધ્ધિ કબુલ કરે તેવા યોગ્ય માર્ગ તરફ તમે ચાલવાનું શરૂ રાખો, તોજ તમને ફાયદો થશે. તમને હથેળીમાં રહેલ વસ્તુની માફક પરમાત્મા-કે તમારો આત્મા બતાવનાર કોઈ નથી અને એમ તે બતાવી શકાય તેવી વસ્તુ પણ નથી, વળી તમે તેટલી લાયકાત વિના તેને જોઇ પણ નહિજ શકવાના, **માટે શરૂઆતમાં કોઈ પણ ગુરૂ, શાસ્ત્ર, કે પરમાત્માના વચનો ઉપર થોડીઘણી પણ શ્રદ્ધા રાખીને પ્રયત્ન કર્યા સિવાય તમારો છુટકોજ નથી.** આત્મા, જીવ, કર્મ

બંધ, મોક્ષ આ સર્વ નામો પણ તમે કોઇના કહેવા, સાંભળવા કે વાંચવા આદિથીજ જાણવા કે બોલવા શીખ્યા છો. શરૂઆતમાં થોડીઘણી કોઇ પણ વ્યક્તિ ઉપર શ્રધ્ધા રાખ્યા પછીથીજ પ્રવૃત્તિ કરી શકાય છે અને તેના કહ્યા મુજબ વર્તન કરતાં ધીમે ધીમે તમને પ્રતીતિ થાય તેવા કારણો મળ્યા કરે તો પછી આગળ ઉપર તમારું વર્ત્તન શરૂ રાખો. તમે જે કાર્ય શરૂ કરો તેનું થોડુંઘણું પણ પરિણામ આંહી તમને મળવુંજ જોઈએ. એક બીજ વાવ્યા પછી પાંચ, સાત દિવસે તેના અંકુરાઓ જણાય છે. આ અંકુરાઓ જણાયા પછી તમારી ખાત્રી થશે કે, વાવેલ બીજનું શરૂઆતમાં આટલું પણ કાર્ય દેખાય છે તો કાળાંતરે આનાં મીઠાં ફળો આવવાંજ જોઇએ. આટલી નાની પણ પ્રતીતિ થવા પછી તમારી શ્રધ્ધામાં ચોક્કસ દઢતા અને વધારો થશે અને તેને લઈ તમારો ઉત્સાહ વૃદ્ધિ પામતાં તમારો પ્રયત્ન વિશેષ પ્રકારે તે માર્ગમાં ચાલુ રહેશે, પણ જો મહીનો કે પંદર દિવસ થઈ જાય છતાં તે બીજમાંથી અંકુરો ફુટેલો બહાર તમારા દેખાવમાં ન આવે તો તમારે માની લેવું જોઇએ કે કાંતો જમીન ખારી છે, અથવા બીજ બળી ગયેલું છે. જો એમ ન હોય તો અંકુરો પણ શા માટે ન ફુટે ? ભલે ફળો કાળાંતરે એટલે લાંબી મુદતે આવે પણ અંકુરો તો હમણાં ફુટવોજ જોઇએ.

આવીજ રીતે તમે કોઈપણ વસ્તુ કે કર્તવ્યનો નિર્ણય કરી તેના બતાવનાર ગુરૂ, દેવ; કે શાસ્ત્ર ઉપર શ્રદ્ધા ન રાખી તમારી પ્રવૃત્તિ શરૂ કરો. તે પ્રમાણે વર્તન કરવાનું ચાલુ રાખો. તેનાં તાત્કાલીક ફળ તરિકે એટલે અંકુરા ઉગવા જેટલી પણ પ્રતીતિ કરાવનારા, સત્યના માર્ગ ઉપર તમે ચાલો છો તેનો નિશ્ચય કરાવનારા, ફળ તરિકે તમારા પરિણામમાં સુધારો થવો, રાગદ્વેષ ઓછા થવા, વિષયકષાયો મંદ પડવા, દયા કોમળતાની લાગણીઓ પ્રગટ થવી, પોતાની ભૂલો જણાવી, હઠકદાગ્રહ ઓછો

થવો. સત્યના સન્મુખ થવું, અસત્યથી વિમુખ થવું, પરોપકારી લાગણીઓ સ્ફુરવી, સમભાવ આવવો, વિકલ્પો ઓછા થવા, ખેદ ઈર્ષા કે અભિમાન પાતળું પડવું, સર્વજીવ ઉપર ભ્રાતૃભાવ આવવો, અન્યને સારે રસ્તે ચડાવવો, ગુણીઓ તરફ બહુમાન રાખવું, સત્યનો પક્ષ કરવો, દુઃખીઓ ઉપર દયા આવવી, તેને મદદ આપવા યથાશક્તિ પ્રયાસ કરવો, પાપીઓની ઉપેક્ષા કરવી, **આંતરલાગણીથી તેને સન્માર્ગે ચડાવવા પ્રયત્ન કરવો.** ઈત્યાદિ તમારૂં હૃદય શુધ્ધ થયાના, તમારાં કર્મો પાતળાં પાડવાનાં, તમારી સાત્વિક લાગણીઓ સ્ફુરવાના, તામસીક વૃત્તિઓ ઓછી થવાના, અને આત્મજ્ઞાનના માર્ગમાં તમે આગળ વધો છો તેની નિશાની બતાવનારા આ પૂર્વે કહ્યા તે સદ્‌ગુણો ખીલવારૂપ અંકુરાઓ થોડે દરજ્જે પણ જો તમારામાં પ્રગટ થતા તમને દેખાય તો તમારે જરૂર સમજવું કે તમે સત્યના રસ્તા ઉપર છો. તમને રસ્તો બતાવનાર સાચો છે. તમે આત્મજ્ઞાનના માર્ગમાં આગળ પ્રયાસ કરી રહ્યા છો. આ તમારો માર્ગ આગળ લંબાવો તેમાંથી સારાં ફળો તમને અવશ્ય મળશેજ.

આ પૂર્વે કહ્યા તે માંહીલા કોઈપણ ગુણ તમને ન જણાતાં હોય પણ ઉલટી તમારી તૃષ્ણા વધતી જતી હોય, તમારી ઇચ્છાઓ લંબાતી હોય, કામ ક્રોધમાં વધારો થતો હોય, સહનશીલતા ઘટતી જતી હોય, ઈર્ષા ને અભિમાન વધતાં જતાં હોય, મતકદાગ્રહ મજબુત થતો હોય, મોહ અજ્ઞાનતા જાડાં થતાં હોય અને ટુંકામાં કહીએ તો આત્મજાગૃતિ મંદ થતી હોય–ભૂલાતી જતી હોય તો જાણવું કે તમે સત્યના રસ્તા ઉપર નથી. તમને સત્ય માર્ગ કોઈએ બતાવેલ નથી પણ ઉલટે રસ્તે ચડાવ્યા છે અગર તમે ઉન્માર્ગ તરફ તમારૂં પ્રયાણ શરૂ કર્યું છે. આ સ્થળે બે વાતો ધ્યાનમાં રાખવાની છે કે, તમને સાચો માર્ગ કોઇએ બતાવ્યો નથી કે

તમે તે પ્રમાણે વર્તન કરી શકતા નથી. ઘણી વખતે એમ પણ બને છે કે માર્ગ તો સાચો હોય છેએટલે બીજ તો ઉગવાની શક્તિવાળું હોય છે. પણ જમીન ખારી હોય છે એટલે બીજ બળી જાય છે. આમાં માર્ગ બતાવનારનો દોષ ઓછો હોય છે પણ જમીન ખારી એટલે તે ઉપદેશરૂપ બીજને ઉગવાને કે વૃદ્ધિ પામવાને લાયક યોગ્યતા ન હોય તેથી ઉપદેશ બીજ બળી જાય છે, નિષ્ફળ નિવડે છે. આ સ્થળે પોતાને સમજાય અને વિચારદ્વારા સમજાશેજ કે, ઉપદેશક બરોબર છે, પણ પૂર્વકર્મની પ્રબળ વાસનાને લઇ, મારાથીજ યોગ્યવર્તન બની નથી શકતું.

કદાચ આગળ બનતું હોય તો પણ ગભરાવું નહિ. ઉપદેશક બરોબર ન હોય તો ઉપદેશક બદલાવવો. અને પોતાની તેટલી ઉંચી કોટી પ્રમાણે વર્ત્તન કરવાની લાયકાત ન હોય તો શરૂઆત ટુંકાથી કરવી. પોતાની યોગ્યતામાં વધારો થાય, તેવાં કારણો સદ્‌ગુરૂદ્વારા જાણી, હાલ તુરત માટે સત્સંગમાં વધારો કરવો અને અખંડ જાપ–ઇષ્ટદેવનું સ્મરણ કરવાનું ચાલુ રાખવું. આ બે નિમિત્તોદ્વારા પોતાની મલીન વાસના ઓછી થતાં, યોગ્યતામાં એકદમ સુધારો થશે.

આ કહેવાથી એમ જણાવાયું કે પ્રથમ શરૂઆતમાં કોઈપણ લાયક વ્યક્તિ–ગુરૂ ઉપર શ્રદ્ધા રાખી આગળ વધવું. બાકી જીવતા–જાગતા ગુરૂવિના માર્ગ મળવો મુશ્કેલ છે. પુસ્તકોથી કે દેવપૂજનથી પ્રાયે માર્ગ મળતો નથી. તે બન્ને નિમિત્તો તો માર્ગ મળ્યા પછી આગળ વધવામાં આલંબન તરિકે ઉપયોગી નિમિત્તો છે. બાકી શરૂઆત કરવા તો જ્ઞાન અને ક્રિયામાં પ્રવિણ ગુરૂદ્વારાજ કરી શકાય છે અને તેથીજ ફાયદો આપે છે. અનુભવ જ્ઞાન વિના પુસ્તકપઠન કરનારા વિદ્વાનો ગણાશે. વસ્તુતત્ત્વના નિર્ણયોની વાતો કરશે. પણ કયે રસ્તે થઈ પરમશાંતિ અનુભવવી ? અમુક માર્ગ લાગુ ન પડયો તો બીજો કયો માર્ગ

લેવો ? આગળ અમુક ભૂમિકા સુધી જઇને અટકયા છીએ ત્યાર પછી આગળનો માર્ગ કેવી રીતે ચાલુ કરવો ઈત્યાદિ નિશ્ચયો તો તે રસ્તે ચાલીને અનુભવ કરનાર ગુરૂ સિવાય બીજો કોઈ કહી શકવાનો નથી. દીવાથીજ દીવો થાય છે. અંધકારથી પ્રકાશ નજ થાય.

**ગુરૂઆદમાં શ્રદ્ધા રાખ્યા સિવાય માર્ગ હાથ લાગવો મુશ્કેલ** છે. રસ્તો ભૂલેલો માણુસ કદાચ શોધખોળ કરતાં અચાનક મૂળ રસ્તા ઉપર આવી જાય છે એમ કદાચ બનવાયોગ્ય છે પણુ તેવા દાખલા તો વીરલજ બને છે. રસ્તો બતાવનાર ઉપર શંકા રાખનાર ત્યાંથી આગળ વધી શકતો નથી. તેના મનમાં શંકા થાય છે કે આ રસ્તો નહિ હશે તો ? આ શંકાને લઇ તે ત્યાંથી આગળ વધતો અટકે છે એટલુંજ નહિ પણુ કોઈ વખત તો તે સ્થાનેથી, એટલે અડધે રસ્તેથી પણુ તેને પાછું હઠવું પડે છે. માટે તેમ ન કરતાં જે માણુસને જેટલો અનુભવ હોય તેટલો અનુભવ તેની આગળથી લેવો. તેટલા આગળ વધવું, અને ત્યાર પછી તેનાથી આગળ વધેલાને પૂછવું. આટલો રસ્તો તમે આગળ ચાલ્યા છો તેથી તમારા હ્રદયમાં વિશુદ્ધી થવીજ જોઈએ. આ વિશુદ્ધીના બળથી તમને તમારો રસ્તો બતાવનાર, તમારા અધિક આગળ વધેલા ગુરૂ અવશ્ય મળવાજ જોઈએ. વાતનો ચોક્કસ નિશ્ચય રાખો. ઈચ્છા છે ત્યાં માર્ગ છે. **વીશુદ્ધ છે ત્યાં પરમાત્મા પણુ હાજર થાય છે.** તો બીજાની વાત શી કરવી ?

વળી અત્યારે આપણુને પૂર્ણ સ્થિતિના ગુરૂઓ કામ પર લાગવાના નથી. એકડા આવડતા ન હોય ત્યાં બી. એ. થયેલ માસ્તર પોતાનું જ્ઞાન આપણામાં શી રીતે નાખી શકશે ? તેમના પ્રૌઢ વિચારોની અસર આ બાળક જેવા હ્રદય ઉપર શા કામની છે ?

માટે અત્યારે તમારાથી અધિક ગુણવાન રસ્તો જાણનાર તમને જે એકાદ પગથીયું આગળ ચડાવવા સમર્થ હોય તેનાં ઉપર તેટલી શ્રધ્ધા રાખી એક પગથીયું પણ આગળ આવો. તમે એક પગથીયું પણ આગળ આવ્યા એટલે બીજે પગથીએ ચડાવવા માટે તમારા સારૂ બીજા મહાત્માઓ તૈયાર ઉભા છે. તમારી રાહ જોઇ તે ખોટી થાય છે, પણ તમારે એક પગથીયું ચડવું નથી અને ખોટી બડાઈની વાતો હાંકવી છે કે અત્યારે તેવા ગુરૂ નથી. ગુરૂ આવા છે ને તેવા છે તો પછી તમારા માટે બીજો કોઈ રસ્તોજ નથી, માટે ઈચ્છા થઈ હોય **પરમાત્માના માર્ગમાં ચઢવાને તૈયાર હો તો આગળ આવો, મહાત્માઓ તમને મદદ દેવા તૈયાર છે.**

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું, અજ્ઞાનને હઠાવી જ્ઞાની થવું. મોહને હઠાવી નિર્મોહ થવું. કર્મને હઠાવી નિષ્કર્મ થવું, અવરણને હઠાવી નિરાવરણ થવું, ભ્રાંતિને દુર કરી ભ્રાંતિરહિત થવું, માયાને હઠાવી સ્વરૂપસ્થ થવું, પ્રકૃતિથી પર થવું, બ્રહ્મસ્વરૂપ થવું, સિદ્ધસ્વરૂપ પ્રગટ કરવું ઈત્યાદિ અનેક જુદા જુદા શબ્દોમાં કહેવાતા એક લક્ષ્યને પ્રાપ્ત થવું, આમાં કોઇને કોઇ જાતનો વાંધો નથી. **વાંધો કે શંકા માત્ર જે થાય છે તે સાધનમાં ફેર છે.** આ સાધનનો ફેર તો રહેવાનોજ. કારણ અધિકારી સાધકો જુદા જુદા અધિકારવાળા હોવાથી દરેકને એક સરખુંજ સાધન હોય તેમ બની શકેજ નહિ. જેને જેટલો જે જાતનો રોગ હોય તેને તેટલી હલકી કે ભારે તે જાતની દવા લાગુ પડવાની. એક તાવના દરદીમાં પણ વિવિધ જાતની પ્રકૃતિવાળા દરદીને અનુસાર જુદી જુદી દવાઓ આપવામાં આવે છે. કફનો તાવ, પિત્તનો તાવ, અજીર્ણનો તાવ, પરિશ્રમનો તાવ, ગરમીનો તાવ અને વિષયવિકારનો તાવ–એટલે મોહનો તાવ–ઈત્યાદિ તાવના પ્રમાણે દવા પણ કોઈને જુલાબની, કોઇને કવીનાઈનની, કોઇને ભુખ્યા

રાખવાની, કોઇને વિશ્રાંતિથી નિદ્રા લેવાની, કોઈને કીરયાતાના ઉકાળાની, અને કોઈને ઇષ્ટ મનુષ્યનો સમાગમ કરી આપવાની—એમ જુદી જુદીજ અપાય છે.

આવી રીતે કોઈ મલીન વાસનાવાળાને કર્મકાંડની (ક્રિયા કરવાની) જરૂરીયાત હોય છે. કોઇ વિશેષ વિષયવિકારવાળા અધિકારીને તપ કરવાની જરૂરીયાત હોય છે. કોઇ કોમળ અને શ્રદ્ધાળુ હૃદયવાળાને ભગવાનની સેવા ભક્તિભાવ ઉપાસના કરવાની જરૂર છે, અને કોઇ તેનાથી આગળના અધિકારીને આત્મજ્ઞાનનોજ બોધ આપવાની જરૂરીયાત હોય છે. ગુરૂઓ તો તેની યોગ્યતાનો નિર્ણય કરી કોઈને ક્રિયાનો નિષેધ કરે છે, કોઈને ક્રિયામાં પ્રવૃત્તિ કરાવે છે, કોઈને તપ કરાવે છે, કોઈને તપનો નિષેધ કરી જ્ઞાનમાં જોડે છે. આમ અધિકારી પરત્વે ઉપદેશ અપાયેલો હોય છે, ત્યારે બીજા માર્ગની ગૌણતા કરવામાં આવે છે, એકને ક્રિયાનો નિષેધ કર્યો અને જ્ઞાનની મુખ્યતા કરી તેમાં પ્રવૃત્તિ કરાવી. આ પ્રવૃત્તિ નિષ્કારણ કરાવી નથી. અધિકારી વિનાનાઓ તે વાત ન સમજી શકતાં શંકા કરે તે બનવાયોગ્ય છે. પણ જે વાતનો ગુરુએ નિષેધ કર્યો છે તે વાતનો નિષેધ તે અધિકારી માટેજ કર્યો હોય છે કાંઈ સર્વ અધિકારી માટે તે નિષેધ કર્યો નથી. તે અધિકારી ક્રિયાકાંડ કરી શુદ્ધ અંતકરણવાળો થયો હોય છે, ભક્તિ કરી સ્થિર ચિત્તવાળો થયો છે, હવે તેને જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્તિ કરાવી આત્માના શુદ્ધ સ્વરૂપનો બોધ આપી સ્વરૂપમાં સ્થિર કરવાનો હોય છે. આ વાત બીન અધિકારી ગુરૂ—કે શિષ્ય ન સમજીને, પુસ્તકમાં લખેલી તે તે બીના ઉપર ભાર મૂકીને તે તે સાધનની મુખ્યતા કરી બીજાનો નિષેધ કરે છે. ક્રિયામાર્ગ ઉથાપે છે, અથવા જ્ઞાનમાર્ગ ઉથાપીને કેવળ ક્રિયામાર્ગ થાપે છે, આમ કરતાં તેઓ મોટો અન્યાય કરે છે. આવા બીન **અધિકારી મનુષ્યોનાં**

બનાવેલાં શાસ્ત્રો કે પ્રવર્ત્તાવેલા મત, પંથો એ શંકાના સ્થાન બને છે. જેઓ પોતે વસ્તુસ્વરુપનો પાર પામ્યા નથી તે પરને પાર કેમ ઉતારી શકે? આ એક વસ્તુનો નિષેધ અમુક અધિકારી પરત્વે કરતાં તે ગુરૂના હૃદયમાં તેથી જુદી જાતના અધિકારી પરત્વે તેનો વિધિ પ્રતિપાદન કરવાનો આશય હોય છેજ. પણ કેટલીક વખત અમુક અધિકારીને ઉદ્દેશીને જે બોલાયું કે લખાયું છે તે પ્રમાણે તેનો આશય ન સમજનારાઓ પાંછળથી તેવી મુખ્ય ગુરુની માન્યતા હતી આમ માની તે પ્રમાણે પ્રવૃત્તિ ચલાવે છે જેથી આજકાલ. એકજ સાધ્યમાં અને એકજ ધર્મમાં અનેક મત–પંથો ઉભા થયેલા જણાય છે.

ખરી રીતે વિચાર કરીએ તો એકી વખતે લખવા કે બોલવામાં બધી બાજુઓની પૂર્ણ હકીકતો આવી શકતી નથી. એક લખાતી કે બોલાતી બાબતમાં બીજી કહેવાની કે લખવાની બાબતો ઘણી રહી જાય છે. પણ મુખ્ય ગૌણપણે જ્યારે જે પ્રસંગ ચાલતો હોય કે જે અધિકારીને ઉદ્દેશીને વાત ચાલતી હોય છે તેજ મુખ્ય રીતે બોલાય છે, આથી તેના હૃદયમાં બીજી બાબતો કહેવાની ન હતી કે આજ કહેવાની હતી અને બીજી નિષેધવાની હતી. આવું ધોરણ કદી નક્કી કરી ન નાખવું. શંકાઓ આ વિવિધ સાધનોમાંથી ઉઠે છે છતાં મધ્યસ્થ દૃષ્ટિ રાખી પૂર્વાપર વિચાર કરી અધિકારીઓની મુખ્યતા, ગૌણતા, સમજી વિચારવાન્ સાધકે આ વાતનો નિશ્ચય કરવો એટલે સર્વ શંકાઓનું સમાધાન સ્વાભાવિક થઇ જશે. સમ્યગ્દૃષ્ટિવાળો મનુષ્ય, ગમે તે અપેક્ષાથી વાત કરાણી હશે તે અપેક્ષાને આ દિશાએ એટલે આ ઉપર કહેલી ગૌણ મુખ્ય અધિકારી અનાધિકારી બાબતનું લક્ષ ધ્યાનમાં રાખી તેનું નિરાકરણ કરી લેશે તો શંકાને અવકાશ મળશેજ નહિ.

## કાંક્ષા-ઇચ્છા. બીજું દૂષણ.

સમ્યગ્દૃષ્ટિ જીવ આલોક કે પરલોક સંબંધી પુન્યના ફળની આંકાક્ષા-ઈચ્છા કરતા નથી કેમકે તે પુન્ય ફળો ઇંદ્રિયો તથા મનને વ્યાકુળ કરાવનારાં અને આશક્તિ કે અભિમાન કરાવી પરિણામે દુઃખ આપનારાં છે.

**આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવું છે, જન્મ મરણ રહિત પરમશાંતિ અનુભવવી છે. આ નિશાન મજબુત બાંધી તેના તરફ ચાલવાનો પ્રયત્ન શરૂ રાખો.** તમારા આ નિશ્ચયને ડોલાવવા અનેક વિઘ્નો આડાં આવશે, અનેક લાલચો આડી આવી ઉભી રહેશે, વિવિધ પ્રકારના ચમત્કારો અનુભવવાની ઈચ્છાઓ થશે, પણ તેના તરફ તમે જરા પણ લલચાયા-**તમારા ચાલુ નિશ્ચયથી ડગ્યા તો જરૂર સમજજો કે તમે તમારા માર્ગમાંથી પતિત થવાનાજ.** અને પાછા આ ચાલુ પરમશાંતિના માર્ગમાં આવવાને તમને માઇલનું આંતરૂં પડી જશે. હજારો વર્ષ સુધી પાછા પ્રયત્નો કરશો ત્યારે આ મૂળ માર્ગ મેળવી શકશો કે નહિ પણ મેળવી શકો. કારણ એ છે કે, મોહ, અજ્ઞાન, મમતા, ઇંદ્રિયોના વિષયો એ એટલા બધા આકર્ષક છે, એટલા બધા આત્મભાન ભૂલાવનારા છે, એટલા બધા સત્ય નિશાનથી કે કર્તવ્યથી દુર ખેંચી જનારા છે, કે તેનો ખરો નિશ્ચય ઘણાજ સુક્ષ્મ-બારિક વિચાર વિના થઈ શકે તેમ નથી અથવા તેનો અનુભવ જેને થયો હોય છે તેનેજ ખબર પડે છે, અથવા મહાત્મા જ્ઞાની પુરુષોજ જાણે છે.

**એક ભૂલ અનેક ભૂલો ઉત્પન્ન કરે છે.** જેમ જેમ આવરણ વધતું જાય છે, તેમ તેમ સુક્ષ્મજ્ઞાન ઢંકાતું જાય છે. તિવ્ર બુદ્ધિ ચાલી જાય છે. સદ્ અસદ્નો વિવેક નાશ પામે છે.

૯-૧

કર્ત્તવ્યાકર્ત્તવ્યનું ભાન રહેતું નથી. પરિણામે આવરણના મહાન્ બોજાથી સંસાર પ્રવાહમાં તણાવું પડે છે.

**આત્માનું શુદ્ધ સ્વરુપ પ્રગટ કરવું તે ધર્મ છે.** આ સિવાય બીજું કાંઈ પણ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવી તે અધર્મ છે, આ ઈચ્છા કયારે થાય છે કે જ્યારે આત્માના શુદ્ધ સ્વરૂપ ઉપર અનાસ્થા થાય છે, તેના ઉપરની પ્રીતિ ઓછી થાય છે, તેમાં ખરૂં સુખ ભાસતું નથી, અને પુદ્ગલ–જડ પદાર્થ–અનાત્મ વસ્તુને વિષે સત્ય સુખ ભાસે છે, તેને લઈને અન્ય અન્ય મત, પંથો તરફ તે દોરાય છે. જેમાં કોઇ પણ મંત્ર-તંત્રનો ચમત્કાર જણાય છે, કાંઇ લબ્ધિ, સિધ્ધિઓનો અનુભવ જણાય છે, તેવા ગુરૂઓનું શરણ લે છે, તેવા દેવ દેવીઓને માને છે, ઉપાસના કરે છે, અને મનની ઈચ્છાઓને જ્યાં તૃપ્તિ મળે તેવા માર્ગમાં પ્રવેશ કરે છે, પણ આ બાબતમાં તે ઠગાય છે. **પ્રયત્ન વિના વસ્તુની પ્રાપ્તિ થતી નથી.** ત્યાં પણ પ્રયત્ન તો કરવો પડે છેજ. પુન્યની અધિકતાથી તે વસ્તુ મળે છે. પુન્યના અભાવે તેવી શક્તિઓ મળતી નથી. કદાચ પ્રબળ પ્રયત્ને તે શક્તિઓ મેળવે છે તથાપિ જન્મ, મરણ આધિ વ્યાધિ, ઉપાધિ ઓછી થતી નથી. પરમ શાંતિ મળતી નથી. તે વસ્તુ કે સત્તાના ઉપભોગથી વાસના વૃધ્ધિ પામે છે. અભિમાન અધિક થાય છે. **ઈષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટતાના સંયોગથી રાગ દ્વેષ થાય છે.** પરિણામે અશાંતિ જન્મ મરણ થયા કરે છે.

આમ જે અનિત્ય વસ્તુ છે. દુઃખરૂપ છે, અનાત્મસ્વરૂપ છે, તે વસ્તુ મેળવનારા સર્વ પ્રયાસો દુઃખરૂપ નિવડે છે. તૃષ્ણા વૃદ્ધિ પામે છે. અને સત્ય સુખ માટે ફરી ફરીને પણ પાછા તે સત્યના રસ્તા પરજ આવવાની તેને ફરજ પડે છે. કેટલીક વખત જુદા

જુદા અધિકારીઓને જુદાં જુદાં સાધનો સેવતાં જોઈને તે તે સાધનો સેવવાની ઇચ્છા થાય છે એટલે સદ્‌ગુરૂએ તેને જે માર્ગ–સાધનો બતાવ્યાં હોય છે તેને પડતાં મૂકી અરધાં અનુભવેલાં–સેવેલાં સાધનોનો ત્યાગ કરીને તે અન્ય અધિકારીથી સેવાતાં સાધનો સેવવા લાગે છે, પણ પોતાની અલ્પબુધ્ધિથી આ માર્ગમાં ચાલતા તે ઠચાય છે. આ સત્યના માર્ગમાં ભોમીયાની પુર્ણ જરૂરીયાત છે. બાળક યુવાન, રોગી, નિરોગી અને વૃદ્ધ એ સર્વનો એક રસ્તો હોતો નથી. સર્વને એક સરખું સાધન હોતું નથી. એકજ માર્ગમાં સર્વે ચાલી શકેજ નહિં. તેમની લાયકાત જોઈને અનુભવી ગુરૂ તેમનો માર્ગ નક્કી કરી આપે છે કે તમારે તો આજ રસ્તે ચાલવું. આ સઠક છોડવી નહિ–રસ્તો ભલે ચકાવાનો છે પણ તમારા માટે તેજ ઉપયોગી–હિતકર્તા છે. પણ આ જીવ તે કબુલ કરતો નથી. કારણ કે પોતાની આગળ ઉભે માર્ગે–આડે રસ્તે મોટા પથરાઓને ઠેકતા વિકટ માર્ગોને ઓળંગતા, વગર ચકાવો લીધે જેમ આબુજી કે સિદ્ધગીરી-જીના પાહાડ ઉપર અનેક માણસો ચાલ્યા જાય છે તેમ તેમને ચાલતા જોઈને તે પણ તે રસ્તે જવા ઇચ્છે છે. પરિણામ એ આવે છે કે એકાદ મોટો પથ્થર આડો આવતાં તે અટકી જાય છે–ઉભો રહે છે. તેને ઓલંઘવાનું બળ હોતું નથી એટલે તે રસ્તે તે જેટલો ચડયો હતો ત્યાંથી તેટલો નીચો ઉતરીને પાછો મૂળ ચકાવાનો માર્ગ ગ્રહણ કરે છે, અને પોતાના સહાયકો–સાથે ચાલનારાઓથી પણ પાછળ પડી જાય છે. આટલો ચકાવો લીધા પછી તેને ભાન થાય છે કે, મને ગુરૂએ આ રસ્તે ચાલ-વાને ફરમાવ્યું હતું. આ વિકટ માર્ગને ઉલ્લંઘન કરનારા ઉત્તમ અધિકારીઓ બળવાન હતા, તેમણે અત્યારે હું જે સાધનો સેવું છું. તે પહેલાં સેવેલાં હતાં, આ રસ્તા દ્વારા પોતાનું બળ કેળવ્યું હતું પોતાના મનની મલીનતા દૂર કરી હતી, એકાગ્રવૃત્તિ તેમણે સિધ્ધ કરી હતી, મલીન વાસનાઓનો ત્યાગ કર્યો હતો, તેને

લઈને આ વિકટ પણ નજીકનો—નિરાલંબનતાવાળો—નિરાધાર માર્ગ તેમને માટે યોગ્યજ હતો. આટલી શક્તિ કે પવિત્રતાના અભાવે મારા માટે તે માર્ગ દુર્ગમ હતો; અને છે, હવે મારૂં ડહાપણ એક બાજુ મૂકી દઈ સદ્ગુરૂ મને જે કહેશે તે માર્ગેજ પ્રયાણ કરીશ. છેવટે તે આ નિર્ણય પર આવે છે અને ઉંચા અધિકારના પુસ્તકો વાંચી લઈને, કે કોઈ ઉત્તમ અધિકારીની વાતો સાંભળી લઇને અધિકાર આવ્યા સિવાય તે રસ્તે ચાલવાનું બંધ કરી પોતાના અધિકારનો માર્ગ ગ્રહણ કરે છે.

અસ્થિર કે ચપળ મનવાળા અશ્રધ્ધાળુ મનુષ્યો આ માર્ગમાંથી વારંવાર પાછા હઠે છે. આના કરતાં કોઈ સહેલો માર્ગ હશે ? આથી કોઇ સુગમ માર્ગ બતાવશે ? એમ માની એક સાધન થોડો વખત સેવી તે હજી પૂરૂં થયું નથી, તેટલામાં સાંભળ્યું કે અમુક મહાત્મા પુરૂષ છે તે યોગ્ય અને સહેલો રસ્તો જાણે છે એટલે પોતે તેની પાસે જઇને માર્ગ પૂછે છે. મહાત્માઓ તો દયાળુ હોય છે એટલે તેને રસ્તો બતાવે છે કે આ પ્રમાણે વર્ત્તન કરજો. તે પ્રમાણે ચાર છ માસ પ્રયન્ન કર્યો. પણ અશ્રધ્ધાને અસ્થિરતાને લઇ જોઈએ તેવો પ્રયત્ન ન થવાથી ફાયદો બરાબર તરત ન જણાયો, એટલામાં સાંભળ્યું કે અમુક મહાત્મા યોગવિદ્યા જાણે છે અને મનને વશ કરવાના પ્રાણાયામાદિ સારા રસ્તા બતાવે છે, અને સિદ્ધિઓ પણ હાલ પ્રાપ્ત થાય છે. તેવી વાતો કરતા હતાં વગેરે. આ વાત લોકના મુખથી સાંભળી તે સાધનને પડતું મૂકી ગયો તે ગુરૂની પાસે. ગુરૂ પણ યોગની અને સિદ્ધિઓની લાંબી લાલચો બતાવી, પોતાની હાજતો—જરૂરીયાતો તેની પાસેથી પૂરી પાડે છે ત્યાર પછી રસ્તો બતાવે છે, પણ આહી ક્યાં જમવાની વાત હતી ? આ તો તે કરતાં પણ વિકટ માર્ગ. છ—બાર મહિના અભ્યાસ કરી થાકયો, પરિણામ શૂન્ય આવ્યું અને શૂન્ય આવવુંજ જોઈએ.કારણ કે આતો ઉન્માર્ગ

ઉન્માર્ગ હતો-વિપરીત માર્ગ હતો-અભિમાનનો માર્ગ હતો-શક્તિની, સિદ્ધિઓની ઈચ્છાનો માર્ગ હતો. અભિમાન વધારનાર માર્ગ હતો. કેવળ દેખાવડો આડંબરનો જ માર્ગ હતો, છેવટે ગુરૂએ હાથ ખંખેર્યા કે હું શું કરૂં! તમે અભ્યાસ કયાં કરો છો? તમારો જ વાંક છે. અમારા માર્ગમાં તો ઘણી જ શક્તિ છે પણ તમે અધિકારી નથી કે ઉત્સાહી નથી. આ બહાનાં બતાવી હાથ ખંખેરી નાખ્યા. થઈ રહ્યું. લાંબા વખતની મહેનત, વખતનો ભોગ, ધનનો ભોગ આપ્યા છતાં અસ્થિરતા અને આત્મમાર્ગમાં દોરનાર ગુરૂના અભાવે પરિણામ છેવટે શૂન્ય જ આવે છે.

આમ અનેક આશા, ઈચ્છાને લઇ આ જીવ સદ્ગુરૂ અને સન્માર્ગના અભાવે અનેક વાર પ્રયત્નમાં નિષ્ફળ નિવેડે છે, પણ જ્યારે સર્વ ઈચ્છાઓનો ત્યાગ કરે દુનિયામાં મનાવાની, પુજાવાની, મોટા કહેવડાવવાની, ધર્મપંથો ચલાવી માન ખાટવાની, ઈત્યાદિ સર્વ આશાઓને તિલાંજલી આપવામાં આવે છે. સર્વ ઈચ્છાઓથી નિરાશ થઈ જાય છે, કેવળ આત્મસ્વરૂપ જ પ્રાપ્ત કરવું છે પોતાનું અજ્ઞાન જ હઠાવવું છે તે સિવાય બીજા બધા કર્ત્તવ્યોને રજા આપે છે ત્યારે યોગ્ય સદ્ગુરૂ મળે છે, તેના વચન ઉપર પૂર્ણ શ્રધ્ધા રાખી, તે નિસ્પૃહ, **નિરાભિમાની ગુરૂ જે માર્ગ બતાવે છે તેને પૂર્ણ પ્રેમથી આદરે છે ત્યારે આ જીવ પૂર્ણ શાંતિ પામે છે.** પોતાને કૃતાર્થ માની નિર્ભય બને છે. આ સિવાય આશા-ઇચ્છાઓને લઈને પરિભ્રમણ જ કરવું પડે છે. આ સમ્યગ્દૃષ્ટિનું દૂષણ કહેવાય છે. તેનો ત્યાગ કરવો એ સમ્યગ્દર્શનનો માર્ગ છે.

## વિચિકિત્સા-નિંદા. ત્રીજું દૂષણ.

આત્માના માર્ગમાં ચાલનાર મહાન્ પુરૂષોની નિંદા ન

કરવી, દુઃખદાયક સંયોગોથી ઉદ્વેજીત ન થવું, અપવિત્ર પદાર્થોની દુગંછા ન કરવી, આનું નામ અવિચિકિત્સા કહે છે. આથી વિપરીત વર્ત્તનને વિચિકિત્સા. આ વિચિકિત્સા સમ્યગ્‌દૃષ્ટિને દુષિત કરનાર હોવાથી દુષણરૂપ છે. ઘણી વખત **મનુષ્યોમાં ધર્મને નામે ધર્માંધપણું** હોય છે, તેને લઈ પોતે જે ધર્મના નેતાઓને કે અનુયાયીઓને માનતો હોય છે તેનાથી બીજા ધર્મના નેતાઓ કે ધર્માનુયાયી મહાન પુરૂષોની નિંદા કરવામાં તે જીવ જરાપણ શંકા ખાતો નથી, કે પાછો હઠતો નથી. **સત્યને માર્ગે ચાલનાર મહા પુરૂષોની નિંદા કરવી તેના જેવું બીજું કોઈ પાપ નથી.** તે મનુષ્ય પોતાને દુર્લભબોધી કરે છે એટલે તેને સત્યનો માર્ગ કદી હાથ લાગતો નથી, કારણ કે તેને સત્યના ઉપર જ દ્વેષ થયો છે. **આ દ્વેષ એજ અનંતાનુબંધી કષાય છે.** આના જવા સિવાય ધર્મની પ્રાપ્તિ થઈ શકે જ નહિ.

**જ્યારે મનુષ્ય અન્યની નિંદા કરે છે ત્યારે તે પોતામાં એક જાતનો મળ એકઠો કરે છે. જ્યારે બીજા મનુષ્યની કાળી બાજું જોવામાં આવે છે, ત્યારે તે મલીન મળને કે દુર્ગુણને આમંત્રણ કરાય છે.** જુઓ કે આ દુર્ગુણ જોનાર મનુષ્ય ભાન ભુલેલો હોવાથી એટલે આત્મભાવમાં જાગૃત ન હોવાથી, સામાના દુર્ગુણ તપાસતાં શું શું ક્રિયા પોતામાં થઈ તેનું તેને ભાન હોતું નથી. છતાં મનુષ્યની આ કાળી બાજુ તપાસતાં તેના મલીન સંસ્કારો તેના હૃદયમાં પડે છે. આ મળ જેમ જેમ એકઠો થાય છે તેમ તેમ તેના હૃદયમાં વિવિધ પ્રકારના વિક્ષેપો ઉત્પન્ન થયા કરે છે. જેમ પેટમાં મળ એકઠો થયેલો હોય, સારી રીતે જામી ગયેલો હોય તો વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન કરે છે. પેટમાં દુખાવો આદિ થયા કરે છે તે મળને જુલાબ

લેવાથી કે ઉપવાસાદિ કરવાથી કાઢી શકાય છે. આ મળ જવા પછીથી જ તેના પેટમાં શાંતિ રહે છે. નહિતર તે મળ ભરેલો હોય ત્યાં સુધી અવ્યવસ્થિત સ્થિતિ શરીરની થયાજ કરે છે.

આવી જ રીતે અન્યની નિંદા કરવી. કે દોષ ગ્રહણ કરવા, તે રૂપ એક જાતનો મળ મનમાં એકઠો થાય છે. આ મળ–**મનનો મેલ જ્યાં સુધી હૃદયમાં હોય છે ત્યાં સુધી કોઈ પણ ધાર્મિક ક્રિયામાં મન સ્થિર થતું નથી.** તેમાં વિવિધ પ્રકારના વિચારરૂપિ વિક્ષેપો આવ્યા કરે છે. આ ઠેકાણે જેમ શરીરનો મળ દૂર કરવા જુલાબ કે લાંઘણ કરવારૂપ–ઉપચાર કરવો પડે છે, તેમ મનને પણ શુદ્ધ કરવા માટે પોતાના દોષ તપાસવા અને અન્ય વ્યક્તિમાંથી ગુણ ગ્રહણ કરવારૂપ જુલાબ લેવો જોઈએ. અન્ય સર્વ વ્યક્તિમાંથી જેમ જેમ ગુણ ગ્રહણ કરવામાં આવશે તેમ તેમ આ જુલાબના જોરથી પોતાના દોષરૂપ મળ બહાર નીકળી પડશે. અને તેમ થતાં મન પણ શરીરની માફક મળ વિનાનું થવાથી નિર્મળ અને સ્વસ્થ થશે.

અવિચિકિત્સાનો બીજો અર્થ દુઃખદાયક સંયોગોથી ઉદ્વેજીત ન થવું તે થાય છે આ વાત ખરી છે કે કર્મનો ઉદય હાથમાંથી છુટેલા બાણની માફક આપણે આધિન નથી. જેવી જેવી લાગણીથી જે જે કાળે કર્મ બંધ કર્યો છે. તેવા પ્રબળ કે નિર્બળ તીવ્ર કે મંદરસ તે ઉદય આવવાનું જ અને તે પ્રમાણે સુખ દુઃખનો અનુભવ થવાનોજ, ઈચ્છા હો કે ન હો તેનો ઉપભોગ તો કરવો પડવાનો જ. કરેલાં કર્મ ભોગવ્યા સિવાય તીર્થંકરદેવ કે અવતારી પુરૂષો જેને ગણવામાં આવે છે તેવાઓનો પણ છુટકો થતો નથી, તો બીજા પ્રાકૃત (સામાન્ય) મનુષ્યોની તો વાતજ શી કરવી ? મતલબ કે કર્મવિપાક સર્વને ભોગવવો પડે છે.

આંહી એટલો વિશેષ છે કે જેને સમ્યગ્દૃષ્ટિ થયેલી તેણે

તો આ સ્થળે બહુ સાવચેત રહેવું જોઇએ, જે જે દુઃખદાયક સંયોગો ઉત્પન્ન થાય છે તે સર્વ સંયોગો આપણા કર્યા સિવાય તો પ્રાપ્ત થતા જ નથી. કોઇનું કરેલું કોઈ ભોગવતો જ નથી. અન્યનું કરેલું અન્યને મળી શકે જ નહિ. આ નિયમ બરોબર સમ્યગ્દષ્ટિને ધ્યાનમાં–જાણવામાં હોય છે, આ નિયમનો નિશ્ચય થાય છે ત્યારે તો સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત થાય છે, આ નિશ્ચયને લઈ સમ્યક્દષ્ટિ કરી પણ ક્લિષ્ટ કર્મના ઉદયથી હિમ્મત હારતો નથી પણ ઉલટો સાવચેત થાય છે. તે ચોક્કસ મનમાં માને છે કે જે મનુષ્યમાં આ કર્મ પેદા કરવાનું પણ બળ હોય છે તેને તોડવાનું કે અનુભવવાનું, એટલે સહન કરવાનું પણ બળ તેનામાં હોય છે. વિશેષ એટલો છે કે અજાગૃત દશામાં, ભાન ભૂલાયેલી અજ્ઞાન દશામાં આ કર્મો બંધાયેલાં છે અત્યારે હવે જાગૃત-દશા છે તો તે સર્વ કર્મો મારે સમભાવે ભોગવી લેવાં કર્મ તોડવાનું જે બળ કહેવામાં આવ્યું છે તે વાસનારૂપ કર્મ માટે છે, એટલે જેનો નિકાચિત બંધ બાંધેલો નથી, તેને માટે તે વાત છે. અજાગૃત અવસ્થામાં કરાયેલા સંકલ્પો, વિવિધ પ્રકારની લાગણીઓ. ઇચ્છાઓ, રાગદ્વેષ, અભિમાનની વૃત્તિઓ, તે સર્વના બંધ પાડયા સિવાયના માત્ર એકઠાં થયેલાં પુદ્ગલો હોય છે તે, સદ્વિચારોથી, જડ ચૈતન્યના વિવેકથી, સત્પુરૂષોની સોબતથી, કે પશ્ચાતાપરૂપ તપની મદદથી તોડી શકાય છે–તે કર્મોને વિખેરી નાખી શકાય છે. પણ જે કર્મ નિકાચિતભાવે દઢ કરવામાં આવ્યું છે, પ્રારબ્ધરૂપે નિર્માણ થઇ ચુકયું છે તે કર્મ તો ભોગવવાથી જ છુટી શકે છે. તેને માટે ભોગવ્યા સિવાય બીજો રસ્તો નથી.

આ સમ્યગ્દષ્ટિ જીવ આ કર્મ ભોગવતી વખતે એક મહાન્ લાભ મેળવે છે અને તે એ છે કે, તેને આત્મબળ ઉપર પૂર્ણ શ્રદ્ધા હોવાથી તે કર્મના ઉદયને આવકાર આપે છે, અને

કહે છે કે તમે મારી પાસે ભલે આવ્યા. તમારે જે કરવાનું હોય તે સુખેથી કરો. જે સુખ દુઃખ આપવાનું હોય તો ભલે તમારી ઇચ્છાનુસાર આપો, અમે તમે જે કરો, કે કરાવો તે કરવાને તૈયાર છીએ. પણ યાદ રાખજો કે હવે ફરીને તમારે આધીન અમે થવાના નથી. કારણ પૂછો તો એજ જવાબ છે કે તમને ભોગવતાં અમે જાગૃત છીએ. જરા પણ આનાકાની કર્યા સિવાય અમે ભોગવીએ છીએ. તમારા આવવાથી અમે જરા પણ રાગ, દ્વેષ, હર્ષ, શોક કરવાનાજ નથી. તમે અમારા ભલા માટે આવ્યા છો એમ અમે માનીએ છીએ. તમારા આવવાથી અમારો આવરણનો બોજો ઓછો થવાનો છે, અમારી સ્વરૂપ જાગૃતિ વિશેષ તિવ્ર થવાની છે. અજ્ઞાનીઓની માફક અમે તમારાથી ભય પામવાના નથી કે હાયવોય કરવાના નથી કે તમારો તિરસ્કાર કરી ગર્વિત પણ થવાના નથી. અમે તો જે છીએ તે છીએ. તમને પણ જોનારા છીએ. તમારા આવવાની કે જવાની જરા પણ અસર અમારા સ્વરૂપ ઉપર થવાની નથી.

આ કારણોથી સમ્યક્દૃષ્ટિ જીવ ગમે તેવા વિષમ પ્રસંગો કે, પ્રતિકુળ સંયોગોથી ઉદ્વેજીત થતો નથી.

આ વિચિકિત્સાનો ત્રીજો અર્થ એ કરવામાં આવ્યો છે કે તે અપવિત્ર પદાર્થોની દુગંચ્છા કરતો નથી. આ સમ્યગ્દૃષ્ટિ જીવ સમજે છે કે તે અપવિત્ર પદાર્થોમાં અનેક સ્વભાવો રહેલાં છે. પોતપોતાના સ્વરૂપને તે પદાર્થો આ જીવો સમક્ષ રજુ કરે છે, એટલે તે પદાર્થો એમ જણાવે છે કે, અમે અમારો સ્વભાવ તમારી સમક્ષ પ્રગટ કર્યો છે. તમને યોગ્ય લાગે તો ગ્રહણ કરો—યોગ્ય ન જણાય તો ઉપેક્ષા કરો. અમને તમે માનજ આપો કે ગ્રહણજ કરો એમ કહેવાનો અમારો જરા પણ આગ્રહ નથી. જેવા સ્વરૂપે અમે છીએ તેવા સ્વરૂપે તમારી સન્મુખ

હાજર થયા છીએ. કહેવાનો આશય એવો છે કે પદાર્થોમાં અનેક સ્વભાવો છે. જે ઉત્તમ પદાર્થો દેખાય છે તે નિમિત્ત પામીને થોડાજ વખતમાં અધમ સ્વભાવે દેખાવ આપે છે. જેઓ ઘણાજ અધમ રૂપવાળા દેખાય છે તે બીજા નિમિત્તને પામી પોતાનું સ્વરૂપ બદલાવી ઉત્તમ સ્વરૂપમાં તમારી સન્મુખ હાજર થાય છે. જે પદાર્થ તમે ઘણીજ ઈચ્છાપૂર્વક તેની સુંદરતા અને મીઠાશને લઇ હમણાંજ ખાધો હતો તેનો વિચાર કરો કે, તમારા પેટમાં જવા પછી શી વ્યવસ્થા થઈ છે? વિષ્ટા થઇ છે. જે બહાર નીકળ્યા પછી તમે તમારા હાથને પણ ઘસી ઘસીને ધોઈ નાખો છો, તેજ વિષ્ટા પાછી ખેતરમાં ખાતરરૂપે ભળી, વાવેલ છોડવામાં પરિણામ પામી. સુંદર શાક, અનાજ કે વસ્ત્રાદિરૂપે તમારી સન્મુખ નાટકનાં પાત્રોની માફક સુંદર સ્વાંગ (વેષ) ધારણ કરી પાછો પોતાનો પાઠ ભજવે છે. ત્યારે તમેજ પહેલાં તેનો તિરસ્કાર કર્યો હતો તે વાતને ભૂલી જઈ, આ માયાના મોહક સ્વરુપને આધિન થઈ પાછો ફરી હર્ષપૂર્વક તેનો આદર કે સ્વીકાર કરો છો. આ તો એક નમુના તરિકે એકજ દૃષ્ટાંત છે. આવી રીતે આખી દુનિયાની સર્વ વસ્તુઓ માટે વિચાર કરશો તો આવીજ દિશામાં તમને સર્વ વસ્તુઓનો આવોજ નિશ્ચય થઈ શકશે.

હવે આ વસ્તુઓને તમે પુછો કે તમે આમ કેમ? લીમડાને પૂછો કે તું કડવો કેમ છે? આંબાને પૂછો કે તું મીઠો શા માટે? આનો જવાબ તે શું આપશે? તેતો એમજ કહેશે કે આ કાંઇ તમારો પ્રશ્ન છે? અમારો સ્વભાવજ એવો છે. એનો ઉત્તર બીજો કાંઈ નથી. તમે જ્ઞાતા હોવાથી અમે અમારો સ્વભાવ તમારી સમક્ષ દેખાડી આપ્યો છે, તમને યોગ્ય લાગે તો અમારો સ્વિકાર કરો યોગ્ય નલાગે તો ઉપેક્ષા કરો, અમારૂં નામ કેટલાએક સંપ્રદાયવાળાઓ માયા કહે છે, તે વાત ખરી છે. કારણ કે અમે વિવિધ પ્રકારની આકૃતિઓમાં અમારૂં સ્વરૂપ બદલાવ્યા કરીએ છીએ અને આ

અમને જાણનાર અમારો પતિ આત્મા તેને આધિન કરવા માટે વિવિધ પ્રકારે તેની આગળ નાચ્યા કરીએ છીએ. તે જ્યારે જાગૃત હોય છે ત્યારે અમારા હાવ ભાવ અને વિવિધતામાં મોહ ન પામતાં અમને તટસ્થ રહી જોયા કરે છે. જ્યારે તે આત્મભાન ભૂલાયેલો હોય છે ત્યારે અમારો સ્વિકાર કે તિરસ્કાર કરી રાગ દ્વેષમાં ફસાય છે. રાગ દ્વેષ કરે છે. આ તેની ભૂલના બદલામાં અમે તેનું વિશેષ ભાન ભૂલાવીને અમારા જેવી સ્થિતિમાં લાવી મૂકી એટલે વિવિધ પ્રકારનાં શરીરો ધારણ કરાવી આ ભવમંડપમાં અમારી જોડે નચાવીએ છીએ–ફેરવીએ છીએ. તે જ્યારે જાગૃત થાય છે ત્યારે પાછો અમારી સોબત મૂકી દઇ, તટસ્થ દષ્ટા તરિકે અમને જોયા કરે છે. આ અમારી સ્થીતિ છે.

આ સર્વ કહેવાની મતલબ એ છે કે, સમ્યક્‌દષ્ટિ જીવ આ જડ પુદ્ગલના ધર્મોથી સારી રીતે માહિતગાર હોવાથી તેના સારાં કે નઠારાં રૂપોથી સુગંધી કે દુર્ગંધ સ્વભાવોથી કોઈપણ રીતે આશ્ચર્ય કે ખેદ પામતો નથી. તેમાં રાગ દ્વેષ કરતો નથી. તેની વિવિધ પ્રકારની આકૃતિઓમાં લેપાતો નથી અને તે સર્વની ઉપેક્ષા કરી પોતાના સ્વરૂપ તરફ લક્ષ આપી, સમભાવે પ્રવૃત્તિ કરતો રહે છે, એટલે ઇષ્ટ પદાર્થોને આદર આપતો નથી, અનિષ્ટ પદાર્થોને તિરસ્કારતો નથી. આ કારણોથી તે પોતાની નિર્મળતામાં વધારો કરતો રહે છે શુદ્ધ સ્વરૂપ તરફ લક્ષ હોવાથી આવરણને તોડતો રહે છે.

## કુદ્રષ્ટિની પ્રશંસા ન કરવી.

જે જીવોની દુનિયાના વિષયો તરફ દષ્ટિ છે, ઈષ્ટાનિષ્ટ પદાર્થો તરફ પ્રીતિ અપ્રીતિ છે, સુંદર અસુંદર પદાર્થો તરફ રાગ દ્વેષની લાગણી છે, ઇંદ્રિયોના વિષયો મેળવવા માટે વિવિધ પ્રકારનાં વ્રત, તપ, જપાદિ અનુષ્ટાન કરી રહેલા છે, મનને

ગમે તેવા દેવ, મનુષ્યાદિના ઉત્તમ અધિકારો અને વિષયોને મેળવવા માટે અનેક પ્રકારના ત્યાગ વૈરાગ્યના માર્ગો ગ્રહણ કરી તે માટે વિવિધ પ્રકારે કષ્ટ ક્રિયા કરી રહ્યા છે. આ સર્વ કુદૃષ્ટિ કહેવાય છે અને જેઓ આત્માને શુદ્ધ કરવા માટે ગૃહસ્થ-ધર્મમાં રહીને, કે ત્યાગમાર્ગ ગ્રહણ કરીને અનેક પ્રકારે પોતાના અધિકાર અને વિશુદ્ધિના પ્રમાણમાં પ્રયત્ન કરી રહ્યા છે તે સુદૃષ્ટિ છે.

જડ–પુદ્‌ગલ–માયા તેમાં જ્ઞાન નથી. વિવિધ સ્વરૂપે તેના આકારો બદલાયા કરે છે. મતલબ કે એક સ્વરૂપે તે રહી શકતા નથી તેનો જડ સ્વભાવ છે.

આત્માનો ચૈતન્ય સ્વભાવ છે. તે જ્ઞાનસ્વરૂપ છે. સર્વકાળે તેની હયાતિ હોય છે. જ્ઞાન સ્વરૂપ અને ચૈતન્ય સ્વભાવવાળો હોવા છતાં આત્મા, જડ–પુદ્‌ગલમાં ભ્રાંતિથી આકર્ષાય છે–ખેંચાય છે, તેને મેળવવા મથે છે. તે મળવાથી હર્ષ પામે છે. નહિ મળવાથી ખેદ ધરે છે, તેનો વિયોગ થવાથી રડે છે. માટે તેને કુદૃષ્ટિ કહે છે કેમકે તે પોતાના સ્વરૂપને ભૂલી, પોતાની જાતને ભૂલી, વિજાતીય પદાર્થ તરફ પ્રવૃત્તિ કરી રહ્યો છે. ઉત્તમ જાતિવાન્ હોવા છતાં નીચ જાતિવાળી પ્રવૃત્તિ કરનાર અધમ કે નીચ ગણાય છે. તેમજ આત્મ સુદૃષ્ટિ હોવા છતાં તેની વિજાતીય તરફની પ્રવૃત્તિને લઈ તે કુદૃષ્ટિ કહેવાય છે આવી કુદૃષ્ટિને ધારણ કરનાર મનુષ્યો કે જીવો કુદૃષ્ટિ કહેવાય છે. તેમની પ્રશંસા ન કરવી. વિપરીત માર્ગે ચાલનાર મનુષ્યની પ્રવૃત્તિની પ્રશંસા કરવી તે તેના માર્ગને ઉત્તેજન આપવા બરોબર ગણાય છે, અને તેથી તે પ્રશંસા કરનારને સમાજ તરફની કે, લોકો તરફથી શાસન–કે દંડ ભોગવવો પડે છે. તેમજ આ આત્મા; આ જડ વસ્તુઓ તરફ પ્રીતિ રાખી

તેને મેળવવા માટે પ્રયત્ન કરે છે ત્યારે તે પોતાના સ્વરુપથી વિપરીત માર્ગે પ્રવૃત્તિ કરે છે તેની પ્રશંસા-કરનાર-તેને અનુમોદન આપનાર તેના આ વિપરીત વર્તનને અનુમોદન-ઉત્તેજન આપે છે; તેને આંતરે ધર્મસમાજ તરફથી તેના સમ્યગ્દૃષ્ટિપણાને મલીનતા પ્રાપ્ત થવારૂપ કે નાશ થવારૂપ દંડ મળે છે. મતલબ કે મનુષ્યો આ કુદૃષ્ટિઓની પ્રશંસા કરે છે તેનામાં જો સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થયેલી હોય તો તે મલીન થઇ જાય છે, અને તે પ્રાપ્ત ન થઈ હોય તો તેના આડે મજબુત કર્મ આવરણની ખડક કે દીવાલ ઉભી થાય છે કે જેથી તેને પોતાના સ્વરૂપનું ભાન, કે આત્મપ્રકાશ મળવો મુશ્કેલ થઈ પડે છે.

આત્મસ્વરૂપને ઓળખ્યા સિવાય, તેને વિશુદ્ધ કરવાની લાગણી સિવાય, આલોક કે પરલોકના સુખને માટે લાંબા આયુષ્ય માટે ધનને માટે, અધિકાર માટે, પદવી માટે, માન મહત્વને માટે, યશઃકીર્તિને માટે, સ્રી માટે, પતિ માટે, પુત્ર માટે શત્રુનો નાશ કરવા માટે, રાજા, ચક્રવર્તી, વિદ્યાધર, દેવ, ઇંદ્ર ઇત્યાદિ પદ માટે જે જે તપશ્ચરણ કરવામાં આવે છે, જે જે ક્રિયાઓ કરવામાં આવે છે જે જે વ્રત અનુષ્ટાનો કરવામાં આવે છે તે સર્વેમાં ઇંદ્રિયોના વિષય સુખની કે અભિમાનની લાગણીનાં ઝેરી બીજ હોવાથી તેને કુદૃષ્ટિવાળી પ્રવૃત્તિ કહે છે. આ પ્રવૃત્તિથી સંસારની વૃદ્ધિ પામે છે. કર્મના બીજોનો નાશ થતો નથી પણ ઉલટું તેને પોષણ મળે છે. માટે આ પ્રવૃત્તિને સુદૃષ્ટિની પ્રશંસા કરવાવડે તથા આત્મા તરફ પ્રવૃત્તિ કરવાવડે અટકાવવી.

વગર નિશાનના કે વિપરિત નિશાનવાળા ક્રિયા અનુષ્ટાનને અનુમોદન આપવાથી આ અજ્ઞાની મનુષ્યના અજ્ઞાનમાં વધારો થાય છે. અજ્ઞાનને લઇ વિપરિત ક્રિયામાં સત્યમાર્ગનું અભિમાન થાય છે. તેથી તેને ઉલટું બમણું નુકશાન થાય છે. એક મનુષ્ય

માર્ગ જાણતો ન હોવાથી તેજ સ્થળે ઉભો છે, બીજો મનુષ્ય તે સત્ય માર્ગથી ઉલટા રસ્તે પ્રયાણ કરે છે, એટલે ઉત્તરમાં જવું જોઇએ તેના કરતાં દક્ષિણ તરફ પ્રયાણ શરૂ કરે છે. આ બેમાં શ્રેષ્ઠ કોણ? વહેલો કોણ પોચશે? આજે આંહી ઉભો છે તેજ જે ચાલે છે તેના કરતાં આ ઉભો છે તેને કોઈ રસ્તો બતાવનાર મળી આવતાં તે વહેલો પહોંચશે. બીજાને તો તે જે સ્થળેથી આવ્યો હતો ત્યાં પાછું આવ્યા પછીજ પ્રયાણ શરૂ કરવું પડશે.

આવીજ રીતે આ વિપરિત માર્ગે ચાલનાર, અસત્યમાં સત્યના અભિમાનીની સ્થિતિ થાય છે.

ઘણી વખત આવા અજ્ઞાન ક્રિયા કરનાર કે કાંઈ લાલચથી તપશ્ચર્યા કરનારની લોકો અનુમોદના કરે છે. આ અનુમોદનાથી કે તેને ઉત્તેજન આપવાથી પોતે ડુબે છે અને સામાને આ અજ્ઞાન ક્રિયા કે તપશ્ચર્યાનું ખોટું મિથ્યા અભિમાન કરાવીને સામાને ડુબાવે છે આનું નામ કુદ્રષ્ટિ પ્રશંસા છે.

આવી તપશ્ચર્યા કે અજ્ઞાન ક્રિયાને બહાને મદદ આપવા કરતાં તેને સત્ય માર્ગ બતાવવા–સત્ય આત્મસ્વરૂપ સમજાવવા પ્રયત્ન કરતો હોય અથવા ગરીબ મનુષ્ય હોય તો અનુકંપા જાણીને તેને પોતાની મેળે કમાઈ ખાય તેવા યોગ્ય વ્યવહારના માર્ગે ચડાવવામાં આવે તો પહેલી ક્રિયા કરતાં આ બીજી ક્રિયાથી વિશેષ ફાયદો થશે. અજ્ઞાનના માર્ગને પોષણ આપવાથી, પોતાનો કે પરનો અથવા શાસનનો ઉદય કદી પણ થયો નથી કે થવાનો પણ નથી.

ત્યાગી હોય કે સંસારી હોય, પણ આવા વિપરીત પ્રવૃત્તિવાળા અજ્ઞાની સમુદાયની ધર્મબુદ્ધિથી પોષવા તેનાથી કોઈ

દિવસ કોમનો કે ધર્મનો ઉદય થયો નથી અને થવાનો નથી, પણ ઉલટી ધર્મની કે દેશની અધોગતિ થાય છે.

## કુદૃષ્ટિનો સંસર્ગ ન કરવો.

પૂર્વે કહી આવેલ કુદૃષ્ટિ, તેમની સાથે ધર્મનિમિત્ત આલાપઃ સંલાપ બોલવા ચાલવાનો સંબંધ ન રાખવો, તેમની પાસે ધર્મ-નિમિતે બેસવા ઉઠવાનો-કે જવા આવવાનો સંબંધ ન રાખવો, તેમનો પરિચય રાખવાથી સમ્યગ્દૃષ્ટિ-આત્મધર્મના શુદ્ધ વિચારો મલીન થાય છે.

આ કુદૃષ્ટિ જીવોને વિષયોનો પરિચય અનાદિકાળથી છે. વ્યવહારના માર્ગમાં તેઓ ફસાયેલાજ હોય છે. વૃક્ષની છાયા નીચે છાયા માટે-શીતળતા માટેજ બેસવાનું મન થાય છે. જો તે વૃક્ષની છાયા પાસે જવાથી ઉલટી વધારે ગરમી થતી હોય તો તેના કરતાં તે વૃક્ષની પાસે ન જવું તેજ વધારે શ્રેયકારી છે.

જેને શીતળાની જરૂર છે તેને માટે આ વાત થાય છે પણ જેમને ગરમીની જરૂરિયાત હોય તેઓ ભલે તેમની પાસે જાય, બેસે અને ઇચ્છાનુસાર આનંદ લે.

આત્મજ્ઞાની મહાત્માઓ શીતળ વક્ષ જેવા છે, તેમની પાસે જવાથી સંસાર પ્રપંચના વિષમપણાથી ઉત્પન્ન ત્રિવિધ તાપની તેમના સત્ય શાંતિના ઉપદેશથી શીતળતા આવે છે. તૃષ્ણા તાપ બુઝાય છે.

આ મહાત્માઓ પણ કેવળ નામ ધારણ કરનાર મહા-ત્માઓ જો હોય, પાંચ ઇંદ્રિયોના વિષયો માટેજ પ્રવત્તિ કર-નારા હોય. અજ્ઞાનદશામાંજ ડુબેલા હોય, આત્મજ્ઞાનથી વિમુખ થયેલા હોય, કામ, ક્રોધ, અભિમાન, લોભનાજ ઇચ્છક હોય તો

તેની સોબતથી શું ફાયદો થવાનો ? પ્રપંચ જ્વાળાની ગરમીનો તાપજ મળવાનો કે ત્રિવિધ તાપની શાંતિ મળવાની ? કદી નહિ. શાંતિની આશા કદી પણ રાખવીજ નહિ. જ્ઞાનદૃષ્ટિ ખુલ્યા સિવાય શાંતિની આશા કોઇએ જરાપણ રાખવીજ નહિ. પાણીની માફક જીવને ઢાળાવ તરફ–નીચાણ તરફ પ્રવૃત્તિ કરવાનો લાંબા કાળનો અભ્યાસ પડેલો છે. વ્યવહારિક આશાઓથી આ કુદૃષ્ટિઓની સોબત કરતાં તે જીવ નીચા માર્ગ તરફ પ્રવૃત્તિ કરે છે. કાંઇ સારી આશાથી–શાંતિ મેળવવાની ઈચ્છાઓથી આ સ્થળે આવવું થયું હોય તો પણ જે સ્થળે તે આવ્યો હતો, જ્યાં પ્રકાશની આશા હતી ત્યાંતો અંધારૂંજ હતું. તે અજ્ઞાની જીવ પોતે અંધકારમાં ડુબતો હોય ત્યાં તેના તરફની પ્રકાશની–જ્ઞાનની આશા રાખવી વ્યર્થ છે. સમ્યગ્દૃષ્ટિ થયેલી હોય તેવા મનુષ્યો, આ લોકના પાસમાં સપડાતા નથી, છતાં લાંબા વખતના પરિચયથી ધીમે ધીમે ભાન ભૂલાતું જાય છે. સોબત તેવી અસર થાય છે, પરિણામે સમ્યગુત્વરત્ન હારી જવાય છે. અથવા લાયકાત ગુમાવી બેસાય છે. આ માટે જ્ઞાની પુરૂષો વારંવાર જાગૃતિ આપે છે, સાવચેતી આપી જણાવે છે કે, ભૂલેચૂકે પણ કુદૃષ્ટિઓનો પરિચય ન કરશો. તમારા વ્યવહાર માર્ગના લેવડ દેવડ–વ્યાપાર ધંધા માટે ગમે તેમ કરો, ત્યાં કાંઇ ધર્મનો સવાલ નથી, છતાં ત્યાં પણ જાગૃતિ ન હોય તો સોબતની અસર થયા સિવાય રહેતી નથી. આ સોબતના નિવારણ માટે જ્ઞાની પુરૂષો કહે છે કે જેમ કુદૃષ્ટિની સોબત ન કરવી તેમ સમ્યગ્દૃષ્ટિવાળા જ્ઞાની, સાધુ, સંત મહાત્માઓની સોબત વારંવાર કરવી. આ સોબત થવાથી વ્યવહારાદિ પ્રસંગની હલકી સોબતથી થયેલી મંદતા–શીથીલતા દૂર થશે, જાગૃતિને પોષણ મળશે, કુદૃષ્ટિની અસર નાબુદ થશે, પણ જે કુદૃષ્ટિની સોબતમાં રહ્યા કરશો અને સમ્યગ્દૃષ્ટિની સોબતથી વિમુખ રહેશો તો ઉત્પન્ન થયેલો સમ્યગ્દૃષ્ટિનો ગુણ નંદનમણિયારની માફક ખોઈ બેસશો.

# નંદનમણિયાર

રાજગૃહી નગરીમાં નંદનમણિયાર નામનો એક ધનાઢય ગૃહસ્થ રહેતો હતો. એક વખત ભગવાન્ મહાવીરદેવ શહેર બહાર વનમાં આવીને રહ્યા હતા, ધર્મ શ્રવણ અને વંદન કરવા નિમિત્તે ત્યાંનો શ્રેણિક રાજા તથા બીજા પણ શ્રદ્ધાળુ લોકો ત્યાં આવ્યા. તે વખતમાં એક દુર્દરાંક નામનો દેવ તે સભામાં આવ્યો. તેણે વિવિધ પ્રકારે દેવકુમાર અને દેવકુમારીઓને પોતાની શકિતથી પ્રગટ કરી, નૃત ગાયન કરી, પોતાની દેવશકિત સર્વ સભાને બતાવી. આ શક્તિ બતાવવાનો હેતુ કાંઈ પોતાની શક્તિ કે રિદ્ધિનું અભિમાન ન હતું પણ ધર્મના ફળમાં સંદેહ કરનારા જીવોને દઢ કરવા નિમિત્ત, અને જીવો પોતાના આત્મબળની અનંતશક્તિઓ મેળવી શકે છે તે જણાવી ધર્મ કાર્યમાં ઉત્સાહિત કરવા નિમિત્તે, તથા જે મહાપુરૂષના બોધથી પોતે આ શક્તિને પામ્યો હતો તેની કાંઈપણ ભક્તિ કરવી આ નિમિત્તે તેનો પ્રયાસ હતો.

દેવ આ પ્રમાણે ભક્તિ, સ્તુતિ વંદન, નમન કરીને પોતાને સ્થાનકે ગયો ત્યારે જાણવા છતાં પણ સભાના લોકોને ધર્મમાં સ્થીર કરવા નિમિત્તે ગૌતમ સ્વામીએ ભગવાન્ મહાવીરદેવને પૂછયું કે પ્રભુ! આ દેવે આટલીબધી રિદ્ધિ અને શકિત કયા શુભ કર્ત્તવ્યથી મેળવી ? ખરી વાત છે. શુભ કર્ત્તવ્યથી નાના પ્રકારની રિદ્ધિ, સિદ્ધિ મળે છે. જીવોનું મૂળ લક્ષ તો આત્મવિશુદ્ધિ ઉપરજ હોય છે. છતાં જેમ અનાજ નિમિત્તે અનાજ વાવવા છતાં ઘાસ, કડબ, વગેરે સ્વાભાવિક–અનિચ્છાએ પણ થાય છે, તેમ આત્મવિશુદ્ધિ કરવાના પ્રયત્નમાં પુન્ય કર્મ સ્વભાવિક થાય છે અને તેને લઈને બધી અનુકુળ સામગ્રીઓ મળી આવે છે, છતાં મૂળ ઉદ્દેશ તો વિશુદ્ધતાનો હોવો જોઈએ.

ભગવાન્ મહાવીરદેવે જવાબ આપ્યો કે, ગૌતમ! આ દેવનો જીવ, આ રાજગૃહીનગરીમાં નંદનમણિયાર નામે એક ધનાઢય ગૃહસ્થ હતો. એક દિવસ હું આહીં આવ્યો હતો, ત્યારે મારો ઉપદેશ સાંભળીને તે સમ્યગ્દૃષ્ટિ પામ્યો હતો, વળી તેણે ગૃહસ્થધર્મને લાયક વ્રત, નિયમો મારી પાસે ગ્રહણ કર્યાં હતાં. કેટલાક વખત સુધી તેણે આ ગૃહસ્થધર્મ સારી રીતે પાળ્યો, પણ પાછળથી કુદૃષ્ટિ-ઉન્માર્ગ ગમન કરનાર, પાંચ ઇંદ્રિયોના વિષયોમાં આશક્તિવાળા મનુષ્યોનો સંસર્ગ તેને વધારે થવા લાગ્યો અને એને તેની સમ્યગ્દૃષ્ટિને પોષણ આપનાર-વૃદ્ધિ પમાડનાર, તથા શુદ્ધ માર્ગમાં ટકાવી રાખનાર સાધુઓની-આત્મનિષ્ટ ગુરૂઓની સોબત બીલકુલ રહી નહિ. સાધુ પુરૂષોની સોબતના અભાવે તે તેનામાં મિથ્યા બુદ્ધિનો વધારો થતો રહ્યો અને સદ્બુદ્ધિ-સમ્યગ્દૃષ્ટિ ધીમે ધીમે મંદ મંદ ભાવને પામવા લાગી. કંઈક મિશ્ર પરિણામે તે કાળક્ષેપ કરવા લાગ્યો.

એક વખત ઉનાળાના દિવસોમાં આમ (ત્રણ) ઉપવાસપૂર્વક પૌષધ લઇને તે ધર્મક્રિયા કરતો હતો. ઉપ-સમીપે-વસનં-વાસ-ઉપવાસ-આત્માની સમીપે રહેવું તે ઉપવાસ, ઉપવાસનો ખરો આંતર્ગર્ભિત અર્થ, આત્માની સમીપે રહેવું તે થાય છે, પૌષધનો અર્થ, આત્માને પોષણ આપનાર, પુષ્ટિ આપનાર, આત્માની વિશુદ્ધિ કરનાર, એ અર્થ થાય છે.

અનાજનો તથા પાણીનો ત્યાગ કરી ભુખ્યા રહેવું તેટલો સાંકડો ઉપવાસનો અર્થ નથી. તે અર્થ તો ઉપવાસનું બાહ્યરૂપક છે. વ્યવહારિક અર્થ એવો થાય છે ખરો, પણ તેના આંતરજીવન સિવાય આ વહેવારીક અર્થ ઉપયોગી થતો નથી. સમ્યગ્દૃષ્ટિ જીવમાં એ ઉપવાસનું આંતરજીવન હોય છે. આ આંતરજીવનનાં અભાવે, બાહ્ય સ્વરૂપવાળો ઉપવાસનો અર્થ ચોખા કાઢી લીધા પછી બાકી રહેલા ફોતરા જેવો છે. આત્માની સમીપે રહેવું તે ચોખા જેવું છે, ત્યારે ખાવું નહિ તે ઉપવાસનો અર્થ ઉપરના

ફોતરાં જેવો છે. આ ફોતરાં ઉપયોગી છે. ચોખાનું રક્ષણ કરનાર છે, પણ ચોખા વિનાના એકલા ફોતરાં બાળી નાખવા કે ફેંકી દેવા સિવાય વધારે શું ઉપયોગી છે ? તેની શું કીંમત છે ? કાંઈ નહિ. આત્માની સમીપે નિવાસ કરવારૂપ આંતરજીવન સિવાય આ એકલા ઉપવાસને લાંઘણ કહેવામાં આવે છે.

આ શરીર એક રાફડા જેવું છે. ત્યારે કામ, ક્રોધ, રાગ-દ્વેષ, ઈર્ષા, અભિમાન, ઈત્યાદિ સર્પ સમાન છે. મારવો છે સર્પ અને તોડવો છે રાફડાને. તેથી શું ફાયદો થાય ? જેમ રાફડાને તોડના કરાય છે, તેમ સર્પ અંદરનો ઉંડો પેસતો જાય છે. ખરી રીતે કામ, ક્રોધ, ઈર્ષા, અભિમાનને હઠાવવાનાં છે. આત્મ-જ્ઞાનના પ્રકાશથી તે હઠી શકે છે. તેને ભૂલી જઈ એકલા શરીરને શોષી નાખવાથી-સુકાવી નાખવાથી ઉલટું સાધન નબળું પડી જાય છે. સાધનને નબળું પાડી નાખવાથી કાંઈ અજ્ઞાન હઠી શકતું નથી.

આ નંદનમણિયાર અઠમ–ત્રણ ઉપવાસ કરી શરીરને નબળું પાડતો હતો. પણ તેના કામ, ક્રોધાદિ નબળા પડતા ન હતા. કારણ કે તેનામાંથી સમ્યગ્દૃષ્ટિ ચાલી ગઈ હતી અને મિથ્યાદૃષ્ટિ આવી બેઠી હતી. સમ્યગ્દૃષ્ટિ એ આંતરજીવનનો ગર્ભ છે, તે ચોખા સમાન છે. તેના અભાવે આ ઉપવાસ કરવારૂપ ફોતરા શું ઉપયોગી થાય ? આમ ઉપવાસથી નબળું પડેલું શરીર બીજા દિવસે ભોજન કરવાથી પાછું હતું તેવી સ્થિતિમાં આવી જવાનું. એકાદ મહિના સુધીના ઉપવાસ કરાયેલા મનુષ્યનું શરીર એકાદ બે માસ પછી પાછું પૂર્વની સ્થીતિમાં આવી જાય છે ત્યારે તેના ક્રોધાદિ કષાયો તો ઉપવાસના દિવસોમાં પણ પ્રસંગે અધિક દીપિ નીકળે છે. ત્યારે આ ઉપવાસોથી–એકલા ઉપવાસોથી–આત્માની પાસે રહેવા સિવાયના ઉપવાસોથી કાંઇપણ ફાયદો થયેલો માલુમ પડતો નથી.

બાહ્ય ઉપવાસો, આંતરપ્રવૃત્તિ આવતાં વિઘ્નો–અડચણોને દૂર કરવા માટે છે. ખાવા પીવાનો વખત બચાવવા માટે છે. ખાવાને લીધે બહાર જંગલ પાણી જવાનું થાય છે, આળસ આવે છે, ઉંઘ વધે છે, વ્યવહારના કામમાં પ્રવૃત્તિ વધે છે. આ સર્વ અટકાવવાનો ઉદ્દેશ બાહ્ય ઉપવાસનો છે.

ઉપવાસને દિવસે આરંભ ઓછો કરાય છે. ઉપવાસના કારણે પ્રવૃત્તિ વ્યવહારની બાહ્ય પ્રવૃત્તિ ઓછી કરાય છે. વિષયની ઇચ્છાઓ ઉપર કાબુ મેળવાય છે. આળસ, ઉંઘ, જંગલ, પાણી, અને ખાવાપીવાનો ત્યાગ–ઈત્યાદિ કારણોને લઇ બચેલા વખતનો ધર્મધ્યાનમાં ઉપયોગ લેવામાં આવે છે.

આજે મારે ઉપવાસ છે. એ ભાવનાને લઈ જાણી જોઈને હલકી પ્રવૃત્તિ કરતો જીવ અટકે છે. ઈત્યાદિ કારણે બાહ્ય ઉપવાસ ઉપયોગી છે, પણ આ ઉપયોગીપણું જેની આંતરદૃષ્ટિ ખુલેલી હોય તેનેજ કામ લાગે છે. જેની આત્માની પાસે રહેવાની પૂર્ણ ઈચ્છા છે. તેને ઉપયોગી છે, તે સિવાયનાને તો આ મળેલો વખત પણ વિકથાદિમાં નિષ્ફળ જાય છે.

એક પરમાત્માની મૂર્તિ જ્યાં પધરાવેલી હોય તેવા મંદિરમાં જવાને માટે પણ પવિત્ર હૃદય કરવાની જરૂર છે. બારણા આગળ ઉભા રહીને હું સર્વ વ્યવહારના કાર્યોનો મન, વચન, શરીરથી નિષેધ કરૂં છું. (નિસ્સિહી નિસ્સિહી નિસ્સિહી) આમ ત્રણ વાર બોલવામાં આવે છે. દેરાસરમાં ગયા પછી પણ કોઇની નિંદા ન કરવી, ખરાબ દૃષ્ટિ ન કરવી, વ્યવહારિક વાતો ન કરવી, ક્રોધ કષાયાદિકને તો અવકાશ કયાંથી અપાય ? આટલી પવિત્રતા હોય છે તો તેનાં દર્શન શુદ્ધ થાય છે. તે પ્રભુના દર્શન કરવાનો અધિકાર મળે છે ત્યારે તેજ પરમાત્માની –તેના સત્ય સ્વરૂપની પાસે નિવાસ કરવાનો અધિકાર તો આપણે

કેટલા બધા પવિત્ર થયા હોઈએ ત્યારે મલી શકે? આ સર્વ અધિકાર સમ્યગ્દ્દષ્ટિવાળાને મળી શકે છે. તે સિવાયના એટલે મિથ્યાદ્દષ્ટિવાળાના ઉપવાસો આત્માની સમીપે રહેવાને ઉપયોગી થતા નથી.

એક રાજાની પાસે જવું હોય કે રાજાને આપણે ઘેર પધરાવવો હોય તો આપણે કેટલા બધા સ્વચ્છ થઇએ છીએ? કેટલાં બધા ઉત્તમ વસ્ત્રો ધારણ કરીએ છીએ? તે વખતે મેલાં કે ગંધાતાં વસ્ત્રો તમારાં હોય, તમારૂં શરીર ગંધાતું હોય તો શું તમને રાજા મુલાકાત આપશે? શું તમે તે રાજાની પાસે બેસી શકશો? અથવા રાજાને તમારે ઘેર પધરાવી શકશો? નહિ જ. જ્યારે એક વ્યવહારમાર્ગમાં ઉપયોગી રાજાની મુલાકાત માટે પણ જ્યારે તમને આટલી બધી સ્વચ્છતા રાખવી પડે છે તો પછી આ તો રાજાનો પણ રાજા–દેવાધિદેવ–પરમાત્મ સ્વરૂપ તમારો શુદ્ધ આત્માપરમાત્મા તેને તમે તમારા હૃદયમાં ક્યારે પ્રગટાવી શકો? તમારા હૃદયમાં તે ક્યારે બેસી શકે? અગર તમે ક્યારે તેની પાસે જઈને બેસી શકો? તમે તેના જેવા ત્યારે થઇ શકો કે જ્યારે તમારા હૃદયમાં રહેલી વિષય કષાયની વાસના–મલીનતા કાઢી નાખો, તમારૂં અભિમાન ફેંકી દ્યો, તમે સર્વ પ્રકારની ઈચ્છાઓને દેશવટો આપો, શુભાશુભ કર્મ ઉપરની મમતાને રજા આપો, છેવટે આ દેહ ઉપરના પણ મોહ મમત્વનો ત્યાગ કરો. આવી પવિત્રતા જ્યારે તમારી થઈ શકે ત્યારે તમે ખરેખરો ઉપવાસ કરી શકો. આ ખરો ઉપવાસ છે. આત્માની પાસે ત્યારેજ નિવાસ કરી શકાય છે

સમ્યગ્દ્દષ્ટિવાળા જીવો આ ઉપવાસ કરી શકે છે. એકાદ દિવસને માટે પણ આવી પ્રવૃત્તિ કરવાથી ધીમે ધીમે તેના

માર્ગમાં આગળ વધી શકાય છે.

આ બાહ્ય ઉપવાસનો નિષેધ કરવાનો આંહી જરાપણ ઉદ્દેશ નથી. ઉદ્દેશ માત્ર સમ્યગ્દષ્ટિ તરફ દોરવવાનો છે. સમ્યગ્‌દૃષ્ટિ સાથે આ બાહ્ય ઉપવાસ થયા વિના કેવળ અજ્ઞાનદશાથી, દેહનો નાશ કરી નખાય ત્યાં સુધી કરાતા ઉપવાસો અયોગ્ય નથી તે કહેવાનો છે, કેવળ આ બાહ્ય ઉપવાસ ઉપર આગ્રહ કરી આંતરદૃષ્ટિને ભૂલી જવામાં આવે છે તેને જાગૃત કરવાનો ઉદ્દેશ છે.

નંદનમણિયાર ત્રણ ઉપવાસ કરીને બેઠો હતો પણ મિથ્યાદૃષ્ટિ હોવાથી આ ઉપવાસનું રહસ્ય તેના જાણવામાં ન હતું, પૂર્વે સમજાયેલો બોધ મિથ્યાદૃષ્ટિઓના વિશેષ પરિચયથી ભૂલાઇ ગયો હતો. ઓઘસંજ્ઞાએ પોતે અમુક ધર્મ પાળનાર છે; એટલે મારે આમ કરવું જોઇએ આ કારણે તેની આ પ્રવૃત્તિ હતી.

આત્મસ્વરૂપના માર્ગમાં ચાલનાર મહાન્ ગુરૂઓના અભાવે જીવોને ખરો રસ્તો હાથ લાગતો નથી. હૃદયની ઉંડી લાગણીવાળી પ્રવૃત્તિ વિના તે સત્યતત્વો આ હૃદયમાં પ્રગટ કરતાં નથી.

સમ્યગ્દૃષ્ટિ થયા સિવાયની ક્રિયા બંધનના હેતુભૂત થાય છે. કોઈ પણ આશા કે ઇચ્છાથી તે ક્રિયા કરાય છે. વિપરીત પ્રસંગો આવી પડતાં, દુઃખદાઈ પ્રસંગો આવી મળતાં સમભાવ રહી શકતો નથી. આર્ત્ત, રૌદ્ર પરિણામ થઈ આવે છે. આ સ્થળે સમ્યગ્દૃષ્ટિ તેનો સવળો અર્થ લે છે. વિચારદ્વારા વિષમને પણ સમરૂપે પરિણમાવે છે. દુઃખમાંથી પણ સુખ શોધી કાઢે છે. પૂર્વકર્મનો ઉદય જાણી આકુળતારહિત ઉદયને વેઠે છે. નંદનમણિયારમાંથી સમ્યગ્દૃષ્ટિ રીસાઈ ગયેલી હોવાથી અને

મિથ્યાદૃષ્ટિ ત્યાં હાજર હોવાથી વિકટતાના પ્રસંગે આત્મભાન ભૂલાયું.

બનાવ એવો બન્યો કે, ઉનાળાનો વખત હોવાથી રાત્રીના વખતે તેને ખુબ તૃષા લાગી, તેને લઈ વિવિધ પ્રકારના વિચારો ઉઠવા લાગ્યા. આત્મભાન તો હતું ઓછું તેમાં તૃષાને લઈ આર્ત્તધ્યાન વૃદ્ધિ પામ્યું. તે વિચાર કરવા લાગ્યો કે, ધન્ય છે તેઓને ! કે જેઓ કુવા, વાવ, તળાવો બંધાવે છે, ધર્મોપદેશકોએ પણ આને ઉત્તમ ધર્મ ગણ્યો છે. જેઓ આને ધર્મ ગણુતા નથી પણ તેમાં દોષ બતાવે છે તેઓનું કહેવું મિથ્યા છે. ઉનાળાના તૃષાતુર થયેલાં અનેક પ્રાણીઓ પાણી પીને શાંતિ પામે છે. હું પણ એક સુંદર વાવ હવેથી બંધાવીશ, મને પણ પુન્યબંધ થશે વગેરે.

પોતાને માથે કાંઇ સંકટ, કે વિપત્તિ આવી પડવા પહેલાં બીજાના દુઃખો દૂર કરવા માટે જેઓ કોઇપણ જાતના બદલાની આશા રાખ્યા સિવાય પોતાની સ્થીતિ અને અધિકારના પ્રમાણુમાં પરોપકારના કાર્યમાં પ્રયત્નશીલ થાય છે, તેઓ ઉત્તમ ગણાય છે, છતાં પોતાને તેવી સ્થીતિનો અનુભવ થયા પછી પણ જેઓ બીજાના દુઃખોને કે હાજતોને જાણુતા થાય છે અને તેઓને મદદ આપવા પ્રયત્ન કરે છે તે પણ ઠીક ગણાય છે.

નંદમણિયારની અત્યારની પાણી વિના દુઃખી સ્થીતિએ, પોતાની માફક ગ્રીષ્મ ઋતુમાં અનેક જીવો પાણી વિના પ્રાણ ત્યાગ કરે છે, દુઃખી થાય છે, પીડાય છે, માટે મારે તેને મદદ કરવી જોઈએ, એ સ્થીતિનું ભાન કરાવી આપ્યું. તેની અત્યારની સ્થીતિને માટે તે વિચારો યોગ્ય હતા, પણ પોતે જે ઉપવાસ કરી–પૌષધ ગ્રહણ કરી–આત્માની નજીકમાં રહેવાનો તથા

આત્મગુણને પોષણ મળે તેવી આવરણ વિનાની સ્થીતિમાં આગળ વધવાનો પ્રયત્ન કરવા નિમિત્તે બેઠો હતો, નિર્ણય કર્યો હતો–અથવા તેવા સામર્થ્ય વિના પણ તેવા સામર્થ્યને સૂચવતો હોય તેવા દેખાવવાળો જે પ્રયત્ન કરાતો હતો તેને લાયકના– તે વાતને મદદ કરનાર અત્યારના તેના વિચારો ન હતા.

આ વિચારોમાં બદલાની આશા હતી, હું વાવ બંધાવી અન્યને પાણી આપું, તેના બદલામાં પુન્ય બંધાય. તે પુન્યના કારણથી હું આગળ ઉપર સુખી થાઉં. કાર્ય કરી બદલો માંગવા જેવું આ કામ હતું, આ વ્યાપાર લેવડદેવડના જેવો હતો. આમાં દુનિયાના સુખની આશા હતી–પુન્યની ઈચ્છા હતી. વાવ બંધાવવાનું અભિમાન હતું. આ આશયને લઈને તે કાર્ય આવરણ તોડનાર ન હતું પણ પુન્યનું પણ આવરણ લાવનાર હતું.

વાવ, કુવા, તળાવો બનાવવાથી અનેક જીવો પાણી પીઈને શાંત થાય છે–સુખી થાય છે. તેમ તેમાં માછલાં અને નાના અનેક જંતુઓનો નાશ પણ થાય છે. બગલાં આદિ પ્રાણીઓ તથા પારધી–માછીમાર આદિ મનુષ્યો તરફથી તેમાં રહેલા જીવોને ઉપદ્રવ પણ થાય છે. એટલે જેમ તે કામ અનેક જીવોને સુખી કરનાર છે તેમ દુઃખી કરનાર પણ છે. જો પુન્યનું અભિમાન છે, પુન્ય લેવાની ઈચ્છા છે તો પાપ પણ આવવાનુંજ. આ કારણને લઈ તે ક્રિયા તદ્દન નિર્દોષ નથી. છતાં તે તે ભૂમિકામાં રહેલા જીવોને કરવા લાયકનું તે કાર્ય છે.

જ્ઞાની મહાત્માઓનું કહેવું એમ છે કે, તમે પરોપકારનાં કાર્ય ભલે કરો. પણ તેમાં આશક્તિ રાખ્યા વિના કરો, તેના બદલા તરીકે ફળની આશા રાખ્યા વિના કરો. લોકો તમને ‘સારા કહેશે’ તેવી ઈચ્છા વિના કરો. મતલબ કે કોઈપણ

જાતના માન–મહત્વ કે બદલાની આશા વિના કરો, તો તે કાર્યોમાંથી તમને બંધન કરનારાં બીજ નાશ પામશે. તમે તમારી ફરજ બજાવી ગણાશે, પણ કોઈ આશા કે ઈચ્છા રાખીને અભિમાનથી કે અજ્ઞાનદશાથી દોરવાઇને કાર્યની શરૂઆત કરશો તો તમે જરૂર બંધાવાનાજ. પછી શુભ કામ હશે તો પુન્યથી બંધાવાના. અશુભ કામ હશે તો પાપથી બંધાવાના અને શુભાશુભ હશે તો પુન્ય પાપ બન્નેથી બંધાવાના. એ વાતમાં તમારે જરા પણ શંસય ન રાખવો.

નંદમણીયારે પ્રાતઃકાળે ઉપવાસનું પારણું કર્યું, ત્યાર પછી પોતાના સંકલ્પાનુસાર તે નગરીના શ્રેણિક મહારાજા આગળ જઈ, ભેટણું મૂકી એક મોટી વાવ બંધાવવા માટે જમીનની માગણી કરી. રાજાએ તેની ઈચ્છનુસાર વૈભારગીરિ પહાડનાં નીચાણના પ્રદેશમાં જમીન આપી. નંદનમણિયારે તે સ્થળે એક મહાન્ સુંદર વાવ બંધાવી. તેની ચારે બાજુ અનેક વૃક્ષોવાળા ચાર બગીચા બનાવ્યા, એક અન્નક્ષેત્ર ખોલ્યું, એક ધર્મશાળા અને દેવકુળ બંધાવ્યું.

આ વાવમાં અનેક મનુષ્યો પાણી ભરતાં, સ્નાન કરતાં, વસ્ત્રો ધોતાં હતાં. વટેમાર્ગુઓ વિશ્રાંતિ લેતા અને ગરીબ, ભિક્ષુકો આદિ આશ્રય ત્યાં લેતા હતા.

નંદનમણીયાર અવારનવાર ત્યા આવતો. લોકોના મુખથી આ વાવ આદિ બંધાવનારની પ્રશંસા કરાતી સાંભળી ખુશી થતો હતો. સમ્યગ્દૃષ્ટિ થયા સિવાય ખરૂં નિસ્પૃહપણું આવતું નથી. કરેલ કર્મનો બદલો મેળવવાની ઈચ્છા શાંત થતી નથી. નિંદાસ્તુતિથી ખેદ કે હર્ષ થયા સિવાય રહેતો નથી. લોકોના મુખથી કરાતી પોતાની પ્રશંસાથી તે ખુશી થતો કોઈ ભિક્ષુકોને

પોતાની ઇચ્છાનુસાર ત્યાંથી દાન મળતું ન હતું તો નિંદા કરતા હતા તે સાંભળી ખેદ પણ પામતો હતો.

આંહી આવનાર આત્મદૃષ્ટિ વિનાના. અનેક મનુષ્યોનો તેને સંગ થતો હતો. મહાત્મા આત્મજ્ઞાની–પુરૂષ તો કોઇક ભાગ્યેજ આવતા હતા અને આવતા હતા તોપણ તેમને ઓળખવાની કે તેમની સેવા કરવાની અથવા તેમની પાસેથી ધર્મ શ્રવણ કરવાની તેની (આ વાવ, બગીચા આદિના વ્યવસાયમાં ઘુંચવાયેલો હોવાથી) ઈચ્છા પણ થતી ન હતી; વખત પણ મળતો ન હતો. ઘણાં લાંબા વખતના આ કુસંગનું પરિણામ એ આવ્યું કે તેની સમ્યગ્દૃષ્ટિ સર્વથા નાશ પામી અને મિથ્યાદૃષ્ટિ, આત્મપ્રશંસા, વિષયોમાં આશક્તિ, કર્ત્તવ્યનું મિથ્યાભિમાન અને ઈષ્ટનિષ્ટથી હર્ષ ખેદ ઇત્યાદિ વૃદ્ધિ પામ્યાં. આવી સ્થિતિમાં પૂર્વકર્મના પ્રબળ ઉદયથી તેના શરીરમાં વિવિધ પ્રકારના મોટા સોળ રોગો ઉત્પન્ન થયા. આ બાહ્યરોગ અને મિથ્યાત્વરૂપ આંતરૂરોગ આ ઉભય રોગથી તેના આર્ત-ધ્યાનમાં વધારો થયો.

આ બનાવેલી સુંદર વાવ ઉપર તેને વિશેષ આશક્તિ હતી. અહો! આ સુંદર વાવ, આ બગીચાઓ, આ દેવકુળ અને ધર્મશાળા, આ સુંદર હવેલી, આ ધન, માલ, મીલકત મૂકીને જવું પડશે? ઓ વૈદ્યો! આ રોગોનો પ્રતિકાર કરી મને બચાવો. તમે માંગો તેટલું ધન આપું. પણ કોણ બચાવે! તુટીની બુટ્ટી ક્યાં છે? મિથ્યાદૃષ્ટિને લઇને આ મિથ્યા પદાર્થો પર આશક્તિ થાય છે. સમ્યગ્દૃષ્ટિ વિચારદ્વારા જાગૃત હોય છે. આત્મ સિવાય સર્વ વસ્તુ તેણે અન્ય મિથ્યા–ત્યાગ કરવા યોગ્ય માનેલી હોય છે. સમ્યગ્દૃષ્ટિ થતાંજ તે સર્વ વસ્તુ ઉપરથી તેણે મોહ મમત્વ કાઢી નાખ્યો હોય છે. વિષ્ટાનો ત્યાગ

કરવો તે જેટલો સહેલો અને ઇષ્ટ છે તેટલોજ આ દુનિયાના સર્વ પદાર્થોનો ત્યાગ સમ્યગ્દૃષ્ટિને સહેલો હોય છે. અહોનિશ આત્મા એજ તેનું લક્ષબિન્દુ હોય છે. મોહ, મમત્વ, અજ્ઞાન, અભિમાન, રાગદ્વેષ ઇત્યાદિ શત્રુઓનો તેણે પહેલેથીજ પરાજય કરેલો હોય છે તેથી આ છેવટની સ્થીતિમાં તેને કોઈ નડતું નથી. તે સર્વ જીવોને આત્મસ્વરૂપ માને છે, એટલે મિથ્યાત્વની વૃદ્ધિ કરનાર નિમિત્તો પોતાના આત્મબળ આગળ એક પણ ટકી શકતાં નથી. વળી તેને નિરંતર સાધુ પુરૂષોનો સંગ હોય તેને લઇને પોતાની આત્મ જાગૃતિ નિરંતર વૃદ્ધિ પામતી જાય છે. આ નંદનમણિયારને તેવી ઉત્તમ સંગતિ ન હતી કે, જેને લઈ આ છેવટની સ્થિતિમાં પણ કોઈ તેને જાગૃતિ આપે. વાત ખરી છે કે જે મનુષ્ય પહેલાંથી જાગૃત થયો નથી તે આવી છેવટની–પ્રયાણ વખતની વળવળતી સ્થીતિમાં જાગૃત થઇ શકતો નથી.

નંદનમણિયાર આ દેહનો ત્યાગ કરી, તે વાવ ઉપરની આશક્તિને લીધે આર્ત્તધ્યાને મરણ પામી તે વાવમાં દેડકાપણે ઉત્પન્ન થયો.

**यामतिसागतिः** મરણ વખતની જેવી બુદ્ધિ હોય–જેવી લાગણી હોય તે પ્રમાણે ગતિ થાય છે, આ છેવટની મતિ, પણ આ જીંદગીના કર્ત્તવ્ય અને લાગણીઓ ઉપર આધાર રાખે છે. પુદ્ગલ ઉપરના મોહ મમત્વને લઈ તેમાં મમતા રહી જતાં, તે તે સ્થાને ઉત્પન્ન થવું પડે છે. નિધાન ઉપરના મમત્વને લઈ કેટલીક વાર તે નિધાનના રક્ષક તરિકે સાપ કે ઉંદર આદિપણે આ જીવ ઉત્પન્ન થાય છે. જ્ઞાની પુરૂષો આ છેવટની સ્થીતિ માટે ઘણી ભલામણ કરે છે કે, તેવા પ્રસંગે મોહ ઉત્પન્ન કરનારાં નિમિત્તોને દૂર રાખવાં અને મોહ, મમત્વને

ઓછો કરાવનાર આત્મજ્ઞાની મહાત્માઓને પાસે રાખવા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતે જાગૃત હોય એટલે બીજા જ્ઞાની મહાત્માઓની મદદની જરૂર નથી પડતી છતાં કાંઈક મંદ જાગૃતિ હોય તે અવશ્ય આત્મજ્ઞાની પુરૂષોની છેવટની સ્થિતિમાં પાસે રાખવા. સ્વાભાવિક પણ તેવા પુરૂષો પણ આ માયા કે પુદ્ગલોનો મોહ કે મમત્વનો જરા પણ ભરોંસો રાખી તેને વિશ્વાસે રહેતા નથી. આ દેખાવો સહજવારમાં આત્મભાન ભૂલાવી દે છે તો પછી જેની જીંદગીનો મોટો ભાગ તે દૃશ્ય વસ્તુના ઉપભોગમાં ગયો હોય છે તેવા પ્રમાદિ જીવો કોઈ પણ ઉત્તમ આલંબન સિવાય છેવટની સ્થિતિમાં જાગૃત રહે તે બનવું અશકય છે.

વાવમાં ગર્ભજ દેડકાપણે ઉત્પન્ન થયા પછી પોતાના નિત્યના પરિચયવાળી અને વિશેષ અશક્તિવાળી વસ્તુરૂપ વાવને જોતાં તર્કવિતર્ક–ઉહાપોહ કરતાં–વિચારણા કરતાં–આવું મેં કોઈ વખતે જોયું છે, તે સંબંધી ધારણા કરતાં તેને પાછલા જન્મનું જ્ઞાન થવારૂપ જાતિસ્મરણ જ્ઞાન થયું.

ઘણા પરિચયવાળી અને થોડા વખતના આંતરાવાળી વસ્તુની સ્મૃતિ જલદી થવા સંભવ છે. જેમ કોઈ ભૂલાયેલી વસ્તુ આપણને સાંભરી આવે છે તેમ આનંદન મણિયારના જીવ દર્દુર–દેડકાને પોતાની વાવ દેખી પાછલી સર્વ વાત યાદ આવી. પોતાની આ ગતિ થવાથી તેને ઘણો પ્રશ્ચાતાપ થયો અને તેનું મૂળ કારણ શોધતાં વાવ આદિ જડપદાર્થો ઉપરની આશક્તિ સમજાણી અને આશક્તિનું કારણ શોધતાં અસદ્દૃષ્ટિવાળા જીવોનો પરિચય, અને સદ્દૃષ્ટિવાળા જીવોના સંબંધનો અભાવ તેને સમજાયો, ભૂલ સમજાણી પોતાના પૂર્વધર્માચાર્યો યાદ આવ્યા. તેના સદ્વચનોથી વિમુખ થવાનું ફળ મળ્યું. હવે પશ્ચાતાપ કરવો નકામો છે. પોતાની ભૂલ સમજાણી તે પણ

ઓછા આનંદની વાત નથી, ઘણા મનુષ્યોને પોતાની ભૂલ સમજાતી નથી અને કદાચ સમજે તો તે સુધારતા નથી. હવે તો જાગ્યા ત્યાંથી સવાર ગણીને પોતાનો માર્ગ શરૂ કરવો. તે તેને યોગ્ય લાગ્યો. પૂર્વે સાંભળેલ અને તે પ્રમાણે વર્તન કરેલ વ્રત, નિયમો, મનથી ગ્રહણ કર્યા. પોતાના સદ્ગુરૂ તરીકે વીર-પરમાત્માને હૃદયમાં ધારણ કર્યા. કોઇ પણ સજીવ દેહનો આહાર ન કરવાનો નિયમ લીધો, નિર્દોષ મેલ આદિ ખાઇ આ જીવીકા કરવી. અને તે વીરપ્રભુનું અહોનિશ સ્મરણ કરી આ જીવન પૂર્ણ કરવું એ નિશ્ચય કર્યો.

ખરી વાત છે થોડા વખતના પર મહાત્મા પુરૂષોના સંગનો બદલો મળ્યા સિવાય રહેતો નથી. કર્યું ક્યાંઈ જતું નથી સમ્યગ્દૃષ્ટિ તો સમ્યગૃદૃષ્ટિ થોડો પણ પ્રકાશ–થોડું પણ આવરણનું ઓછું થવું તે આ જીવને વિષમ પ્રસંગોમાં પણ જાગૃત કર્યા સિવાય રહેતું નથી, તો જેને અહોનિશ સત્પુરૂષોનો સંગ હોય છે, અહોનિશ સમ્યગૃદૃષ્ટિવાળી જાગૃત્તિ હોય છે, તેઓના આનંદનું–સુખનું અને સ્વરૂપસ્થિતિના ભાન વિષેનું તો પુછવુંજ શું ? તે તો અહોનિશ આનંદમાં ઝીલતાજ હોય છે.

મહાવીર પ્રભુ કહે છે ગૌતમ ! હમણાં હું આંહી આવીને રહેલો છું. તે વાતની ખબર તે વાવમાં પાણી ભરવા અને સ્નાન કરવા ગયેલા લોકોની વાતો ઉપરથી તેણે સાંભળી તેથી તેના આનંદનો પાર ન રહ્યો. “મારો ધર્મગુરૂ ! મારો તારક નાથ ! આંહી આવેલ છે. જરૂર હું ત્યાં જાઉ, તેનાં દર્શન કરૂં અને મારૂં જીવન સુધારૂં.” આ લાગણીથી તે વાવમાંથી બહાર નીકળ્યો. રસ્તામાં મને વંદન નિમિત્તે આવતા શ્રૈણિક રાજાના ઘોડાના પગ નીચે દબાઈને તે દેડકો મરણ પામ્યો. તેની ઈચ્છા

—તેની આશા—તેના મનોરથો મનમાં રહી ગયા. તેણે પોતાના મનનો એક તાર મારા દેહ ઉપર નહિ પણ મારા આત્મા ઉપર બાંધ્યો હતો. તેજ તેનું લક્ષ બિંદુસાધ્ય હતું તે મારા ધ્યાનમાં એક રસ થઈ ગયો હતો "તે કૃપાળુ પ્રભુ પાસે ત્યાં જાઉં અને મારા ધર્મગુરૂનાં દર્શન કરી પાવન થાઉં." આ લાગણીમાં મરણ પામી તે દર્દુર (દેડકો) સૌધર્મ દેવલોકમાં મહર્ધિક વિમાનીક દેવપણે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થયા પછી તરતજ તેણે વિચાર કર્યો કે, હું આંહી કયા સુકૃતથી ઉત્પન્ન થયો છું? કયા સારા કર્તવ્યથી આ દેવની રિદ્ધિ મને મળી છે? અવધિ જ્ઞાનથી તપાસતાં પોતાનો પૂર્વ વૃત્તાંત સમજાયો. સર્વ કામ પડતા મૂકી, દર્શનની તીવ્ર લાગણીથી તે આંહી આવ્યો અને વિવિધ પ્રકારનાં નાટક-દેખાવ—દેખાડવારૂપ ભક્તિ કરી વંદન નમન કરી તે દેવ પોતાને સ્થાનકે ગયો.

ગૌતમ! આ દર્દુરાક દેવનાં જીવન ઉપરથી આ સભાના લોકોને ઘણું સમજવાનું અને જાણવાનું મળે તેમ છે. કુસંગતીનું પરિણામ અને સુસંગતીનાં ફળો પ્રત્યક્ષ રીતે આ દેવે અનુભવ્યાં છે. આ જીવોને પોતાની અનેક જીંદગીઓમાં આવા અનેક અનુભવ થયા હોય છે કે થાય છે, તથાપિ જેઓ પોતાની ભૂલોને સુધારતા નથી તેઓ આ વિષમ સંસારના પ્રવાહમાં અથડાયા કરે છે, અને વિવિધ પ્રકારનાં દુઃખો અનુભવે છે. વળી જેઓ પોતાની ભૂલો સમજીને તેમાં સુધારો કરે છે, નિરંતર સત્સંગતિમાં રહે છે, આત્મદૃષ્ટિ જાગૃત કરી તેના છેવટ સુધીનો અનુભવ મેળવે છે તેઓ આ વિષમ સંસાર સાગર તરી જાય છે—તેનો પાર પામી જાય છે, અને જન્મ મરણનો પ્રવાહ બંધ કરી આત્મશાંતિમાં સ્થિર થાય છે.

## શાસન પ્રભાવક.

શાસન-તીર્થંકરદેવની પવિત્ર આજ્ઞા તેનો દુનિયામાં વિસ્તાર કરવો, અનેક જીવોને તેનાં રહસ્યો સમજાવવાં અનેક જીવોને તેમાં પ્રવર્તાવવા, અનેક જીવોને પોતાના આત્મબળથી તે તરફ આકર્ષવા, લાગણી ઉત્પન્ન કરાવવી અનુમોદન કરતા બનાવવા, તેનાં નિશ્ચય કરેલાં સિદ્ધાંતો-તત્ત્વનાં રહસ્યો, વિવિધ પ્રકારે જીવોના હૃદયમાં ઉતારવાં, દેશની સર્વભાષામાં બોલનારા જીવોના કાન પર્યંત તેનો અવાજ પહોંચાડવવો. આ સર્વ શાસન પ્રભાવના કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો જેમ જેમ આ પોતાના માર્ગમાં વધુને વધુ આગળ ચાલતા જાય છે. તેમનાં હૃદયો જેમ જેમ વિશેષ પવિત્ર થતા જાય છે, તેમનામાં આત્મબળ જેમ જેમ અધિક વિકાસ પામતું જાય છે તેમ તેમ તેઓ વિશેષ શાસનની પ્રભાવના કરી શકે છે. તેઓમાં શાસન પ્રભાવના કરવાનું, દુનિયામાં પરમાત્માના શાસનની ઉપયોગીતા સમજાવવાનું બળ વિશેષ પ્રગટ થતું જાય છે.

આત્મવિશુદ્ધિને લઈ અનેક પ્રકારની શક્તિઓ તેનામાં પ્રગટ થાય છે અને તે વિવિધ પ્રકારની શક્તિઓનો ઉપયોગ, તે તે પ્રકારના લાયક-અધિકારી જીવો ઉપર તે અજમાવે છે; અને તેમાં તે વિજય પામે છે. ગમે તે પ્રકારે આ દુનિયાના જીવોને સત્ય સમજાવવું, સત્યને માર્ગે દોરવવા, પરોપકાર કરવો, પરોપકારી બનાવવા, શાંતિ મેળવવી, જીવોને શાંતિ આપવી, આજ તે સ્થિતિને પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવોનો ઉદ્દેશ હોય છે.

રોગથી ઘેરાયેલા બાળક પ્રત્યે માતાની જે કાળજી તેનો

રોગ દૂર કરવા માટે હોય છે તેથી પણ અધિક કાળજી આ સમ્યગ્દૃષ્ટિ જીવોની પોતાના આત્મબંધુ સમાન સર્વ જીવો પ્રત્યે હોય છે. કડવું ઓસડ જ્યારે બાળક પીતો નથી ત્યારે વિવિધ પ્રકારની લાલચો બતાવીને પણ તેના ભલા માટે વહાલી માતા તેને ઔષધ પાય છે. પરિણામે બાળક નિરોગી બને છે. તેવીજ રીતે જ્યારે આ દુનિયાના અજ્ઞાન રોગથી ઘેરાયેલા જીવો સીધી રીતે કડવા ઓસડ સમાન પણ પરિણામે હિતકારી સત્ય આત્મા માર્ગ તરફ પ્રયાણ નથી કરતા, ત્યારે તેને લલચાવવા સમાન વિવિધ પ્રકારની આત્મશક્તિના ચમત્કારો બતાવીને પણ તે તરફ આકર્ષે છે, અને છેવટે સત્યના માર્ગ ઉપર લાવવારૂપ નિરોગી બનાવે છે. આ ઉદ્દેશથી પણ સાકરના કકડાની લાલચ સમાન અચમત્કાર–વિવિધ પ્રકારની શક્તિઓનો ઉપયોગ તેઓ કરે છે છતાં તેઓ નિર્દોષ છે, નિર્લેપ છે. આનું કારણ માત્ર અભિમાન કે કોઈ પણ જાતના સ્વાર્થ સિવાય, કે મતપંથને ખોટી રીતનું ઉત્તેજન આપવાની ઇચ્છા સિવાય કેવળ પરમાર્થ-વૃત્તિથી અન્યના ભલાને નિમિત્તેજ તેમની પ્રવૃત્તિ હોય છે. આવી લાલચો દ્વારા પણ અન્યને જાગૃત કરી સત્યના માર્ગ તરફ પ્રવૃત્તિ કરાવવી એ સિવાય તેમનો ઉદ્દેશ હોતો નથી. જો થોડો પણ સ્વાર્થની કે અભિમાનની વૃત્તિવડે મલીનતાવાળો તેમનો ઉદ્દેશ હોય છે તો તેઓનો કાયમનો વિજય કદી પણ થતો નથી. શાસ્ત્રમાં આઠ પ્રભાવકો ગણ્યા છે, પણ તે સામાન્ય વાત છે. બાકી અનેક રીતે પ્રભાવક થઈ શકે છે. જેટલી રીતિએ શાસનનો વિસ્તાર સત્યના માર્ગમાં વધારી શકાય તેટલી રીતના પ્રભાવકો કહી શકાય.

દરેક જીવો પોતાની શક્તિના પ્રમાણમાં શાસન સેવા કરી શકે છે. સત્યના માર્ગને પ્રાપ્ત થયેલ પ્રત્યેક મનુષ્ય એક એક મનુષ્યને પણ જો સત્યનો માર્ગ સમજાવી તેમાં પ્રવૃત્તિ કરાવે

તેપણ પોતાના ઉપકારનો બદલો વાળી શકે છે. તનથી, ધનથી, મનથી, વચનથી, સત્તાથી, અધિકારથી લાગવગથી, પણ સત્યના માર્ગ તરફ મનુષ્યોને પ્રવર્તાવી શકાય છે, સુધારી શકાય છે, અને તેના જીવનમાં ઉંચુ દિવ્ય જીવન ઉત્પન્ન કરાવી શકાય છે. શાસન પ્રભાવના કરવા માટે કાંઇ સર્વ મનુષ્યોએ એકજ રસ્તો લેવાનો નથી.

સિદ્ધાંતના રહસ્યો જાણનાર મનુષ્યે, તે રહસ્યોનો પ્રચાર દુનિયામાં જેમ વધારે ફેલાવો પામે તેમ કરવો જોઈએ. ઉંચા તત્વોને લાયક ઉંચી કોટીના જીવો તેનો લાભ લઈ શકશે. મધ્યમ અધિકારી કે કનિષ્ટ અધિકારી જીવોને લાયક તે તે જાતનાં પુસ્તકોદ્વારા તથા સમાગમમાં આવતા જીવોને પોતાની વચન-શક્તિદ્વારા તેનો લાભ આપવો.

ધર્મકથન કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ વિવિધ પ્રકારની વકતૃત્વ શૈલીથી જીવોની આંતર્ નાડી તપાસી બોધ આપે તો તેની ચોગ્ય અસર થયા સિવાય રહેતીજ નથી. એક વસ્તુને વ્યવહાર તથા નિશ્ચયદ્વારા તેના બાહ્ય તથા આંતરસ્વરૂપે સમજાવવી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવની અપેક્ષાએ તેનું પૃથક્સ્વરૂપ સવિસ્તર સમજાવવું, મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય સ્વરૂપ–સ્થિર સ્વભાવ, અને ગુણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય સ્વરૂપ–પલટન–પરિવર્ત્તન સ્વભાવ સમજાવવો.

એકાંત નિત્ય, કે અનિત્યમાં પરસ્પર આવતા વિરોધો, સમજાવી, ગૌણ મુખ્ય કરવાની અપેક્ષાએ પરસ્પર થતો વિરોધ દૂર કરી, પરસ્પર અવિરોધી વસ્તુ સ્વરૂપ સમજાવવું. એકબીજાની નિંદારૂપ ખંડન મંડન ન કરતા, એકાંત પક્ષમાં રહેલી વિરૂદ્ધતા અને અનેકાંત પક્ષમાં રહેલી અવિરોધિતા તથા અધિક સ્પષ્ટતા, ન્યાય કે દલીલપૂર્વક સમજાવી સામામાં રહેલ એકાંત પક્ષનો

આગ્રહ તે આ શ્રેષ્ટતાદ્વારા હૃદયમાંથી દૂર કરવો.

પ્રસંગે આત્મબળથી થતું સ્વાભાવિક સુખ, તેની ઉત્તમતા-શ્રેષ્ટતા સમજાવવી અને દુનિયાના સુખની અસારતા સાથે વિયોગ-શીળતા અને વારંવાર અનુભવાતી વિષમતા સમજાવી આત્માના શુધ્ધસ્વરૂપ તરફ અભિલાષા-ઇચ્છા ઉત્પન્ન કરાવવી.

વળી કોઈ વિષયસુખમાં અત્યંત આશક્તિવાળા જીવ હોય તો તેની તે આશક્તિ તોડાવવા-ઓછી કરાવવા નિમિત્તે વિષયોથી થતા ગેરફાયદા ભાવી તે નિમિત્તે અનુભવાતા દુઃખો, તેનું મજબુત વર્ણન કરી વિષયોની વિષમતા, તથા સંસારની અસારતા સમજાવી વિષયોમાંથી કે સંસારમાંથી આશક્તિ ઓછી કરાવવી ઇત્યાદિ વિવિધ પ્રકારની ધર્મકથાદ્વારા મનુષ્યોને સત્ય માર્ગ સમજાવી તે માર્ગના પથિક બનાવી શાસનની પ્રભાવના કરવી.

આત્મવિશુદ્ધિદ્વારા ઉત્પન્ન થયેલી બુધ્ધિની તિક્ષ્ણતા વડે તથા સત્ય જ્ઞાનના અનુભવ વડે, વાદવિવાદ કરતા વાદીઓને સત્ય વસ્તુનો નિર્ણય કરાવી આપી ને સત્ય માર્ગે દોરવવા-ચડાવવા-તે પણ વાદીપણાની લબ્ધિદ્વારા સમાજની સેવા કરી શકાય છે.

સમ્યગ્દર્શનથી થયેલ વિશુદ્ધિ વડે વસ્તુના ઉંડા-સૂક્ષ્મ-ગર્ભિત સ્વરૂપને સમજી કોઈ તેવા નિમિત્તદ્વારા બોધ પામે તેવો નિર્ણય થતો હોય તો "ભાવી આમ બનશે" તે નિમિત્તનો નિશ્ચય આગળથી કહી બતાવી અન્યને આશ્ચર્યચકિત કરવો, ત્યાર પછી તેને સન્માર્ગે ખેંચવો, વળી તેને સ્પષ્ટ સમજાવી આપવું કે આ ભાવી વસ્તુનું જ્ઞાન કરાવનારી શક્તિ પણ આત્મ-

વિશુદ્ધિદ્વારા થઇ શકે છે. આ શકિત બતાવતાં પોતે બીલકુલ તેનું અભિમાન નહિ લેતાં, શુધ્ધ આત્મશકિતમાં અનંત શકિતઓ રહેલી છે, તેના વિશાળ પ્રદેશમાંથી આ સર્વ ચાલ્યું આવે છે. આમ પોતે માની, અન્યને કહી, પોતે નિરઅભિમાન રહી, અન્યને આત્મશકિત ઉપર વિશ્વાસ ઉત્પન્ન કરાવી, પવિત્ર ભાવે આત્મમાર્ગ ઉપર પ્રેરીને શાસન પ્રભાવના કરવારૂપ સમાજની સેવા કરવી.

પોતામાં જો તપોબળ અધિક હોય તો તે તપોબળ સાથે જ્ઞાનબળનો વધારો કરી, તપોબળથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધિદ્વારા ઉત્પન્ન થયેલી આત્મશકિત વડે પણ પરોપકાર કરી શાસનની પ્રભાવના—ઉન્નતિ કરવારૂપ સમાજ સેવા કરવી.

સમ્યગ્દૃષ્ટિ થવાથી પ્રગટ થયેલી વિશુદ્ધિદ્વારા, તથા મનની એકાગ્રતાથી કરેલી ઉપાસના વડે જો પોતામાં કોઈ અતિશયવાળી શકિત પ્રગટ થઈ હોય તો તે શકિત વડે, અનેક જીવોને આત્માના વિશુધ્ધ માર્ગમાં પ્રવર્ત્તાવવા પ્રયત્ન કરી, શાસનની ઉન્નતિ કરવારૂપ સમાજસેવા કરવી.

સમ્યગ્દૃષ્ટિ થતાં મનની એકાગ્રતા સહેલાઇથી થઇ શકે છે. આ એકાગ્રતાદ્વારા કોઇએ પાર્થીવ દ્રવ્યોમાંથી વિવિધ અંજનવાળા યોગો અને ચમત્કારિક પ્રયોગો સિધ્ધ કરેલા હોય તો તેના પ્રયોગો વ્યવહારમાર્ગમાં ન કરતાં, પારમાર્થીક જીવન ગુજારતાં કોઈ વિપત્તિ આદિના પ્રસંગે મનુષ્યોનો બચાવ કરવા કે તેવાજ મનુષ્ય હિતના કામમાં કરવા, અને પછી તે રૂણથી (ઉપકારથી) આભારિત થયેલા લોકોને આત્માનો સત્ય માર્ગ બતાવી વિશેષ પ્રકારે આત્મમાર્ગમાં જોડવા. પરોપકારી મનુષ્યના પરોપકારના બદલામાં દબાયેલા લોકો તેનાપર વિશ્વાસ રાખી

તેના કહ્યા મુજબ વર્ત્તન કરવાનાં. આ લોકોની આધિનતાનો દુરૂપયોગ નહિ કરતાં તે જીવોને આત્મહિતનો માર્ગ બતાવવો અને તે દ્વારા પરોપકાર કરવારૂપ શાસન પ્રભાવના કરી સમાજ; સેવા કરવી.

આવીજ રીતે કવિત્વાદિક શકિત કે જે આત્મવિશુધ્ધિમાંથીજ પ્રગટ થાય છે તે દ્વારા પણ અનેક ગ્રંથો લખી સમાજનું હિત થાય તેવા ઉત્તમ માર્ગો બતાવી જનસેવા કરવારૂપ શાસન પ્રભાવના કરવી.

આજ માર્ગની પ્રણાલીકાએ ધનવાનોએ પોતાના ધનના વ્યયથી અનેક ઉપદેશકો, કે જેઓ આત્મહિતનો માર્ગ જાણનાર, તેમાં પ્રવૃત્તિ કરનાર સમ્યગ્દૃષ્ટિવાળા જીવો હોય છે તેઓ દ્વારા વિવિધ સ્થળે સંપ્રતિ રાજાની માફક સત્ય ધર્મના તત્ત્વો ફેલાવવાં. લોકોને તેનાથી વાકેફ કરવા. આત્મમાર્ગમાં જોડાણ કરવા–ઇત્યાદિ વિવિધ પ્રકારે પોતાની જેટલી શકિત હોય તેના પ્રમાણમાં શાસનની પ્રભાવના કરવી. અમુક જાતની શકિત આવે ત્યારે શાસન સેવા કરવી એવો પ્રતિબંધ ન રાખતાં, વર્ત્તમાનકાળે જેટલી શકિત હોય તેના પ્રમાણમાં શાસનસેવા કરવા દરેક સમ્યગ્દૃષ્ટિ જીવે પુરતો પ્રયત્ન કરી જનસેવા બજાવવી. વિશેષ એટલો છે કે મનુષ્યોએ કે સેવા કરનારાઓએ વખત ઓળખવાની ઘણી જરૂર છે. શાસ્ત્રમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઓળખી તે પ્રમાણે વર્ત્તન કરવા વારંવાર ભલામણ કરી છે. અત્યારના જમાનાને ઓળખી, જમાનાનો પ્રવાહ જે દિશા તરફ વહન થઈ રહ્યો છે તે ધ્યાનમાં લઇ, બાહ્ય આડંબરો, તરિકે કરાતાં અનુપયોગી ખર્ચો બંધ કરવાં જોઇએ. અત્યારના વિચારશીલ જમાનામાં બાહ્યાડંબરની જરૂર ઘણી ઓછી છે.

હવે તો સત્ય શું છે તે તમે પોતે જાણો અને બીજાને સમજાવો.

૮ મોટાં મોટાં મંદિરો બંધાવવાં, ઉજમણાંઓ કરવાં અને નોકારશી કે સ્વામીવત્સલને નામે હજારો રૂપિયાનાં ખર્ચો કરવા કરાવવા કરતાં અત્યારે પોતાના સ્વધર્મી ભાઇઓને મદદ આપી આગળ વધારવા તે વધારે ઉપયોગી કર્ત્તવ્ય છે. આ જમાનો હરીફાઈનો છે. તેમાં જે નબળો રહેશે તેનો નાશ થશે. તે પાછળ પડી જવાનો, અને વખતના ઝપાટામાં સપડાતાં તે ધર્મ કે કોમ સર્વથા નાબુદ પણ થઈ જાય, માટે હવે મંદિર આદિપૂર્વની મીલકતો સાચવી રાખો. નવો વધારો ન કરતાં તે મંદિરના નાયક–સ્વામી પ્રભુને માનનાર–પૂજનારને બચાવો, તેનો વધારો કરો. પ્રજાના અભાવે રાજા કેમ હોઈ શકે? તેમજ જિનેશ્વરને માનનારાના અભાવે આ ધર્મજ કેમ–કેવી રીતે ટકી રહેશે? માટે ખરો સ્વામીવત્સલ–ખરૂં શાસનહિત–ખરી શાસન પ્રભાવના એજ છે કે તે મહાન પ્રભુના કથન કરે સત્યનો દુનિયામાં ફેલાવો કરો.

# પાંચ ભૂષણ

## ૧–અર્હદ્દ દર્શનમાં કુશલપણું

ધર્મનાં તત્વો જાણવાની જરૂરીયાત પહેલાં કહી આવ્યા છીએ તેવીજ રીતે, અર્હદ્દ દર્શનમાં ચાલતી સર્વ ક્રિયાઓ, તેમાં કુશળતા મેળવવી એટલે તે ક્રિયાનાં રહસ્યો હેતપૂર્વક સમજવાં અને તે પ્રમાણે વર્ત્તન કરવું આને ભૂષણ કહેવાનો હેતુ એ છે કે, જેમ ભૂષણથી શરીરની શોભામાં વધારો થાય છે તેમ ઉત્તમ વર્તનથી–યથાયોગ્ય વર્ત્તનથી સમ્યગ્દૃષ્ટિ રૂપ શરીરની શોભામાં વધારો થાય છે. ભીંત પર આલેખેલા ચિત્રમાં વિવિધ પ્રકારનો રંગ ભરવાથી તેની શોભામાં અલૌકિક વધારો

થાય છે તેમ યથાશક્તિ વસ્તુત્વને જાણુવા પછી ઉત્તમ વર્ત્તન કરવાથી સોના સાથે સુગંધ મળવાની માફક કે, ચિત્રમાં રંગ ભરવાની માફક તે તત્વનું જ્ઞાન દીપી નીકળે છે–શોભી ઉઠે છે અન્ય લોકો ઉપર પણ તેની ઔલોકીક અસર થાય છે.

આત્મસ્વરૂપ જાગૃત કરવા માટે શુદ્ધ પરમાત્મસ્વરૂપ અરિહંત દેવને ઓછામાં ઓછું ત્રણવાર વિસ્તારથી વંદન કરવું. મનની વિશુદ્ધિ માટે ત્રણ વખત પૂજન કરવું. અને કર્મમળ દૂર કરવા માટે અનેકવાર તેમના નામરૂપ પવિત્ર મંત્રનું સ્મરણ કરવું. તેમના શુદ્ધ સ્વરૂપનું ચિત્ર મનથી આલેખી, તેમાં મનની સર્વ વૃત્તિઓનો લય કરવારૂપ ધ્યાન કરવું. અર્થાત્ તેમના શુદ્ધ સ્વરૂપમાં મનનો લય કરી પોતે શુદ્ધ સ્વરૂપ થવું અથવા શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો.

દિવસમાં ત્રણ વખત ગુરૂને વંદન કરવું. તે વખતે પંચાંગ ખમાસણાં ત્રણ આપી, શરીર તથા સંયમ સંબંધી સુખશાંતિ પૂછવી, અને તેમને પડતી અડચણો દૂર કરી જ્ઞાન ધ્યાનમાં સરલતા થાય તેવી અનુકુળતા કરી આપવી. અનુકુળતાના વખતે ગુરૂ પાસે જવું. ધર્મચર્ચા કરવી. આત્મ વિશુદ્ધિનો માર્ગ પૂછવો અને તેમની આજ્ઞા મુજબ વર્ત્તન કરવું.

સમ્યગ્દૃષ્ટિ જીવોએ કોઈ પણ નિરપરાધી જીવોની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી. બનતા પ્રયત્ને બ્રહ્મચર્ય પાળવું અને ધનાદિ સંબંધી મૂર્છા–આશક્તિ ઉપર કાબુ મેળવવો. ઓછામાં ઓછી બે ઘડી સુધી આત્મવિચારણા કરવારૂપ સામાયિક કરવું અથવા બેઘડી સુધી મનને કોઇ ઉત્તમ નિર્વિકારી સ્વરૂપમાં એકાગ્ર કરવું અથવા આત્માનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવી સ્થિતિમાં રહેવાની ટેવ પાડવારૂપ રાગદ્વેષ

વિનાની નિર્મળ, પવિત્ર સમભાવની સ્થીતિમાં બેસવું. સાંજ સવાર બે વખત પોતાના વર્ત્તનની સમાલોચના-તપાસણી કરી જવી કે, નિયમિત કરેલા જીવનથી વિરૂદ્ધ વર્ત્તન થયું છે નહિ? સમ્યગ્દૃષ્ટિને લાયકની ક્રિયાથી વિરૂદ્ધ ક્રિયા, મન, વચન, શરીર-દ્વારા કાંઈ પણ થઈ હોય તો તે સંબંધી પોતાની ભૂલ કબુલ કરી, તે બાબત ક્ષમા માગી, ફરી તેમ વર્ત્તન ન થાય તેમ તે જાગૃતી રાખવા પ્રયત્ન કરવો, અને વિશેષ વિરૂદ્ધ વર્ત્તન થયું હોય તો તે માટે પ્રાયશ્ચિત પણ કરવું. ઇંદ્રિયો તથા મનને કાબુમાં રાખવા નિમિત્તે યથાશકિત તપચરણ પણ કરવું વિકાર ઉત્પન્ન કરનાર ખોરાક ન ખાવો. સાત્વિક ખોરાક લેવો તે પણ નિયમિત-શરીર નિર્વાહ સુખપૂર્વક થઇ શકે તેટલો લેવો. દારૂ, માંસ એ ક્રૂરતા -નિર્દયતા ઉત્પન્ન કરનાર તામસી ખોરાક છે તેનો ત્યાગ કરવો. બીજા પણ તામસી પ્રકૃતિમાં વધારો કરનાર જમીન કંદનો ત્યાગ કરવો. રાત્રીએ બને ત્યાં સુધી ભોજન ન કરવું. બે કોળીઆ પણ ઓછું જમવું. તેથી શરીર નિરોગી રહે છે વિકાર ઓછો થાય છે. નિદ્રા ગાઢ આવતી નથી. પ્રભુ સ્મરણ કે આત્મવિચાર ઘણા આનંદથી કરી શકાય છે. અજીર્ણ થતું ન હોવાથી શરીર પણ નિરોગી રહે છે. ઇંદ્રિયો વિકાર ન કરે તે માટે બલિષ્ટ વિકૃતનો ત્યાગ કરવો. તિથિના દિવસે, તીર્થંકરોના કલ્યાણીકને દિવસે અને બીજાં મોટાં પર્યુષણાદિ દિવસે યથાશક્તિ ઉપવાસાદિ તપશ્ચર્યા કરવી. આ ઉપવાસથી શરીર નિરોગી રહે છે. વખત ઘણો મળે છે. મનના વિકારો ઓછા થાય છે. ઇંદ્રિયો નિયમિત રીતે કાબુમાં રહે છે. આત્મવિચાર કે પ્રભુસ્મરણ ઘણી એકાગ્રતાપૂર્વક શાંતિથી કરી શકાય છે. વિશેષ કિલષ્ટ વિકારોને દબાવવા માટે વિચાર સાથે તપશ્ચર્યા વિશેષ ઉપયોગી છે. છતાં તે સંબંધે પોતાના શરીરની શક્તિનો વિચાર કરી, આર્ત્તધ્યાન ન થાય, ઇંદ્રિયો કે શરીર હદથી વધારે નબળું ન પડે અને

યથાયોગ્ય પોતાના નિયમિત વ્યવહારિક કે ધાર્મિક કાર્ય બની શકે તેમ તપશ્ચર્યા કરવી.

સમ્યગ્દૃષ્ટિ જીવોએ પોતાની આર્થીક સ્થીતિના પ્રમાણમાં દાન આપતા રહેવું. ત્યાગ એ આત્મવિશુદ્ધિ માટે ઘણો જ ઉપયોગી ઉપાય છે. તેમ ગૃહસ્થાશ્રમનો ધર્મ પણ એ છે કે પોતાના દ્વાર આગળ આવીને કોઈએ અનાજની–ભોજનની યાચના કરી તો તેને નિરાશ કાઢવો નહિ. થોડું પણ આપી સંતોષ પમાડીને જવા દેવો. જેને જે જાતની યોગ્ય જરૂરીયાત હોય તેને તે યોગ્ય જરૂરીયાતો બનતા પ્રયત્ને પુરી પાડવી; એટલે વસ્ત્ર, પાત્ર, અનાજ, પાણી, દવા વિગેરે આપવાં. ત્યાગી અનાથ, નિરાધાર, અપંગ, અંધ, વૃદ્ધ, રોગી, અશક્ત, આફતમાં સપડાયેલા–ઈત્યાદિ દાન લેવાના અધિકારી છે ભક્તિ અને અનુકંપા. આ બે ભાવો પાત્ર વિશેષને અનુસરીને દાન આપવામાં પ્રધાનતા ભોગવે છે.

બીજા પણ નિરાધાર, દુઃખી જીવોને યોગ્ય માર્ગે ચડાવી આપવા–જીંદગીની જરૂરીયાતો, કોઈ હુન્નર ઉદ્યોગો કરી પોતાની મેળે મેળવી શકે તેવી સગવડ કરી આપવારૂપ પરોપકાર કરવો. દુઃખીઓને દિલાસો આપવો નાહિમ્મત થયેલાઓને હિમ્મત આપવી. નિરાધારોને આધાર આપવો રોગીઓની માવજત કરવી. સલાહ માગનારોઓને સારી સલાહ આપવી. કલેશીઓના કેલેશો દૂર કરી આપી યોગ્ય રીતે વર્ત્તન કરવાની સાચી સલાહ આપવી. આડોશીપાડોશી, સગાંસંબંધી નાતિલાઓ, સ્વધર્મી બંધુઓ, સ્વદેશવાસીઓ મનુષ્યજાત. અને છેવટે જનાવર આદિ તમામ જીવો, તેમને તનથી, મનથી, વચનથી, ધનથી કોઈ પણ રીતે પોતાની શક્તિ ન છુપાવતાં યથાયોગ્ય કીમતિ મદદ આપવી.

દુર્ગુણી વ્યસની, નિંદાખોર પાપકર્મી અને તેવી જ હલકી નીચ પ્રકૃતિવાળા મનુષ્યોને યથાયોગ બોધ આપી શીખામણ આપી, યોગ્ય સલાહ આપી સન્માર્ગે ચડાવવા પ્રયત્ન કરવો.

શત્સાસ્ત્રો વાંચવાં, વિચારવાં, સદ્ગુરૂ સમીપે સાંભળવાં તેનું મનન કરવું સરખા વિચારવાળાના સહવાસમાં આવી તે સંબંધી ચર્ચાઓ કરવી પોતે સત્યનો નિર્ણય કરવો, અન્યને નિશ્ચય કરાવવો-ઇત્યાદિ અનેક સદ્ગુણો-યોગ્ય વર્ત્તનો. સમ્યગ્દૃષ્ટિ જીવોનાં હોય છે, આ સર્વ બાબતોનાં ઉંડાં રહસ્યો પોતે જાણવાં તે સર્વ બાબતોમાં હેતુઓ રહેલા છે. કોઈપણ બાબત નકામી નથી. પોતાને આગળ વધારનાર છે. આ સર્વ બાબતના હેતુઓ ગુરૂ પાસે જાણવાથી અર્હદ્દર્શનમાં કુશલતા મેળવી શકાય છે. આ સર્વ બાબતોના રહસ્યો જાણી તે પ્રમાણે વર્ત્તન કરવાથી સમ્યગ્દૃષ્ટિની શોભામાં અલૌકિક જાતનો વધારો થાય છે.

માથે પાઘડી સો રૂપિઆની કીંમતની બાંધી હોય અને નીચે દોઢ હાથની લંગોટી પહેરી હોય તો પાઘડીને પણ શરમાવા જેવું થાય છે. મતલબ કે પાઘડી શોભતી નથી. પાઘડીની શોભા તો ત્યારેજ ગણાય છે કે નીચે દશ રૂપિઆની કીંમતનું ધોતીયું પહેર્યું હોય. આવીજ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્માને ઓળખનાર, અને તે સ્વરૂપને પ્રાપ્ત કરવા કે પ્રગટ કરવાનો પ્રયત્ન કરનાર મનુષ્યમાં તે નિર્દોષ આચરણ નહોય તો, લંગોટીની માફક પાઘડીને પણ-ધર્મને પણ લજાવનાર થાય છે, માટે ઉપર કહેલ આચરણો સાથે, ક્ષમા-સહનશીલતા, નમ્રતા, સરલતા, સંતોષ, નિસ્પૃહતા દયાળુતા, ઉદારતા, વિરક્તતા, અવાચાળતા, ગુણગ્રા-

હકતા સત્યવકતૃત્વતા ઈત્યાદિ વિશાળ ગુણોનો ભંડાર પોતાની પાસે રાખવો જેથી સ્વપર લાભ થવા સાથે પરમશાંતિ પ્રાપ્ત થશે.

સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થવા છતાં યોગ્ય વર્તન ન હોય તો લોકમાં નિંદાપાત્ર થવાય છે અને તે જ્ઞાન તે ધર્મને અથવા તે જાણપણાને લોકો ધિક્કારે છે. પોતાના હલકા વર્ત્તનથી અનેક જીવોને પોતા ઉપર કે તે તે ધર્મ અથવા જ્ઞાન ઉપર હલકો મત બંધાવવાના નિમિત્તભૂત થવાય છે, તેથી પોતે પતિત થાય છે તથા અન્યને પતિત થવાના કે નિંદા કરાવવાના નિમિત્તભૂત થવાય છે, માટે સ્વપર ઉપકારી સમ્યગ્દૃષ્ટિ જીવોને યોગ્ય કર્ત્તવ્યતાનું ભૂષણ પહેરવું જોઈએ.

## તીર્થ સેવા.

જેનાથી અગર જે વડે તરાય તે તીર્થ—દ્રવ્ય-તીર્થ, અને ભાવતીર્થ અથવા સ્થાવર તીર્થ, અને જંગમ તીર્થ સ્થીર રહે તે સ્થાવર. હાલે ચાલે તે જંગમ. શત્રુંજય ગીરનાર, શમેત-શીખર, અષ્ટાપદ આદિ સ્થાવર તીર્થો કહેવાય છે. અને આત્મ-જ્ઞાની મહાન્ ગુરૂઓ—સાધુઓ તે જંગમ હાલતું ચાલતું તીર્થ છે. સ્થાવર તીર્થને બનાવનાર—પ્રકાશ કરનાર ચૈતન્ય સ્વરૂપ સદ્ગુરૂઓ—જ્ઞાની મહાત્માઓ દરેક સ્થળે વિહાર કરી, અધિકારી જીવોને આત્મસ્વરૂપ પ્રગટ કરવાનો માર્ગ બતાવે છે એટલે તેને ભાવાર્થ કહેવામાં આવે છે. અને જે સ્થળે રહી અનેક મહા-ત્માની જ્ઞાની પુરૂષોએ આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે તેવા શાંતિ-વાળાં પવિત્ર સ્થળો જડરૂપ હોવાથી તેને દ્રવ્યતીર્થ કહે છે.

અથવા તીર્થ એટલે ચતુર્વિધ સંઘ—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા તેમની સેવા કરવી તે સમ્યગ્દૃષ્ટિ જીવોનું ભૂષણ છે.

તેના આત્મગુણુને પોષણુ આપનાર છે. જેમ નાના વૃક્ષોનું ભૂષણુ પાણી, હવા, ખાતર વગેરે છે, તેથી તે વૃક્ષોની સભામાં અલૌકિક વધારો થવા સાથે પોષણુ પામી તેમાં છેવટે ઉપયોગી અને સ્વાદિષ્ટ ફળો આવે છે, તેમ આ સમ્યગ્દૃષ્ટિ જીવ આ દ્રવ્ય તથા ભાવ તિર્થની સેવા કરવાવડે, પોષણુ પામી આત્મગુણુમાં અલૌકિક વધારો કરવા સાથે છેવટે નિર્વાણુ–પરમશાંતિરૂપ ફળ મેળવે છે.

લેવું અને દેવું એમ બે પ્રકારે સેવા થાય છે. સાધુ, સાધ્વી શ્રાવક શ્રાવિકા એમને યથાયોગ્ય અનુકુળતા કરી આપી તેમને શાંતિ આપવી અને આત્મજ્ઞાનના માર્ગમાં આગળ વધારવાં તેને પણુ સેવા કહેવામાં આવે છે. બીજી રીતે તેમની સેવા ભક્તિ કરી તેમનો સત્સંગ કરી, તેમના તરફથી અપાતી યોગ્ય સૂચનાઓ ઉપર ધ્યાન આપી, તેમના અપાયેલા ઉપદેશ પ્રમાણે વર્ત્તન કરી પોતે આગળ વધવું આ પણુ સેવા છે. બન્નેમાં આપવાની મુખ્યતા, તો લેવાની ગૌણુતા–અને લેવાની મુખ્યતા તો આપવાની ગૌણુતા રહેલી છે. તે સર્વ સમ્યગ્દૃષ્ટિ હોવાથી તેનાથી નીચલી ભૂમિકાવાળાને જ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે. ઉપલી ભૂમિકાવાળા આપવાના અધિકારી છે. તેઓ તેનાથી આગળની ભૂમિકાવાળાની પાસેથી જ્ઞાનાદિ મેળવે છે. આમ અન્યોઅન્ય આગળ વધવું, અને અન્યને આગળ વધારવું આવી મદદ આપ્યા કરે છે: આ સેવા છે.

શ્રાવક–શ્રાવિકાઓ પણુ સમ્યગ્દૃષ્ટિ હોવાથી તેનાથી નીચલી ભૂમિકાવાળાને મદદ આપી શકે છે. આપણે આગળ કહી ગયા છીએ તેમ શ્રાવક કોઈ કોમ નથી પણુ તે એક અધિકાર છે. આ અધિકારી પોતાનાથી નીચલા અધિકારીને આગળ વધારી શકે છે માટે તેની પણુ સેવા સમ્ગ્દૃષ્ટિને ભૂષિત કરનાર છે. ગુણુ વિના અધિકાર મળતો નથી. શ્રાવકના કુળમાં જન્મ લેવાથી કે ઉપરનાં ટીલાં ટપકાંવાળા આડંબરથી શ્રાવક, શ્રાવિકાની

ભૂમિકા પ્રાપ્ત થતી નથી, પણ આત્માને જાણી તેના ઉપર श्रा એટલે શ્રદ્ધા કરવાથી તથા व નામ વિવેક–જડ ચૈતન્યનો વિવેક કરવાથી, તથા क નામ ક્રિયા. ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ, તથા ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરી તે પ્રમાણે ઉત્તમ વર્ત્તન કરનારને શ્રાવક, શ્રાવિકા કહે છે.

દ્રવ્યતીર્થની સેવા એટલા માટે કરવાની છે કે તે પવિત્ર સ્થળે અનેક મહાનપુરુષોએ આત્મજ્ઞાન પ્રગટ કરી પરમશાંતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો હોય છે તે તે સ્થળોને જોતાં તે મહાન્ પુરુષો યાદ આવે છે. તેમનો કરેલો ભગીરથ પ્રયત્ન, અખંડ ધ્યાન, તપશ્ચરણ. પ્રબળ નિર્જરા, શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ, ઈત્યાદિનું સ્મરણ થતાં રોમેરોમ ઉલ્લાસ પામે છે. તેવા સ્થળે બેસી આત્મધ્યાન. સ્વરૂપાવચારણા, મનની એકાગ્રતા ઇત્યાદિ કરતાં પ્રબળ ઉત્સાહ વૃદ્ધિ પામે છે. મન નિર્મળ થાય છે. આવરણ તુટે છે. સ્વરૂપ પ્રાપ્તિ થાય છે.

તેવા પવિત્ર તીર્થસ્થળોમાં કોઈ મહાત્મા પુરુષો આત્મધ્યાન કરતા હોય છે. પરમ સમાધિદશા ભોગવી રહ્યા હોય છે, આત્મસ્વરૂપમાં જાગૃત થયેલા હોય તેવા સત્પુરૂષો, સિદ્ધ પુરુષો, મહાત્મા પુરૂષોનો સમાગમ થાય છે. તેમની આગળથી આત્મસ્વરૂપ જાણવાનું બને છે. પોતાનું કર્ત્તવ્ય સમજાય છે. અને ત્યારપછી આવા પરમ પવિત્ર સ્થળમાં રહી તે આત્મસ્વરૂપાનુસંધાન કરવા પ્રયત્ન કરતાં ઘણી સહેલાઈથી આત્મમાર્ગમાં પ્રવેશ કરી શાંતિ મેળવી શકાય છે.

સ્થાવર તીર્થે જવાનો મુખ્ય આજ ઉદ્દેશ છે. વ્યવહારનાં પ્રપંચમાં રહેનારા જે ગૃહસ્થોથી પોતાના ઘરમાં રહી વિશેષ વખત અને અનુકુળતાના અભાવે આત્મસાધન ઓછું બની શકે છે, તેવા મનુષ્યોને આ તીર્થસ્થાનો આત્મસાધન તથા

સત્સંગ કરવાને વધારે ઉપયોગી થઈ પડે છે. આ માટેજ આ તીર્થસ્થાનોની ઉપયોગીતા ગણુવામાં આવી છે. જો એમ ન હોય તો તે સ્થાવર તીર્થ છે. તેથી પ્રત્યક્ષ ગુરુસમાન ઉપદેશનો લાભ મળી નજ શકે. વળી જંગમતીર્થ સમાન મહાત્મા પુરુષોના સહવાસથીજ આ ભૂમિ પણુ તીર્થ સમાન ગણુાણી છે. તે મહાત્મા પુરુષોના ઉપદેશનો પ્રથમ જેમને અભાવ છે, તેમજ આ તીર્થમાં પણુ તેવા પુરુષોનો સમાગમ જેઓ કરી શકતા નથી, તેમનો તીર્થે આવવાનો ઉદ્દેશ સફલ થતો નથી.

સ્થાવર તીર્થની સેવા કરવા છતાં પણુ જેમના કામ, ક્રોધ, રાગ, દ્વેષ, ઈચ્છા, અભિમાન, માયા, લોભ વિગેરે ઓછા થતા નથી, જેઓ કડવી તુંબડી સમાન ભલે અનેકતીર્થમાં સ્નાન, દર્શન કરે પણુ આંતરમેલ ધોયા વિના, આત્મવિચારણુા કર્યા વિના અને સદ્ગુરુ–આત્મજ્ઞાનીનો સમાગમ કર્યા સિવાય-તેમનો બોધ લીધા સિવાય તેઓની કર્મરૂપ કડવાશ કદી ઓછી થનાર નથી. નિશાન વિનાના ફેંકાતા બાણો સમાન તેઓના સર્વ પ્રયત્ન નિષ્ફળ નિવડે છે.

એક સ્તવનમાં કહ્યું છે કે "તપ જપ ધ્યાનથી કર્મ ખપાવે–ગિરિવર દરશન વીરલા પાવે" આ ગિરિવરનાં દર્શન વીરલા કોઈકજ પામે છે. તેઓ ત્યાં જઇ તપ કરે છે, જપ કરે છે, ધ્યાન ધરે છે અને તેમ કરી કર્મ ખપાવે છે. આ સ્તવનને આ લોકો મોઢે બોલે છે છતાં તેઓનું વર્ત્તન બહુધા તેવું હોતું નથી. નદીઓમાં સ્નાન કરવાથી કદી પાપ જતું નથી. સ્નાન ઉપરનો મેલ કાઢે છે. અંદરનો મેલ કાઢવા માટે દયા, કરુણુા, કોમળતા, નમ્રતા, ઇત્યાદિ જોઇએ. તીર્થ ઉપર ચડઉતર કરવાથી જેવી રીતે પગને તથા શરીરને ઘસારો લાગે છે, તેવી રીતે મન ઉપર વિચારનો--ઉત્તમ ધ્યાનનો ઘસારો પડવો જોઈએ. હૃદય શીતળ

થવું જોઈએ, ક્ષમાસહનશીલતા વધવી જોઇએ, અંતરનાં કર્મો તપીને પીગળી જવાં જોઈએ, રોમ રોમમાં આત્માનો આનંદ છાઈ રહેવો જોઇએ.

પોતાની પોતાને ખાત્રી થવી જોઈએ કે તીર્થમાં જઇને અમને આટલો ફાયદો થયો છે. વેર વિરોધ ત્યાગ કર્યો છે. સર્વ જીવોને હું આત્મબંધુતુલ્ય ગણું છું. દેહાભિમાનનો ત્યાગ કર્યો છે. પરિગ્રહની મમતા ઘટાડી છે. પરોપકાર નિત્ય કરવો તેવી પ્રતિજ્ઞા લીધી છે. ગમે તે દુઃખી મનુષ્યને મદદ આપવાને હું તૈયાર છું. વિશ્વાસઘાત, દગોફટકો કરવાનો નિયમ લીધો છે. સર્વના ગુન્હા માફ કરવાનો નિશ્ચય કર્યો છે, પાડોશી સાથે કજિયો કરવાની પ્રતિજ્ઞા કરી છે. ઘરનાં કે કુટુંબનાં મનુષ્યો સાથે હળીમળીને રહેવા પ્રતિજ્ઞા કરી છે. ટુંકામાં તીર્થયાત્રા કરી હૃદયમાં પરમ શાંતિ પ્રગટાવી છે. જો આમ બન્યું હોય તો તીર્થસેવા ઉપયોગી થઈ છે.

તીર્થમાં જવાનો પહેલો ઉદ્દેશ એ હોવો જોઈએ કે કોઈ જ્ઞાની મહાત્મા અહીં છે કે કેમ? તેની પહેલી તપાસ કરવી, તેને વંદન, નમન કરી પૂછવું, કે 'અમે તીર્થયાત્રા કરવા આવ્યા છીએ. અમારે અહીં આવીને શું કરવું જોઈએ? કેવી રીતે વર્તન કરવું જોઈએ? અમારા આત્માનો ઉદ્ધાર કેવાં કેવાં કર્ત્તવ્યો કરવાથી થાય?" વિગેરે કર્ત્તવ્યો પ્રથમ તે ગુરૂદ્વારા જાણવાં, અને પછી જેટલા દિવસ ત્યાં રહો તેટલા દિવસ તેમના કહેવા પ્રમાણે વર્તન કરો! તેમની બતાવેલી વિધિ પ્રમાણે જીવન વ્યતિત કરો. તેમની તથા તમારી અનુકુળતા પ્રસંગે સત્સમાગમ કરી ધર્મચર્ચા કરતા રહો. ધર્મચર્ચામાં પણ જે તમને હાલ વિશેષ જરૂરનું હોય તેજ પૂછો! તેની વાત છેડો! હું કોણ? મારૂં કર્ત્તવ્ય શું? કર્મ કેમ છુટે?

આત્મજ્ઞાન કેમ પ્રાપ્ત થાય? પરમશાંતિ શાથી મળે? ઈત્યાદિ ઉપયોગી બાબતો પૂછવા કે ચર્ચવા સિવાય તેમનો અમૂલ્ય ટાઈમ ન લ્યો! નિશ્ચય થતાં તે પ્રમાણે ત્યાં રહો તેટલા દિવસ તો ઘણી જ લાગણીથી ક્રિયામાં મૂકો. પછી ઘેર જઈ વખતના નિયમો કરી, એટલે કામના ભાગ પાડી આત્મસાધનનો અમુક વખત નિશ્ચય કરી તે પ્રમાણે વર્ત્તન કર્યા કરો!

ખરૂં તીર્થ—ઉપયોગી તીર્થ મુનિ મહાત્માઓ—આત્માનુભવી જ્ઞાની પુરૂષો છે. આ—દ્રવ્યતીર્થ આત્મ અનુભવ કરવામાં સહાયક સ્થાન સમાન છે. આત્મજ્ઞાન વિના આ તીર્થથી વિશેષ લાભ મેળવી શકાતો નથી. આત્મલાભ તો હાલતા ચાલતા જ્ઞાની પુરૂષો દ્વારા જ થાય છે. દીવાથી જ દીવો થાય છે. જાગેલો જ બીજાને જગાડી શકે છે. ઉંઘતા ગુરૂઓ પણ જગાડી શકતા નથી. આત્મલાભ પામેલા જ આત્મલાભ મેળવાવી આપવામાં મદદગાર થાય છે, આવા જંગમ તીર્થસ્વરૂપ આત્મજ્ઞાની ગુરૂની સેવા કરવી તે સેવાના અમૂલ્ય ફળથી છેવટે નિર્વાણ પ્રાપ્ત થાય છે. ભગવતિસૂત્રમાં કહ્યું છે કે, હે 'ભગવન્! તથા પ્રકારના શ્રમણ તથા વિવેકી શ્રાવકોની સેવાનું ફળ શું?' ભગવાન્ ઉત્તર આપે છે કે 'ગૌતમ! તેમની સેવાનું ફળ તેમના તરફથી સિદ્ધાંત શ્રવણની પ્રાપ્તિ થાય છે તે છે.' ગુરુની સેવા કરવાથી તે ગુરુઓ તત્ત્વના નિશ્ચયો--સિદ્ધાંતો--તેનાં રહસ્યો સમજાવે છે. અર્થાત્ તત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેમકે ગુરુઓ આગળ કાંઈ વ્યવહારિક દુનિયાની વિકથાઓ કે ભાંગફોડ તો થતી નજ હોય,જ્ઞાની ગુરુઓ પાસે આત્મજ્ઞાનની ચર્ચાજ થતી હોય છે તેથી ત્યાં સાંભળવા જનારને શાસ્ત્રનાં રહસ્યોનું જ્ઞાન થાય છે,

**પહેલો પ્રશ્ન**—હે ભગવન્! સિદ્ધાંત સાંભળવાનું ફળ શું?

**ઉત્તર**—ગૌતમ! વિજ્ઞાન ફળ થાય. સિદ્ધાંતના જ્ઞાનથી

ત્યાગ કરવા લાયક તથા ગ્રહણ કરવા લાયક વસ્તુનું વિજ્ઞાન-વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**બીજો પ્રશ્ન—હે ભગવન્ ! વિજ્ઞાનનું ફળ શું ?**

**ઉત્તર**—ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન છે. વિશેષ નિશ્ચયાત્મક ગ્રહણ ત્યાગના જ્ઞાનવાળો મનુષ્ય પાપનું પચ્ચખાણ કરશે. પાપાચરણનો ત્યાગ કરે છે.

**ત્રીજો પ્રશ્ન —હે ભગવન્ ! પચ્ચખાણનું ફળ શું ?**

**ઉત્તર**—હે ગૌતમ ! પચ્ચખાણનું ફળ સંયમ છે. વિભાવ દશામાં મનને પરિણમાવવાનો. ત્યાગ કરનારને સંયમની પ્રાપ્તિ થાય છે.

**ચોથો પ્રશ્ન—હે ભગવન્ ! સંયમનું ફળ શું ?**

**ઉત્તર**—ગૌતમ ! સંયમનું ફળ અનાશ્રવ છે. સંયમવાન્ મનુષ્ય નવીન કર્મ ઉપાર્જન કરતો નથી—આત્મસ્વભાવમાં સ્થિર થાય છે.

**પાંચમો પ્રશ્ન**--હે ભગવન્ ! અનાશ્રવનું ફળ શું ?

**ઉત્તર**—હે ગૌતમ ! અનાશ્રવનું ફળ તપ છે. કર્મ આવતાં અટકે છે, એટલે તે લઘુકર્મી થાય છે. આત્મ ઉપયોગની જાગૃતિ વિશેષ થાય છે. આ આત્મ જાગૃતિથી પૂર્વનાં કર્મ તપવા લાગે છે. આંતર્ચિકાશ-રાગ દ્વેષની પરિણુતિ તે આંતર્તાપથી સૂકાઈ જાય છે તેનું નામ તપ છે.

**છઠ્ઠો પ્રશ્ન**--હે ભગવન્ ! તપનું ફળ શું ?

**ઉત્તર**--હે ગૌતમ ! તપનું ફળ નિર્જરા છે. આત્મઉપયોગના તીવ્ર તાપથી રાગદ્વેષની ચિકાશ વિનાના થયેલાં-સુકા-

ચેલાં-શોષાઈ ગયેલાં કર્મો નિર્જરી જાય છે. આત્મપ્રદેશથી નિરાધાર થઇ નીચાં ખરી પડે છે.

સાતમો પ્રશ્ન--હે ભગવન્! નિર્જરાનું ફળ શું ?

ઉત્તર—હે ગૌતમ! નિર્જરાનું ફળ અક્રિયા છે. કર્મ નિર્જરા થવાથી મન, વચન, કાયાના યોગોનો નિરોધ થાય છે. જ્યાં સુધી ક્રિયા છે, ત્યાં સુધી મન, વચન, કાયાના યોગની ચપળતા છે. જ્યાં ક્રિયા બંધ થઈ કે તે યોગોની પ્રવૃત્તિ થતી અટકી જાય છે.

આઠમો પ્રશ્ન--હે ભગવન્! અક્રિયાનું ફળશું થાય?

ઉત્તર--હે ગૌતમ! અક્રિયાનું ફળ મોક્ષની પ્રાપ્તિ થાય છે-છેવટનું ફળ પરમશાંતિ-શુત્ત સ્વરૂપ અવસ્થિતિ-મહા નિર્વાણ છે.

આ પ્રમાણે જંગમતીર્થની સેવાનું ફળ છેવટે મોક્ષ પર્યંત લંબાય છે એમ જાણી આત્મજ્ઞાની જંગમ તીર્થસ્વરૂપ મહાત્માની સેવા કરવામાં ઉલ્લાસી થવું, તેથી સમ્યક્દૃષ્ટિને સંપૂર્ણ પોષણ મળે છે, અને તે પોષણથી ભૂષણ-શોભા થાય છે. આત્મસ્વરૂપ દીપી નીકળે છે. ઝળકી ઉઠે છે. સ્વસ્વરૂપ પ્રગટ થાય છે. આનું નામ તીર્થસેવા છે,

## સ્થિરતા

વીતરાગ દેવના કહેલા આત્મનિશ્ચયમાં સ્થિરતા પ્રાપ્ત કરવી, દૃઢનિશ્ચય ધારણ કરવો, પોતે દૃઢ થવું અને અન્ય અસ્થિરોને-અદૃઢતાવાળાને દૃઢ કરવા; આ સમ્યક્ત્વનું ભૂષણ છે.

કેટલાક મનુષ્યો આત્મધર્મ ઉપર પ્રીતિવાળા હોય છે,

પણ દઢતાવાળા હોતા નથી. પ્રીતિ અને દઢતા બન્નેની જરૂરિયાત છે. અને મનની મલીનતા-પાપવૃત્તિઓ ઓછી થવાથી ધર્મ ઉપર પ્રીતિ થાય છે. અને મન નિશ્ચળ-સ્થિર થવાથી ધર્મ ઉપર દઢતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે. કોઇ પણ જાતની સાંસારિક ઇચ્છાઓને પોષણ મળે તેવી ઇચ્છા રાખ્યા સિવાય શુભ કાર્યો તપ, જપ, વ્રત, ઇત્યાદિ ક્રિયાઓ કરવાથી પાપમળ નીકળી જતાં મન શુદ્ધ થાય છે અને વીતરાગ દેવ, જ્ઞાની, ગુરુ, આદિનું સાકાર આલંબન લઈ તેમાં મનની વૃત્તિઓને સ્થિર કરવાથી મનની ચંચળતા ઓછી થઈ સ્થિરતા પ્રાપ્ત થાય છે. છેવટે શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરતાં આત્માનું નિરાવરણ જ્ઞાન પ્રાપ્ત થતાં આત્મસ્વરૂપ થવાય છે.

આત્મનિશ્ચયમાં સ્થિરતા પ્રાપ્ત કરવી અને બીજાને પ્રાપ્ત કરાવવી એ સમ્યક્દષ્ટિને વિશુદ્ધ થવાનું કારણ છે. સુલસા શ્રાવિકા ધર્મપ્રિય અને દઢધર્મી હતી. પોતે આત્મમાર્ગમાં ઘણીજ દઢ હતી. તેણે અંબડ પરિવ્રાજકને પ્રભુના માર્ગમાં-આત્મમાર્ગમાં દઢ કર્યો હતો.

## શાણી સુલસા

રાજગૃહી નગરીમાં શ્રેણીક રાજાને નાગ નામનો સારથી હતો. તેની સ્ત્રી પતિવ્રતા-સતી સુલસા નામે હતી. તેણે ભગવાન્ મહાવીરદેવ પાસે, ધર્મશ્રવણ કરી ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો હતો. સુલસા ધર્મમાં ઘણીજ દઢ હતી. તેનો આત્મનિશ્ચય અલૌકિક હતો. દેવો પણ તેને આ નિશ્ચયથી ચળાવવાને સમર્થ ન હતા. '**આત્મા એજ પરમાત્મા થઈ શકે છે, આત્માજ પરમાત્મા સ્વરૂપ છે. આ સ્વરૂપને આડે આવનાર કર્મમળ હઠાવવા, અજ્ઞાન દૂર કરવા, આત્મા**

સ્વરૂપને પ્રાપ્ત થયેલા સ્વસ્વરૂપમાં સ્થિત થયેલા ઉત્તમ ગુરુની પૂર્ણ જરૂરિયાત છે, એમ તેનું માનવું હતું. 'સદ્‌ગુરુઓ કે દેવાધિદેવ તીર્થંકરો આપણને સત્ય માર્ગ બતાવે છે. ઉપદેશ દ્વારા જાગૃત કરે છે. તથાપિ આપણામાં યોગ્યતા ન હોય તો તેઓનું કાંઇપણ જોર ચાલતું નથી. વેળુમાં તેલ નથી તો તેને હજારો મણુ એકઠી કરી પીલવા છતાં એક ટીપું પણ તેલ નીકળવાનું નહિ અને તલમાં તેલ છે તો તેને પીલવાના સાધનો મળતાં માંહીથી તેલ બહાર આવે છે. બીજાઓ નિમિત્તકારણ છે. યોગ્યતા પોતાનામાં જોઈએ. આત્મ સત્તાએ સિદ્ધ સ્વરૂપ જેવો છે, પણ નિમિત્ત યોગે તે સત્તાનું ભાન જીવોને થાય છે.' આ તેની દઢ માન્યતા હતી.

ભગવાન્ મહાવીરદેવ પાસેથી તેણે જીવાજીવાદિ તત્વો જાણ્યાં હતાં. નિરંતર સત્પુરૂષોનો સમાગમ તે કરતી હતી. આત્મનિશ્ચયમાં તે એક્કો ગણાતી હતી. આ નિશ્ચયમાં તેની બરોબરી કરી શકે તેવી ભાગ્યેજ કોઈ શ્રાવિકા હશે. આ તેના નિશ્ચયમાંથી ડગાવવાને કોઇ સમર્થ ન હતું. ભગવાન્ મહાવીરદેવને પણ તેની આત્મશ્રદ્ધાની ખાત્રી હતી. આત્મશ્રદ્ધામાં શિથિલ થયેલાઓને તે અનેક હેતુ–યુક્તિઓથી મજબૂત બનાવતી હતી.

ચંપાનગરીના ઉદ્યાનમાં એક વખત ભગવાન મહાવીરદેવ આવીને રહ્યા હતા. અંબડ નામનો પરિવ્રાજક તે ભગવાનનો ધર્મબોધ સાંભળી શ્રાવક થયો હતો. તે તાપસનાજ વેશમાં હતો. એક વખત તે ભગવાન્ મહાવીરદેવને વંદન નમન કરી કહેવા લાગ્યોઃ 'પ્રભુ! આજે હું રાજગ્રહી નગરીમાં જવાનો છું. કાંઇ આજ્ઞા હોય તો ફરમાવો!' ભગવાને તેને આત્મધર્મમાં દઢ કરવા નિમિત્ત કહ્યુંઃ 'અંબડ! જો તું રાજગૃહી જતો હોય તો

ત્યાં નાગ નામનો સારથી છે તેની પત્ની સુલસા જે શ્રાવિકા છે તેને મારા તરફથી ધર્મશુદ્ધિ પૂછજે. ધર્મલાભ કહેજે, અથવા ધર્મમાં સાવધાન રહેવાનું કહેજે!' અંબડ મસ્તક નમાવી તે વાત અંગિકાર કરી ચાલતાં ચાલતાં તે રાજગૃહી નજીક આવ્યો અબંડને કેટલીક સિદ્ધિઓ ઉત્પન્ન થયેલી હતી. વિવિધ પ્રકારનાં સ્વરૂપો વિકુર્વિ (બનાવી) શકે તેવી લબ્ધિ તેનામાં હતી. રસ્તે જતાં વિચાર કર્યો કે સુલસા એવી તે કેવી દૃઢધર્મા છે કે ભગવાન્ મહાવીરદેવ પોતે પણ તેના ગુણનો પક્ષપાત કરે છે! તેની દૃઢતાની હું તપાસ કરૂં.

એમ વિચાર કરી પોતાની વૈક્રિયલબ્ધિના બળથી તેણે બ્રહ્માનું રૂપ બનાવ્યું. અને મોટા આડંબરપૂર્વક શહેરની બહાર બેઠો. આ નવીન ચમત્કારિક બનાવથી શહેરના હજારો મનુષ્યોએ તેના દર્શનનો લાભ લીધો, પણ સુલસા તો નજ ગઇ. બીજા દિવસે બીજા દરવાજે વિષ્ણુનું રૂપ લઈ પૂરતા આડંબર સાથે પડાવ નાખ્યો. હજારો મનુષ્યોએ તેનાં દર્શન અને જોવાનો લાભ લીધો. સુલસા તે દિવસે પણ ત્યાં ન ગઈ. ત્રીજા દિવસે ત્રીજે દરવાજે અંબડ, શંકરનું રૂપ ધારણ કરી બેઠો. અનેક મનુષ્યોએ તેના દર્શનનો લાભ લીધો પણ સુલસા ન ગઈ! અંબડે વિચાર કર્યો: 'તેને જૈનદર્શનનો આગ્રહ જણાય છે' તેથી ચોથા દિવસે તીર્થંકરનું રૂપ ધારણ કરી સમોવસરણમાં બેસી ધર્મદેશના દેવા લાગ્યો. તે દિવસે પણ સુલસા ત્યાં ન ગઈ. આથી પોતાની આ બાજી સંકેલી લઈ, અંબડ સુલસાને ઘેર ગયો. સુલસાએ આદર સત્કાર કર્યો. આવવાનું કારણ પૂછયું. અંબડે મહાવીરદેવ તરફથી કહેવાયલી ધર્મપ્રચ્છાદિ વાત જણાવી. સુલસાને ઘણો આનંદ થયો. અંબડે જણાવ્યું: 'સુલસા! આંહી દરવાજા બહાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આવ્યા હતા તેને જોવાને માટે તમે કેમ ન ગયાં?

સુલસાએ ઉત્તર આપ્યો. 'અંબડ! તેમાં શું જોવું હતું? આ સર્વે દશ્ય પદાર્થો દેખાય, તેમાં અને તેઓમાં તમને શું તફાવત દેખાય છે? પૃથ્વી, પાણી, પ્રકાશ, વાયુ અને આકાશ આ પાંચભૂતોના બંધાયેલાં સર્વે શરીરો છે. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ સર્વ પુદ્ગલના ધર્મો છે. તે સર્વમાં દેખાય છે. આત્મા અરૂપી છે. સર્વ દેહોમાં રહેલો છે. આનંદસ્વરૂપ છે. આ ચર્મચક્ષુથી તે દેખી શકાતો નથી. તથાપિ અનુભવગમ્ય થાય છે. તેનો અનુભવ અહીં થાય છે. **જેણે આત્માને જાણ્યો છે તેને પછી જાણવાનું બાકી શું રહે છે? જેને સમ્યક્દૃષ્ટિ થઈ છે તેને દુનિયાના કયા માયિક પદાર્થ ઉપર પ્રીતિ હોય છે?** કોઈ ઉપર નહિ. ત્યાં જઈને શું જોવાનું હતું તે હવે તું કહી બતાવ! આત્મ ઉપયોગ ભૂલી અન્ય પદાર્થમાં આસક્ત થવું તે શું મિથ્યાત્વ નથી? સમ્યક્દૃષ્ટિને દૂષિત કરનાર કે મલીન કરનાર તે કાર્ય નથી? છેજ. **ક્ષણે ક્ષણે આત્મ-ઉપયોગમાં જાગૃત રહેવું એજ વિશુદ્ધિનો માર્ગ છે.** હા! કોઈ જરૂરિયાતના પ્રસંગે ત્યાં જવાની જરૂર પડે તો તેમાં આગ્રહ પણ નથી. પણ ખાસ જોવા જવાની ઈચ્છા તો મને થતીજ નથી. **જો પુદ્ગલોની ચમત્કૃતિ જોવાની લાગણીઓ થાય તો જરૂર સમજવું કે આપણી આત્મા તરફ પ્રીતિ ઓછી છે,** અને જેટલી આત્મપ્રીતિ ઓછી તેટલીજ મલીનતા વધારે સમજવી. આત્મા એજ સ્વધર્મ છે તેનું ભાન ભૂલવું તે વિધર્મ છે. સ્વધર્મને મૂકી વિધર્મ અંગિકાર કરવો, વિધર્મની સોબત કરવી, વિધર્મ ઉપર પ્રીતિ રાખવી, તે સ્વધર્મને દુષિત કરનાર છે.'

અંબડ આ પ્રમાણે સુલસાના શબ્દો સાંભળી આશ્ચર્ય પામ્યો. સુલસા આત્મમાર્ગમાં પ્રવિણ છે, પ્રીતિવાળી છે એ

વાત ચોક્કસ છે. વિશેષ તેના વિચારો જાણવા માટે અંબડે ફરી પ્રશ્ન કર્યો:

'સુલસા! ભલે તમે આ બ્રહ્માદિને જોવા નિમિત્તે બહાર ન આવ્યાં, પણ શહેરની બહાર તીર્થંકરદેવ પધાર્યા હતા. તેમનાં દર્શન કરવા અને ઉપદેશ સાંભળવા માટે તમે શા સારું ન આવ્યાં? મને તમારી મોટી ભૂલ જણાય છે.'

સુલસાએ ઉત્તર આપ્યો. 'અંબડ! તે પરમ કૃપાળુ પ્રભુ! જીવનમૂર્તિ સદ્ગુરુ! તેમનું આગમન અહીં થાય તો મારાં રોમેરોમમાં આનંદ છવાઈ રહેવો જોઇએ. મારાં દરેક રોમ તેમના આગમનથી ખડાં થવાં જોઇએ. તે પવિત્ર આત્માનો આ આત્મા સાથે એટલો નિકટ સંબંધ છે—એવી પવિત્ર શુદ્ધતાનો સંબંધ છે કે તેમનું આગમન થતાં આ મન આનંદમાં ગરકાવ થઇ જાય છે. આ માંહીલું મને કાંઇપણ થયું ન હતું, તેથીજ હું જાણી શકી હતી કે તે શુધ્ધ પવિત્રાત્મા નથી જેને લઇને મારું જરાપણ આકર્ષણ તે તરફ થયું ન હતું. વળી તમને ખબર હશે કે ભગવાન્ મહાવીરદેવ આજ કાલ ચંપાનગરી તરફ વિચરે છે. જે અહીંથી વિશેષ દૂર છે. તેમ બીજો તીર્થંકર આ કાળે અત્યારે કોઈ વિદ્યમાન્ નથી, તો તે તીર્થંકર છે એમ હું શા ઉપરથી માનું? ખરેખર! મને તો કોઈ ઢોંગી-કપટી હોય તેમ જણાય છે. આ કારણથી હું તેમનાં દર્શન કે ધર્મશ્રવણ નિમિત્તે ગઈ ન હતી.'

અંબડે જવાબ આપ્યો. 'સુલસા! ભલે તે તીર્થંકર ન હોય પણ તેથી ધર્મની શોભા તો વધે છે. આમ કરવાથી ધર્મમાં વધારો થાય છે.'

સુલસાએ ઉત્તર આપ્યો 'અંબડ! અંબડ! આમાં તમારી

મોટી ભૂલ થાય છે. શું તમને એમ લાગે છે કે આવા જુઠા આડંબરોથી જીવો ધર્મ પામે છે ? આ બાબતની માન્યતામાં તમે ઠગાઓ છો. સત્ય વસ્તુ બતાવવી; સત્ય સમજાવવું, તેમાં માયા પ્રપંચ શા માટે જોઈએ ? તમે શુધ્ધ આત્મા છો, આત્માને ઓળખો, અશુધ્ધતાના પ્રતિબંધને દૂર કરો ! તેમ દૂર કરવાના અમુક અમુક ઉપાયો છે, વિગેરે યોગ્ય માર્ગ બતાવો, આમાં પ્રપંચને અવકાશજ કયાં છે ? જ્યાં કાંઈ પણ સ્વાર્થ સાધવાનો છે, લોકો પાસેથી પૈસા કઢાવવા છે, કાંઇ માન ખાટવાનું છે, જ્યાં મત-પંથના વાડા બાંધવાના છે, મનાવવું, પૂજાવવું છે ત્યાં પ્રપંચને અવકાશ છે. નિઃસ્વાર્થપણે કાંઇપણ માન પાનની, ધન દોલતની, મનાવા પૂજાવાની, કે મત પંથ ચલાવવાની આશા કે ઈચ્છા વિના કેવળ પરોપકાર બુધ્ધિએ, દયાની પૂર્ણ લાગણીથી સત્ય બતાવવાનું કે કહેવાનું હોય ત્યાં તો પૂર્ણ સરલતા અને આડંબર સિવાયની સાદાઇ હોય તો તેની વિશેષ અસર થાય છે.

અંબડે જવાબ આપ્યો 'સુલસા ! તમારૂં કહેવું યુક્તિથી માન્ય કરવા જેવું છે, તથાપિ આડંબરની તો જરૂર જણાય છે. જો મેં આ શહેરની બહાર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને તીર્થંકરનું રૂપ ધારણ કરી આવો આડંબર કર્યો તો હજારો મનુષ્યો તેનાં દર્શન કરવા આવ્યાં, અને કદાચ એકલો વિના આડંબરે આવ્યો હોત તો મને કોઇ ઓળખત પણ નહિ ! તો મારી પાસે આવવાની તો વાતજ શી ? તો પછી લોકો ધર્મ કેવી રીતે પામે ? માટે લોકોને આગળ ચડાવવા બાહ્ય આડંબરની જરૂર તો છેજ.'

સુલસાએ ઉત્તર આપ્યો. 'અબંડ ! બાળ જીવોને માટે તમે જેમ કહો છો તેમ બાહ્ય આડંબરની જરૂર દેખાય છે, તેઓ કાંઇ નવીન દેખવાની બાબતોથી લલચાઇને તે તરફ આકર્ષાય છે, પણ અંતરની ઉંડી લાગણી વિના સંગીન-કાયમનો

લાભ તેમાંથી ઘણા થોડાનેજ મળે છે, ત્યારે ખરી તૃષાવાળો માણસ તે મહાત્માને ગમે તેવા સ્થળેથી શોધી કાઢી આત્મજ્ઞાન મેળવે છે. કોઈ દિવસે તમે સાંભળ્યું છે કે તળાવે ઘેર ઘેર જઇને પોકાર કર્યો હોય કે મારી પાસે પાણી છે. કોઇ લેશો કે ? પાણીની જરૂરિયાતવાળાએ તો તળાવને શોધી કાઢવું જોઈએ. **ખરી લગન થયા વિના ઉપદેશની અસર થતી નથી.** બાળ જીવોને આગળ વધારવા બાહ્ય આડંબરની જરૂર છે એ અમુક દરજ્જે તમારૂં કહેવું માન્ય રાખવા જેવું છે, બાકી ખરી રીતે તે તો આંતરૂ લાગણી પ્રગટયા વિના–અંદરથી ઊંડી ઇચ્છા થયા વિના જીવો આગળ વધી શકતા નથી.'

'તમે કહ્યું કે હજારો લોકો એકઠા થયા હતા તે વાત ખરી, પણ લોકોની કર્ત્તવ્ય તરફ નજર ઘણીજ ઓછી હોય છે, પણ જે જ્ઞાની પુરુષો, મહાત્મા, તીર્થંકરદેવ કે બીજા કોઈ તરફથી પોતાને ઉત્તમબોધ મળ્યો હોય છે તે ઉપદેશકને જ લોકો પકડી લે છે. તેમણે બતાવેલા ઉપદેશ તરફ ઘણા જ થોડા મનુષ્યોની દૃષ્ટિ હોય છે, ત્યારે ઘણા મનુષ્યો તો તે રસ્તો બતાવનાર–ઉપદેશ આપનારને પકડી લે છે. તેના વચનો ઉપર કે તેના શરીર ઉપર મોહ પામી, તેના અભાવમાં તેના નામનો જપ કરવામાં જ જિંદગી કાઢે છે, ઘણાઓ મૂર્તિઓને પૂજવામાં જ રોકાય છે. તેનાથી આગળ વધતા નથી–તેનાથી આગળ માર્ગ છે કે કેમ તે સમજવા પણ પ્રયત્ન કરતા નથી અને તેમાં જ જિંદગીની સાર્થકતા સમજે છે !'

'જેમ કોઇ મનુષ્ય બીજે ગામ જતો હોય, રસ્તામાં માર્ગ ભૂલી જવાથી ભૂલો પડયો, તેને કોઇ રસ્તાના જાણકાર પરમાર્થી મનુષ્યે સાચો માર્ગ બતાવ્યો કે: 'આ રસ્તો મૂકી દઇ આ રસ્તે ચાલો. તમે ધારેલે ગામ પહોંચી જશો !' આ વેળાએ તે

રસ્તો ભૂલેલા મનુષ્યને સત્ય માર્ગ હાથ આવવાથી આનંદ થાય છે. સત્ય માર્ગ બતાવનાર તરફ પૂજ્યબુદ્ધિ થાય છે, અને તે થવી જ જોઇએ. કેમકે તેણે રસ્તો બતાવ્યો ન હોત તો પોતાને વિકટ જંગલમાં ઘણું રખડવું પડત. છતાં પણ આ પૂજ્યબુદ્ધિની પણ મર્યાદા હોવી જોઈએ. રસ્તો બતાવનારનો ઉપકાર માનવો જોઈએ. પણ આ વટેમાર્ગુ તો તેનાથી આગળ વધીને તે રસ્તો બતાવનારને પગે પડીને 'તમે જ મારો ઉદ્ધાર કરનાર છો, તમે મને આગળ પહોંચાડો–ઠેકાણે પહોંચાડી આપો! આમ કહી તેના મોં સામું જોઈને બેસી રહ્યો. કોઇ વખત તેના પગ પકડીને બેઠો અને કહેવા લાગ્યો કે 'તમે મને ગામ પહોંચાડનાર છો. તમારૂં જ મને શરણ છે. આ ઘોર વનમાં તમે જ મારા ઉપકારી છો, હું જીવીશ ત્યાં સુધી તમને છોડીશ નહિ.' આ પ્રમાણે કહીને તે પરોપકારીને વળગી પડનાર મનુષ્ય આગળ ન ચાલતાં, તેના બતાવ્યા માર્ગે ન જતાં ત્યાં તેને વળગીને બેસી રહેતાં તે ધારેલે મૂકામે પહોંચી શકશે? અબંડ! વિચાર કરીને કહો કે ધારેલે મુકામે તે પહોંચી શકશે?'

અબંડે ઉત્તર આપ્યો. 'શાણી સુલસા! બીલકુલ નહિ. તે ત્યાં બેસી રહી પોતાના ઉપકારીના ગુણ ગાવા, કે તેના મોં સામું જોવા રોકાઈ રહેતાં કદી પણ ધારેલે મુકામે તે પહોંચી શકે જ નહિ. પોતાના ઉપકારીનો આભાર માની તેણે ત્યાંથી તેના બતાવ્યા પ્રમાણે આગળ ચાલવું જ જોઈએ. તોજ તે ધારેલે સ્થળે પહોંચી શકે.'

'અંબડ! આજ પ્રમાણે પરોપકારી જ્ઞાની પુરૂષો, મહાત્મા તીર્થંકરદેવો વિગેરેએ આપણને જે રસ્તો બતાવ્યો છે તે રસ્તે આપણે ચાલવું જોઇએ તે રસ્તો તે મહાપુરુષોના અનુભવવાળો છે, તે રસ્તે તેમણે ગમન કર્યું છે, પોતાની બધી આશા અને

ઈચ્છાઓને તિલાંજલી આપી આ શુદ્ધમાર્ગે તેમણે પ્રયાણ કર્યું છે, વ્હાલામાં વ્હાલી ઈચ્છાઓને તેમણે આ રસ્તે ચાલતાં વિંધી નાખી છે–ત્યાગ કર્યો છે, દેહ ઉપરનો મમત્વ પણ તેમણે મૂકી દીધો છે, એટલો પણ બોજો સાથે રાખ્યો નથી ત્યારે તેમને આ રસ્તાનો અનુભવ મળ્યો છે, પોતાને આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે, તે રસ્તાનો ઉપદેશ, કેવળ પરમાર્થબુદ્ધિથી નિઃસ્વાર્થપણે નિસ્પૃહ થઈ તેમણે આ દુનિયાના જીવોને આપ્યો છે, મહાન પ્રયત્નથી પોતે મેળવેલા તે પવિત્ર જ્ઞાન ઉપર લોકો ફીદા થાય છે. વળી પોતાને આવો ઉત્તમ માર્ગ મળવા માટે આશ્ચર્ય પામે છે; મહાન્ આનંદ માને છે, પોતાને ધનભાગ્ય માને છે, સંસાર અટવીમાં સત્યમાર્ગ ભૂલી પરિભ્રમણ કરનારને આ સત્ય-માર્ગ મળવાથી જે કાંઈ આનંદ થાય છે તે અમર્યાદિત છે, તેને લઈ તે માર્ગ બતાવનાર ઉપર અલૌકિક પ્રેમ સ્ફૂરે છે, તેનો જેટલો ઉપકાર માને તેટલો થોડો છે, તેને પગે પડે છે, વચ-નથી સ્તુતિ કરે છે, તું મારો મહાન્ ઉપકારી છે, પ્રભુ! અમે તારે શરણે છીએ, અનાથ શરણના ઉદ્ધારક! તારા જેટલા ગુણ બોલીએ, તારો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. લોકો આ પ્રમાણે બોલી તે ઉપકારી મહાપુરુષનો ઉપકાર વ્યક્ત (પ્રગટ) કરે છે.'

'કેટલીક વખત તો તે ઉપકારીનું નામ ચિરસ્મરણીય થઈ પડે તેની યાદગિરી માટે તેના નામની મૂર્તિઓ બનાવી મોટા મંદિરો બંધાવી તેમાં પધરાવે છે, અને તેની પૂજા કરે છે, તેના નામનો જાપ કરે છે અને એવાં અનેક કાર્યો કરી પોતાના ઉપ-કારીના ઉપકારની કૃતજ્ઞતા બતાવે છે.'

**'કર્યા ગુણનો ઉપકાર ન ભૂલી જવો એ સત્પુરુ-ષોનું લક્ષણ છે.** પણ અંબડ! તું વિચાર કરીને કહે કે જે

ઉપકારીએ સત્ય રસ્તો જેને બતાવ્યો છે તે તો આ પ્રમાણે કદાચ કરે, પણ આમ કરીને બેસી રહેવાથી, તે ઉપકારીએ જે સત્ય-માર્ગ બતાવ્યો છે તે રસ્તે ચાલવાનું બંધ કરવાથી તે મનુષ્ય કોઈ દિવસ પણ નિર્વાણના ધામમાં પહોંચી શકશે? પરમશાંતિ અનુભવી શકશે કે?' અંબડે ઉત્તર આપ્યો: તેના કહ્યા પ્રમાણે વર્ત્તન નહિ કરનાર તે કદી પણ ઇચ્છિત સ્થળે પહોંચી નહિ શકે,

'અંબડ! ભગવાન્ દેવાધિદેવ તીર્થંકર બહુ જ દયાળુ હોય છે. તેમનામાં એવી અગાધ દયા હોય છે કે તેનું વર્ણન હું શું કરી શકું? તેમની એવી મનોભાવના હોય છે કે, આ દુનિયાના સર્વ જીવને હું નિર્વાણના માર્ગમાં લઈ ચાલું! બધા જીવોને પરમ શાંતિ અપાવું!! સર્વ જીવોને મોક્ષમાં પહોંચાડું!!! આવી પ્રબળ લાગણી છતાં જેઓમાં યોગ્યતા આવી છે, જેઓ તેમના કહ્યા મુજબ વર્ત્તન કરે છે, તેઓમાંથી પણ કાલાંતરે અમુક અમુક અનુક્રમે મોક્ષ પામે છે.'

'તેઓ પોતાના આશ્રિતોને કહે છે કે લાયકાત મેળવો, યોગ્ય થાઓ, સર્વ મલીન ઇચ્છાઓને વિંધી નાંખો, દેહ ઉપરનો પણ મમત્વ કાઢી નાખો, સર્વ પ્રકારે નિસ્પૃહ થાઓ, વિભાવ પદાર્થો ઉપરથી મનને ખેંચી લ્યો, **ક્ષણે ક્ષણે આત્માનો ઉપયોગ જાગૃત રાખો**, તમે પોતેજ શુદ્ધ આત્મા છો, તમે જ પરમાત્મા છો, તમારા ભાનને જાગૃત કરો, મનને આત્મામાં ગાળી નાખો! **તમારામાં અનંતશકિત છે**, પૂર્ણ જાગૃતિથી તે બહાર આવશે.'

'આમ કહેવા છતાં તે માર્ગે ન ચાલનારા અને વગર મહેનતનો માલ ખાવાની ઇચ્છા રાખનારાઓ, તેમનું નામ લઈને, કે તેમની સ્તુતિ કરીને, અથવા તેમની બાહ્ય સેવા કરીને તરી

જવાની–સંસારનો પાર પામી જવાની ઈચ્છા રાખે છે તે પાર પામી શકશે ખરા કે? નહિ જ.'

'અંબડ! મારા વિચારો તીર્થંકરદેવને વળગી રહેવાના કે વગર મહેનતે થોડી ઘણી ભક્તિ કરીને મોક્ષ માગી લેવાના નથી, અને માગ્યાથી મોક્ષ મળતું પણ નથી. પણ તે દેવાધિદેવે જે આજ્ઞાઓ કરી છે તે બરોબર સમજીને, તેનાં ઊંડાં રહસ્યો જાણીને તે પ્રમાણે વર્ત્તન કરવાનો છે. આપણને રસ્તો બતાવનારને જ ગળે વળગી પડવું એ તો તેને હેરાન કરવા જેવું છે. પોતાના પાપના રાગડાઓ તાણી તાણીને વર્ણવી સંભળાવવા અને તેનાં કહ્યા મુજબ વર્તન ન કરવું તે શું તે દેવાધિદેવની અવજ્ઞા કરવા જેવું નથી લાગતું? દેવની આજ્ઞા માનવાનો ફાંકો રાખવો, તેમની પૂજા ભક્તિ કરવી અને તેમના કથનથી વિરૂધ્ધ વર્ત્તન કરવું તે, તે દેવની હાંસી કરવા સરખું શું નથી જણાતું? દેવાધિદેવના આશ્રિત છીએ એમ ઉપરથી કહેવરાવવું અને પોતાનું વર્ત્તન તેની આજ્ઞાથી વિરૂધ્ધ રાખવું તે શું મહાન્ પાપ નથી? **મનુષ્યોએ પોતાનું વર્ત્તન સુધારવું** અને તેને માટે તે દેવાધિદેવે બતાવેલ સાધનોનું સેવન કરતા રહેવું એને હું વધારે યોગ્ય માનું છું.

અંબડે પ્રશ્ન પૂછ્યો: 'શાણી સુલસા! ત્યારે શું તમારૂં કહેવું એમ છે કે તે દેવનું નામ ન લેવું, ગુણની સ્તુતિ ન કરવી અને તેનું પૂજન ન કરવું?'

સુલસાએ ઉત્તર આપ્યો: 'અંબડ! તમે મારો આશય બરોબર સમજ્યા નથી. **શરૂઆતમાં મનુષ્યોને ઉંચાં સારાં આલંબનોની જરૂર છે.** મન મલીન વાસનાથી ભરેલું હોય છે તેને દેવાધિદેવ જે પવિત્ર આત્મા છે તેના કલ્પીત નામના સ્મરણની પણ જરૂરિયાત છે. નામ બધાં કલ્પીત છે. તથાપિ

તે શુદ્ધ આત્માનું સ્મરણ આપનાર શુધ્ધ આત્માની સ્મૃતિ કરાવનાર નામ છે. તેના સ્મરણથી મલીન મનની શુદ્ધિ થાય છે. તેના ગુણોનું કીર્તન કરવાથી-સ્તુતિ કરવાથી ગુણાનુરાગ થાય છે. આ ગુણાનુરાગથી સત્ય વસ્તુની જિજ્ઞાસા થાય છે. દેવાધિદેવ પવિત્ર આત્માના સાકાર આલંબનમાં મનને જોડવાથી તેની ચંચળતા ઓછી થાય છે. મન શુદ્ધ અને અને સ્થિર થાય છે. મનની વિવિધ ઈચ્છા-આશાઓને લઇ પુન્યબંધ થાય છે, આથી વ્યવહારની અનુકુળતાઓ મળી આવે છે. દેવાદિ કે સુખી, ધનાઢય, રાજાદિકની ગતિ પ્રાપ્ત થાય છે. મનુષ્યો આટલામાં અટકી જાય છે. આથી આગળ વધવા પ્રયત્ન કરતા નથી. શરૂઆતમાં આલંબનોની જરૂરિયાત હતી, પણ તે સ્થિતિ પછીની આગળની સ્થિતિ શુધ્ધ-પોતાના આત્માના આલંબનની છે. અહીં અજ્ઞાનનું આવરણ તોડવાનું છે આટલી હદ સુધી જીવો ઘણીવાર આવે છે, પણ પૂર્વે ગ્રહણ કરેલ આલંબનોને મૂકી હવે પોતાના પગ ઉપર ઉભા રહેવાનું છે. પોતાના પગે ચાલી તીર્થંકરદેવે બતાવેલા માર્ગે પ્રયાણ કરવાનું છે. તે બાબત ઉપર જીવો લક્ષ આપતા નથી. હવે અહીંથી નિરાકાર શુદ્ધાત્માનું આલંબન લેવાનું છે. મનને શુદ્ધ કરવા તથા સ્થિર કરવા સુધી તે સાકાર દેવાધિદેવનું આલંબન ઉપયોગી છે. તે તો અનેક પ્રકારના જાપ કરી, પ્રભુની સ્તુતિ, સ્મરણ, પૂજન, ધ્યાનાદિ કરી મેળવી લીધાં છે, છતાં લાંબા કાળના અભ્યાસથી તે આલંબન છોડવું ગમતું નથી તેને લઇને તેઓ અજ્ઞાનનું આવરણ તોડી શકતા નથી.'

'અંબડ! મારો કહેવાનો ઉદ્દેશ આ છે કે, ભલે લોકો અહીં સુધી આલંબન રાખે, પણ બાળક જેમ માની આંગળી પકડી ચાલવા શીખે છે, તે ચાલવા શીખ્યો, તેનામાં થોડું ચાલવાનું બળ આવ્યું એટલે ધીમે ધીમે માની આંગળી મૂકી દઈ પોતાના પગભર થવાની જરૂર છે, એટલે સાકાર આલંબન મૂકી

ઈ નિરાકાર શુધ્ધ આત્માનું આલંબન લઇ તેમણે આગળ વધવું.'

'આશય એવો છે કે આત્મા જ પરમાત્મા થઈ શકે છે. આત્મા એજ પરમાત્મા છે તે લક્ષ રાખી, જેવો સિદ્ધનો સ્વભાવ છે તેવો જ સાધકનો સ્વભાવ છે, એ બરોબર ધ્યાનમાં રાખી પોતાનો સ્વભાવ સિદ્ધના જેવો બનાવવા પ્રયત્ન કરવો. આને લોકો નિરાલંબન કહે છે. પણ ખરી રીતે આ પણ આલંબન છે, તથાપિ આ કેવળ દેહ વિનાના આત્માનું આલંબન છે, પોતાનું અને સિદ્ધનું એક સરખું સ્વરૂપ જાણી, આત્માના શુદ્ધ સ્વભાવ સમજી તે પ્રમાણે અખંડ જાગૃતિ રાખી, તેવે સ્વભાવે સ્થિર થવાની–મનને તેવા તેવા ભાવે પરિણમાવવાથી ધીમે ધીમે આ સ્થિતિને પામી પરમાત્મ સ્વરૂપ થવાય છે.'

'અંબડ! પરમાત્મા મહાવીરદેવનો, આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટેનો આ ઉપદેશ છે. એ જેને પ્રાપ્ત થાય છે તેને આ લોકના વિષયોને જોવા કે ભોગવવાની ઈચ્છાઓ ઊડી જાય છે.'

અંબડ આ ધર્મચર્ચા–ધર્મના રહસ્યને સાંભળીને ઘણો ખૂશી થયો. ધર્મમાં દઢ થયો. સુલસાની આત્મ સંબંધી દઢતાથી આનંદ પામ્યો. તેની પરીક્ષા-કસોટી કરતાં તેમાં પોતાની પરીક્ષા થઈ પોતે તે કસોટીમાંથી પસાર થયો. ધર્મમાં વિશેષ દઢ થયો. મહાવીરદેવે જેની પ્રશંસા આત્મદઢતા વિષે કરી હતી તે યોગ્ય જ હતી તેનો નિશ્ચય થયો. સુલસાની ધર્મશ્રદ્ધા જાણવા માટે પોતે જે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અને તીર્થંકરના રૂપો વૈક્રિય-લબ્ધિથી કર્યાં હતાં તે વાત સુલસાને જણાવી પોતાનો અપરાધ ખમાવ્યો. સત્સંગનો મહિમા અગાધ છે, તેથી જ આત્મનિશ્ચયની

શ્રદ્ધા દૃઢ થાય છે. પોતે આત્મધર્મમાં દૃઢ થવું અને અન્યને સ્થિર કરવા તેજ સમ્યક્ત્વનું ભૂષણ છે.

સતી સુલસાએ પોતાના જીવનમાં અનેક જીવોને સત્યના માર્ગમાં દૃઢ કર્યા છે. અને તેજ પ્રમાણે આ તેનાં દૃષ્ટાંતને વાંચનાર મનુષ્યે પોતે આત્મમાર્ગમાં દૃઢ થવું અને અન્ય જીવોને બનતા પ્રયત્ને દૃઢ કરવા. આ દુષમકાળમાં સત્ય શોધી કાઢવું મુશ્કેલ જેવું છે છતાં પણ પ્રબળ પ્રયત્ન કરનારને તે મળ્યા સિવાય રહેતું નથી.

## ગુરુદેવની ભક્તિ કરવી

સમ્યક્દૃષ્ટિ જીવોએ આહાર, પાણી આદિ આપવા વડે ગુરૂની ભક્તિ કરવી. તે સમ્યક્દૃષ્ટિને પોષણ આપનાર, શોભાવનાર ભૂષણ છે. ભક્તિ નમ્રતા આવ્યા વિના થતી નથી, સારામાં ગુણની અધિકતા અને પોતામાં તે ગુણની ઓછાશ જણાય-દેખાય તોજ અન્યની વૈયાવચ્ચ કરવામાં પ્રવૃત્તિ થાય છે. આ ગુણવાનો ઉપર ગુણનો અનુરાગ-પ્રીતિ થવાથી તેની ભક્તિદ્વારા તે પોતામાં ગુણનો સંચય કરી શકે છે. નમ્રતા એ પાણીની ખાલી ટાંકી સમાન છે, ગુણાનુરાગ તે પાણીના નળ સમાન છે. અને ગુણી પુરુષો તે પાણીના ભરેલા કુવા, કે મોટી ટાંકી સમાન છે. આ ગુણાનુરાગના નળદ્વારા ગુણી પુરુષોમાં રહેલા ગુણરૂપ પાણી નમ્રતાવાળા જીવરૂપ ટાંકીમાં દાખલ થાય છે. ખૂબી એ છે કે આ વ્યવહારિક પાણીની માફક ગુણી પુરુષોમાં રહેલ ગુણરૂપ પાણી ખાલી ન થતાં આ નમ્રતાવાળા જીવો, ગુણી સમાન ગુણવાન્ પુરુષના સરખા ગુણવાળા થાય છે.

ગૃહસ્થાશ્રમમાં રહેતા સમ્યક્દૃષ્ટિ જીવોએ આહાર, પાણી આદિથી ગુરુદેવની ભક્તિ કરવી. પોતાના શરીરદ્વારા તેમના

શરીરની વિશ્રામણા કરવી. ત્યાગમાર્ગમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવોએ, જ્ઞાનધ્યાનમાં લીન થયેલા મહાત્મા પૂજ્ય, ગુરુવર્ગને આહાર, પાણી આદિ લાવી આપવા રૂપ ભક્તિ કરવી. તપસ્વી, ગ્લાન, વૃદ્ધ, જ્ઞાન ભણનાર આદિ સાધુઓએ આહારાદિકથી ભક્તિ કરવી, શરીરથી તેમની વિશ્રામણારૂપ સેવા કરવી. બાહુ અને સુબાહુ સાધુઓએ પાંચસો મુનિને આહારાદિ લાવી આપી તેમના જ્ઞાન ધ્યાનમાં અનેકવાર મદદ આપી હતી. બીજા સાધુઓ–બાળસાધુ, ગ્લાન (માંદા) વૃધ્ધ, તપસ્વી, જ્ઞાની, ધ્યાની આદિ સાધુઓની વિશ્રામણા કરી હતી. આ સેવા ભક્તિથી સમ્યગ્દૃષ્ટિ નિર્મળ કરવા સાથે શુભ ભોગ્ય કર્મ ઉપાર્જન કર્યું. જેના ફળરૂપે તે બન્ને સાધુઓ બાહુબળી અને ભરતપણે ઉત્પન્ન થયા. બાહુબળીએ બાહુબળથી કરેલી સેવાના પ્રમાણમાં મહાન્ બાહુબળ ઉત્પન્ન કર્યું અને ભરતરાજાએ આહારાદિ ભોગ્ય વસ્તુની ભક્તિદ્વારા ભોગકર્મ પ્રાપ્ત કર્યું. જેના બળથી છખંડના રાજ્યવૈભવવાળો ચક્રવર્તિ રાજા થયો.

ભોગકર્મ આટલું પ્રબળ છતાં બાહુબળમાં બાહુબળથી ભરતરાજા હારી ગયો. આ ભક્તિમાં જ કોઇ એવાં ઉત્તમ બીજ રહેલાં છે કે, તે ભક્તિ કરનાર ગુણાનુરાગી જીવ પોતાની ભૂમિકામાંથી પતિત થતો નથી અને અવસરે ભોગકર્મ પૂર્ણ થતાં આત્માના શુધ્ધ માર્ગમાં દાખલ થઈ જાય છે. તપ, જ્ઞાન, ક્રિયા ઇત્યાદિમાં પતિત થવાના પ્રસંગો ઘણા બને છે. તપનું અજીર્ણ ક્રોધ છે. જ્ઞાનનું અજીર્ણ અભિમાન છે. ક્રિયાનું અજીર્ણ અન્યનો તિરસ્કાર, નિંદા અને દંભ છે. છતાં ભક્તિનું અજીર્ણ થતું નથી. અજીર્ણ થાય કયાંથી? દાસભાવથી ભક્તિની શરૂઆત થાય છે, એટલે તેમાં પડવાનું સ્થાનજ નથી. ભક્તિમાં સર્વને ઉંચ સ્થિતિમાં રહેલા દેખવા, સર્વની સેવા કરવી, અન્યના ગુણ

જોવા, પોતાના દોષ જોવા, આવી નમ્રતાવાળી ભક્તિમાંથી પડવાનો જરાપણ સંભવ નથી. અભિમાનીઓથી ભક્તિ થતી નથી. કોઈપણ જીવને આગળ વધવા માટે ભક્તિ તે ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે.

પૂર્વભવમાં ભક્તિ કરનાર બન્ને મહાપુરુષોને તે ભકિતના ફળરૂપ આત્મમાર્ગ પ્રાપ્ત થયો. અને તેજ ભવમાં પૂર્ણ જ્ઞાન પામી પરમશાંતિવાળું નિર્વાણપદ પામ્યા.

## પ્રભાવના

કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય પરોપકારી કાર્યો કરી અનેક જીવોને યોગ્ય મદદ આપવી, આત્મશકિતનો વિકાશ કરવો, જીવોને મદદ આપવારૂપે આત્મશકિતનો વિસ્તાર કરવો અને બીજા જીવોને ખાત્રી કરી આપવી કે આત્મામાં અનંતશકિત છે અને આત્મા-પવિત્રાત્મા જે ધારે તે કાર્ય કરી શકે છે. સર્વ બળ અગાધ શકિતવાળા શુદ્ધ આત્મામાં છે, અને પવિત્ર જીવન ગુજારવાથી આ શરીરદ્વારા તે શકિતઓ શુદ્ધ આત્મામાંથી બહાર આવે છે. આ પવિત્રાત્માનું શાસન-જીનેશ્વર ભગવાનની શિક્ષા-આજ્ઞા છે તે આજ્ઞા પ્રમાણે આત્માની અનંતશકિત પોતે પ્રગટ કરવી, અને સર્વ જીવાત્માઓ આ શકિત ધરાવનારા છે, તેઓ પણ આ શકિત પ્રગટ કરી શકે છે તેમ આ દુનિયાના છેડાપર્યંત જાહેર કરવું. આત્માની અનંતશકિતનો મહિમા સર્વ જીવોના ધ્યાનમાં આવે તે વાત જગજાહેર કરવી. આ આત્મ-પ્રભાવના છે. આ દુનિયામાં રહેલા સર્વ જીવો સુખી થાઓ. સર્વ જીવો પોતાના શુદ્ધ આત્માને ઓળખો. અજ્ઞાનને દૂર કરી આનંદસ્વરૂપ અનુભવો. ઇત્યાદિ પવિત્ર ભાવના અને શુદ્ધ જીવન ગુજારવાનો પ્રયત્ન પોતે કરવો, અન્યને તે પ્રયત્નમાં જોડવા. આ સમ્યગ્દૃષ્ટિનું પરમ ભૂષણ છે. આ ભાવનાથી પોતે

પોતાના સ્વરૂપનું પોષણ પામે છે, અને અન્યને પોષિત કરે છે.

આ પાંચ સમ્યગ્દૃષ્ટિનાં ભૂષણો છે. પ્રબળ ઈચ્છાએ શકત્યાનુસાર આ આભૂષણો પોતે પહેરવાં, અન્યને પહેરાવવાં, પોતે તેનાથી સુશોભિત થવું અને અન્યને શુશોભિત કરવા.

## સમ્યક્દૃષ્ટિનાં પાંચ લક્ષણો

પોતાને સમ્યક્દૃષ્ટિ થઇ છે કે નહિ? તેની નિશાની, આ લક્ષણો પોતાનામાં હોય તો સમ્યક્દૃષ્ટિ થઇ છે એમ સમજવું. અને આ પાંચ લક્ષણો પોતાનામાં ન હોય તો સમ્યક્દૃષ્ટિ હજી પ્રાપ્ત થઈ નથી, પણ મિથ્યાદૃષ્ટિ છે એમ સમજી આ પાંચ લક્ષણો પોતાનામાં પ્રગટ થાય તેને માટે પ્રયત્ન કરવો. જો સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત થઇ હોય તો તે ભૂમિકામાંથી વિશેષ આગળ વધવા પ્રયત્ન કરવો. હજી ઘણું આગળ વધવાનું છે, એમ જાણી આટલા ગુણોથી સંતોષ માની આગળ વધતાં અટકવું નહિ. અને તે ગુણો પ્રાપ્ત ન થયા હોય તો નિરાશ થઈ હિમ્મત હારવી નહિ. પણ તે ગુણો મેળવવા માટે અહોનિશ સત્પુરુષોનો સંગ કરવો. સત્શાસ્ત્રો સાંભળવાં, તેના ઉપર વિચારો કરવા, અને સદ્ અસદ્નો વિવેક કરી આગ્રહપૂર્વક સત્માર્ગમાં પ્રવૃત્તિ કરવી. આ સર્વગુણો પોતાનામાં જ છે. અજ્ઞાનના આવરણથી ઢંકાયલા છે. વિવિધ પ્રકારની આશા કે ઈચ્છાઓ નીચે દબાયેલા છે. સદ્ગુરુના સંગથી અજ્ઞાન આવરણ હઠી જાય છે. ઈચ્છાઓ પલટાઇ જાય છે એટલે તે વસ્તુ કે ગુણ બહાર આવે છે. પ્રબળ ઇચ્છા પોતાનામાં જોઇએ તેથી દરેક કાર્ય સિદ્ધ થાય છે.

ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા આ પાંચ સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત થયાનાં લક્ષણો છે.

# ઉપશમ

ઉપશમ એટલે કષાયની મંદતા, ક્રોધ, માન, માયા, લોભ એ ચારને કષાય કહે છે. આ ચાર કષાયો સત્સંગ કે વિચાર દ્વારા ઘણાજ મંદ–પાતળા કરી દેવા જોઇએ. અથવા ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ એ ચાર ગુણમાં ફેરવી નાખવા જોઇએ. કેટલાએક મનુષ્યો કષાયની પરિણુતિનાં કડવાં વિપાકો–ફલોનો અનુભવ પોતે કરવા પછીથી તેનો ત્યાગ કરી શકે છે. કેટલાએક જીવો અન્ય મનુષ્યને આ કષાયનાં કડવાં ફળનો અનુભવ કરતાં જોવે છે અને તે દેખીનેજ પોતે કષાય કરવાથી પાછા હઠે છે. ત્યારે કેટલાએક જીવોને લાંબા કાળના આભ્યાસે સહજ સ્વભાવથીજ કષાયની મંદતા થઈ જાય છે. ગમે તે પ્રકારે પણ આ કષાયની મંદતા તો કરવીજ જોઇએ. જેટલા પ્રમાણુમાં આ કષાયની મંદતા થતી જાય તેટલા પ્રમાણુમાં આ આત્માના શુદ્ધ ગુણોનો વિકાસ થતો જાય છે.

સમ્યક્‌દૃષ્ટિ જીવે પોતાના અપરાધીનું પણ બુરું–ખરાબ ચિંતવવું નહિ. અપરાધીનું પણ બુરું ન ચિંતવવું એટલે પોતાનો બચાવ પણ ન કરવો અને કોઈ ઘર લૂંટી જાય, મારી જાય, સગાં કુટુંબીઓને મારી જાય, નુકશાન કરી જાય વિગેરે થાય તો પણ જોયા કરવું, એમ કહેવાનો આશય નથી. પોતે જે વ્યવહારમાં બેઠો છે, તે વ્યવહાર પૂરતી બધી કાળજી રાખવી. અને પોતાનો તથા પોતાની નિશ્રાએ રહેલા મનુષ્યોનો પૂરતો બચાવ કરવો અને બચાવ કરતી વખતે જેવા સંયોગો ઉપસ્થિત થયા હોય તેવી પ્રવૃત્તિ પણ કરી લેવી, આ વખતે તેણે પોતાનો ધર્મ એટલે પોતાને માથે મોટી આવેલી ફરજ તે જરા પણ ચૂકવી નહિ. તે ફરજ નહિ બજાવે તો તેના ધન, માલ અને વ્યવહારનો નાશ થશે. અને તે સાથે તેના હૃદયમાં ગુપ્ત અસહ્ય

વેદના થશે, વિવિધ પ્રકારના વિચારોની ઘટમાળ ઉત્પન્ન થશે. સગાં, ધન, માલ વિગેરેનો નાશ થવાથી લોકો તરફથી ફિટકાર થશે કે જેને લઇને અનિચ્છાએ પણ તેને પ્રવૃત્તિ કરવી પડશે. કદાચ પ્રવૃત્તિ નહિ કરે તો તેની પોતાની ફરજ નહિ બજાવવાના બદલામાં તેના હૃદયમાં ખેદ, ખિન્નતા, બેચેની, પશ્ચાતાપ, લાજ અને અશાંતિ વારંવાર ડંખ્યા કરશે. એટલે પોતાના બચાવ માટે અપરાધીઓને શિક્ષા આપવા કહો કે પોતાનો તથા પોતાના આશ્રિતોનો બચાવ કરવાને કહો, તે માટે તેને પ્રયત્ન કરવો પડે ત્યાં સુધી તો સમ્યક્દૃષ્ટિ પોતાની હદ જરા પણ ઉલંઘતો નથી, એમ માનવામાં જરાપણ અડચણ નથી કે વિરુદ્ધ કારણો આડે આવતાં નથી.

આવીજ રીતે દેવ, ગુરુના અવર્ણવાદ કોઈ બોલતું હોય કે અમુક ધર્મનાં સાધનોનો કોઈ નાશ કરતું હોય, કે પોતે જે ધર્મની નિષ્ઠાએ આગળ વધે છે તેને માથે કોઇ આફત આવી હોય, સાધુ સંતને કોઈ તરફથી હરકત થતી હોય કે ધર્મના સ્થાનો, દેવમંદિરો આદિનો કોઈ નાશ કરતું હોય, અથવા પોતાના સ્વધર્મી બંધુઓને વિના અપરાધે કોઈએ વિપત્તિમાં સપડાવ્યા હોય તો તેમાંથી તે તે વસ્તુઓનો કે મનુષ્યોનો બચાવ કરવા અને તેને માટે કાંઇ વિશેશ પ્રવૃત્તિ કરવી પડે તો તે પ્રવૃત્તિ પણ કરવી, તે સમ્યગ્દૃષ્ટિને ભુષણરૂપે થાય છે, પણ દૂષણરૂપે નથી. વિશેષ એટલો કે પોતાની શકિતનો નિશ્ચય કરવો અને પછી જો પોતાની શકિતવાળું તે કાર્ય જણાય, પોતાની ફરજવાળું કાર્ય સમજાય તો તે કાર્યમાં પોતાની શકિત નહિ છુપાવતાં બનતી પ્રવૃત્તિ કરવી. આવાં કાર્યમાં ઉપશમગુણને આગળ ધરી જો તે શકિતવાન મનુષ્ય તે કાર્યની ઉપેક્ષા કરે છે તો તે સમ્યક્દષ્ટિને દુષિત કરે છે. પોતાની ફરજ ન બજાવવાથી તે આત્મધર્મમાંથી પતિત થાય છે, આત્મમાર્ગમાં

પ્રવૃત્તિ કરતાં તેને કદી વિજય મળતો નથી, કારણ એ છે કે દરેક ભૂમિકામાં તે ભૂમિકાને લાયકના કાર્ય કર્યા પછીથીજ આગળની ભૂમિકામાં પ્રવેશ કરી શકાય છે. આ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકા, પોતાના આશ્રિત, માતા, પિતા, પત્ની, પુત્ર, પુત્રી, બહેન, કુટુંબ, તથા સ્વધર્મી બંધુઓ. શ્રમણસંઘ અને તેનાં સાધનો, ધર્મસ્થાનો વિગેરે, આ સર્વનો બચાવ કરવો, સાર સંભાળ રાખવી, તેનો નિભાવ કરવો, તેમને આગળ વધારવા વિગેરે સર્વ જાતની જોખમદારી તથા ફરજ સમ્યગ્દૃષ્ટિ જીવને માથે છે. એટલે પોતાની શક્તિ અનુસાર આ સર્વની સેવા કરવી. આ સેવા તે તે પાત્રની યોગ્યતાના પ્રમાણમાં-જરૂરીયાતના પ્રમાણમાં કરવી,આ સેવાની ભૂમિકા ઉલંઘ્યા પછીથીજ આ માંહેલી અમુક ફરજોમાંથી તે મુકત થાય છે. જેમ આગળ જાય છે. તેમ નીચેની ફરજો છુટતી જાય છે અને ઉપરની ફરજો વધતી જાય છે તેમ તેના પ્રમાણમાં તેનો અધિકાર, જ્ઞાનબળ, આત્મબળ વિગેરે પણ વધતાં જાય છે. ત્યારે અહીં કોઇ શંકા કરશે કે, આ ઉપશમ ગુણની કીંમત શું? તે ઉપશમ કોના ઉપર કરવો? તેનો ઉત્તર એટલો છે કે સમ્યક્દૃષ્ટિ જીવ પોતે નજીવી ઉદીરણા કરી કોઈ નિર્દોષ જીવને સતાવતો કે દુઃખી કરતો નથી. તેમ પહેલાં કોઈએ પોતાનો અપરાધ કર્યો હોય તે બાબતનું એકવાર આપસમાં સમાધાન કરી નાખ્યા છતાં, તેનો મનમાં ડંખ રાખી અવસર મળતાં તેનું બુરું કરવાને તે પ્રવૃત્તિ કરતો નથી. આ ઉપશમ અનુકુળ હોય તો, એટલે પોતાના સંબંધમાં કોઇએ અપરાધ કર્યો હોય તો તે માફ કરી શકે છે. અને તેનું સમાધાન તે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના મન સાથે આ પ્રમાણે કરે છે કે, 'અમુક મનુષ્યે મારો અપરાધ કર્યો છે, આ અપરાધ કર્યો તેમાં તેનો સ્વાર્થ હોય કે ન હોય તે વાત સાથે મારે અત્યારે કાંઈ સંબંધ નથી પણ આ અપરાધ કરવાનું કારણ મારા પોતાના

તરફથી તેને કે બીજા કોઇને આપવામાં આવ્યું છે કે નહિં? આવો કે કોઈ બીજીજ જાતનો અપરાધ મેં કોઇનો કર્યો છે કે નહિં? તેનો આ બદલો શા માટે ન હોય? જે કાંઇ ઉદય આવે છે તે કર્યા સિવાય નથી આવતું, શાસ્ત્રો આમ કહે છે, મહાત્મા પુરુષો પણ આમ કહે છે, દુનિયામાં દેખાવ પણ તેવોજ થાય છે, અનુભવ પણ તેમજ સાક્ષી પુરે છે. જો આમજ છે, તો આ મનુષ્યે કરેલો મારો અપરાધ એટલે મારું અમુક નુકશાન કર્યું કે મને દુઃખ આપ્યું છે તે મારા પોતાનાજ પ્રગટ કે ગુપ્ત જાણુતાં કે અજાણુતાં કરેલાં કર્મનો બદલો છે. જો આમજ છે તો પછી આને દુઃખ આપવાનું કે તે વેરનો બદલો લેવાનું મારે કાંઈપણ કારણ રહેતું નથી.'

'સામો મનુષ્ય તો નિમિત્ત માત્ર છે. કરેલું તો મારૂં પોતાનું છે. તે કોઇપણ પ્રકારે મારે ઉદય આવવાનું તો હતું. ભોગવવાનું તો હતુંજ. ત્યારે તે કર્મ આ મનુષ્યદ્વારા ભોગવાયું તેમાં ખોટું શું થયું? કર્મ ઓછું થયેલું છે. બદલો મળી ચૂકયો છે. આ ઉપરથી મને ચેતવાનું મળ્યું છે કે, "કરીએ તેવું ફળ મળે છે" તો હવે નવીન કર્મબંધ ન થાય તે માટે મારે બરોબર સાવચેત રહેવું જોઇએ. વળી આ કર્મ અત્યારે મારી આત્મજાગૃતિમાં ઉદય આવ્યું છે. ફરી નવો બંધ ન થાય તેવી જાગૃતિ પણ રહી છે. માટે આ અપરાધી એક રીતે મારો ઉપકારી પણ છે. આ વિચાર કરી પોતાના અપરાધી ઉપર તે વિપરીત ચિંતવતો નથી. વાત પણ ખરી છે. જો મનુષ્ય બારીકાઈથી તપાસ કરે તો જરૂર તેને સમજાઇ આવે કે મેં પોતે અન્યને કોઇપણ પ્રકારે દુઃખ આપ્યું છે, હેરાન કર્યા છે, કે આળ આપેલું છે તેને લઇનેજ તેના બદલા તરીકે સામેથી આઘાત આવેલ છે વિશેષ એટલો છે કે સામેથી આઘાત જે કરી શકે તેવા હોય તે મનુષ્યદ્વારાજ આઘાત આવે છે. જેનો અપરાધ કર્યો હોય તેજ આપણુને આઘાત કરે

–બદલો આપે તેમ એકાંત નથી બનતું, પણ જે જે ક્રિયા છે તે તે ફલવાળી છે, અને ઘાત પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે સામાનું બુરું ચિંતવો એટલે તે ઘાત–તે ક્રિયા સામે પછડાઈ પાછો ફરી તેટલાજ જોરથી તમારા ઉપર આઘાત કરશે. આ સર્વ રહસ્યો સમ્યક્દૃષ્ટિ જીવના જાણવામાં હોવાથી પોતાના કર્મનો બદલો સમજી પોતાના અપરાધીનું પણ બુરું નહિ કરતાં બનશે ત્યાં સુધી તે તેનું ભલુંજ કરશે.'

આ સ્થળે ઉપશમગુણની કિંમત છે. આ સ્થળે ઉપશમગુણનો ઉપયોગ કરાય છે, પોતાનો બચાવ કરવા માટે, એટલે પોતાના અપરાધનો આ બદલો મળ્યો છે. હવે સામો બદલો લેવાથી પાછી નવી ભૂલ થશે અને વેર વિરોધની પરંપરા વૃદ્ધિ પામ્યા કરશે. આ કારણો તોડી નાખવા માટે પૂર્વે કરેલ વિચારો દ્વારા ઉપશમ કરીને, ક્રોધને દબાવીને, કે વિચારો દ્વારા ક્રોધને વિખેરી નાખવાને માટે આ વિચારોનો ઉપયોગ સમ્યક્દૃષ્ટિ કરે છે. આમાં પોતાનોજ બચાવ છે. અને આ બચાવ સત્ય છે. સમ્યક્દૃષ્ટિ જીવ આવા વિચારો દ્વારા નવીન કર્મ બાંધતો નથી પણ તે વિચારો દ્વારા પૂર્વકર્મોને વિખેરી નાખે છે. તેના આવા સહનશીલતાવાળા ગુણોને લઇ સમ્યક્દૃષ્ટિમાં વિશેષ વિશુદ્ધિ થાય છે. આ ગુણની બીજા જીવો પણ અનુમોદના કરે છે, સ્તુતિ કરે છે, સહનશીલતાના વખાણ થાય છે.

પણ યાદ રાખવું જોઇએ કે સમ્યક્દૃષ્ટિ જીવોએ અનુકુળ ઉપશમ કરવો જોઇએ, પણ પ્રતિકુળ ઉપશમ નહિ કરવો. પ્રતિકુળ ઉપશમ તેને કહે છે કે, પોતાને માથે જે ફરજો આવી છે, જેનું વર્ણન ઉપર આવી ગયેલું છે તે માતા, પિતા, કુટુંબ, સ્વધર્મી, શ્રમણસંઘ અને ધર્મ તથા ધર્મસ્થાનો તેનો બચાવ કરવા માટે

પ્રવૃત્તિ ન કરવી, પોતાની નજરે છતી શક્તિએ તે સર્વનો કે તેમાંથી કોઈનો સંહાર થતો જોવો, તેની ઉપેક્ષા કરવી તે પ્રતિકુળ ઉપશમ છે તે ન કરવો જોઈએ. પોતાની ફરજ તો બરોબર બજાવવી. તેમાં ઉપશમને એક બાજુ મૂકવો પડે તો મૂકી દેવો પણ તેમનો બચાવ કરવોજ જોઇએ. આ બચાવ કરવાનો માર્ગ દેખીતો વિપરીત લાગતો હશે, પણ આ ભૂમિકાવાળાને માટે તે વિપરીત નથી. તે તો આ કાર્ય કરવાથીજ આગળ વધી શકશે. આ કાર્ય કરતાં તેનું અશુભ કર્મ ઓછું થશે. કારણ એ કે આમાં સ્વાર્થ નથી જુઠું અભિમાન નથી, બુરી આશા નથી. નિરપરાધીનું રક્ષણ છે, આશ્રિતોનો બચાવ છે, ધર્મનું ગૌરવ છે, અને પોતાની ભૂમિકાનું કર્ત્તવ્ય છે.

અહીં કોઈ શંકા કરશે કે, જેમ પોતાના સંબંધમાં સમ્યક્દૃષ્ટિ જીવે વિચાર કર્યો કે આ બદલો તે મારા અપરાધનું ફળ છે, તેમ અહીં આ વિચાર કરવો કે આ પોતાના આશ્રિતોને મળતો બદલો તે તેમના અપરાધનું ફળ છે, આ દ્વારા તે ભોગવે છે. માટે તેમનો બચાવ શા માટે કરવો જોઇએ ? તેમને તેમના કર્મનું ફળ ભોગવવા દેવું જોઇએ, તે ભોગવતાં તેમનું કર્મ ઓછું થશે.

આનો ઉત્તર એ છે કે, વાત તો સોએ સો ટકા સાચી છે. પણ જો આ પ્રમાણે ઉપેક્ષા કરવામાં આવે તો દયા, કરુણા, કોમળ લાગણી, પરોપકાર એ વગેરે બધું ઉડી જાય છે, અને આવાં પરોપકારી કાર્યો દ્વારા જીવોમાં કરુણા, કોમળતા, નિઃસ્વાર્થતા, નિષ્કામતા, વિગેરે ગુણો જે સાધકમાં પ્રગટ થાય છે તે બધા અટકી જાય છે. વળી આ પરોપકારી પ્રવૃત્તિદ્વારા, સામા મનુષ્ય ઉપર જે પરોપકાર કરવામાં આવે છે એ દેખીતો પરોપકાર છે પણ તે તાત્ત્વિક પરોપકાર નથી. તેમના કર્મનો બદલો

તો હમણાં નહિ તો આગળ પણ તેમને ભોગવવોજ પડશે. પણ આવા પરોપકાર કરવાથી ખરો ફાયદો તો તે પરોપકાર કરનારને થાય છે. તેની અંતઃકરણની વૃત્તિઓ નિર્મળ થાય છે. તેનું આત્મિક બળ બહાર આવે છે. આ નિમિત્તોદ્વારા ખરી રીતે તેજ આગળ વધે છે, છતાં આ પરોપકારની પ્રવૃત્તિથી વ્યવહાર-માર્ગ જળવાઈ રહે છે. આ પરોપકારી કાર્ય દેખી સામો મનુષ્ય પોતાની ભૂલો સુધારે છે. પોતે પરોપકાર કરવા બહાર આવે છે તેવા ગુણો પોતાનામાં ખીલવે છે. એટલે તે પણ પોતાના ઉપર કરાતા પરોપકારને લઈ, તેવી પ્રવૃત્તિ કરી આગળ વધે છે. વળી આ આશ્રિતોને વિપત્તિમાં પડેલાં જોઇને તેની ઉપેક્ષા કરવાથી એક જાતની નિર્દયતા, નિષ્ઠુરતા પોતામાં વૃધ્ધિ પામે છે. તે ન થવા દેવા માટે પણ પોતે મદદગાર થવાની જરૂર છે.

વળી જે આફતમાં સપડાયેલા મનુષ્યો છે, તેઓ એમ વિચાર કરે કે આ અમારાં કર્મનો બદલો છે અને તે અમારે ભોગવવોજ પડશે એમ જાણી તેઓ સમભાવે સહન કરે તો તેને તે ફાયદાકર્ત્તા છે, પણ ઉપેક્ષા કરનારને તો ફાયદો નથીજ. તેણે તો પોતાની લાગણીઓનો–શકિતનો વ્યય કરીને અન્યને બચે તો બચાવવાં. એટલું યાદ રાખવું જોઇએ કે, જાગૃતિપૂર્વક આ બચાવવા–કે મદદ કરવા પ્રયત્ન કરવો. તેથી કદાચ તે કાર્યમાં વિજય ન પણ મળે તો પણ મનમાં ખેદ ન થાય. અથવા તેમાં વિજય મળ્યાથી લોકો તેની પ્રશંસા કરે તો અભિમાન પણ ન થાય જો ખેદ કે અભિમાન થાય તો જરૂર સમજવું કે તેની પ્રવૃત્તિ આ કામમાં આત્મજાગૃતિપૂર્વક થઈ નથી.

આ સર્વ કહેવા ઉપરથી એ ફલિતાર્થ થયો કે, પોતાની ફરજ બજાવતી વખતે ઉપશમનો આશ્રય લેવો નહિ, પણ પોતાને માથે તેવા પ્રસંગો આવી પડયા હોય તો તે સહન કરવા અને

તે કસોટીમાંથી પસાર થવા, તથા આત્મજ્ઞાનના માર્ગમાં આગળ વધવા માટે ઉપશમનો આશ્રય કરવો.

અહીં એક ક્રોધના સંબંધમાં વર્ણન આપવામાં આવ્યું છે; પણ તેજ દિશાએ માન, માયા, લોભના સંબંધમાં યથાયોગ્ય સમજી લેવું.

આ ક્રોધના ઉદયથી નાશ પામેલું કાર્ય પણ ઉપશમથી સિદ્ધ થાય છે.

---

## દમસાર મુનિ.

કૃતાગલા નગરીમાં **સિંહરથ** રાજા રાજ્ય કરતો હતો. **સુનંદા** રાણીની કુક્ષીથી ઉત્પન્ન થયેલો **દમસાર** નામનો તેમને એક પુત્ર હતો. એક વખત ભગવાન્ મહાવીરદેવ ગ્રામાનુંગ્રામ વિચરતા તે નગરીના ઉદ્યાનમાં આવીને સમવસર્યા (ઉતર્યા) તે મહાપ્રભુની ધર્મદેશના સાંભળી દમસાર કુમાર પ્રતિબોધ પામ્યો, માતા પિતાની આજ્ઞા મેળવી તેણે દીક્ષા ગ્રહણ કરી. પ્રભુએ તેને આત્મજ્ઞાનનો માર્ગ બતાવવા રૂપ યોગ્ય શિક્ષા આપી. તે માર્ગમાં વિશેષ દૃઢ કરવા નિમિત્તે જ્ઞાન અને ઉંમરમાં તથા અનુભવમાં વૃદ્ધ ગીતાર્થ મુનિને સોંપ્યો. ગીતાર્થ એટલે સૂત્ર તથા તેના અર્થના રહસ્યને અનુભવપૂર્વક જાણનાર જ્ઞાન તથા વયમાં વૃધ્ધ પુરુષો.

શરૂઆતમાં નવીન શિષ્યોને આમ ગીતાર્થને સોંપવાનો ઉદ્દેશ એ હોય છે કે, નવીન શિષ્યમાં શરૂઆતથીજ ઉત્તમ સંસ્કારો નાખવાની ઘણી જરૂર છે, નવીન શિષ્યને પ્રાપ્ત કરવા

યોગ્ય લક્ષ બતાવી, તેમાં જાગૃત કરી, તેને અનુક્રમે આગળ વધવાનો માર્ગ બતાવવો. વિનય, નમ્રતા, નિરભિમાનતા, સહનશીલતા, ક્ષમા–ઈત્યાદિ ગુણો આત્મમાર્ગમાં ઘણાજ જરૂરના છે તે દૃઢ કરાવવા. આ શિષ્ય નવીન હોવાથી આ માર્ગમાં કયાં કયાં વિકટતા છે ? કયે સ્થળે આગળ ન વધતાં અટકી પડાય છે ? કેવી પ્રવૃત્તિથી આગળ વધવાનો માર્ગ સરલ થાય છે ? આ માર્ગમાં કયા કયા ગુણોની અવશ્ય જરૂરિયાત છે ? (તે સર્વ નવીન શિષ્ય) જાણુતો ન હોવાથી આ વૃદ્ધ અનુભવી ગુરુ શરૂઆતથીજ પોતાનો આજ સુધીનો અનુભવ ધીમે ધીમે તેની યોગ્યતા અનુસાર બતાવી તેને આગળને આગળ વધારી શકે છે.

વૃધ્ધ અનુભવી ગુરુની સહાય વિના આ નવીન શિષ્ય આગળ વધી શકતો નથી. તેને માર્ગમાં અનેક વિઘ્નો નડે છે. અનુભવી ગુરુ આ સ્થળે તેને ધીરજ આપે છે. ગુંચવણો દૂર કરવાનો પોતાના અનુભવનો માર્ગ બતાવી હિમ્મતથી ઉત્સાહપૂર્વક આગળ વધારવા પ્રેરે છે. બીનઅનુભવીઓ પોતે અટકી પડેલા હોવાથી બીજાને આગળ પ્રેરણા કરી વધારી શકતા નથી, તેમજ યુવાન ગુરુઓ પણ ભાગ્યેજ આગળ વધારી શકે છે. કારણ તેનામાં સહનશીલતા કે ઠરંતાનો ગુણ ખીલેલો ન હોવાથી નવીન શિષ્યે શરૂઆતમાં કરેલી ભૂલો કે જે થવાનો સંભવ છે તે માફ કરી શકતો નથી. સહનશીલતાના અભાવે પોતે કોપ કરે છે. અને જોરથી અમુક નિયમમાં ચલાવવાવી ફરજ પાડતાં શિષ્યના ઉત્સાહને ભંગ કરી નાખે છે. પરિણામે આ વાક્યુદ્ધના ઘર્ષણથી ઉત્પન્ન થતો કોપાનલ શાંતિને બાળી નાખે છે. અને ઉત્તમ પરિણામથી ભ્રષ્ટ થતાં–જેનું શરણ તેનાથી ભય ઉત્પન્ન થતાં ચાલુ આત્મપ્રાપ્તિના માર્ગથી શિષ્ય વિમુખ થાય છે.

આ ભય કે ચિંતા વૃધ્ધ–ઠરંતાવાળા, અનુભવી ગુરુ તરફથી થવાનો સંભવ નથી. કેમકે તેને અનુભવ છે. પોતાની સ્થિતિ

યાદ છે. અમુક સ્થળે અમુક કર્મના ઉદયથી આવી પ્રકૃતિ કે પરિણામ થવાં જોઈએ તે પોતે જાણે છે. આ સ્થળે કોઇ વખત યોગ્ય શીખામણ આપીને, કે ઉત્સાહ ઉત્પન્ન કરનાર દૃષ્ટાંતોઆપીને, અથવા અમુક વખત ઉપેક્ષા કરીને અવસર આવતાં તેને યોગ્ય માર્ગ પર ચડાવી દે છે. આજ કારણથી ભગવાન્ મહાવીરદેવે દમસાર કુંવરને વૃધ્ધ અનુભવી ગીતાર્થને શરૂઆતમાં સોંપ્યો હતો.

ગીતાર્થ અનુભવી ગુરૂ પાસે કેટલોક વખત રહી આત્મ-માર્ગમાં જરૂરીઆતવાળાં ઉપયોગી રહસ્યોનો અભ્યાસ કરી પોતાના ઉત્તમ વિચારોમાં તે દૃઢ થયો.

એક વિચાર ઉપર લાંબા વખત સુધી તે મનન કરતો હતો. એક એક વિચારને મજબુત કરવા માટે દિવસોના દિવસો સુધી તે વિચારો ચલાવતો અને છેવટે તેનો નિશ્ચય કરી તે પ્રમાણે પોતાનું વર્ત્તન બનાવતો. પોતાના દોષો કાઢી તેને દૂર કરવા માટે કયા કયા ઉપાયો લેવા? તેના પ્રતિપક્ષી સદ્‌ગુણોને કેમ શોધી કાઢવા? અને તે સદ્‌ગુણોને અમલમાં કેમ મૂકવા? ઈત્યાદિ ઉપર અનેક વિચારો ચલાવી આગ્રહપૂર્વક તે પ્રમાણે વર્ત્તન કરતો હતો. આ વિચારબળ એક મહાન્ તપશ્ચર્યા છે. તેનાથી વિષમ કર્મવન બળીને ખાખ થઈ જાય છે. આ વિચા-રમાં તે એવો તો લીન થઈ જતો હતો કે તેને આહાર કર-વાનું પણ ભાન રહેતું નહિં. છતા પણ આવી સ્થિતિ વડે તેના મનમાં પરમશાંતિ ઉત્પન્ન થતી. તેને પરમ આનંદ ઉત્પન્ન થતો, નવીન અનેક શંકાઓનું સમાધાન થતું હતું અને જ્ઞાનબળ દિનપ્રતિદિન વધતુંજ હતું. તેનો આત્મ ઉપયોગ ઘણો જ તિક્ષ્ણ થતો જતો હતો. પોતાની બારીક ભૂલો પણ તે ઘણી સહેલાઇથી શોધી શકતો હતો; છતાં હજી તેને પરમશાંતિ મળે તેવું આત્માનું પૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ન હતું આથી તેના મનમાં અનેક વિચારો ઉત્પન્ન થતા અને હું કયાં અટકું

છું? મારી ભૂલ ક્યાં થાય છે? ક્યા કારણુસર એ આવરણુ મને નડે છે? તેની શોધ કરવા લાગ્યો. પણુ આ સત્તામાં રહેલ અને ઉપરથી દેખાવ નહિ આપે તેવો દોષ, તેના જાણુવામાં ન આવ્યો. છેવટે તેણે આ વાતનો ભગવાન્ મહાવીરદેવ પાસેથી નિર્ણય કરવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ ભગવાન્ મહાવીરદેવ ચંપાનગરીની બહાર ઉદ્યાનમાં આવી રહ્યા હતા, તે અવસરે તે મહાત્મા દમસારમુનિ તે મહાપ્રભુની પાસે આવી, હાથ જોડી નમન કરી–વંદન કરી તેમની સેવા કરવા બેઠો. પ્રભુ તેના મનના અધ્યવસાય જાણુતા હતા. તેમણે કહ્યું: દમસાર! તારા મનમાં જે વાત છે તે તું પ્રગટ કર. જરૂર તેનો ખુલાસો મળશે.

દમસારના આનંદનો પાર ન રહ્યો. તેને નમન કરી જણાવ્યું: પ્રભુ! હું યોગ્ય છું કે અયોગ્ય છું? મને કેવલજ્ઞાન પ્રગટ થશે કે નહિં?

મહાવીરદેવે ઉત્તર આપ્યો: મહાનુભાવ! તું યોગ્ય છે. ભવી છે. તને કેવલજ્ઞાન પ્રાપ્ત થશે. દમસાર! તારી શુદ્ધતા –આત્મ ઉપયોગની જાગૃતિ પ્રબળ છે અને આવી જાગૃતિ બની રહે તો એકાદ પહોરમાં તને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, પણુ તેમાં વિઘ્ન છે. અંતરાય પડવાનો છે, અને તેનું કારણુ કષાયનો ઉદય છે. તેં કષાયને દબાવ્યા છે. તે સત્તામાં પડયા છે. જરૂર બહાર આવશે. કષાયનો ક્ષય કરવો જોઇએ તે હજી થઈ શકયો નથી. આજ કારણુથી તને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તે કષાયનો તું ક્ષય કરી શકીશ એટલે તરત કેવલજ્ઞાન પ્રાપ્ત થશે.

પોતાનો દોષ હાથ લાગવાથી દમસાર ઘણો ખુશી થયો તેણે પ્રભુને નમન કરીને જણાવ્યું: પ્રભુ! આપનું કહેવું યોગ્ય

છે. હું તે કષાયનો વિજય કરીશ. કષાયના ઉદયને નિષ્ફળ કરીશ, અને આપની પૂર્ણ કૃપાથી પૂર્ણ જ્ઞાન મેળવીશ. આ પ્રમાણે કહી તે વંદન-નમન કરી એકાંત સ્થળમાં બેસી આત્મ-વિચારણા કરવા બેઠો. કષાય શત્રુ છે તેને જીતવોજ જોઇએ. અમુક ક્ષમા-સહનશીલતા આદિ ઉપાયોથી તે જીતી શકાય છે. આત્મઉપયોગ પ્રબળ જાગૃત રાખવોજ જોઇએ. સર્વ જીવો ઉપર આત્મબુદ્ધિ-સમાન લાગણી રાખવી જોઈએ. ઈત્યાદિ અનેક વિચારો કષાય જીતવા માટે કરી તે ધ્યાન કે વિચારણાથી નિવૃત્ત થયો.

ભિક્ષાનો વખત થયો. પુદ્ગલોથી બનેલું પુદ્ગલોથીજ વૃદ્ધિ પામનારૂં શરીર આહાર વિના ટકી નજ શકે. શરીર મારો મદદગાર મિત્ર છે. તેની મદદથી જ્ઞાન, ધ્યાન, વિચારાદિ કરી શકાય છે. તેની પાસેથી હજી ઘણું કામ લેવાનું છે માટે તેને પણ કાંઇક ભાડા તરિકે ભોજન આપવું જોઈએ. ઇત્યાદિ વિચાર કરી ભગવાન મહાવીરદેવને નમન કરી ત્રીજા પહોરની શરૂઆતમાં ભિક્ષા લેવા માટે તે વનમાંથી શહેર તરફ જવાને નીકળ્યો.

આ વખતે ગ્રીષ્મઋતુની ભરયુવાન અવસ્થા ચાલતી હતી. પોતાની યુવાનીના બળથી ગર્વિત થઇને દુનિયા ઉપર પૂર જોસથી પોતાનો પ્રબળ પ્રતાપી પ્રખર તાપ પાથરી દીધો હતો. લગભગ એક વાગ્યાનો વખત હતો. ઉપરથી પડતા તાપને લઈ મસ્તક તપી ગયું હતું. જમીન સખ્ત રીતે તપી ગયેલી હોવાથી પગ બળતા હતા.

રાજકુમાર, સુકુમાર દેહ, તપની ગરમી અને ગ્રીષ્મઋતુના પ્રબળ તાપ ઇત્યાદિથી વ્યાકુળ છતાં તેના હૃદયમાં વિચારબળથી શાંતિ વ્યાપી રહી હતી. તપોવનમાંથી ચાલતાં ચાલતાં શહેરના

દરવાજા આગળ તે આવી પહોંચ્યો. પોતે શહેરના રસ્તાથી માહીતગાર ન હતો તેથી વિચાર કર્યો કે, તાપ દુઃસહ છે. રસ્તાની ખબર નથી. માટે કોઈ નગરનો રહેવાશી આવી મળે તો તેને નજીકમાં થઈ ગૃહસ્થને ઘેર જવાય તેવો માર્ગ પૂછીને પછી આગળ ચાલું.

આ અવસરે કોઈ એક મનુષ્ય પોતાનું કાંઈ કાર્ય કરવા નિમિત્તે શહેર બહાર જવાનો હતો તે ત્યાં શહેરમાંથી આવી ચડયો. સાધુને દરવાજામાં ઉભેલો દેખી તે આત્મભાન વિનાનો બહિરદષ્ટિ જીવ વિચારવા લાગ્યો કે, હું અમુક કાર્ય કરવા જાઉં છું. દરવાજા બહાર નીકળતાં આ સાધુ મને સામો મળ્યો તેથી અપશુકન થયા એમ માની તે દરવાજામાં ઉભો રહ્યો.

ખરેખર અજ્ઞાન દશા દુઃખરૂપ છે. આવા તપોનિધાન! આત્મભાવમાં મગ્ન! મંગલમૂર્તિ સાધુને દેખીને પણ અપશુકનનો વિચાર કરવો તે અજ્ઞાનતા નહિ તો બીજું શું ગણાય? પોતાના હલકા–નીચ વિચારો તેજ અમંગળ છે, અપશુકન છે, તેને લઇનેજ પોતાનું કાર્ય સિદ્ધ થતું નથી. જેવી ભાવના તેવી ફલ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જો આ શાંત સ્વરૂપ, તપસ્વીને જોઈને તેને ઉત્તમ શુકનરૂપ માની, મનની ભાવનાને ઉન્નત બનાવી તે આગળ ચાલ્યો હોત તો તેની પ્રબળ મનોભાવના બળથી તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાત. પણ સત્સંગ નહિ કરનાર, વિષયાભિલાષી પામર જીવમાં આવી ઉત્તમ ભાવના કયાંથી હોય? અને તેને લઈનેજ મંગલમૂર્તિમાં પણ અમંગલની કલ્પના તેને ઉત્પન્ન થઈ.

આ દમસાર મુનિ પોતાના સ્વરૂપનો વિચાર કરવામાં તત્પર હોવાથી આ મનુષ્ય શા કારણથી આંહી અટકયો છે તેનો વિચાર

પોતે કરી ન શકયો. થોડીવાર રહી પોતાની નજીક ઉભા રહેલા મનુષ્યને દેખી, પોતે તેને પૂછે કે મહાનુભાવ! ભદ્ર! આ શહેરની અંદર કયા માર્ગથી જતાં ગૃહસ્થનાં ઘરો નજીક મળી આવશે ?

તે આવનાર ગૃહસ્થે વિચાર કર્યો કે, આ મુનિ, નગરના માર્ગમાં અજાણ દેખાય છે, હું તેને વિપરીત માર્ગ બતાવી કષ્ટમા પાડું, જેથી આ સન્મુખ મળવાથી તેને થયેલા ખરાબ શુકનનું ફળ નિષ્ફળ થાય, મને પ્રાપ્ત ન થાય. આમ વિચાર કરી તેણે કહ્યું: હે સાધુ! તમે આ માર્ગે ચાલો, જેથી ગૃહસ્થના ગૃહો તમને નજીકમાં મળી જશે.

સરલ સ્વભાવી સાધુ દમસારે તેણે બતાવેલા માર્ગે તરત-જ ચાલવાનું શરૂ કર્યું, પણ તે માર્ગ અતિશય વિષમ હતો, ઉજડ વેરાન જેવો હોવાથી તે માર્ગે એક પગ પણ મુકવો તે ઘણું મુશ્કેલીનું કામ હતું. વળી તે ઘરની પાછલી ભીંતોવાળો માર્ગ હતો તેથી ત્યાં થઈને આવતું જતું કોઈ પણ મનુષ્ય તેને સન્મુખ મળતું ન હતું કે જેને પૂછીને તે પોતાનો માર્ગ બદલાવી શકે. હજી પણ તે આગળ ચાલ્યો, ધુળના વિશેષ ભાગને લઈ તે રસ્તો ઘણોજ તપી ગયો હોવાથી પગ તો અગ્નિ ઉપર મુકતા હોઈએ તેમ બળતા હતા, કાંટા પણ ત્યાં વિશેષ હતા. સાધુ ચાલી ચાલીને કંટાળી ગયા, આગળ ચાલ-વાની કે પાછા વળવાની પણ હિમ્મત ન ચાલી. પેલા મનુષ્યે આવો માર્ગ શા માટે બતાવ્યો ? તેનું ભાન હવે તેને થયું. આ ભાન થતાં નિર્દોષ ભાન–આત્મભાન ભુલાયું, તેનું હૃદય ઉકળી આવ્યું. રસ્તો બતાવનારા મનુષ્ય ઉપર ક્રોધ આવ્યો. મહાવીરદેવે થોડા વખત ઉપરજ ચેતાવ્યો હતો કે તમને કેવળ-જ્ઞાન પ્રાપ્ત થવામાં અંતરાયભુત ક્રોધ છે, તે ભાન આ વિષમ

પ્રસંગને લઇ ભૂલાયું. સત્તામાં પડેલ કષાયો જોરથી આ નિમિત્ત પામી બહાર આવ્યા. આ કષાયોને નિષ્ફળ કરવાનું ભાન ન રહ્યું, આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં મદદગાર મન અત્યારે શત્રુ જેવું થઇ બેઠું. તેણે અત્યારે કષાયને મદદ આપવા માંડી. મનની મદદ મળતાં કષાયોનું જોર વધ્યું. તે સર્વે પોતાના પરિવાર સાથે બહાર પ્રગટ થયા. અજ્ઞાનતાએ આવી જાગૃતિને દબાવી દીધી. ક્રોધે ક્ષમાને નાસી જવાની ફરજ પાડી. અભિમાને નમ્રતાનો નાશ કર્યો.

મુનિ—આત્મભાન ભૂલેલો મુનિ! વિચારમાં પડયો. અહા! નગરના લોકો કેવા દુષ્ટ! આ પાપિ મનુષ્યે મને નિર્દોષને આવા સંકટમાં વિના પ્રયોજને નાંખ્યો! આવા દુષ્ટ પ્રાણીઓ શિક્ષાને યોગ્ય છે. જેવાની જોડે તેવા થવું જ જોઇએ, તેમ કર્યા વિના લોકો સિદ્ધા ચાલે તેમ નથી. પુષ્પને જરા પણ કીલામણા ઉત્પન્ન કર્યા સિવાય રસનું પાન કરનાર ભમરો પણ શું કઠીણ કાષ્ટને ભેદી નથી નાખતો? મારે પણ આ શહેરના લોકોને શિક્ષા આપવીજ જોઈએ.

અહા! કેવડી મોટી ભૂલ? કેટલું બધું અભિમાન? એકને અપરાધે આખા શહેરને શિક્ષા કરવાની ઈચ્છા! ક્રોધની સ્થીતિજ એવી છે. તેના ઉદય વખતે મહાત્માઓના ઉપદેશો પણ ભૂલાઈ જાય છે. હાથમાં આવેલી બાજી પણ બગાડી નંખાય છે.

તે મહાત્મા દમસારને ઘણા લાંબા વખતના નિર્મળ સંયમથી અનેક શક્તિઓ ઉત્પન્ન થયેલી હતી. તેનો આ સ્થળે ઉપયોગ થયો! એક નજીકના વૃક્ષ નીચે બેસી ક્રોધથી ધમધતા હૃદયે, ઉથ્યાન સૂત્ર ગણવાની શરૂઆત કરી. સત્તામાં રહેલી કષાયની વૃત્તિઓ પુર જોસમાં ઉત્થાન પામી બહાર આવી. સંય-

મિનો દઢ સંકલ્પ, કળકળતા હૃદયમાંથી નીકળેલો ઉગ્ર શ્વાસ, ઉથ્થાન સુત્રનું નિમિત્ત, પરિણામ એ આવ્યું કે આખા શહેરમાં અકસ્માત શત્રુ રાજાનું મોટું સૈન્ય આવવાની વાત પ્રગટ થઈ. નગરના લોકો ભયભીત થયા. શોકાતુર થઈ સર્વ ધન, ધાન્યાદિનો ત્યાગ કરી પોતાનું જીવિતવ્ય બચાવવા નિમિત્તે ચારે દિશામાં નાસવા લાગ્યા. રાજા પણ રાજ્યનો ત્યાગ કરી નાશી છુટયો. થોડા વખતમાં આખું નગર શુન્ય ઉજડ થઈ ગયું.

મુનિ જ્યારે આવી સ્થીતિમાં ઉથ્થાન સૂત્રનું પરાવર્ત્તન કરતા બેઠા હતા ત્યારે લોકો ભયના કારણથી ભાગનાશ કરતા તે રસ્તે થઈને પણ જવા લાગ્યા. કોઇ દોડે છે, કોઈ પડી જાય છે, કોઈ રૂદન કરે છે, આમ નાશાનાશ કરતા અને વિવિધ પ્રકારના દુઃખે દુઃખી થયેલા લોકોને દેખી તે મહાત્માનો કોપ શાંત થયો.

સાધુ ચિંતવવા લાગ્યા : હા ! હા ! આ મેં શું કર્યું ? વિના પ્રયોજને નગરના બધા લોકોને મેં દુઃખી કર્યા ! એકના અપરાધે આખા શહેરને શિક્ષા ? કેટલો બધો અન્યાય ! પણ હા ! સર્વજ્ઞનું વચન અન્યથા કેમ થાય ? ભગવાન્ મહાવીરદેવે જેમ કહ્યું હતું તેમજ થયું. હા ! ફોગટજ ક્રોધ કરીને તરતમાં ઉત્પન્ન થતું કેવળજ્ઞાન હું હારી ગયો.

આ પ્રમાણે પશ્ચાતાપ કરતાં અતિ કરૂણારસમાં મગ્ન થઈ તે સર્વ લોકોને સ્થિર કરવા માટે સમુથ્થાન શ્રુત ગણવાનો પ્રારંભ કર્યો. અતિસેં શાંત હૃદય કરી કરૂણાર્દ્ર અંતઃકરણે શાંતિનો સંકલ્પ કર્યો. તેમાં એવા આલ્હાદ ઉત્પન્ન કરનારાં સૂત્રો હતાં કે જેના પ્રભાવથી ઉજડ થયેલાં શહેરો અને ભયવાન્

થયેલાં લોકો પણ સારી રીતે વસી રહે અને નિર્ભયતા પામે. જેમ જેમ આ સૂત્ર ગણવા લાગ્યા તેમ તેમ સર્વ લોકો પ્રમુદિત થઈ નગરની અંદર આવવા લાગ્યા. રાજા પણ હર્ષસહિત શહેરમાં આવ્યો. ભયની વાત દૂર થઇ ગઈ. સર્વ લોકો સ્વસ્થ થયા.

તપથી શોષિત શરીરવાળો પણ અત્યારે પરમ ઉપશમ રસમાં મગ્ન થયેલ **દમસાર** મુનિ તે શહેરમાં આહાર લીધા વિનાજ પાછો વળ્યો. અને જે સ્થળે ભગવાન્ મહાવીર દેવ હતા ત્યાં આવી વિનય સહિત તેમના ચરણમાં આળોટી પડ્યો. અને આંખમાંથી ખરતા આંસુએ ગદ્ગદિત સ્વરે પોતાની થયેલી ભૂલનો તશ્ચાતાપ કરી તેના પ્રાયશ્ચિતની માંગણી કરી.

મહાવીરદેવે કહ્યું: દમસાર! મારો કોઈપણ સાધુ કે કોઈપણ સાધ્વી જો કષાયની પરિણુતિ ધારણ કરશે તો ઘણા લાંબા કાળ સુધી આ વિષમ સંસારમાં પરિભ્રમણ કરશે. પણ જેઓ ઉપશમને (કષાય રહિત સ્થિતિને) ધારણ કરશે, તેનું સંસાર પરિભ્રમણ ઓછું થશે. તેઓ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થશે. ક્ષમા એજ મુનિઓનો ધર્મ છે. દમસાર! તમે તમારો ધર્મ આ સ્થળે ભૂલી ગયા છો. અપરાધીઓને પણ ક્ષમા આપવી તે તમારો ધર્મ હતો. આ સહનશીલતા–ક્ષમા રાખી આત્મભાવમાં મગ્ન થયા હોત તો કેવળજ્ઞાન તમારી પાસેજ હતું. જેટલા તમે તમારા ધર્મથી બહાર ગયા છો તેટલુંજ કેવળજ્ઞાન દૂર ગયું છે. પણ કાંઇ નહિ. ભુલને સુધારો. આમાંથી તમને ઘણું જાણવાનું મળ્યું છે. ખરી કસોટીના વખતે કેટલી જાગૃતિ રાખવી જોઈએ તે હવે તમે સમજી શકયા છો. આ ઉપરથી બીજા પણ શ્રમણ, શ્રમણીઓને ધડો લેવાનું મળી આવશે કે નજીક આવેલું કેવળ-

જ્ઞાન ક્રોધના ઉદયથી દૂર ચાલ્યું જાય છે, માટે જેમ બને તેમ ઉપશમ ભાવ રાખતાં શીખો.

દમસારે પોતાની ભૂલ કબુલ કરી. હવેથી જાગૃત રહેવાનો નિશ્ચય કર્યો. ભગવાને યોગ્ય પ્રાયશ્ચિત આપ્યું.

દમસાર મુનિને પોતાની મહાન્ ભૂલ થઈ છે એમ સમજાયું. તેઓ એકાંતમાં ગયા, અને આત્મવિચારણામાં મગ્ન થયા, અધ્યવસાય નિર્મળ કર્યા. સત્તાએ સર્વ જીવો સાથે પોતાના જીવનની ઐકયતાનો વિચાર કર્યો. દેહાભિમાન છુટયું, ઇચ્છાઓ વિરામ પામી, સર્વ પદાર્થો ઉપરથી મમત્વભાવ દૂર થયો, મન આત્મામાં લીન થવા લાગ્યું, એકરસ થયું, કર્મબળો વિંખરાયા, અજ્ઞાન આવરણ તુટયું. આવી સ્થિતિમાં સાતમે દિવસે દમસાર મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારબાદ વર્ષ પર્યંત આ ભૂમિતળપર વિચરી અનેક યોગ્ય જીવોને બોધ આપી નિર્વાણપદ પામ્યા.

દમસાર મુનિના જીવન ઉપરથી ઘણું શીખવાનું મળે તેમ છે. ઉપષમ, કષાયનો અભાવ એજ સમ્યગ્દષ્ટિનું જીવન છે. તે આગળ વધારનાર ઉત્તમ સાધન છે.

આંતરતાપ શાંત કરનાર છે. પરમાનંદની પ્રાપ્તિ ઇચ્છનારા સમ્યગ્દૃષ્ટિ જીવોએ આ પરમ ઉપશમ રસમાં નિમગ્ન થવું.

## સંવેગ ૨.

ઉત્તમ પ્રકારનાં દેવ તથા મનુષ્યોનાં સુખનો ત્યાગ કરીને કેવળ મુક્તિનાં સુખની અભિલાષા કરવી તે સંવેગ કહેવાય છે.

કેમકે તે દેખાતાં સુખો અનિત્ય અને દુઃખના અનુબંધવાળા છે–રસવાળાં છે.

જેણે આત્માને જાણ્યો છે, ઝાંખો પણ તેના સુખનો અનુભવ કરેલો છે, નિરૂપાધિક સુખ કેવું હોઇ શકે? તે સંબંધી જેણે વિચારો કરેલા છે, તેને ઉત્તમ પ્રકારનાં દેવો અને મનુષ્યો સંબંધી સુખ તુચ્છ લાગે છે, સંયોગ વિયોગોથી ભરપૂર લાગે છે, થોડા વખતમાં નાશ પામનારાં જણાય છે, અને તેનું પરિણામ દુઃખમાંજ વિરામ પામતું હોય તેવું લાગે છે. આજ કારણથી ક્ષણભરના સુંદર દેખાવવાળાં કિંપાકના ફળોની માફક વિષમય વિપાક આપનારાં તે સુખ તરફથી સમ્યગ્દૃષ્ટિ જીવ વિરકત થાય છે અને પરમશાંતિમય, નિરૂપાધિક આત્માની શુદ્ધ સત્તાના પ્રગટ થવાથી પ્રાપ્ત થતી અનંત આનંદમય સ્થિતિમાં સ્થિર થવાની ઇચ્છા પ્રબળપણે તેનામાં પ્રગટ થાય છે. કેવળ મોક્ષની ઈચ્છા પ્રગટ કરીને તે બેસી રહેતો નથી પણ તેના માર્ગ તરફનું પ્રયાણ તે શરૂ કરે છે. જેમ જેમ ઇંદ્રિયોના ઉપાધિજન્ય સુખથી તેનું હૃદય વિરકત બને છે, તેમ તેમ આત્માના સત્ય સુખ તરફ તેનું આંતર્ વલણ વધતું જાય છે. આનું નામજ પ્રયાણ કહેવાય છે. એક વસ્તુ તરફથી મન વિરકત થાય છે કે તેને બીજી વસ્તુ તરફ વલણ પકડવુંજ પડે છે અને તે સમ્યગ્દૃષ્ટિ આત્મભાનમાં જાગૃત થયેલ હોવાથી બીજા કોઈ માર્ગ તરફ ન જતાં શુદ્ધ આત્માના માર્ગ તરફજ પ્રવાસ કરે છે. આંતર્ક્રિયા હૃદયને પૂર્ણ રીતે આત્મા તરફ ચાહ કરતાં શીખવે છે અને ઇંદ્રિયોના ઉપાધિજન્ય વિષયો તરફથી વિરકતા મેળવાવે છે. આ સિવાય બીજું કર્ત્તવ્ય શું હોઈ શકે? આજ ખરેખર સંવેગ છે. આ ગુણથી જીવ આત્માના પવિત્ર માર્ગમાં પ્રવેશ કરે છે.

# નિર્વેદ ૩.

નિર્વેદ એટલે ઉદાસીનતા. સંસારથી ઉદાસીનતા–ભવથી ઉદાસીનતા વારંવાર જન્મ મરણુ કરવાવડે-ઉત્પન્ન થવું પડે તેનાથી ઉદાસીનતા, સંસારને નારકી સમાન કે બંધીખાના સમાન માની તેમાંથી ઉદ્વેજીત થઈ છુટવાને ઈચ્છા કરે, ભવ-પાશથી છોડાવનાર સદ્ગુણુને શરણે જવાની પ્રબળ જીજ્ઞાસા થવી, આ સર્વેને નિર્વેદ કહે છે.

અજ્ઞાનતાના એજ સંસાર છે. ભવ છે, કારણુ કે ભવન એટલે થવું–ઉત્પન્ન થવું–નહોતું અને થવું. થવું અને જવું. જવું ને થવું. આ ઘટમાળ અજ્ઞાનતાને લીધેજ ઉત્પન્ન થાય છે. એ અજ્ઞાનતાનો નાશ કરવા પ્રયત્નવાન્ થવું એજ સંસારનો નાશ કરવા બરોબર છે. આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ અને તેના વિવિધ સંયોગોથી ઉત્પન્ન થયેલું જગત્ તેનો નાશ તો કોઇથી કરી શકાવાનોજ નથી. પણુ કારણુનો નાશ સાંધવો તેથીજ કાર્યનો નાશ થાય છે. કારણુ અજ્ઞાન છે, અને તેનું કાર્ય આ વિવિધતા છે-જન્મ, મરણુાદિ છે. કારણુનો નાશ થતાં–અજ્ઞાનતા જતાં વિપરીત પ્રવૃત્તિ અટકતાં વિપરીત કાર્ય થતું અટકશે એટલે જે જેવા રૂપે છે તે તેવા રૂપે થઇ રહેશે. આત્મા આત્માના સ્વરૂપે પ્રકાશત થઈ રહે, એમ અખંડતા કાયમ જળવાઈ રહે તેજ ભવનો નાશ છે. એને માટે જ ભવથી ઉદ્વેગ ધરવાનો છે. આત્મજ્ઞાન પ્રગટ થતાં આ ભવ જરાપણુ દુઃખ આપી શકનાર નથી. તે પછીની વિવિધતાઓ વાજાના સુરની માફક મધુરતાનો આનંદ આપનારી છે. અખીલ વિશ્વરૂપ રગમંડપમાં થતા નાચ આત્માને આનંદ આપનાર થાય છે.

આ અજ્ઞાનતાનો નાશ સાધવા માટે શરૂઆતમાં ઇંદ્રિયજન્ય વિષયોના આશ્રયભુત ભવવાસથી વિરકત થવાની જરૂરીયાત છે. તથા ધર્મને-શુદ્ધ આત્માને–પવિત્ર આત્મસ્વરૂપને તારક જાણી તેનું શરણુ લેવાની આવશ્યક્તા છે. ભવવાસથી વિરક્તતા અને આત્મધર્મનું શરણુ આ બે પ્રબળ સાધનોની મદદથી અજ્ઞાનનો નાશ સાધી સ્વરૂપસ્થિતિ મેળવવાની છે, સમ્યક્ત્વાન્ જીવોમાં આ ગુણુની ઘણી જરૂરીયાત છે.

## અનુકંપા. ૪

દુઃખી પ્રાણિઓને વિષે પક્ષપાત વિના દુઃખ દૂર કરવાની ઇચ્છા તે અનુકંપા છે. જેમ જેમ મનુષ્ય પરમાર્થના માર્ગમાં આગળ વધતો જાય તેમ તેમ તેનું હૃદય વિશેષ ને વિશેષ આર્દ્ર બનતું જાય છે. નાત જાતના તફાવત વિના પોતાની દયાળુ વૃત્તિને તે સર્વત્ર માર્ગ આપે છે. લોકોનાં દુઃખો દૂર કરવા માટે પોતાની શક્તિને તેઓ જરાપણુ છુપાવતા નથી. એટલુંજ નહિ પણુ તેઓ તેવા જીવોને મદદ આપવાની રાહ જોયા કરે છે તેઓને પક્ષપાત જરાપણુ હોતો નથી કે, આને મદદ આપું અને આને મદદ ન આપું. પક્ષપાતથી તો સિંહણુ પણુ પોતાના બચ્ચાનો બચાવ કરે છે. અને પાળી–પોષીને ઉછેરીને મોટું કરે છે. તેમ જેઓ પોતાનાં કુટુંબો તથા બાલબચ્ચાઓનું રક્ષણુ કરે છે તે કાંઈ તેમના ઉપર દયા–કે અનુકંપા કરતા નથી. તેઓને તો તેમના તરફ મોહ છે. પુત્રાદિ ઉપર સ્નેહ છે, અને તેને લઇને પોતાની ફરજ સમજીને ભવિષ્યમાં મદદગાર થશે એવી ઇચ્છાથી મદદ કરે છે. ખરો સમ્યગ્દર્શનવાળો જીવ કોઈ પણુ નાત, જાત કે ધર્મના ભેદ વિના શક્તિ અનુસાર સર્વને મદદ આપતોજ રહેશે. બીજાનાં દુઃખો જોઇનેજ તેનું હૃદય રડી ઉઠશે. તેઓને સુખી જોઇનેજ તે આનંદ પામશે, કારણુ તેને સર્વમાં આત્માજ દેખાય છે. તેને દેહ ભાન ઉડી ગયેલું હોય છે. તેનું જીવન

ગગનવિહારી હોય છે, સર્વત્ર પવિત્ર પ્રેમ-પ્રેમ-ને પ્રેમજ તેને હોય છે.

આ અનુકંપા બે પ્રકારની છે. દ્રવ્યઅનુકંપા અને ભાવઅનુકંપા. દ્રવ્યઅનુકંપાથી તે દુઃખી જીવોને મદદ આપે છે. આ સાથે ભાવઅનુકંપાને તે પ્રસંગે અજમાવે જાય છે. આત્મભાન ભૂલેલા અને તેજ અજ્ઞાન અંધકારમાં ભૂલા પડી ગોથાં ખાનારા જીવોને આત્મભાન કરાવવું-સત્ય સમજાવવું. સત્યને રસ્તે ચડાવવા તે ભાવઅનુકંપા છે. આત્મા એજ સત્ય છે. તેનો મૂળ સત્તાગત સ્વભાવ આનંદ સ્વરૂપ છે તે પ્રગટ કરવો તેજ સત્યનો માર્ગ છે. આ માર્ગ તરફ જીવોને વાળવા એજ ભાવઅનુકંપા છે. સમ્યગ્દર્શનવાળા જીવોએ શક્તિ અનુસાર આ બન્ને અનુકંપા કરતા રહેવું જોઈએ.

## આસ્તિકતા.

આસ્તિક્તા એટલે આસ્થા, શ્રદ્ધા, ખાત્રી, પ્રતીતિ, નિશ્ચય દૃઢતા વિગેરે એકાર્થ જેવાં નામો છે. કોના ઉપર આસ્તા? શાની શ્રદ્ધા? કોની ખાત્રી? શાની પ્રતીતિ? કોનો નિશ્ચય? શાની દૃઢતા? આ બધા પ્રશ્નોનો ઉત્તર પરમ પવિત્ર પરમાત્મા વીતરાગદેવના વચનો ઉપર આસ્થા શ્રધ્ધા વિગેરે કરવી અને તે દ્વારા પોતાના શુદ્ધ આત્માનો અનુભવ કરવો. આ આસ્થા તે વ્યવહાર આસ્થા છે. પરંસ્વરૂપ પ્રાપ્ત કરવામાં નિમિત્તભૂત અને સહાયભૂત આસ્થા એ પરોક્ષ આસ્થા છે.

આ પરમપુરૂષમાં આસ્થા રાખવાનું કારણ એ છે કે તેઓશ્રીએ સત્ય દીઠું છે-મેળવ્યું છે. આ જીવંત દેહમાંજ સાક્ષાત્ તે સત્યનો અનુભવ કરેલો છે એટલે તેમના વચનો ઉપર શ્રધ્ધા રાખી આપણે તેમાના કહ્યા પ્રમાણે વર્ત્તન કરીએ તો ઘણી

સહેલાઇથી તે સત્યને અનુભવ મેળવી શકીએ.

આત્મા, પુનર્જન્મ પાપ, પુન્ય, બંધ, મોક્ષ ઇત્યાદિને માનનાર આસ્તિક કહેવાય છે. અને તેને ન માનનાર નાસ્તિક કહેવાય છે. આ આસ્તિક નાસ્તિકનો સરલ અને ટુંકો અર્થ છે.

આ આસ્થાને જે પરોક્ષ આસ્થા કહેવામાં આવી છે તેનો હેતુ એ છે કે તત્ત્વોનો નિશ્ચય કરનાર જે મહાન્ ગુરૂના વચનો ઉપર આપણે શ્રદ્ધા રાખીએ છીએ તે કેવળ તેમના ઉપર વિશ્વાસથી જ શ્રદ્ધા રાખેલી છે કે વંશપરંપરાથી ચાલતા આવેલા ધર્મ પ્રમાણે આસ્થા રાખેલી છે પણ તેનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને તત્ત્વાતત્વનો નિશ્ચય કરીને કરેલી હોતી નથી. આવી આસ્થા તે માના કહેવરાવ્યા કાકા કહેવા જેવી છે, કારણ કે તેમાં કોઈ પ્રસંગે પતિત થવાનો મોટો ભય રહેલો છે અને બુદ્ધિપૂર્વક તત્વાતત્ત્વનો નિશ્ચય કરી જે શ્રદ્ધા કરાયેલી હોય છે તે, બાપના ભાઈને જ કાકો કહેવાય તેના જેવી ખાત્રીવાળી શ્રદ્ધા છે. છતાં પણ આ આસ્થા શરૂઆતમાં ઘણી ઉપયોગી છે. તેટલો લાંબો વિચાર કરવાની બુદ્ધિ વિકાશ ન પામી હોય ત્યારે આ વિશ્વાસ–શ્રદ્ધાથી પણ આગળ વધી શકાય છે અને તે વસ્તુતત્ત્વનો ખરો નિશ્ચય કરી શકાય છે. આ સર્વ વ્યવહાર આસ્તિકતા કે શ્રદ્ધા કહેવાય છે.

પારમાર્થિક આસ્તિકતા જે સર્વવ્યાપપી આસ્તિકતા કહેવાય છે. અર્થાત્ જે ત્રણે કાળમાં અબાધિત સત્યરૂપ છે જેને સર્વ દર્શનકારો મતભેદ વિના કબુલ રાખે છે તે પોતાનો આત્મા છે. તેના ઉપર શ્રદ્ધા થવી, તેની ખાત્રી થવી, તેના ઉપર દૃઢ નિશ્ચય થવો તે પારમાથિક ખરેખર આસ્તિકતા છે. આ આસ્તિકતાને લઈ કોઇ પણ દર્શન સ્વીકાર્યા સિવાય પણ

જે પન્નર ભેદે સિદ્ધ થવાનું કહેવામાં આવે છે તે સત્ય સિદ્ધ કરી શકાય છે. બન્ને આસ્તિકતાની જરૂરીયાત છે, છતાં પહેલી થયા પછી બીજી પોતાના આત્માની શ્રદ્ધારૂપ આસ્તિક્તા થાય તોજ મનુષ્ય પોતાનું કર્ત્તવ્ય સિદ્ધ કરી શકે છે. અર્થાત્ પહેલી ન હોય અને બીજી હોય તો પણ ઉપયોગી થાય છે, પણ બીજી ન હોય તો પહેલી ઉપયોગી થાય પણ ખરી અને ન પણ થાય.

આ ઉપશમાદિ સમ્યકૃત્વનાં પાંચ લક્ષણો જેની અંદર હોય છે તેનામાં પરોક્ષ એવું સમ્યકૃત્વ પણ સારી રીતે જાણી શકાય છે. પરમશાંતિના ઈચ્છક મનુષ્યોએ આ પાંચ ગુણો પોતામાં પ્રગટ થાય તે માટે તે તે પ્રકારે પ્રયત્ન કરતા રહેવું.

## ૭ યતના.

યતના, જાળવીને, સંભાળપૂર્વક, વિવેકપૂર્વક, હાની ન થાય તેવી રીતે પ્રવૃત્તિ કરવા, તેને યતના કહે છે. આ યતના વ્યવહાર પ્રસંગમાં મિથ્યાદષ્ટિ સાથે વર્ત્તન કરવાના સંબંધમાં કરવાની છે. ધાર્મિક પ્રવૃત્તિ કરનારાઓએ કેવું વ્યવહારકુશળ વર્ત્તન કરવાનું છે તે આ ઉપરથી સમજી શકાય તેમ છે, વ્યવહારકુશળતા સિવાય કાંતો ધર્મને અને કાંતો વ્યવહારને મહાન્ ધક્કો પહોંચવાનો સંભવ છે. આ ઉપરથી વ્યવહારકુશળતા એને જ યતના કહીએ તો પણ ચાલી શકે તેમ છે.

પહેલાં અનેકવાર કહી આવ્યા છીએ કે જેને આત્મધર્મનું ભાન નથી, સત્ય સમજાયું નથી, વિવિધ પ્રકારનાં પૌદ્ગલિક સુખ મેળવવાં અને ભોગવવાં એજ જેનું લક્ષબિન્દુ છે, કર્ત્તવ્યનીપરમઅવધી વિષયાનંદમાં જ માનેલી છે, દુનિયાના આનંદમાં જ જેણે પોતાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરેલો છે, ધર્મને બહાને વિવિધ પ્રકારના તપ, જપ, વૃત્ત, સંયમાદિ કઠિન કર્મકાંડો કરવા છતાં પણ જેના અંતઃકરણનું કર્ત્તવ્ય કે પ્રાપ્તવ્ય

તો પાંચ ઇંદ્રિયોના વિષયસુખો-આ લોક કે પરલોકના વૈભવો ભોગવવા એજ છે, આ સર્વ મનુષ્યો મિથ્યાદૃષ્ટિ છે. પછી ગમે તે કર્મને માનનાર હોય પણ જેનું આત્મઅભિમુખ વલણ થયું નથી તે સર્વ મિથ્યાદૃષ્ટિ છે અને આ યતનાનો ઉપયોગ તે સર્વની સામે કરવાનો છે. આ સર્વ પરતીર્થિક છે.

એ પરતીર્થિકોને વંદન, સ્તવન ન કરવું. હાથ જોડી નમસ્કાર કરવા અને મોઢેથી તેના અજ્ઞાન કષ્ટવાળાં કર્મકાંડોની સ્તુતિ કરવી, આ બન્નેનો ત્યાગ કરવો. તેને વંદન આદિ કરવાથી તેની અજ્ઞાનતાને પોષણ મળે છે. તેનાં લક્ષ વિનાનાં કે વિપરીત લક્ષવાળાં કર્મકાંડોની પ્રશંસા કરવી તે અજ્ઞાનની વૃદ્ધિ કરવા કે અનુમોદન કરવા જેવું છે. વળી તેઓ પણ પોતાની અજ્ઞાન પ્રવૃત્તિને ઉત્તેજન મળતું હોવાથી તે તરફનું મિથ્યા અભિમાન ધરાવે છે. પોતાને ધર્માત્મા અને જ્ઞાની સમજે છે. તેના ભકતોને પણ આ પ્રવૃત્તિ મિથ્યાત્વમાં મદદકર્તા અથવા સ્થિરકર્તા થાય છે. ૧

તેમની સાથે આલાપ અને સંલાપ ન કરવા. એકવાર બોલાવવા તે આલાપ અને વારંવાર સંભાષણ કરવું તે સંલાપ આ બન્નેથી પણ પૂર્વે કહેલા દોષોનો સંભવ છે. વળી આલાપ સંલાપથી તેઓની સાથે પરિચય વધે છે. વળી તેમના આત્માથી વિમુખ આચાર વિચારના વર્ણાશ્રમથી, વિવિધ પ્રકારની ઈચ્છાઓને ઉત્તેજન મળે છે. ૨

અનાદિકાળના સંસ્કારને લીધે મન પાછું વિષયની સન્મુખ થાય છે. અને તેને લીધે આત્મમાર્ગનો ત્યાગ કરી તેની પ્રવૃત્તિ, પાંચ ઇંદ્રિયોના વિષયોને પોષણ મળે તેવી વિવિધ પ્રકારની ઇચ્છાઓવાળા માર્ગ તરફ પ્રયાણ કરે છે. મૂળ માર્ગથી પતિત

થઇ તે આડે રસ્તે ઉતરી પડે છે અને તે વિષમ કે વિપરીત માર્ગે લાંબો વખત સુધી અથડાયા કરે છે. આ હેતુથી જ્ઞાની પુરૂષો તેવા વિપરીત આચરણવાળા મનુષ્યો સાથે આલાપ સંલાપ ન કરવા માટે સૂચના કરે છે. ૩

આંહી વ્યવહારકુશળપણું વાપરવાની જરૂર પડે છે અને તેને લઈ તેવાઓ સાથે પ્રસંગ પડતાં, અથવા તેમના બોલાવવાથી એકાદ વખત પણ તેમની સાથે જરૂરીયાત જેટલી વાતચિતની પ્રવૃત્તિ બીજાને અનર્થના હેતુરૂપ ન થઇ પડાય તેવી રીતે કરે છે. અને પોતાનો પણ બચાવ સાથે કરતો રહે છે. અન્યના બોલાવવા છતાં ન બોલવું તે લોકોમાં પણ સામાનુ અપમાન કરવા જેવું મનાતું હોવાથી તેથી લોકોમાં અપવાદ થાય છે. વળી તે કદાચ અધિકારવાળા માણસોનો માનીતો હોય તો તે દ્વારા વ્યવહારમાં નુકશાન પણ પહોંચાડે છે. આ સર્વથી બચવા માટે જરૂરીઆત જેટલો પ્રસંગ પાડી પાછો તેનાથી દૂર રહે છે, છતાં જો પોતામાં તેને સન્માર્ગે દોરવાની શક્તિ હોય તો તેનાથી દૂર ન રહેતાં તેનો પરિચય રાખી સત્ય સમજાવી, સત્યના રસ્તા ઉપર લાવવા પ્રયત્ન પણ કરવો. આ માટેજ યતના વ્યવહારકુશળપણું-લાભાલાભ વિચરવાપણું વિગેરેની બુદ્ધિ ધરાવવાની જરૂરીયાત છે. ૩

તે કુદૃષ્ટિઓને ધર્મબુદ્ધિથી ભોજનાદિ ન આપવું, તેમ કરતાં પૂર્વે કહેલા બહુમાનાદિ કારણથી અન્યને ઉત્તેજન આપવાનું તથા મિથ્યાત્વમાં સ્થિર કરવાપણું છે. છતાં અનુકંપાની બુદ્ધિથી ભોજન વસ્ત્રાદિ આપવામાં જરા પણ અડચણ નથી. અનુકંપાદાનનો તીર્થંકર દેવોએ કોઇ પણ સ્થળે નિષેધ કરેલ નથી. પોતે પણ વાર્ષિક દાન આપી અનુકંપાનો માર્ગ ખુલ્લો કરેલો છે. જો અનુકંપાદાન નિષેધ કરવામાં આવે તો દયાનો

માર્ગ જડમૂળમાંથીજ ઉખડી જાય. મતલબ કે બહુમાનની લાગણી સિવાય માગનારનાં દુઃખને નિવારણ કરવા માટે ગમે તેવો યાચક કે ગમે તે ધર્મ પાળનાર ભિક્ષુક આવે તો તેને ભોજન, પાન, વસ્ત્રાદિ શકત્યાનુસાર આપવાં. ૫

પર તીર્થિકના દેવોને અથવા તેઓએ ગ્રહણ કરેલા જીન બિંબોની પૂજાદિ નિમિત્તે ગંધ પુષ્પાદિક ધર્મબુદ્ધિથી ન મોકલાવવાં, આમાં પણ પૂર્વે કહેવામાં આવેલ છે તેજ હેતુ રહેલા છે. ૬

આ છએ પ્રકારની યતના–યોગ્ય પ્રવૃત્તિ અને અયોગ્ય પ્રવૃત્તિરૂપ સમ્યગ્‌દર્શન વિનાના લિંગિઓ– વેશધારીઓ સાથે રાખવાની છે. સમ્યગ્‌દર્શન વિનાના અને સમ્યગ્‌દર્શનથી ભ્રષ્ટ થયેલા ધર્મગુરૂઓ એમને આંહી મિથ્યાદષ્ટિ ગણી તેમની સાથે વંદન, નમન, સ્તુતિ, આલાપ, સંલાપ અને ભોજનાદિ પ્રદાન આદિનો નિષેધ અનુકંપા બુધ્ધિ સિવાય ધર્મબુધ્ધિથી કરવામાં આવેલ છે. આ લિંગીઓમાં પોતાના દર્શનના પણ કેવળ આત્મદષ્ટિવિનાના વેશધારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

જેમ ત્યાગીઓમાં મિથ્યાદષ્ટિ હોય છે તેમ ગૃહસ્થાશ્રમીઓમાં ગૃહસ્થો પણ તેવા હોય છે. તેમનો નિષેધ આંહી કરવામાં નથી આવ્યો તેનું કારણ એ છે કે તેમ કરવામાં આવે તો વ્યવહારમાર્ગ ઘુચવાડા ભરેલો થઈ પડે. ઘણાજ ટુંકા વાડાઓ બંધાય અને ડગલે પગલે કલેશ કંકાશ વૃદ્ધિ પામે. વળી તેવા સમુદાયમાં રહેલા કોઇ યોગ્ય જીવને પણ સત્યના માર્ગનો બોધ ન મળે તો મહાન્ અંતરાય થાય.

વળી આ આલાપ સંલાપનો નિષેધ પણ એકાંતે નથી લાભાલાભનો વિચાર કરવાની પણ જરૂર છે. ભગવાન્ મહાવીર દેવે

ગૌતમસ્વામીને તેમનઃ પૂર્વના પરિચિત તપાસને આવતો જોઈ સામા મોકલ્યા હતા અને લાગણી પૂર્વક ગૌતમસ્વામી સામા જઈને તેને તેડી લાવ્યા હતા.

વળી સ્વધર્મથી પતિત થયેલા કે વિધર્મમાં વટાયેલા કે ભળેલાનો તિરસ્કાર કરવાથી કે તેની ઉપેક્ષા કરવાથી તે તે કોમો કાળાંતરે નામશેષ રહી જઈ નાસ પામે છે. માટે દેશ કાળને ઓળખી નિષેધનો પણ વિધિ કરવામાં આવે તો તે તે ધર્મ અને કોમોની આબાદિ થવા પામે છે.

જ્ઞાની પુરૂષોએ કોઈ વાતનો એકાંત વિધિ કે નિષેધ કર્યો નથી પણ તે તે દેશ, કાળ, દ્રવ્ય, ભાવ જોઈને તેવા તેવા પ્રસંગે તેવી તેવી જરૂરીયાતને લઈને વિધિ નિષેધ કરેલો હોય છે. તેજ વિધિ નિષેધ જુદા પ્રસંગને લઈને ફેરવવા પણ સાથે જ જણાવેલ છે. છતાં એકાંત વાતને પકડી બેસી રહેવામાં આવે છે, તોતે કોમ છેવટે આ દુનિયામાંથી સદાને માટે નાબુદ થાય છે, માટે કોમ કે ધર્મમાંથી પતિત થયેલાને પ્રાયશ્ચિત આપી, મધ્યસ્થ દૃષ્ટિથી સત્ય સમજાવી પાછા દાખલ કરવામા જરાપણ પાછળ પડવું ન જોઈએ. નહિતર બધાની સાથે સંબધ તોડી નાખી એકલા રહેનારની મુશ્કેલીઓમાં જેમ વધારો થાય છે તેમ મુશ્કેલીઓ વધવાનીજ અને બીજાની મદદ વિના પોતે એકલા પડી હેરાન થવાનાજ.

સ્વરૂપથી વિમુખ થયેલા સાથે કારણ પ્રસંગે ઉપેક્ષાવાળું વર્તન કરી શકાય પણ તેના ઉપર દ્વેષભાવ કે ઈર્ષાવાળું વર્તન સમ્યગ્દૃષ્ટિ જીવોનું તો હોયજ નહિ. જો તેમ કરવામાં આવે તો પોતામાં પણ સમ્યગ્દર્શન હોવાનો સંશય થઇ પડવાનો.

આ પ્રમાણે વંદન, નમન, આલાપ, સંલાપ, દાન અને

પૂજન નિષેધ કરવાનો હેતુ તેમનો દ્વેષ કરવાનો નથી પણ અસત્યનું પોષણ અને સત્યનો લોપ ન થાય તેટલોજ છે. છતાં અપવાદે લાભાલાભનો વિચાર કરી પ્રવૃત્તિ કરવાની પણ છે. પણ તે જરૂરીઆત પુરતીજ.

આ છ યતનાઓ કરીને પણ સત્યનુંજ મુખ્યતાએ પોષણ કરવાનું છે તે સત્ય આત્માજ છે. તેનાં આવરણો દુર થઈ આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશ પામે તે મૂળ હેતુ જરાપણ ન ભૂલાય તેમ વર્ત્તન કરવા પ્રયત્ન કરવો.

## છ અભિયોગ

રાજાભિયોગ. ૧. ગણાભિયોગ. ૨ બલાભિયોગ. ૩ સુરાભિયોગ. ૪ વૃત્તિકાંતાર. ૫ ગુરૂનિગ્રહ ૬ આ છ અભિયોગ કહેવાય છે. અભિયોગ એટલે ઇચ્છા વિના પણ પ્રવૃત્તિ કરવી તે અથવા તેને છ આગાર પણ કહે છે.

આ ઉપરથી એમ જણાવવામાં આવે છે કે, સમ્યક્ત્વવાન જીવોને જે કાર્ય કરવાનો પ્રતિષેધ કરવામાં આવેલ છે તેજ કાર્ય રાજાદિના આગ્રહરૂપ કારણના વશથી ઈચ્છા વિના કેવલ તેવું આચરણ કરતાં પોતાના સમ્યક્ત્વાદિ ધર્મનો નાશ થતો નથી.

જેમ કાર્તિકશ્રેષ્ટિએ રાજાના આગ્રહથી તેના ગુરૂ તપાસને ભોજન કરાવ્યું હતું, કોશ્યા વેશ્યાએ પણ રાજાના આગ્રહથી રથકારની સાથે ગૃહવ્યવહાર ચલાવ્યો હતો. કોશ્યા સ્થુલિભદ્રસ્વામી પાસે પ્રતિબોધ પામી બારવ્રતધારી શ્રાવિકા થઈ હતી પણ રાજાભિયોગ નામના આગારને આધારે પોતાની ઇચ્છા વિના પણ રાજાની આજ્ઞાને આધિન થઈ રહી. જો તેમ કરવામાં ન આવત તો રાજા પોતાની શક્તિબળથી અથવા પોતાના તાબાની પ્રજા હોવાથી ધારત તે પ્રમાણે હેરાન કરત, દંડત કે દેહાંત શિક્ષા કરત. આ શિક્ષા સહન કરવામાં લાભ છે કે ખુલ્લા રાખેલા

આગારનો આશ્રય લઈ ભાવિકાળમાં તે દોષોથી નિર્મળ થઈ આત્મમાર્ગમાં આગળ વધવામાં લાભ છે, તે બુદ્ધિમાનોએ પોતેજ વિચાર કરી લેવા યોગ્ય છે. મરવાથી કાંઈ મોક્ષ મળી જતું નથી. કર્મક્ષય થવામાં કે કર્મબંધક ન થવામા પરિણામ ઉપરજ આધાર રાખવામાં આવે છે. માટે પોતાના પરિણામોની ભાવિ–સ્થિતિનો વિચાર કરી આ આગારનો આશ્રય કરતાં–વ્રતનો–સ્વધર્મનો–ભંગ થતો નથી.

**ગણાભિયોગ**—ગણ એટલે સ્વજન આદિનો સમુદાય, તેનો અભિયોગ એટલે આગ્રહ. આપની ઇચ્છા નથી છતાં તેઓ પોતાની ઇચ્છાનુસાર ચાલવાની ફરજ પાડે તે ગણાભિયોગ અથવા ખરા અણીના પ્રસંગે તેની મદદ સિવાય સમુદાયનું રક્ષણ કે બચાવ ન થઇ શકે તેમ હોય તો તે સમુદાયના ભલા માટે નિષેધ કાર્યનો વિધિ કરીને તે પ્રમાણે વર્ત્તન કરીને સમુદાયને મદદ આપવી તે ગણાભિયોગ. આ ગણાભિયોગમાં પોતાને જે સમ્યક્ત્વ તથા વ્રતોમાં કરવા યોગ્ય નથી તે પોતાના સ્વજનાદિ સમુદાયના હિત માટે, આગ્રહના વશથી ઇચ્છા સિવાય, દ્રવ્યથી કરવા છતાં પણ તે પોતાનો ધર્મ જે વ્રતાદિ તેનો નાશ કરતો નથી. જેમ વિશ્નુકુમારે ગચ્છના આગ્રહથી–આ દેશથી–વૈક્રિયરૂપ ધારણ કરી ગચ્છના દ્વેષી સંઘના પ્રતિપક્ષી–નમુચી નામના પુરોહિતને પોતાના પગના પ્રહારથી મારી નાખ્યો. છતાં પણ પોતે આરાધક થઈ આત્મસ્વરૂપ પામી શકયો. મતલબ કે ક્રિયા દુઃખરૂપ નથી, પણ પરિણામ દુઃખરૂપ છે. આ નમુચિનો નાશ કરવામાં મુનિનો પોતાનો સ્વાર્થ કાંઇ ન હતો, તેમ તેના પરિણામ છેવટ સુધી તેના બચાવનાજ હતાં, પણ જ્યારે તેણે તેમનું કહેવું નજ માન્યું અને આખા સમુદાયની લાગણી એવીજ થઈ કે હવે શિક્ષા કર્યા સિવાય છુટકો નથી ત્યારે તે કામ પોતે આનંદથી ઉપાડી લીધું અને આખા સમુદાયને ભયમાંથી મુક્ત

કર્યો. આ કર્ત્તવ્યને ગણાભિયોગ કહેવામાં આવે છે. મતલબ કે નિષેધનો વિધિ આ ઠેકાણે કરવામાં આવ્યો છે. એટલે આ ઉપરથી એ સમજવા યોગ્ય છે કે કોઈ પણ કાર્ય સર્વથા નિષેધ કરવામાં આવતું નથી, પણ લાભાલાભનો વિચાર કરી પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી તે સમય ઉપર કે પ્રસંગ ઉપર આધાર રાખે છે. ૨

**બલાભિયોગ**—બલવાન પુરૂષ આપણી ઇચ્છા સિવાય નિષેધ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે તે બલાભિયોગ છે. તેને શિક્ષા કરવાની શકિત આપણામાં નથી અને સામા થતાં પરિણામ કાંઇ સારૂં આવે તેમ લાગતું નથી. અર્થાત્ વિના પ્રયોજને દેહનો નાશ થવા યોગ્ય સમજાતું હોય તો અમુક વખત માટે તેની ઇચ્છાને આધિન થઈ દેહનો બચાવ કરવો અને અવસરે પ્રસંગ લઇ તેનો બદલો વાળવો કે તેમાંથી છુટા થવું. ત્યાર પછી પાછાં પોતાના વ્રતાદિ પાળવાં. આ આગારને બળાભિયોગ કહે છે. અવસરે ઉચિતવર્તન કરી આગળ વધવું એ આ આગારનું ગુપ્ત રહસ્ય છે. ૩

**સુરાભિયોગ**—સુર એટલે દેવતા. પોતાના કુળદેવતાદિ અથવા બીજા બળવાન દેવાદિના આગ્રહથી, પોતાની ઇચ્છા સિવાય વંદન, નમન કે વિષેધ કરેલ–પ્રતિજ્ઞા કરેલ–કાર્યમાં પ્રવૃત્તિ કરવી પડે તે દેવાભિયોગ કહેવાય છે. આ સર્વ અપવાદના માર્ગ છે. અપવાદનો અર્થ રાજમાર્ગ નહિ પણ છિંડીનો માર્ગ છે. પ્રતિજ્ઞા પ્રમાણેજ પ્રથમ તો વર્તન કરવું પણ તેવા સામર્થ્યના અભાવે આ છિંડીઓનો–છિદ્રોનો–આશ્રય કરી પોતાનો બચાવ કરવો અને આત્માના પવિત્ર માર્ગમાં આગળ વધવું. ૪

**વૃત્તિકાંતાર**—કાંતાર નામ અટવીનું છે. તેમાં વૃત્તિ એટલે નિર્વાહ કરવો. મતલબ કે કોઈ વિષય પ્રસંગે એવી અટવીમાં

જઈ ચડયા હોઇએ કે ત્યાં ન્યાય કે નીતિપૂર્વક જીવન નિર્વાહ ન થઇ શકે તેમ હોય, અથવા ભક્ષાભક્ષનો નિયમ કે નિષેધ કરેલ હોય તે નિયમ પ્રમાણે દેહનો નિર્વાહ તે સ્થળે થઇ શકે તેવા સંયોગો ત્યાં ન હોય તો પછી આગારનો આશ્રય કરી ગમેતેવી રીતે પણ દેહનો નિર્વાહ કરી શરીરનો બચાવ કરવો તે વૃત્તિકાંતાર આગાર છે.

અથવા કાંતાર પણ પીડાના હેતુભૂત હોવાથી તેનો અર્થ પીડા કરવો. એટલે પીડાથી વૃત્તિ અર્થાત્ ઘણા કષ્ટ વડે દેહ-કુટુંબાદિનો નિર્વાહ થતો હોય તે કાંતારવૃત્તિ. તેવા પ્રસંગે ગમે તેવી અને ગમે તેની સેવા કે વ્યાપારાદિની પ્રવૃત્તિ કરીને પોતાના આશ્રિતોનો અને પોતાનો બચાવ કરવો પણ દૈવ ઉપર આધાર રાખીને કે વ્રતાદિના નિયમપર આધાર રાખીને બેસી રહી કુટુંબાદિનો નાશ થતો હોય તો થવા દેવો, આવો વિચાર ન કરવો. પણ ગમે તે કાર્ય કે પ્રવૃત્તિ કરીને સર્વનો નિર્વાહ કરવો તે વૃત્તિકાંતાર આગાર છે. ૫

ગુરુનિગ્રહ—ગુરુ માતા પિતાદિ પૂજ્યવર્ગ-તેનો કોઈ નિગ્રહ-વધ બંધાદિ કરતું હોય એવા પ્રસંગે પોતે જે પ્રવૃત્તિ કે કાર્ય કરવાનો નિષેધ કરેલો હોય તે કરીને પણ ગુરુવર્ગનો બચાવ કરવો. પૂર્વે બતાવેલી 'છ' યતનાઓમાં જે પરતીર્થિકને વંદન, નમનાદિનો નિષેધ કરેલો છે તે આ છ કારણે જરૂરિયાત આવી પડતાં કરવામાં આવે તો તે પ્રમાણે કરીને પણ પોતાના પૂજ્ય ગુરુ, માતા પિતાદિ વર્ગનો બચાવ કરવો. તેમ કરતાં સમ્યક્ત્વ કે ધર્મનો નાશ થતો નથી. કારણકે ધર્મનો આધાર મનના શુભાશુભ પરિણામ ઉપર છે. અંદરના વિષય પરિણામ વિના ઉપરથી ગમે તેવી ક્રિયા થતી હોય તો તેથી કર્મબંધ થવાનો આધાર તે ક્રિયા ઉપર અહીં રહેતો નથી, પણ તે

કર્ત્તાના પરિણામ, કાર્યનો ઉદ્દેશ, અને ભાવી પરિણામ ઇત્યાદિ ઉપર રહેલો છે.

આ આગારો કેવળ સાહસિક આત્મધર્મપરાયણ માટે નથી, પણ અલ્પસત્ત્વવાળા આવાં કષ્ટો કે કાર્યો આવી પડતાં આત્મ-સ્વભાવથી ચલીત થઈ જાય છે, તેના બચાવ માટે આ આગારો છે, અર્થાત્ તેમને શરૂઆતમાં આટલી છૂટ આપવામાં આવેલી છે, એટલે આ આગારો સેવતાં તેમની પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

આ આગારો—અપવાદો સેવીને કે નહિ સેવીને પણ પોતાનું જે મુખ્ય કર્તવ્ય આત્માને પવિત્ર બનાવવો, આવરણ રહિત કરવો, આત્માનું શુદ્ધ સ્વરૂપ અનુભવવું તે છે. તે કાર્ય સિદ્ધ કરવામાં આવી પડતા વિષમ પ્રસંગોને ઓળંગવા માટે આ અપવાદોનો આશ્રય લેવાનો છે, ગમે તે ભોગે પણ આત્મસ્વભાવ પ્રગટ કરવો જ. આ લક્ષ ન ભૂલાય અને તે લક્ષ સિદ્ધ કરવા-માંજ પોતાની સર્વ શક્તિઓના પ્રવાહનો વ્યય કરવો. એજ પુરુષાર્થ અને એજ અત્યારનું કર્ત્તવ્ય છે.

## છ ભાવના.

આ સમ્યક્ત્વ ચારિત્ર ધર્મનું મૂલ ૧, દ્વાર ૨, પ્રતિષ્ઠાન ૩, આધાર ૪, ભાજન ૫, નિધિ ૬, છે-

**ભાવના** એટલે વિચારણા—સમ્યગ્દર્શનની અમૂલ્યતા, જરૂ-રિયાત અને ઉપયોગિતા વિષે વિચાર કરવો તેને ભાવના કહે છે. તે છ પ્રકારે છે.

**મૂળ—૧.** આ સમ્યક્ત્વ, ગૃહસ્થધર્મ અને ત્યાગધર્મરૂપ ચારિત્ર ધર્મના મૂલ સમાન છે. મૂળની માફક મૂળ કારણ છે. જેમ મૂળ વિનાનું વૃક્ષ પ્રચંડ વાયુના ઝુંબારાથી કંપિત થઇને તત્કાળ

નીચે પડી જાય છે એમ ધર્મવૃક્ષ પણ સમ્યક્ત્વરૂપ ઉંડા અને મજબુત મૂળ વિના મિથ્યાત્વરૂપ વાયુથી આંદોલીત થતાં સ્થિરતા પામીને ટકી રહેતું નથી. માટે આ સમ્યગ્દર્શન એ મૂળ સમાન છે. એમ સમજી પ્રથમ તેને મજબુત બનાવવું.

**દ્વાર**-૨ આ સમ્યગ્દર્શન ધર્મરૂપ નગરમાં પ્રવેશ કરવાના દ્વાર સમાન છે. દરવાજા વિનાનું નગર કિલ્લાથી ચારે બાજુએ વિંટાયેલું હોવા છતાં ઉજ્જડ વેરાન જેવુંજ હોય છે. કારણ કે દ્વાર વિના મનુષ્યોને નગરમાં પ્રવેશ કે નિર્ગમન થઈ શકતું નથી. એ પ્રમાણે ધર્મરૂપ મહાનગર પણ સમ્યગ્દર્શન રૂપ દ્વારવિનાનું હોય તો તેમાં પ્રવેશ કરવાનું અશકય થઈ પડે. અને તેમ થતાં નગર તે અનગર સમાન થઈ રહે. માટે સમ્યગ્દર્શનને દ્વારની ઉપમા આપી છે.

**પ્રતિષ્ટાન**-૩ પ્રાસાદ-દેવાલય જેના ઉપર રહી શકે-ટકી રહે તે પ્રતિષ્ઠાન-પાયો છે. તેમ સમ્યગ્દર્શન એ ધર્મના પ્રતિષ્ઠાન-પાયાની માફક પ્રતિષ્ટાન-પાયો છે. દેવાલય કે કોઇ બીજું સ્થાન જે ચિરસ્થાયી બનાવવાનું હોય છે ત્યારે તેનો પાયો પાણી પર્યંત નીચે ખોદવામાં આવે છે અને તે મંદિર ઘણું મજબુત થાય છે, તેમ ધર્મરૂપ દેવમંદિર પણ સમ્યગ્દર્શન-આત્માની ચોક્કસ ઓળખાણરૂપ પાયા વિના નિશ્ચળ-મજબુત-કાયમનું ટકાઉ થતું નથી માટે પાયાની સાથે અહીં સમ્યગ્દર્શનની સરખામણી કરેલી છે.

**આધાર**-૪ સમ્યગ્દર્શન, ધર્મના આધારની માફક આધાર-આશ્રય રૂપ છે. જેમ જમીન વિના આધાર વિના આધાર વિનાનું આ જગત્ રહી શકતું નથી તેમ ધર્મ જગત્ પણ સમ્યગ્દર્શનરૂપ આધાર વિના રહી શકતું નથી. મતલબ કે

આત્મદર્શન વિના આત્મધર્મ હોયજ નહિ. માટે તેને આધારની ઉપમા આપી છે.

**ભાજન-૫** સમ્યગ્દર્શન એ આત્મધર્મનું ભાજન છે-પાત્ર સમાન છે. જેમ ભાજન-વાસણ-વિના દૂધ આદિ વસ્તુનો સમુદાય નાશ પામે છે, તેમ ધર્મરૂપ વસ્તુનો સમુદાય પણ સમ્યગ્દર્શનરૂપ ભાજન વિના વિનાશ પામે છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્ધર્મ નજ રહે એ કારણથી ભાજનની ઉપમા આપી છે.

**નિધિ-૬.** સમ્યગ્દર્શન એ આત્મધર્મનું નિધાન છે, જેમ ઉત્તમ નિધાનવિના મહાન્ કીંમતિ મણિ, મોતી, હીરા, માણેક મળી શકતાં નથી, તેમ સમ્યગ્દર્શન રૂપ મહાન્ નિધાનના અભાવે, અમૂલ્ય-ઉપમા રહિત સુખની શ્રેણિને આપનાર ચારિત્ર ધર્મ રૂપ ધન સંપત્તિ નજ મળી શકે. માટે સમ્યગ્દર્શનને નિધાનની ઉપમા આપી છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શન ઉપર પ્રીતિ, તેના તરફ બહુમાન, તેની અમૂલ્યતા, અને તેની અવશ્ય ઉપયોગીતા વિષે વિચારો કરી પોતાના હૃદયમાં તેને સ્થાન આપવું. તેની મદદથી આ વિષમ માયાનો સાગર તરી પાર ઉતરવો એ ઘણો સુગમ છે. અર્થાત્ સમ્યગ્દર્શનની મદદથી આત્મા સ્વસ્વરૂપમાં સ્થિર થઈ રહે છે.

આત્મા અને સમ્યગદર્શન એ બન્નેનો જુદો કે તાત્વિક રીતે ભેદ નથી છતાં અહીં સમ્યગ્દર્શનને ચારિત્રધર્મનું મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિ વિગેરે રૂપે દર્શાવવામાં આવ્યું છે તે વ્યવહાર નયની અપેક્ષાએ છે. અથવા સાધક દશાની અપેક્ષાએ આત્માથી ભિન્ન જેવું જણાવવામાં આવ્યું છે. શરૂઆતમાં થોડો પણ દર્શન મોહકર્મનો ક્ષય, ઉપ-

શમ કે ક્ષયોપશમ થવાથી જે આત્મગુણ વિકાશ પામે છે, નિરાવરણ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે. આ પણ એક ભૂમિકા છે. અને તે આત્મગુણ વૃદ્ધિ પામતાં–નિવારણ થતાં – છેલ્લી કોટીએ પહોંચે છે ત્યારે સમ્યગ્દર્શન. અને ચારિત્ર પૂર્ણપણાને પામે છે. એ ત્રણે ગુણની પૂર્ણતા તેજ આત્માની પૂર્ણ-શુદ્ધ સિદ્ધદશા છે. આ દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી આત્મા કે આત્માથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કોઇ પણ રીતે જુદાં પડી શકતાં નથી. વ્યવહારનયે, શબ્દની પ્રવૃત્તિ નિમિત્તે તે જુદાં જુદાં કહેવાય છે અને ગુણોદ્વારા પણ ભિન્નતા કહેવાય છે, છતાં નિશ્ચયનયે તેમાં ભેદ પડતો નથી અને તે ત્રણ એજ આત્મા કહેવામાં આવે છે. પૂર્ણ સ્થિતિમાં ગુણ અને ગુણી અભેદ થઈ રહે છે.

## છ સ્થાન

૧ આત્મા છે. ૨ નિત્ય છે. ૩ કર્તા છે. ૪ ભોક્તા છે. ૫ મોક્ષ છે. ૬ અને મોક્ષનો ઉપાય છે. આ છ સ્થાન કહેવાય છે.

## આત્મા છે

આત્મા છે. દરેક પ્રાણિઓને તેનો અનુભવ થાય છે. આત્મા સિવાય ચૈતન્યપણું હોઈ શકે જ નહિ. આ ચૈતન્ય એ ભૂતનો (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશનો) ધર્મ નથી. જો તેનો ધર્મ જ માનીએ તો તે પાંચભૂત સર્વકાળે સર્વત્ર હોવાથી ચૈતન્યની પણ સર્વદા પ્રાપ્તિ થવી જ જોઈએ જેમ પૃથ્વીમાં કઠિનતાનો ગુણ છે તો જ્યાં જ્યાં પૃથ્વી હોય ત્યાં ત્યાં તે ગુણ પ્રાપ્ત થાય છે, તેમ ચૈતન્ય સર્વ ભૂતોમાં સર્વદા ઉપલબ્ધ થતો નથી. લોઢામાં અને મૃત અવસ્થામાં તે હોતો નથી. આ ચૈતન્ય એ ભૂતોનું કાર્ય પણ નથી. કેમકે તે ભૂતોથી અત્યંત

વિલક્ષણ છે અને તેમ હોવાથી તેમનો કાર્યકારણભાવ કેમ સંભવી શકે ? કઠિનતાદિ સ્વભાવવાળાં ભૂતો તો પ્રત્યક્ષ પ્રતીત થાય છે ચૈતન્ય તેનાથી જુદા લક્ષણવાળું છે. તો તેમનો કાર્ય-કારણભાવ કેમ હોઈ શકે ? માટે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ નથી તેમજ તે ભૂતોનું કાર્ય પણ નથી. આ વાત દરેક પ્રાણિ-ઓને સ્વસંવેદન સિદ્ધ છે. માટે જે આ ચૈતન્ય છે તેજ જીવ છે.

## નિત્ય છે

તે જીવ ઉત્પત્તિ વિનાશ રહિત હોવાથી નિત્ય છે. તેને ઉત્પન્ન કરનારૂં કોઈપણ કારણ નથી. અને તેથી સર્વથા તેનો નાશ પણ થતો નથી. જીવ જો દ્રવ્યથી અનિત્ય હોય તો બંધ મોક્ષાદિનું એક અધિકરણ (એક સ્થાન જેમાં બંધ છે તેમાં જ મોક્ષ થાય છે તે) ન હોવું જોઈએ. જો આત્માને નિત્ય ન માનીએ પણ પૂર્વ પર ક્ષણત્રુટિત છે અને તેનું જેમ અનુ-સંધાન કરાય છે તેમજ માનીએ તો અન્યને બંધ પ્રાપ્ત થશે અને મોક્ષ કોઈ અન્યનો થશે. અન્યને ક્ષુધા લાગશે અને અન્યને તૃપ્તિ થશે. અન્ય કોઇ અનુભવ કરશે અને તેની સ્મૃતિ અન્યને થશે. અન્ય કોઇ દુઃખ અનુભવશે અને રોગરહિત કોઈ અન્ય થશે. અન્ય કોઈ તપ કરવાનો કલેશ અનુભવશે અને સ્વર્ગ સુખનો કોઇ અનુભવ કરશે. શાસ્ત્રનો અભ્યાસ કોઈ કરશે અને શાસ્ત્રનો અર્થ કોઈ અન્યને પ્રાપ્ત થશે. આ યુક્ત નથી. તેમ થતાં તો આ દુનિયામાં સર્વત્ર અવ્યસ્થિત સ્થિતિ થઈ પડે. માટે આત્મા નિત્ય છે. મૂળ દ્રવ્ય સ્વરૂપે નિત્ય છે. પર્યાયરૂપે અનિત્ય છે. સોના અને કુંડલની માફક સુવર્ણરૂપ મૂળદ્રવ્યમાં કુંડળરૂપ પર્યાયો થાય છે. છતાં પર્યાયમાં પણ દ્રવ્ય છે, અને દ્રવ્યમાં પર્યાય છે આમ દ્રવ્ય સ્વરૂપે નિત્ય અને અનિત્ય બન્ને સાપેક્ષ રીતે તેમાં

સંભવી શકે છે, અને કેવળ નિત્ય કે કેવળ અનિત્યનો ઝગડો-વિવાદ-રહેતો નથી.

## કર્મનો કર્તા છે

વિભાવ પર્યાય-દેવ, મનુષ્ય, તિર્યંચાદિનો આશ્રય કરી રહેલો આ જીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ હેતુને પામીને તે તે જાતનાં કર્મ કરે છે. મિથ્યાત્ત્વાદિનો અર્થ એ છે કે, સત્‌માં અસત્‌ની ભ્રાંતિ, અસત્‌માં સત્‌ની ભ્રાંતિ, નિત્યમાં અનિત્યની ભ્રાંતિ, અનિત્યમાં નિત્યની ભ્રાંતિ, પવિત્રમાં અપવિત્રની ભ્રાંતિ, અપવિત્રતામાં પવિત્રતાની ભ્રાંતિ, ઇત્યાદિને મિથ્યાત્ત્વ કહે છે.

વિવિધ પ્રકારની ઇચ્છાઓનો, મલિન વાસનાઓનો, વિષય ભોગોપભોગની લાગણીઓનો નિરોધ ન કરવો, વિભાવ દશામાં જતી વૃત્તિઓને ન અટકાવવી તે અવિરતિ છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે. વિભાવ પ્રવૃત્તિવાળા કાર્યમાં કોઇને કોઇ પ્રકારે તે કષાયોની હૈયાતિ હોય છે જ.

યોગ-મન, વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહેવામાં આવે છે. શુભાશુભ દરેક પ્રવૃત્તિમાં આ યોગોની હાજરી હોય છે, આ ચારે હેતુઓ-નિમિત્તોની મદદથી શુભાશુભ કર્મનો બંધ થાય છે, જો આ હેતુઓની મદદ વિનાજ કર્મબંધ-નિર્હેતુક થતો હોય તો દરેક પ્રાણીઓને અનુભવસિદ્ધ વિચિત્ર પ્રકારના સુખ દુઃખનો અનુભવ થાય છે તે ન થવો જોઈએ. તેજ બતાવે છે કે આ લોકની અંદર જીવો વિવિધ પ્રકારના સુખ દુઃખનો અનુભવ કરે છે. આ અનુભવ નિર્હેતુક નથી. કારણ કે જો તેમ હોય તો તે સુખદુઃખનો નિરંતર સદ્ભાવ

(હોવાપણુ) અથવા તેનો સર્વથા અભાવ થવો જોઈએ. માટે આ સુખ દુઃખનું કારણ અવશ્ય માનવુંજ પડશે. અને તે કારણ આ કર્મજ છે પણ બીજું કોઇ નથી. આ હેતુ વડે જીવ કર્મોના કર્ત્તા છે એ વાત સિદ્ધ થાય છે.

કોઈ શંકા કરે છે કે, આ જીવ તો નિરંતર સુખનોજ અભિલાષી હોય છે. દુઃખની ઈચ્છા કોઈપણ વખત તે કરતો નથી. તો જો આ જીવ પોતેજ કર્મોને કર્ત્તા હોય તો દુઃખ આપનાર કર્મો શા માટે કરે ?

ઉત્તર એ છે કે, જેમ રોગી, રોગ રહિત થવાની ઇચ્છા-વાળો હોવા છતાં રોગથી હેરાન થયેલો હોવા છતાં–અપથ્ય ખાવાથી ભાવિકાળમાં રોગની વૃદ્ધિ થશે એમ જાણવા છતાં પણ અપથ્યાનું ભોજન કરે છે, તેની માફક મિથ્યાત્વાદિથી પરાભવ પામેલો આ જીવ કોઇક પ્રકારે તે જાણે પણ છે કે આ કર્મ કરવાથી ભાવિકાળમાં તેનો દુઃખમય અનુભવ કરવો પડશે તેમ છતાં દુઃખ આપનાર કર્મોને કરે છે, અને તેના ઉદયથી પોતે દુઃખી થાય છે. આ રીતે જીવ કર્મનો કર્ત્તા છે તેમાં કોઇ પણ પ્રકારે વિરોધ આવતો નથી. પોતાના સ્વરૂપમાં આવતાં આ જીવ કર્મનો કર્ત્તા થતો નથી.

## કર્મનો ભોકતા છે.

અજ્ઞાનદશામાં રહી પોતે કરેલાં કર્મનો આ જીવ ભોક્તા છે. પોતાનાં કરેલાં શુભાશુભ કર્મ પોતેજ ભોગવે છે. અનુભવ, લોક અને આગમ પ્રમાણથી એ વાત બરોબર નિશ્ચિત કરાય છે.

જો પોતાનાં કરેલાં કર્મોનું ભોક્તાપણું જીવને છે એમ માનવામાં ન આવે તો સુખ દુઃખના અનુભવનું કારણ, સાતા, અસાતાવેદનીય કર્મનો ઉપભોગ જીવને ન થવો જોઇએ. અને

જો તેનો ઉપભોગ જીવને ન થતો હોય તો જીવને સિદ્ધદશાના જીવોની માફક તથા આકાશની માફક સુખ દુઃખનો અનુભવ પણ ન થવો જોઈએ. આહીં સુખદુઃખનો અનુભવ તો થાય છે. દરેક પ્રાણિઓને પોતાને અનુભવસિદ્ધ આ વાત છે. માટે અનુભવ પ્રમાણથી જીવને પોતાનાં કરેલાં કર્મનાં ફળનું ભોક્તાપણું સિદ્ધ થાય છે.

લોકોની અંદર પણ આ જીવ કર્મનો ભોકતા છે એ વાત ઘણા ભાગે પ્રસિદ્ધ છે. જેમકે કોઈ એક સુખી જીવને દેખીને અન્ય માણસ કહે છે. કે 'ભાઈ! આ પુન્યવાન જીવ છે. આવા ઉત્તમ પ્રકારના સુખ અને વૈભવનો અનુભવ કરે છે.'

જૈન અને જૈનેતર આગમોમાં પણ જીવ કર્મનો ભોકતા છે એ વાત પ્રસિદ્ધ છે.

**सव्वंच पएसतया भुंजइ कम्मणुभावओ भइयं**

સર્વ કર્મો પ્રદેશે ભોગવવાં પડે છે. રસપણે-વિપાકે-તો ભજના. અર્થાત્ ભોગવવાં પડે કે ન પણ પડે. મતલબ કે પરિણામની વિશુદ્ધિ અને શુદ્ધ આત્મ ઉપયોગે કર્મો જેટલાં ભોગવાઇ જાય છે તેટલાં વિપાકે તે કર્મો ભોગવવાં પડતાં નથી.

અન્ય શાસ્ત્રોમાં —

"**नाऽभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि**" —ઇત્યાદિ વચન છે. સેંકડોગમે કલ્પોની કોટિ જવા છતાં પણ ભોગવ્યા સિવાય કર્મનો ક્ષય થતો નથી- ઈત્યાદિ

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે જીવ પોતાનાં કરેલાં કર્મનો ભોક્તા છે.

## મોક્ષ છે.

આ જીવને કર્મથી મુક્ત થવાપણા રૂપ મોક્ષ છે. રાગ દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા, મરણ, રોગાદિ દુઃખોનાં ક્ષયરૂપ અવસ્થાવિશેષ તેનું નામ મોક્ષ છે તે અવસ્થા આ જીવને પ્રાપ્ત થાય છે. પણ તે જીવનો સર્વથા નાશ થતો નથી.

કોઈ દર્શનમાં દીપકના બુઝાઈ જવાની માફક નિર્વાણને માનવામાં આવે છે તે વાતનો જીનેશ્વર ભગવાન નિષેધ કરે છે. અને કહે છે કે 'નિર્વાણ સ્થિતિ તેવી નથી, પણ અવસ્થાવિશેષમાં તે પવિત્ર આત્માની કાયમ માટે હૈયાતિ બની જ રહે છે.'

અન્ય દર્શનકાર—બૌદ્ધ આ પ્રમાણે કહે છે કે :—

'જેમ જે દીપક બુઝાઇ જાય છે તે પૃથ્વી ઉપર, આકાશમાં દિશા કે વિદિશામાં જતો નથી પણ તેલના ક્ષય થવાથી કેવલ શાંત થઇ જાય છે તેમ જીવ નિર્માણ પામે છે ત્યારે તે પૃથ્વી ઉપર, આકાશમાં દિશાઓમાં કે વિદિશાઓમાં જતો નથી પણ કર્માદિ કલેશનો ક્ષય થવાથી કેવલ શાંતિને પામી જાય છે.'

જૈનો કહે છે ક 'આ તેમનું કહેવું અયોગ્ય છે. જો નિર્વાણમાં કાંઈ વસ્તુ ન જ રહેતી હોય અર્થાત્ નિર્વાણ એટલે પોતાની હયાતિનો અભાવ એજ અર્થ થતો હોય તો ત્યાગમાર્ગના ગ્રહણ કરવાદિ વિવિધ પ્રકારના તે સ્થિતિ માટેના પ્રયાસો નિરર્થકજ જશે !'

દીપકનું દૃષ્ટાંત પણ બરોબર નથી. કેમકે દીપકના અગ્નિનો સર્વથા નાશ થતો નથી, પણ તેવા પ્રકારનું પુદ્‌ગલના પરિણામોમાં વિચિત્રપણું રહેલું છે કે, તેજ અગ્નિના પુદ્‌ગલો, પ્રકાશ સ્વરૂપનો ત્યાગ કરીને શ્યામ અંધકાર રૂપે રૂપાંતરપણાને પ્રાપ્ત

થાય છે. અગ્નિ બુઝાઇ જાય છે. કે તરત જ કેટલાક વખત સુધી કાળાં પુદ્ગલરૂપ અગ્નિનો વિકાર–રૂપાંતર દેખાવામાં આવે છે. તે ઘણી વખત સુધી નથી દેખાતો, તેમાં એ કારણ છે કે, અંજન કે રજની માફક શ્યામ પુદ્ગલોનાં સુક્ષ્મ, અતિ સુક્ષ્મ પરિણામાંતરો થતાં જાય છે.

અંજનને, કપુરની કે કસ્તુરીની સુગંધને પવન અન્ય તરફ ઘસડી જાય છે. તે ઘસડાઈ જતાં પુદ્ગલો ઉડી જાય છે પણ દેખાતાં નથી, તે પણ પરિણામની સુક્ષ્મતાથી જ દેખાતાં નથી પણ તેનો અભાવ છે એ માનવામાં કાંઈ સબળ કારણ નથી. જેમ આ પરિણામાંતરને પ્રાપ્ત થયેલો દીપક નિર્વાણ પામ્યો કહેવાય છે તેમ જીવ પણ કર્મ રહિત થતાં કેવલ અમૂર્ત્ત જીવ સ્વરૂપ પરિણામાંતરને પ્રાપ્ત થાય છે તે નિર્વાણ છે. આથી એ નિશ્ચય થાય છે કે દુઃખાદિનો સર્વથા ક્ષય થતાં જીવનની અવસ્થા વિશેષ તે નિર્વાણ–મોક્ષ છે.

## મોક્ષનો ઉપાય છે.

મોક્ષનો ઉપાય છે એટલે મોક્ષ મેળવવાનાં સાધનો છે. સાધનો સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ છે. આત્માની શ્રદ્ધા–આત્મા છે એવી દૃઢતા–તે સમ્યગ્દર્શન છે. આત્મા કહેવાથી અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ, અને મોક્ષ એ નવે તત્ત્વોનું સમ્યક્શ્રદ્ધાન સમજી લેવું, તથાપિ અહીં આત્માની જે મુખ્યતા કહેવામાં આવી છે તેનું કારણ એ છે કે પ્રાપ્ત કરવા યોગ્ય તેજ વસ્તુ છે. જુઓ કે આ આત્મા આપણાથી કાંઇ જુદો કે દૂર નથી કે તેને પ્રાપ્ત કરવો પડે. આપણે પોતેજ આત્મા છીએ, ત્યારે પ્રાપ્ત કરવાનું શું ? ઉત્તર એજ કે તેનું સાચું ભાન થવું, સાચા

હું ને ઓળખાવો, તેનો અનુભવ કરવો. ફોતરાંથી ચોખા જુદા પાડવાની માફક આ વિભાગ-ઉપાધિ-રૂપ દેહ અને કર્મ તેથી અલગ થઇ પોતે પોતાના સ્વરૂપમાં સ્થિર થવું તેજ પ્રાપ્ત કરવાનું છે. નવતત્ત્વના વિસ્તારને સમજીને પ્રાપ્ત કરવા યોગ્ય તો આત્માજ છે એટલે જેણે આત્માનો નિશ્ચય કર્યો, આત્માનું શ્રદ્ધાન કર્યું, તેણે બધાનું શ્રદ્ધાન કર્યું, અને જેણે આત્માને ન જાણ્યો તેણે બીજું જાણ્યું તો પણ ન જાણવા જેવું જ છે, અર્થાત્ આત્માને જાણ્યા સિવાયનું જાણપણું તે નિરૂપયોગી છે.

સિદ્ધાંતમાં પણ એજ કહેલું છે કે જેણે એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. અને જેણે સર્વ જાણ્યું તેણે એક આત્માને જાણ્યો છે. આત્માને જાણવો તે જ્ઞાન છે. તેના ઉપર શ્રદ્ધા કરવી, તેજ પ્રાપ્ત કરવા યોગ્ય છે એવો દૃઢ નિશ્ચય કરવો તે દર્શન છે, અને તે પ્રમાણે વર્ત્તન કરવું-તે સ્વરૂપમાં સ્થિરતા કરવી-તે ચારિત્ર છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી સમ્યગ્જ્ઞાન થાય છે. અને મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. મોહનીય કર્મના બે ભેદ છે-એક દર્શનમોહ અને બીજો ચારિત્ર મોહ તેમાં દર્શનમોહ જવાથી ક્ષાયક સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. અને ચારિત્રમોહ જવાથી ક્ષાયક ચારિત્ર પ્રાપ્ત થાય છે. જેને યથાખ્યાતચારિત્ર પણ કહે છે, તેનો અર્થ એવો થાય છે કે જેવું જોઇએ તેવું ચારિત્ર. અથવા જેવું તીર્થંકરદેવે અનુભવ્યું છે કે કહ્યું છે તેવું ચારિત્ર. શ્રદ્ધા કરવી અને અનુભવ કરવો તે બન્ને વસ્તુ અલગ છે. શ્રદ્ધા થયા પછી અનુભવ મોડો થાય છે તેમ વસ્તુને યથાસ્થિતિ જાણવા છતાં તે પ્રમાણે વર્ત્તન મોડું થાય છે. આત્મ વસ્તુને યથાસ્થિત જાણવી તે જ્ઞાન, સર્દહવી તે દર્શન, અને વર્ત્તન કરવું તે ચારિત્ર છે. આ ત્રણે મોક્ષ પ્રાપ્તિના ઉપાયો છે.

દર્શનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી ઉત્પન્ન થતા ગુણને પણ દર્શન કહેવામાં આવે છે. આ દર્શન તે સામાન્ય બોધરૂપ છે. જ્ઞાન એ વિશેષ બોધરૂપ છે. સામાન્ય રીતે આત્માનું જ્ઞાન તે દર્શન છે અને આત્માના વિશેષ ધર્મોનું જ્ઞાન તે આત્મજ્ઞાન છે.

અથવા નિર્વિકલ્પ–નિરાકારપણાની સ્થિતિ તે આત્મદર્શન છે અને સાકાર–વિકલ્પવાળી આત્મ જાગૃતિપૂર્વકની સ્થિતિ તે આત્મજ્ઞાન છે.

અથવા દર્શન એટલે સામાન્ય રીતે સર્વ દેહોમાં આત્મા રહેલો છે તેનું સામાન્ય જ્ઞાન, અને જ્ઞાન એટલે વ્યક્તિગત પોતાના દેહમાં આત્મા રહેલ છે તેનું જ્ઞાન. અથવા જુદા જુદા શરીરોમાં રહેલ આત્મા પોતાના જેવોજ છે તેનું જ્ઞાન તે વિશેષ જ્ઞાન.

દર્શન અને જ્ઞાન તે સામાન્ય વિશેષ ઉપયોગ રૂપ છે એટલે તે પ્રકાશ રૂપ છે. ચારિત્ર એ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને વિભાગથી નિવૃત્તિ કરાવનાર સાધકતમ ક્રિયા છે. દર્શન અને જ્ઞાનથી વસ્તુનું યથાર્થ દર્શન–અને બોધ થાય છે. ચારિત્ર તે પ્રમાણે વર્ત્તન કરી આત્મસ્વભાવથી વિરૂદ્ધ ભાવોને આત્મપ્રદેશોથી દૂર કરે છે. આ પ્રમાણે આ જ્ઞાન તથા ક્રિયાની મદદથી આત્મા કર્મમળને દૂર કરીને સ્વસ્વરૂપે સ્થિત થાય છે. પોતાનું સ્વાભાવિક સ્વરૂપ પ્રગટ કરે છે. આ સાધન તે મોક્ષનો ઉપાય છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગાદિ દુષ્ટ હેતુનો સમુદાય જો આ સમગ્ર કર્મની જાળને ઉત્પન્ન કરે છે, તો તેના વિરોધ સમ્યગ્દર્શનાદિનો અભ્યાસ સમગ્ર કર્મની જાળને શા માટે નિર્મૂલ ન કરી શકે? અર્થાત્ કરી શકેજ.

| | |
|---|---|
| મિથ્યાત્વ= | સમ્યક્‌દર્શન જ્ઞાન. |
| અવિરતિ= | ઈચ્છાનો નિરોધ. |
| કષાય= | અકષાય. |
| યોગ= | અયોગ. |

આ કર્મબંધના પ્રતિપક્ષી કર્મબંધ રોકનાર અને તોડનાર સાધનો છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ વિભાગ સ્વભાવ છે. તેમાં પરિણમવાથી કર્મબંધ થાય છે. તેનાથી વિરમવાથી કર્મ આવતાં અટકે છે. અને સ્વરૂપ સ્થિરતા કરવાથી પૂર્વ કર્મ નાશ પામી આત્મસ્વભાવ પ્રગટ થાય છે. સર્વથા આત્મસ્વભાવ પ્રગટ થવો તે મોક્ષ છે અને તે પૂર્વોક્ત હેતુથી સાધ્ય થાય છે.

આ પ્રમાણે આ છ સ્થાનકને જાણવાથી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ સુલભ થાય છે. જેમ જેમ કષાયની મંદતા તેમ તેમ આત્મા ઉજ્વલ થાય છે. અમુક હદે આત્માની ઉજ્વલતા થવી તે સમ્યગ્‌દર્શન છે.

આ પ્રમાણે સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિમાં સહાયભૂત જાણવાયોગ્ય આદરવા યોગ્ય અને ત્યાગ કરવા યોગ્ય વિવિધ કારણો બતાવીને આ સમ્યગ્‌દર્શન કે જે આત્માનું સારી રીતે દર્શન કરાવનાર હોવાથી યથાર્થ નામ ધારણ કરનાર ગ્રંથ છે તે સમાપ્ત કરવામાં આવે છે.

આ ગ્રંથમાં કેટલાંએક રહસ્યો હૃદયમાં ન ઉતરે તેવાં જણાય તો ગુરુની પાસે કે કોઇ અનુભવીની પાસે જાણવા, સમજવા યોગ્ય છે. તેમ કરીને જે એક સત્ય પોતાનો આત્મા છે તેને સારી રીતે સમજવો, જાણવો; જેણે એક જાણ્યો તેણે સર્વ જાણ્યું. આ પૂર્વના મહાન્ ગુરુઓનું વચન, આ સત્યને જાણ્યા પછીથીજ સમજવામાં આવે છે.

આત્માને જાણવા પછી જાણવાનું કાંઇ બાકી રહેતું નથી. એ બોલવું જેટલું સહેલું છે તે પ્રમાણે અનુભવ કરવો એ તેટલો જ કઠીન છે.

છદ્મસ્થપણાના કારણે ભૂલો થવી એ સુલભ છે. અને અન્યની ભૂલો બતાવવી કે કાઢવી તે પણ સહેલું કામ છે, તથાપિ હંસની માફક દૃષ્ટિ રાખીને તેમાંથી દૂધ પી લઇને આનંદિત થઈ ગગનવિહારી થવું એ સ્વપર બન્નેને હિતકારી છે. સજ્જનો! તેમ કરવાને પ્રયત્નવાન્ થશો!

## शुभं भूयात्

इति श्रीमान् तपागच्छो मुक्तिविजयगणि शिष्य पंन्यास कमलविजयगणिस्तच्छिष्य पन्यास केसरविजयगणि विरक्तिः सम्यग्दर्शन नामक ग्रंथो विक्रमीय द्विसप्तत्युत्तर एकोनविंशति वर्ष आश्विन् शुक्ल प्रतिपद् गुरु वासरे गोधावि ग्रामे समाप्तः॥